૩૬૪૯

નેકનામદાર,

અખંડ પ્રૌઢપ્રતાપ મહારાજાધિરાજ.

શ્રી વખતસિંહજી સાહેબ બહાદુર.

સ્વસ્થાન-લુણાવાડા.

શ્રીમન્મહારાજા સાહેબ !

આપ વિદ્વાન—સુશિક્ષિત, પરમપુરૂષાર્થી, અને બુદ્ધિકૌશલ્યમાં શ્રેષ્ઠ છો; ઉદારતા, વિદ્વતા અને (વિદ્વાન મંત્રિમંડળની) સત્સગત્તિથી આપ અપૂર્વ યશને પામ્યા છો; ખરે ! દીવ્ય દેવાંશી દીસો છો ! ! ગુર્જ્જર પ્રજા અને ગુર્જ્જર ભાષાના ઉત્કર્ષ માટે સદા ઉત્કંઠિત અને યત્નવાન રહો છો; સત્ય સુધારાના હિમાયતિ છો. રાજ્યનીતિજ્ઞ-પ્રજાપ્રેમી છો; ગુણજ્ઞ-વિદ્ધજનોના આશ્રયસ્થાન છો; આપના સત્કાર્ય અને સદાચારથી ઉપજેલા પુજ્યભાવના પરિબળે શ્રદ્ધા અને આસ્થાથી આ લઘુ **ગ્રંથ આપને સમર્પણ કરૂં છું તે સ્વિકારવા કૃપા કરશો.**

આભારી સેવક,

વનમાળી લાધા મોદી.

આ ગ્રંથ વિષે મળેલા .અભિપ્રાય.

રા. રા. પ્રિય સાક્ષર વનમાળીભાઈ.

શુભસ્થાન **અમદાવાદ.**

આપનું તા. ૧૮-૮-૮૮ નુ પત્ર તથા તે સાથે આપનું રચેલું પુસ્તક "સાંસારિક ચમત્કાર" એ પુસ્તક મળ્યું. અને તે બંને વાંચી મને પરમ સંતોષ પુર્વક આનંદ પ્રાપ્ત થયો છે. "સુજ્ઞ શામળશાહ" નું પ્રથમ ઓળખાણ મને "આર્ય જ્ઞાનવર્ધક" થીજ થયું હતું. આપના આ વાર્તા ગ્રંથમાં આપૂની વસ્તુસંકળના કિંચિત સરળ છે, પણ તેથી કાંઇ તેનું ચિત્તાકર્ષકત્વ કંઇ ન્યુનતા પામતું નથી. અલબત્ત વસ્તુ રચનાનાં સુત્રો ભુલભુલવણીની જાળમાં આવા બીજા ગ્રંથોમાં જેમ ગુંથવામાં આવે છે, તેમ જો થાત-અને તેની સાથે હાલનાજ રંગ પુરાત તો આ "ચમત્કાર" વિશેષ ચમત્કારી થાત એમાં શક નથી.

તથાપિ આપના વર્ત્તમાન બહુરૂપી આર્ય અથવા ગુર્જર **કાળના ચમત્કારનું આપે જે ચિત્ર આપ્યું છે તે તદ્દન સ્વાભાવિક અને વાસ્તવિક છે. અને આ ગુણોથી વાંચનાર અને સાંભળનારને કોઈ અપૂર્વ મોહનીમય છાયામાં તલ્લીન કરે છે.** સુધારા અને નુતન ગંભિર ગંભિર સુધારાનું અનુકૂળ દર્શન કરાવવામાં ઘણે દરજ્જે તમે ફતેહ પામ્યા છો. અને તદ્વિરોધી પ્રકારોની પણ આપે સારી છાયા આપેલી છે.

આપની ભાષા શૈલી પણ ઠીક છે—પણ "ઊંઘાવું" તથા "તેણી" જેવા પારસી ગુજરાતી રૂઢ શબ્દો અને "વાસ્તવ" જેવાં મરાઠી પ્રયોગ આ ગ્રંથમાં ન આવે તો સારૂ.

શ્રી નારાયણ હેમચંદ્રે "સંબોધનગર્ભિત" ઉત્તેજનીય" એવી કેટલીક વાક્ય રચનાની પદ્ધતિ પોતાના "વીરમંડળમાં" માં આપણને સુપરિચિત કીધી છે, તેના ઝળકારા પણ તમે કંઇ કંઇ દાખવી તે વિષયના ગાંભીર્ય, સૌંદર્ય અને લાલિત્યમાં તમે સારો ઉમેરો કીધો છે!

ગુજરાતી ભાષાના "કાદંબરી" ગ્રંથોમાં આપનો આ "ચમત્કાર" ઉચ્ચ અને પ્રસસ્ત પદવી આપવાને યોગ્ય છે એમ મારો તો અધીન મત છે. અને હું આશા રાખું છું કે આપે જે આ માર્ગ સ્વીકાર્યો છે, તેમાં આપ વિશેષ યશ અને જય પામો! અને મને પુર્ણ વિશ્વાસ છે કે વસ્તુ ગ્રંથન અને સંકલનાનું આથી પણ વિશેષ ગુઢ—મર્માળુ, અધિક રસભરિત ચાતુર્ય આપનાં બીજાં પુસ્તકોમાં દીપી આવશે.

આ પુસ્તક મેં સાદ્યંત આજનાજ દિવસમાં લક્ષ પુર્વક વાંચી હું મારો આ પ્રથમ મત બાંધવા સમર્થ થયો છું, તે આપને વિદિત કરૂં છું. અવકાશ થોડો હોવાથી સંક્ષેપમાંજ પત્ર સમાપ્ત કરૂં છઉં;

અમરેલી તા. ૨૧-૮-૮૮ — લી० શુભેચ્છક,
હરિલાલ હ. ધ્રુવના પ્રણામ.

આ પુસ્તક મેં આદિથી અંત સુધી વાંચી જોયું છે. તેમાં સમાવેલો સાર બોધકારક અને એમાં જણાવેલા પ્રસંગમાં આવી પડેલાં સ્ત્રી પુરૂષોને તે નકલ કરવા યોગ્ય છે. તરૂણ સ્ત્રી પુરૂષોને પુસ્તક વાંચનાંની સાથે તેમના મન ઉપર અસર કરવા માટે જેટલી જરૂરીયાત છે તેટલી કેટલીક જગોએ જો કે અતિશયોક્તિ કરવામાં આવેલી છે, તથાપિ તેથી તત્સં-

બંધી કર્ત્તાનો દોષ છે એમ કહી શકાતું નથી. * * હું આ ગ્રંથને ઉત્તેજન આપવાની સર્વે સદ્‌ગૃહસ્થોને ભલામણ કરૂં છું. ગ્રંથ કર્ત્તાના ઉત્સાહને જો ઉત્તેજન આપવામાં આવશે તો આગળ ઉપર તે આથી પણ સારા ગ્રંથોનું લખાણ કરવા શક્તિમાન થશે.

મુંબઈ તા. ૧૩-૯-૮૮ } ભાઈશંકર નાનાભાઈ. (હાઈકોર્ટના સોલીસિટર-મુંબઈ.)

પરમપ્રિય ભાઈ વનમાળીદાસ,

આપનું "સાંસારિક ચમત્કાર"નું પુસ્તક વાંચી મને ઘણો સંતોષ ઉપજ્યો. આપનું પુસ્તક એક વખત પકડયું તે પુરેપુરૂં વાંચીનેજ છોડયું! તો તેપરથી મને કેટલો રસ ઉપજ્યો હશે? તે તમેજ વિચારી લ્યો. આપે ગુર્જર કાળના ચમત્કારનું જે ચિત્ર આપ્યું છે તે વાસ્તવિક છે. ગ્રંથ સંકળના ઉત્તમ છે. ભાષા સરળ અને પ્રસંગોનુ વર્ણન રસીક છે. જુદાં જુદાં પ્રકરણોનો પણ એક બીજા સાથે એવો તો સંબંધ બેસાડયો છે કે જેથી વાંચનારને રસ પડે છે. આ પુસ્તકમાં ઘણા ઘણા સાંસારિક બનતા બનાવોપર અસરકારક વિવેચન કરેલું છે. તેમાં અંગ્રેજી ખોટા અનુકરણથી થતી હાનિ, સ્ત્રીનું દાસત્વ, સતિ-સાધવી પ્રતિપ્રેમી સ્ત્રીનું ખરૂં સ્વરૂપ, વિધવા વિવાહથી થતા લાભો અને કન્યાવિક્રયથી થતું નુકશાન આદિ વિષયોપર ઉત્કૃષ્ટ વિચારો દર્શાવવામાં આવેલા છે. બાઇ દિવાળીનો પુનર્લગ્ન વિષેનો બોધ પ્રશાંસનીય છે. આપના પુસ્તક વિષે મારો ઉંચો મત છે. ગુર્જર ભાષામાં આપનું આ પુસ્તક વખાણાશે અને સાંસારિક સુધારાની બાબતમાં ઘણું ઉપયોગી થઇ પડશે. લી. શુભેચ્છક.

લુણાવાડા. તા. ૪-૯-૮૮ } ડાહ્યાભાઈ ઇજતરામ [નાયબ દીવાનજી લુણાવાડા]

પ્રસ્તાવના

એક આધુનિક યુવાન વિદ્વાન સાહિત્યના સંબંધમાં પોતાની કલમ કસતાં પોતાના સાહિત્ય પઠન અને સાહિત્યના વિવિધ ગ્રન્થોના અવલોકનના પરિણામ તરીકે જણાવે છે,– કે નવલ કથાઓ (Novels) નાકરનારાઓને કવિ તરીકે ગણવા કે નહીં ? એ પ્રશ્નનો ઉત્તર નિઃસંશય થઇને દેઇ શકાતો નથી. પરન્તુ 'કવિ' માં જે અર્થનો સમાવેશ થયેલો અમે સમજીએ છીએ તે ઉપરથી નવલકથાકારને પણ અમો કાંઇ નહીંતો કેટલેક અંશે પણ કવિ ગણીએ છીએ. અમારૂં તો આ પ્રમાણે અધીન મત છે. જ્યારે નાટ્ય કૃતિને કવિત્વની પરાકાષ્ટા ગણવામાં આવે છે. ત્યારે નવલકથા રૂપ કૃતિને કવિત્વના કોઇએક પરીણામ છે. રૂપે ગણવામાં સ્વતંત્ર રસજ્ઞતાવાન ગ્રન્થકારો અને સ્વતંત્ર સહૃદયતાવાન વિદ્વાન વાચકો કોઇ પ્રકારનો વાંધો ઉઠાવે એવો સંશય અમારા હૃદયમાં અસ્તિત્વને ધરાવી શકતો નથી.

કવિ જેમ સ્વાનુભવ રસિક કિંવા સર્વાનુભવ રસિક હોય છે, તેમજ નવલકથા કાર પણ હોવો જોઇએ. એ વાત સત્ય છે, કે નવલકથાકારને સર્વાનુભવરસિકત્વની અગત્ય સ્વાનુભવરસિકત્વ કરતાં વધારે છે. શાસ્ત્રદ્વારા વિચાર કરતાં સ્વાનુભવ અને સર્વાનુભવનું સ્વરૂપ જુદું જણાય છે ખરૂં; પરંતુ વ્યવહારસિદ્ધિને આશ્રય કરીને વિચાર કરતા દરેક યથાર્થ વિચારવાન પુરૂષના સમજવામાં આવશે કે સ્વાનુભવનો સંબંધ સર્વાનુભવની સાથે એવો તો ગાઢ છે કે હરેક ગ્રન્થકાર કિંવા કવિની કૃતિમાં એ બન્નેનું કાંઇ નહી તો અદૃશ્ય સંમિશ્રણ પણ અનુભવમાં આવ્યા વિના રહેશે નહી. ઉક્ત સંમિશ્રણ અતિશય પ્રસ્ફૂટ ન હોવાને લીધે સત્વર અ-

નુભવમાં આવી શકતું નથી માટે શાસ્ત્રે પૂર્વોક્ત ઉભય અનુભવમાંથી જેનું પ્રાધાન્ય હોય છે, તેનાજ અસ્તિત્વનું નિદર્શન કર્યું છે. આ ઉપરથી વિસ્તૃત વિચાર કરતાં કાંઇ નહીં તો સુક્ષ્મ અનુભવ પણ થવાનોજ કે નવલકથાકાર પણ કવિમાં ગણાઇ શકે તેમ છે.

શાસ્ત્રની બાબતમાં અધિક દુર ન જતાં જો કવિતાનો પ્રધાનધર્મ વિચારશો તો સહજ ભાન થશે કે કવિતાનું આનંદજનકત્વ એજ એનું સત્વ છે. વાર્તાઓમાં આ સત્વનું આધિક્ય હોય છે, તેનો વાર્તાઓની લોકપ્રિયતા ઉપરથીજ સિદ્ધ થઇ શકે છે. આ ઉપરથીજ વાર્તાઓનો પણ કાવ્યમાં સમાવેશ થાય છે; એતો શાસ્ત્રમાં પ્રવેશ નહી પામેલાં મનુષ્યને પણ વિચારગમ્ય થઇ શકે તેવું છે.

જે વસ્તુ સાધારણ રીત્યે કાવ્યમાં ગણાય છે તેના કરતાં પણ નવલ કથા રૂપ કાવ્ય ઉપર લોકોની પ્રીતિ અધિક હોવાથી હાલના સમયમાં નવલકથાઓની વૃદ્ધિ થતી દ્રષ્ટિએ પડે છે. તે ઉપરથી આ નવલકથાના કર્તાએ આ પુસ્તક દ્વારાજ જનસમુહને સુબોધ અને આનંદ આપવો યોગ્ય ધાર્યો છે. ગુણદોષનું વિવેચન વાચક વર્ગને સોંપી અત્રે એક અગત્યની બાબત સુચવવી યોગ્ય ધારિયે છીએ.

ભારતવર્ષના સાહિત્યમાં અમિશ્રિત પ્રકૃતિનાં પાત્રોજ ઘણું કરીને જોવામાં આવે છે. પાશ્ચાત્યસાહિત્યમાં મિશ્રિત પ્રકૃતિનાં પાત્રો અનેક સ્થળે નજરે પડે છે; આનું કારણ શોધતાં અમને તો એકજ જડી આવે છે. ભારતવર્ષમાં શાસ્ત્ર નિયમનું પ્રાબલ્ય દરેક વિષયમાં અધિકતમ જોવામાં આવે છે. આ સર્વ શાસ્ત્રો તેમના ઉત્પત્તિ કાળે દિગદર્શન તરીકે ઉપયોગને અર્થે રચવામાં આવ્યાં હશે; પરન્તુ પુર્વની પ્રજાઓની પ્રકૃતિજ એવી છે કે શાસ્ત્રને બનતાં સુધી અક્ષરશઃ વળગી રહેવું; આ

કારણુને લીધે આગળ જે સુચના રૂપ હતું તે અંતે શૃંખલા રૂપ થઇ પડયું અને કોઇ અંશે પણ હિન્દુઓનું વાર્તાશાસ્ત્રતો શું, પણ સમગ્ર સાક્ષરંપરાક્રમ બંધનમાં પડયું હશેજ નિઃસંશય, અમો એતો માન્યજ કરીએ છીએ. જે દિશામાં સાહિત્યશાસ્ત્રનું બંધન પ્રતિરોધ નથી કરતું, તે દિશામાં ભારત વર્ષના સાક્ષર જનો અનિર્વચનીય ત્વરાથી આગળ વધ્યા છે. પશ્ચાત્ય સાક્ષર વર્ગને પોતાનેજ યોગ્ય નિયમો શોધી કાઢવાનું કામ સોંપી સ્વતંત્ર રહેવા દીધો છે અને તેથી તેમની કૃતિને કોઈ પણ પ્રકારનું બંધન નડતું નથી પાશ્ચાત્ય પ્રજાની પ્રકૃતિ પણ નુતન માર્ગે જવાની છે અને જુના માર્ગને વળગી રહેવાની નથી; આ કારણુને લીધે પશ્ચાત્ય ગ્રંથોમાં મિશ્રિત પાત્ર વગેરે બહુશઃજોવામાં આવે છે.

નવલ કથામાં પાત્ર પ્રકૃતિ અમુક વ્યષ્ટિની છે. માટે વિશેષ(particular) છે. તેથી અમુક પાત્ર નિત્ય આમજ વર્તે એમ કહી શકાય નહી. અનિર્વચનીય સમષ્ટિ અને તદન્ગત અધિક અનિર્વચનીય વ્યષ્ટિના આચાર વિચાર વિષે અમુક નિર્ણય કરી બેસાયજ નહી, એ આ જગતના વ્યવહારના અનુભવીને સહજ સમજાય તેમ છે. માનવ જીવન અને ચરિત અનિયમિત છે; આવું દર્શાવવાને પણ કેટલાંક પુસ્તક જોઇએ. આ વિચારને અંતઃકરણુમાં પ્રધાન રાખીને આ પ્રસ્તુત નવલ કથાની રચના ના કર્તાએ કરીછે, માટે અવાર્તામાં પરસ્પર વિરોધ શોધનાર દોષ દર્શન કરનારને પોતાના દોષ દર્શન રૂપ કર્મને માટે અવકાશજ નથી, પરસ્પર વિરોધપુર્ણ જગતના વ્યવહારનો આ ચિતાર છે

કેટલાક વિદ્વાનોને આ પુસ્તકમાંની કેટલીક બિનાઓ અસંભવિત જેવી લાગશે. પરંતુ તેઓને અમારી એટલીજ વિનંતિ છે કે સંસારના ઇતિહાસમાં અવલોકન કરતાં

અસંભવિત વાતો ઓછી બનતી નથી. વાત સાચી છે કે આવી વાતો ઘણી ઓછી બને છે. આ પુસ્તકમાંની ઘણી ખરી વાતો તો સંસારમાં બનેલા બીનાઓ છે. એ બિનાઓ ભાગ્યે બને એવી છતાં બનેલી છે. માટેજ એ બિનાઓને સંસાર ચમત્કારમાં જગો આપવામાં આવી છે. માટે સુજ્ઞ વાંચનારને વિનંતિ કરવામાં આવેછે કે આવી બિનાઓ ઉપર અવિશ્વાસની નજરે ન જોતાં આપની સન્હૃદયતાનેજ આધારે આ પુસ્તક અથથી તે ઇતિ લગી પસાર કરી જવાનો પ્રયાસ લેશો.

કેવળ સન્હૃદયતાનેજ આધારે ચાલી શાસ્ત્રબળની પતરાજી દૂર કરીને પુસ્તક વાંચનારને પરસ્પર વિરોધવાળાં ગ્રન્થાંગ પણ આનંદને આપનાર નિવડે છે, એમ લાંબા વખતના અનુભવ ઉપરથી સિદ્ધ થયું છે. કેળવાયલાં માણસો કરતાં વિના કેળવાયલાં માણસો વાર્તા અને કાવ્યનો રસ વધારે રૂડી રીત્યે અનુભવી શકે છે, એવું જે મેકોલે સાહેબનું મત છે તે અમને અનુભવ સિદ્ધ લાગે છે. કેળવાયલાં છતાં પણ શાસ્ત્ર સામર્થ્યની હિમાયત નહીં કરનાર પુરૂષો તો વાર્તા અથવા કાવ્યદ્વારા બમણું સુખ અનુભવી શકે છે, એમાં કોઇ પણ પ્રકારનો સંશય નથી.

આ પુસ્તકના સંબંધમાં પણ અમે પૂર્વોક્ત પ્રકારનો પ્રયોગ કરી જોયેલો છે. અને તે પ્રયોગનો પરિણામ મેકોલે સાહેબના મત પ્રમાણેજ આવ્યો છે. તેથી અમારા (અમારા જેવા મતના માણસોના) નિર્ણયને કોઈ પણ શુષ્ક શાસ્ત્રની તકરાર નિર્બળ કરી શકે તેમ નથી. ભલે જગતના અભિપ્રાયને તેઓ (શાસ્ત્રના હિમાયતીઓ) ગમે તેમ ભમાવે.

પરસ્પર વિરોધમય જગતના અભિપ્રાયને માટે ચિન્તા

તુર રહ્યા વિના આ પુસ્તક પ્રજા સમક્ષ મુકવામાં આવેછે. વિદ્વાન પ્રજા કરતાં રસજ્ઞ પ્રજાના અભિપ્રાય ઉપર આ વિષયમાં વધારે આધાર રાખવો યોગ્ય છે.

" The world with all its Contents is in consistency itself."

Sangavi.

સાંસારિક ચમત્કાર.

અથવા

સુજ્ઞ શામલાલ

પ્રકરણ ૧ લું.

મોટામાં મોટું દુઃખ દરિદ્રતા.

સૂર્ય મહારાજની સ્વારી એક ગોળાર્દ્ધની નિયમિત ચાકરી બજાવીને બીજા ગોળાર્દ્ધ તરફ ચાલી નિકળી છે, અને હળુહળુ કાળ કાપનાર તેનો ગુલાબી સંધિપ્રકાશ પશ્ચિમ ક્ષિતિજપર ખેળતો રમતો ચાલવા માંડ્યો છે. વૃક્ષ, ડુંગર, ગામ, ધામ ઇત્યાદિને નિસ્તેજ કરતું ઘોર અંધારૂં પુર્વ તરફથી દોડતું આવેછે, અને દિનમણીની પાછળ તેને દેપ લાગવા જોગ પ્રકાર ન બને એટલા માટે તેના અનુયાયી ગૃહમણી (દીવા) ઘેરઘેર ઉદય થવા લાગ્યા છે. આસ્માની ભોર આકાશમાં એકેક તારાઓ પ્રગટ થઇને ક્ષુદ્રપણે ચમકવા લાગ્યા છે, અને રાહદારી રસ્તાપરના ફાનસોના દીવા તો અંધારારૂપી આકાશમાં દૂરથી નક્ષત્ર પ્રમાણે દેખાવા માંડ્યા છે. જે સમય આપણા પુરાણમાં વિપત્તિનાશક વર્ણવ્યો છે, અને જે સમયમાં વહાલી પણ વેહેગી માતા પોતાનાં ભુખાળવાં ને ઉંઘળવાં બાળકને જમવા કે ઉંઘવા આપતી નથી,—જે સમય મનુષ્ય માત્રને સંસાર વ્યવહારમાંથી મુક્ત થઇ શાંતી લેવાની સૂચના ને શરૂઆત કરેછે, અને જે સમય સંધાકાળને નામે ઓળખાય છે, તેવા સમયમાં અહો વાંચનાર! ચાલો આપણે આ મુંબઇ શેહેરમાં સાંસારિક ચમત્કાર નિહાળી

એ! પેલી લુહારચાલમાં સામું જે સુંદર ઘર જણાયછે તે લવજી શાનું; લવજીનો બાપ ધનપાળ, મહા ધીરજવાન એક સહાસિક વ્યાપારી હોવાથી પૈસે ટકે સુખી હતો. નાતજાતમાં એ એક આગેવાન ગણાતો અને ઘરસંસારની તકરારોનો ફડચો કરવામાં તો પ્રત્યેક વખતે પ્રમુખનું કામ બજાવતો હતો. પણ અફસોસ કે તેનામાં અને તેના પુત્રરત્ન લવજીમાં જમીન આસમાનનોફેર હતો. લવજી ભોળો ભટાક ને નશીબનો બળીયો (!) હોવાથી તેના દરેક સવળા પ્રયત્નોનું અવળુંજ પરિણામ આવતું હતું. બાપ ગુજરી ગયા પછી વારસામાં મળેલી પુંજી બેઠા બેઠા નિરાંતે ખાધી હોત તો કશી ફિકર નહોતી. પણ વેપારી વાણીયાનો અવતાર અને વળી નાણાવટીનો છોકરો તેનાથી આળસુની માફક કેમ બેસી રહેવાય? ઉદ્ધત ભાઇબંધોના સહવાસમાં રૂનો સટો ધમધોકાર ચલાવવા લાગ્યો અને પરિણામે ભાવ ગળી જવાથી બાપડો લવજી લમણે હાથ મુકીને હેઠો બેઠો, ઘરનું ઘર ટળ્યું ખાવાને પાઇ સરખી પાસે રહી નહી અને બિચારો ચીથરે હાલ થઇ રહયો.

સર્વ કોઇ પૈસાનું સગું છે. હિણકમાઉ પુત્ર માબાપને અળખામણો લાગેછે અને હિણકમાઉ ધણી પોતાની સ્ત્રીને પણ અકારો થઇ પડેછે. જ્યાં સુધી પાસે પૈસો હતો ત્યાં સુધી સર્વ સગાં સંબંધી "લવજીભાઇ, લવજીભાઈ" કહીને જોડમાં બેસતાં, વિવાહવાજમમાં જમતાં જુહતાં ને વાહવાહ બોલતાં—તેજ સગાં. સંબંધીઓ હવે માઠી હાલતમાં લવજીને ભુખ્યો તરસ્યો વિચારવાનું કે જમવા જુઠાડવાનું તો રહ્યું, પરંતુ ગાંદે સાજે મ્હોંથી ચાર શબ્દો બોલી દિલાસો પણ આપતા નથી. બળ્યોઝળ્યો બાહારથી આવી ઘરમાં પગ મુકે કે તુરત તેની બાઇડી આનંદ પામવાને બદલે દાંતિયાં કરતી "રડયો, મુઓ" કહી ધિટકાર. વરસાદ વરસાવતી અને છોકરાંઓ "બાપા, કેમ મોડું થયું-

એટલી વાર કેમ લાગી" એમ પુછવાને બદલે "કંઇ આનો એ આના લાવ્યો છે કે બાપા તમારાં કાળજાં ખાઇએ ?" એવા ઉદગારો કહાડતાં હતાં. બેશક આકળા સ્વભાવનો માણસ આવી હાલતમાં જરૂર પોતાનો પ્રાણઘાત કરી લે; પણ લવજી સહનશીલ અને શાંત સ્વભાવનો હતો. તે મન વાળતો હતો કે સઘળા દહાડા કંઇ સરખા હોતા નથી. વખત વખતનું કામ કર્યા કરે છે. ચાર દહાડા દુઃખ તો ચાર દહાડા સુખ એ કાળચક્રને નસીબનો મહિમા છે. કોણે દીઠી છે કાલ? અંતે પ્રભુ સર્વ રૂડુંજ કરશે.

નબળી સ્થિતિ આવ્યા પછી લવજીએ બાકીનું ઘરેણુ ગાંઠું તો પ્રથમથીજ કરજમાં આપી દીધું હતું, અને "સારા રાચમાં સાંએલું" એ કેહેવત પ્રમાણે ઘરનું રહેલું ભાગ્યું તુટું રાચરચીલું પણ બાપડો વેચીને ખાઇ ગયો હતો. છેલ્લે કશો ઇલાજ રહ્યો નહીં અને અન્ન–દાંતને વૈર થયું ત્યારે આજ ચાર પાંચ મહિના થયા ચાકરી શોધતો રખવાયાં ઢોરની માફક ભટકતો હતો. તથાપિ "નસિબ બે ડગલા આગળનું આગળ" એ કહેણી લવજીથી છુટી પડવાને નાખુશ હતી. સગાં સંબંધીમાં ઉભા રહેવાની જગ્યા નહોતી અને વાણિયાના દિકરાથી હેલ મજુરીનો હલકો ધંધો કેમ થઇ શકે? પોતાનું રેહેવાનું ઘર જે આસામીને વેચાથી આપ્યું હતું તેણે ઘર ખાલી કરવા માટે એક માસ આગળ આપેલી નોટીસ આજે પુરી થઇ હતી. અને આવતી કાલે બીજે ઠેકાણે જઇ રહ્યા વિના છુટકો નહોતો. બાપડો સવારથી તે ઠેઠ અત્યાર સુધી જ્યાં ત્યાં આથડયો અને કંઇ વળ્યું નહીં ત્યારે નિરાશ થઇ રડતે અતઃકરણે બાહારના ઓટલાપર આવીને બેઠો. અંદરનું બારણું બંધ હતું, તે ઉઘાડવાની પણ તેની હીંમત ચાલી નહીં. ઉમડો બેસી, લમણે બંને હાથ દઇ, બિચારો મહા દુઃખમાં ને ઉંડા વિચારમાં ઉતરી પડયો.

"અરે પ્રભુ હવે શું કરૂં અને કયાં જાઉ? ભાડાના પ્રથમ પૈસા આપ્યા વિના ઓરડી મળવાની હતી કે? ખચીત હવે અંત આવવા લાગ્યો છે. સુખ જો સમજ્યું ન હોય તો જીવવું શા માટે? પણ દૈવ! ચિંતા માત્ર પ્રિય બાળકોની છે! રંડા જોઇનેજ મારો જીવ ખાશે—મ્હોડું શી રીતે બતાવવું? હાય! આવી હાલતમાં ભાગ્યશાળીઓને ઘરનું પણ સુખ હોય છે, પરંતુ મારો તો "ભાઇઓ જેની બાઇર્ન ભુંડી તેને પીડા અંતર ઉંડી" એવી ગ-તી-દ!!" ગળગળો થઇને લવજી એવું અધુરૂં બડબડે છે એટલામાં એકાએક બારણું ઉઘડી પડયું. લવજી ચેંકીને જુએ છે તો તેની સ્ત્રી વાળ ખંજવાળતી બાહાર આવીને કહેવા લાગી,—"લાલબાઇ લાગો તમારા ઘરસંસારમાં! શું સુલામાં મારો ટાંટીઓ સળગાવુ? મુવા તમારા ઢંગપરથી જણાય છે કે તમે શું ઉકાળ્યું છે? પિયરમાં પિટાતાં સઘળાંજ મરી ફીટયાં અને અહીંઆં ઉઘાડી અડવી ફરૂં તો તમારા જેવા નરાતાળ ધણીને કશી શરમ છે કે? સાંજ પડે છે કે "મા ખાઊ" કરતાં રડયાં છોકરાંઓ પજવીને મને તો પુરી કરે છે અને વળી તમારી કયાં મારે ઓછી આપદા છે? રળવાની શકિત નહોતી તો પરણ્યા શા માટે?" "જખ મારવા, હવે છે કાંઇ! તું કર્કશા કયાં મારા નસીબમાં લાગીતી? " સ્ત્રીના કઠોર શબ્દોથી લવજીને પગથી તે માથા સુધી ક્રોધાગ્નિ પ્રગટી અને તુરત ઓટલાપરથી ઉઠી ઘરમાં ગયો. તેની સ્ત્રીએ લાગલુંજ બારણું બંધ કીધું અને વળી પાછી બડબડવા લાગી:—"મરોને એટલે સુખી થઇયે." આ એકજ વાકય લવજીના હૃદયમાં તિક્ષ્ણ કટારની પેઠે ભોંકાયું અંગમાં ક્રોધ વ્યાપી રહ્યો અને સ્થિતિના સંતાપથી ભાનવિસરી ધડુસ ધડુસ છાતી કુટવા ને ડસકાં ભરી રડવા લાગ્યો. તેની અજ્ઞાન સ્ત્રી, પોતાના કંગાળ ધણીને છાનો રાખવાને બદલે જો કોઇ અણુગતું મરણ નિપજ્યું હોય, તેમ ખુણે ભરાઇને

મ્હોં વાળી રાગડો ખેંચીને રૂવા લાગી અને તેના કાલુંઘાં-નિર્દોષ બાળકોએ માતાપિતાને રડતાં જોઇ ગભરાઇને કાળો કુળકળાટ કરી મુકયો. લવજીના શોકસદનમાં એ રીતે કંકાસ નાચક્રિડામાં પુર્ણતાને પામ્યો છે, વિના મૃત્યુએ ઘોર સ્મશાનની માફક ભયંકર પ્રાણુપોકની પ્રતિધ્વનિ થઇ રહી છે અને કહેવાતો-સુખમયી સંસાર આ સ્થળે વિષમયી ખારો ધુધવો બની રહ્યા છે એ ટલામાં "લવજીભાઇ, લવજીભાઇ, ઓ જમના ભાભી, પરમાનંદ બાર ઉઘાડો," એમ બોલીને કોઇએ બારણું ખખડાવ્યું. શબ્દ સાંભળતાં વાર, લવજી મુંગો થઇ શરમીંદગો બની રહ્યો અને તેની બઇરીએ ઉઠી આંસુ લુંછી સાડી સંકોરી વેહેલું વેહેલુ બારણું ઉઘાડયું.

અંગમાં કાળી બનાતનો કોટ અને કેસ્મીરી પાટલુન શોભી રહ્યું છે, હાથમાં હસ્તિદંતની સર્પમુખી જેષ્ટિકા અને મસ્તકે ગુલાબી રંગની પુણ્યાશાઇ પાઘડી લટકી રહી છે અને જમણા હાથમાં એક મોટા પુસ્તકને પાછળથી પકડી છાતી સરસું ધરી રાખ્યું છે, એવો એક દીવ્ય તરૂણ પુરૂષ સખેદાશ્ચર્ય પામતો લવજીના ઘરમાં બારણું ઉઘાડતાંવાર એકાએક દાખલ થયો. "આવો, બેસો ભાઇ; ઘણો ઉપકાર થયો" એવા લવજીના સન્મનસૂચક શબ્દોને નહીં ગણકારતાં તે લાગલોજ જમના ભાભીની સન્મુખ જઈ બેઠો. દીયરજી સાથે પ્રીતિથી વાતચિત કરવાને બદલે ભાભી નિચું નિહાળી શરમના માર્યાં ભોંય ખોતરવા લાગ્યાં. "જમના ભાભી, તમે ડાહ્યાં ડોરાં કહેવાઓ છો તો આટલાંજ માટે કે?" તે તરૂણ પુરૂષ મુખડું મલકાવતો આગળ બોલવા લાગ્યોઃ—" નહીં ભાભી નહીં: એમાં તારો કશો વાંક નથી. દરિદ્રજ મહા દુઃખદાયક છે. દરિદ્ર સુવર્ણ સરખા શિયળને, ફુટી બદામનું બનાવે છે, ને દરિદ્રથી સ્ત્રી, પુરૂષ પ્રત્યેની તથા સંતત્તિ માબાપ પ્રત્યેની પોતાની ફરજ વિસરી જાય છે, દરિદ્ર

કજીઓ કંકાસ તથા નકામી કુથલીમાં માણસને ચકચુર–છાકટુ બનાવે છે અને દરિદ્ર સુખની આશાનો સમુળો નાશ કરી શ્રદ્ધા હિણુ, કૂર ને કઠોર બનાવે છે. આજથી બીજાં વર્ષપર હું આ ઘરમાં તારી સાથે સાત આઠ દિવસ રહયો હતો, પરંતુ તારં તે વખતના અને આજના વર્તનમાં ન સહન થઈ શકે એવો ફેરફાર થઇ ગયો છે. ફોઇ અને ફુવો જીવતાં તું કેટલી વિનયવંતા ને મર્યાદશીળ હતી? હરિશ્ચંદ્ર તારામતી, રામ–સિતા, અને નળ" દમયંતીના ચરિત્રો જે તું હોંશથી વાંચતી એટલુંજ નહીં, પરતું પોતાની જુવાન નાનકડી નણુદોને સ્વામિસેવા અને પ્રતીવ્રત ધર્મનો ઉપદેશ આપતી–તેજ તું અત્યારે પતિને પજવવામા પાવરધી થઇ પડી છે! જે તું મારા બાહાર ગયેલા લવજીભાઇ• આવવાની રાહ જોતી વારંવાર બારીમાંથી રસ્તા તરફ આતુર તાથી ડોકીયાં કરતી હતી, તેજ તું હવે મહા દુઃખની વાત છે કે તેનું મ્હોડું જોવાને નારાજ થઇ પડી છે." "પણુ નાનાભાઈ તે વખતે 'સાંજરે શું ખાઇશું?' એવી કશી ચિંતા નહોતી• શિવાય ઘરનું કામકાજ કરવું પડતું નહોતું અને હવે ઘરસંસાર માથે પડયો છે. તે વખતે કશાં છોકરાં છૈયાં નહોતાં અને હવે, તેઓની વેઠમાંથી હું મુદલ છુટી શકતી નથી." વચ્ચે લવજીની- સ્ત્રી બોલી ઉઠી પણુ એ તરૂણ પુરૂષે તેને તરછોડીને કહ્યું:– "હા, હા; પણુ ઘેલી સઘળાજ દહાડા સરખા હોય છે? ઘરસં• સારનો બોજો પ્રત્યેક સ્ત્રી પુરૂષને વેહેલો મોડો માથે પડે છે, તેમાં તું કાંઇ નવાઇ કરતી નથી અને વળી શું તું આટલેથીજ છો કરાં છૈયાંથી કંટાળી ગઇ? વાંઝણી સ્ત્રીયો સંતાનને માટે ટળવ ળતી–બાધાઆખડી રાખતીને મહા હેરાનગતી ભોગવતી શું તેં નથી નિહાળી! પેલી કમળાબાઇને તે દહાડે તુંજ કહેતી હતી કે,– 'પુત્રવાળી વિધવા જગતને જેટલી શોભા આપે છે તેટ• લીજ પુત્ર વિનાની સૌભાગ્યવતી સુંદરી જગતની શોભાને

ઘટારે છે.' એ સર્વે તું શહાણી, છતાં અત્યારે કેમ ભુલી જાય છે વારૂ ? હોય, થોડા દહાડા ગરીબાઇનું દુઃખ પણ ભોગવવું જોઇએ. પતિને દુઃખે દુઃખ ને પતિને સુખે સુખ એ સાધ્વી સ્ત્રીનો ધર્મ, અને તે પ્રમાણે તારે વર્તવું જોઇએ, એમ તારા જેવી સુજ્ઞ સ્ત્રીને શીખવવામાં કાંઇ વિશેષતા નથી. તને રૂપાળું ભરતચિત્ર ભરતાં આવડે છે, કોઇની ટોપી તો કોઇનો ગળપટો ભરી આપ્યો, કોઈનું ઝભલું તો કોઇની ચોળી શીવી આપી એમ મહેનત કરીને પૈસા મેળવવામાં હલકાઈ નથી. થોડુંક પોતે મેળવ્યું, થોડુંક લવજીએ મેળવ્યું અને એમ કરી રંગેરજિયાતે ઘરસંસાર ચલાવી આનંદમાં રહેવાને કશી અડચણ આવશે નહીં" ત્યાર કેડે જમનાભાભી હલકે અવાજે બોલી,— "નાનાભાઇ, હું મારી મુર્ખાઇને માટે લાજી મરૂં છું, પસ્તાવો પામું છું; મને માફ કરો અને હવે એ વાત ભલા થઇને જવાઘો. હવે પછીથી મારામાં કોઇ વાતની ખોડખાંપણ જોવામાં આવે તો પછી બેલાશક મને જોઇએ તે કહેજ્યો. પણ વારૂં તમે ક્યારે જવાના? પાસ થયા કે નાપાસ ?" એ તરૂણ ગૃહસ્થે જવાબ વાળ્યો,—"ભાભી! પાસ થયો છું. (લવજી તરફ વળીને) 'લવજીભાઇ, હું આવતી કાલે ઘેર જવાનો છું અને બાપાએ હુંડી મોકલાવી હતી તેમાંથી સો રૂપિયા તમોને આપવાના કહ્યા છે તે લ્યો. ઉદ્યોગે લાગજ્યો, હળીમળી આનંદમાં રહેજ્યો અને હવે વખત થયો માટે હું જાઊંછું" એટલું બોલી રૂપિયા આપી તે તરૂણ પુરૂષ ચાલી નિકળ્યો.

અનાડી જમનાબાઇ એ તરૂણ પુરૂષના ઉપદેશથી તુરત, શહાણી થઇ; કેમકે તેનો મુળ સ્વભાવ સુજ્ઞ ને જાતે કુળવાન. સાથે ભણેલી પણ હતી; એટલે "તેજીને ટુંકારો બસ" તેમ થયું. ઝટ ઉઠી પાડોસની પોતાની એક બેહેનપણીને ત્યાંથી આટો અને દાળ ઉછીના લાવી રસોઇ કરવા લાગી. લવજીને હાથપગ

ધોવા ગરમ પાણી કરી આપ્યું. અને વાળુ કરી રહ્યા બાદ એ સ્ત્રી પુરૂષ સુખ દુઃખની વાતો કરવામાં નિમગ્ન થઇ રહ્યાં. વાંચનાર વિચારશે કે એ તરૂણ પુરૂષ કોણ હતો? તે આપણી આ વાર્તાનો મુખ્ય નાયક અને તેનું નામ શામલાલ છે. ચાલતી સાલમાં એ "બી○ એ○" ની પરીક્ષા પાસ થયો અને આજે મેલટ્રેનમાં તે પોતાને ઘેર અમદાવાદ જવાનો હોવાથી લવજીને મળવા આવ્યો હતો. શામલાલ લવજીના સગા મામાનો દીકરો થાય. તેનો બાપ સુધરેલા ઠરેલા વિચારનો, સુસ્વભાવનો અને પ્રતિષ્ઠિત પુરૂષ ગણાતો હતો અને હાલ તે અમદાવાદની અદાલતનો મામલતદાર હતો, જો કે શામલાલના રૂઢીબંધનથી બાળલગ્ન થયા હતા તથાપિ તે અત્યાર સુધી સ્ત્રી સુખથી કેવળ અજાણ્યો હતો. હાલ તેની એકવીશ વર્ષની ઉમર ને ખીલતી જુવાની હતી. "બી○ એ○" માં પાસ થઇને "એલ○ એલ○ બી○" ની પરીક્ષા આપવાનો તેનો વિચાર હતો, પરંતુ "બી○ એ○" થયા બાદ બે વર્ષની મુદત પુરી થયા પછીજ એ પરિક્ષામાં બેસી શકાય, એવી પદ્ધતિ હોવાથી અભ્યાસમાં હવે પોતે નચિંત થયો હતો. થોડા દહાડા સાંસારિક પ્રેમકુંજનો વિહાર કરી પછીથી અભ્યાસે લાગવું. એવો તેનો નિશ્ચય હતો અને તેના પિતાનો પણ બહુધા તેવોજ મત હોવાથી "ભાવતું હતું ને વૈદ્યે કહ્યું" તેની પેઠે શામલાલની ઉત્કંઠાને ઉત્તેજન મળ્યું. મિથ્યા મનોરાજ્યમાં કેવળ કાલ્પનિક સુખ ભોગવતો આખી રાત્ર મુસાફરી કરી બીજે દહાડે બપોરના તે પોતાને ઘેર જઇ પહોંચ્યો. માતા પિતા ને ભાઇભાંડુંને તો એથી અત્યાનંદ પ્રાપ્ત થયો. પરંતુ કોણ જાણે શું થયું કે તેની સ્ત્રીના મુખપર જોઇએ તેવી હર્ષની પ્રતિછાયા છવાઇ નહીં. સગાં સંબંધી તથા મિત્રો આદિને મળવામાં અને બીજા કેટલાક કામમાં શામલાલે આખો દહાડો ગુજાર્યો અને રાત્રીએ વાળુ કરીને લાગલોજ આતુરતાથી પોતાના શયનગૃહમાં જઇ બેઠો.

પ્રકરણ ૨ જું.

દૈવી કોપ-ઢેડગરોળી અને કુસ્વપ્ન.

શામલાલ પોતાના શયનગૃહમાં જઇ બેઠો. ત્યાં ઉત્તમ પ્રકારની રોષની કરવામાં આવી હતી. શામલાલને ત્યાં જઇ. બેઠાને વધારે વખત થયો નહી એટલામાં તેની સ્ત્રી હાથમાં પંચારતી લઇને હાજર થઇ. તેણે પ્રથમ સ્વામિની પરમ પ્રીતિથી આરતી ઉતારી મ્હોંમાં તાંબુલ નાંખ્યું. તેના પગનાં તળિયાં ઘૃતથી ઘસ્યાં અને ચર્ણુ તળાંસી પુષ્કળ પ્રકારે સેવા કરી સુવાસિક અત્તરોથી તેનું અંગમર્દન કર્યું અને કોટમાં પુષ્પનો હાર આરોપ્યો. કઢેલું સાકરિયાં દુધ પીવાને મ્હોં આગળ ધર્યું, અને તેની આજ્ઞા ઝીલવાને કેવળ તત્પર થઇ ઉભી રહી.

એવા પ્રકારનો પોતાની સ્ત્રીનો આદરસત્કાર જોઇ શામલાલને અતિ આનંદ ઉપજ્યો. પરંતુ તે વખતે દુઃખદાયક વાત એજ બની કે તેની સ્ત્રીનો મુખચંદ્ર ત્યારે જેવો પુર્ણચંદ્રવત્ પ્રફુલ્લિત દિસવો જોઇયે તેવો દેખાયો નહી. શામલાલે તેનું મુખડું હસાવવા માટે પુષ્કળ વિનોદ કર્યો અને નાનાવિધનો હાસ્યરસ ઉત્પન્ન કર્યો, તથાપિ બળાત્કારે આનંદ બતાવવા શિવાય. તેણે તેણીમાં કશું વિશેષ જોયું નહી. આખરે શુદ્ધ વૃત્તિથી તેના મુખકમળની કળી પ્રફુલિત થતી નથી એમ જાણી તેના મુખેંદુપર રાહુએ છાયા પાડી છે એવું ચતુર શામલાલે અનુમાન કર્યું અને જિજ્ઞાસુ થઇને તેને પ્રીતિથી આલિંગન આપી બોલ્યોઃ-

શા૦-પ્રિયે, લગ્ન થયા ત્યારે તો આપણે કેવળ અજ્ઞાન હતાં અને હાલ ઘણે દહાડે મેલાપ થયાં છતાં તું આમ દુઃખી કેમ દેખાયછે વારું?

સ્ત્રી-(બળાત્કારે આનંદ બતાવી) નહી; મને દુઃખી થવાનું કારણ શું?

શા૦–પણ પ્રાણવલ્લભે, તું મારાથી છુપાવી રાખે છે કેમ? તારૂં મનકોઇ પણ પ્રકારની ચિંતાથી ઝુરી મરે છે તેમાં કશો સંશય નહી.

સ્ત્રી–(નિશ્વાસ નાખી) પ્રાણનાથ, મને શી વાતની કમીનાં છે? હું શા માટે મનમાં દુઃખી હોઉં ?

શા૦–પ્રિયે, તું મોકળા મનની છતાં તારી હૃદયભેદક વ્યાધિનું નિરૂપણ તું મારી પાસે કરી શકતી નથી શું ?

સ્ત્રી–(આંખમાં આંસુ લાવી) પ્રાણનાથ, શું કહું ? કશું કેહેવા જોગ નથી.

શા૦–(સખેદાશ્ચર્યથી) મનોહરે, તારી દેહમાં એ દુઃખ વજ્ર પ્રમાણે પ્રહાર કરી રહ્યું છે છતાં 'એ કેહેવા જોગ નથી, એમ બોલે છે ! વાહ શો ચમત્કાર ? એ ચિંતાગ્નિથી તારી કમલ સરખી આંખો ઉંડી ઉતરી ગઇછે, તારા ગોળમટોળ ગાલ ની ગુલાબી લાલીનો નાશ કરી તને સર્વાંગે બાળીને ભસ્મ કરી નાંખી છે, તારૂં અર્ધસ્મિત હાસ્યવદન ખિન્ન થઈ કરમાઈ ગયું છે, અને એજ બાબતના તર્ક વિતર્કમાં તું એક સરખી લાગી રહેવાથી તને કોઈ પણ વાતમાં ચેન પડતું નથી—તને મુદલ ગમતું નથી અને તારી આવી ભયંકર સ્થિતિ છતાં મારી પાસે તું ખુલાસાથી બોલતી નથી. ત્યારે હવે તને કહેવું શું ? હમણા હમણાં તું ઘણીજ મેલીઅને ઉઠી થતી જાય છે.

સ્ત્રી–નહી નાથ, હું મેલા મનની નથી. (ગળગળી થઇને) હું શું કરૂં ? મારાથી એ દુઃખ આપની પાસે કહી શકાતું નથી

શા૦–પ્રિયે, પોતાના પતિને નહી કહેવા જોગ વાત સ્ત્રીને કોઇજ હોતી નથી. પતિ સંબંધી સુખદુઃખ સ્ત્રી પોતાનાં મા બાપને કહી શકશે નહી, તેમજ માબાપનું સુખદુઃખ બેનપણી કે સહચરી પાસે કદાપિ કહી શકશે પરંતુ ભ્રતારથી છુપવી રાખવા જેવી અડચણ સ્ત્રીઓને કોઇ કાળે આવતી નથી એવી

મારી પકી ખાતરી છે.

સ્ત્રી–પણ પ્રાણનાથ, જો તે વાત ભતારનાજ માઠાપણાની હોયતો:–

શા૦–એ તો પતિને અવશ્ય કહી સંભળાવવી જોઇએ કારણ તેનું નિરાકરણ તેજ કરી શકેછે. બોલ, બોલ હવે શી ચિંતા છે તે! (તેની હડપચી હાથથી હલાવે છે.)

સ્ત્રી–(આંખમાં આંસુ લાવી) પ્રાણનાથ, તે દીવસ નહી આવશે! હું નથી કહેતી! આપને એથી ઘણું માઠું લાગશે–અતિ દુઃખ થશે.

શા–(તેનો હાથ પકડી પોતાના ગળાપર મુકીને) પ્રિયે, તને મારા ગળાના સોગન છે. ખરૂં હોય તે કહી દે,–પછી તે મારા મહા દુઃખનું કારણ હોય, તોપણ કશી ચિંતા નહી.

સ્ત્રી–કહું છું સારે, પ્રભુ તું સંભાળનાર છે, આજ કે નકી, સુમારે એક મહિનાપર પડોશમાં વેલુબાઇને ત્યાં કાશીનો જોશી આવ્યો હતો. તે વખતે ત્યાં ઘણીબાઇડીઓ એકઠી થઇ હતી તેથી હું પણ તે તરફ સેહેજ ગઇ. પણ ગમે તે હો, મારા મ્હોં તરફ જોતાંજ તે બોલ્યો, આ વહુનો ધણી એક મહિનાની અંદર આ ગામમાં હડકાયેલા કુતરાના કરડવાથી મરણ પામશે, અરે દૈવ!

શા૦–(હસીને)શું એટલુંજ કારણ, આ સુકુમાર અબલાના કોમલ અંતઃકરણમાં એટલી વેદના કરતું હતું ? હું સમજ્યો કે વળી કંઇ બીજું મહાભયંકર કારણ હશે!

સ્ત્રી–(સેહેજ હસીને) હવે એના કરતાં વધારે ભયંકર તે શું જોઇએ ?

શા૦–સ્ત્રી તું કેવળ ભોળી અને ઘેલી છે. એ લબાડ લોકો પેટ ભરવાને કાજે ભોળી બાઈઓને ભરમાવતા ગામોગામ ભટકતા ફરેછે, અને વિવિધ પ્રકારે ભય ઉપજાવી ભોળા લોકોથી પોતાનો સ્વાર્થ સાધી લેછે તો શું તું હજી સમજ

તી નથી? જો તે મારી સામે એમ બોલ્યો હોત તો તુરત તેની ખાસડે ખાસડે ટાલ પાડવામાં મણા રાખત નહી.

સ્ત્રી-પ્રાણનાથ, મેં પણ તેના બોલવાપર વધારે લક્ષ આપ્યું ન હોતું તથાપિ આપનો અહીં આવ્યાનો કેશો સંબંધ નહી છતાં તેના બોલવા પ્રમાણે મહિનો પુરો થવાના સમયપર અકસ્માત અહીં હાજર થયા તેથી મારા પેટમાં સંશય ઉપજી મહા ધાસ્કો પડયો છે.

શા૦-(ધિક્કારીને) તેમાં શું? તું તેને માટે કશો વિચાર મનમાં લાવતી નહી. હું અઘોર અરણ્યના વ્યાઘ્ર અને કેસરી સિંહને પણ યમસદનમાં મોકલાવું એવો અલમસ્ત છું, તો વળી હડકાયું કુતરૂં મને કરડી શકશે શું? અને કદાચ કરડયું તો મારી પાસે એવું તો એક રામબાણ ઔષધ છે કે તે લગાડતાં વાર તાત્કાળ હું સારો થઇશ.

સ્ત્રી-તે સર્વ ખરૂં, તથાપિ મારા પેટમાંથી ધાસ્તી જતી નથી-તેને હું શું કરૂં? વેલુબાઇ પણ મને કહેતી હતી કે, કાશીના જોશીઓ જે કહેછે તે સોળે સોળ આના ખરૂં પડેછે.

શા૦-(મનમાં) કેવી આ મુર્ખ અને વેહમી સ્ત્રી? હવે તેના મનનો સંશય, વખત વિત્યા વિના જશે નહી. તથાપિ તેમાં કાંઇ વિશેષ જેવું નથી. (માટેથી) પ્રિયે, તે ઉપર તું બિલકુલ ભરોંસો રાખતી નહી-એ સર્વ ખોટું છે-ઢોંગ છે.

એટલું બોલ્યા બાદ કેટલીક વારે શામલાલ નિંદ્રાવશ થઇ ગયો. તેની સ્ત્રી મહા સાધવી, અત્યંત ભોળી અને અતિશય વેહેમી હતી. તેને લખતાં વાંચતાં કશું આવડતું નહોતું અને બીજા લોકો જેમ ભરમાવે તેમ તે હરેક વાત ખરી માનીને ભરમાતી હતી. તેનો પિતા અને પિયરનાં સઘળાં માણસો જુના વિચારોનાં ને ધર્મભોળાં હતાં. શામલાલના ઘરનાં માણસો સુધરેલાં ને વિચારવંત છતાં તેના સહવાસમાં તેણે ઘણો કાળ કાઢયો નહોતો તેથી તેની શ્રદ્ધા ગપાષ્ટિક કલ્પિત દંતકથાપર પુર્ણ રીતે ઠસી ગઇ હતી.

કાશીના જોશીની ભવિષ્ય વાણી કદાપિ ખરી પડશે કે શું એવા વિચારમાં શામલાલની ભોળી ભામિની નિમગ્ન થઇ રહે-વાથી તેના મનમાં અનેક કુતર્કો આવવા લાગ્યા; તેને નિદ્રા આવી નહીં અને ઉપરાઉપરી તેની આંખમાંથી ડબક ડબક આંસુ પડવા માંડયાં. એવી દુઃખદાયક સ્થિતિમાં તે બિછાનાપર પડેલી છે તેવામાં એકાએક ઉપરના છાપરામાંથી એક ઢેડગરોળી શામલાલના ડોકાપર પડી. પછી પુછવું શું ? એ વેહેમીમનની અબલા કેવળ ભ્રાંતિ અને ભયાગ્નિથી બળીને ખાખ થઈ ગઇ. તેણે વિચાર કર્યો કે જો આ વખતે પતિને જાગૃત કરીને આ હકીકત કહી સંભળાવું તો તેથી કદાચ તે ભયભિત થશે અને માઠું પરિણામ નિપજશે. ત્યાર બાદ અનેક વિચાર તેના ભોળા દિલમાં ઘોળાયા કર્યા અને તેને લાગ્યું કે હવે મારો ધણી જ લહીથી મરણ પામશે, તેમાં કશો શક નહી; વાસ્તે પોતે તેનું અકાળ મ્રત્યુ જોવાને જીવવા કરતાં આગળથીજ પોતે પોતાનો પ્રાણઘાત કરી લેવો એ વધારે ઉતમ છે. પરંતુ વળી તે બોલી,—"હું આપઘાત કરીને મરી જઇશ તો મારાં માબાપ ઘણાં દુઃખી થશે અને મને પણ આત્મહત્યાનું પાપ લાગશે. ઢેડગરોળીની આભડછેટ અને અનિષ્ટ નિવારવા સારૂ કોઇ જોશી મહારાજને પુછી શાસ્ત્રવિધિથી બ્રહ્મભોજન અને પુન્ય દાન કરીશું એટલે સઘળાં વિઘ્નનો નાશ થશે. માટે ધીર ધરીને રહેવું અને ઉગારનાર ત્રિલોકનો નાથ સમર્થ છે."

એવું મનમાં લાવીને પતિ મરણ પામ્યા બાદ ભવિષ્યના વૈધવ્ય દુઃખની અનેક કુકલ્પના તેના મનમાં આવવા લાગી, અને છેલે એવી દુઃખદાયક સ્થિતિમાંજ તે નિદ્રાવશ થઇ ગઇ. તેજ રાત્રે "ત્રણ વિધવાઓ કાળોકકળાટ ને રડાપીટ કરતી તેની પાસે આવી અને તેનો ખોળો રાખથી ભરી કહાડયો," એવું તેને સ્વપ્નું પડતાંજ તે ડચકીને જાગી ઉઠી ને અપાર

શોક કરવા લાગી. ધડુસ ધડુસ છાતી કુટી કપાળમાં ધડોધડ ટપલા મારવા લાગી અને કાંડુ તથા પોંચો કરડી મ્હોંડામાં ધુળ ફાકી. ડોકું ભોંયપર પછાડયું અને મનમાં અતિ દુખી થઇને હાથપગ તરફડવા મંડી. તેણે પોતાના તમામ અલંકારો ત્રોડીવછોડીને ફેંકી દીધા અને અતિ મ્લાન વદન કરી તે શામલાલ તરફ ટગર ટગર જોવા લાગી. એક પછી એક અપશુકન થવાથી તે બાપડી ધૈર્ય તજીને કમરમાંથી લચી પડી. તેના હાથપગના ચૈતન્યનો એકાએક નાશ થયો. તેનું હૃદય ફાટીને કાળજું તુટવા લાગ્યું અને સર્વાંગે કંપાયમાન થઇને રોમાંચ ખડાં થયાં. નેત્રમાંથી એક સરખો અશ્રૂપાત થવા લાગ્યો; હૃદય ભરાઇ આવ્યું–ઉર ધડકવા મંડયું, કંઠ રુંધાઇ ગયો અને તેને સર્વ દિશા સુન્ય ભાસવા લાગી. આવી અવસ્થા થવાથી પોતાનો પતિ જલદીથી મરણ પામશે એવી તેની પકી ખાતરી થઇ ચુકી. આ અનિવાર સંકટમાંથી છુટવાનો તેને એક ઇલાજ સુજ્યો નહી. છેલે પોતાનોજ પ્રાણઘાત કરી લેવો એવું મનમાં લાવી બીજા વિચારો તરફ મન નહી લગાડતાં, ઉંઘાયલા શામલાલથી ગુપ્ત રીતે તેણે પોતાના ચંદ્રહારમાંથી એક હીરાકણી કાઢી અને તે ગળી જઇ સ્વસ્થપણે પતિની સોડમાં મુંગે મ્હોંડે સુઇ રહી.

અરૂણોદયનો સમય થતાં શામલાલ જાગૃત થઇ પ્રેમથી પોતાની પત્નિને આલિંગન દેવા લાગ્યો, તો તે લાકડા સરખી જડ ને બરફ સરખી થંડીગાર માલુમ પડી. તુરત ગભરાઈને તેને હલાવવા તથા હાકો–બુમો મારવા લાગ્યો, પરંતુ તે મુડદાલ સ્ત્રી શી રીતે જવાબ આપી શકે? આખરે શામલાલ ચોંકયો કે તે શંકાશીલ ને વેહેમી સ્ત્રી ભયભિત થઇને નાહક મરણ પામી હશે. પછી દીવો સળગાવી જોવા લાગ્યો તો હાથ પગ પસરી ડોળા મીંટીને પથારી પર લાંબી થઇ પડી છે, તે

નાં અંગપરના કપડાં અવ્યવસ્થિત થયેલાં છે. તેનો અંબોડો શિથળવિથળ થઇને તેમાંના કેસ વિખરાયલા છે, અને જીભ મ્હોંની બહાર લબડતી રહી છે.

એ રીતે તેનું ભયંકર પ્રેત દૃષ્ટિયે પડતાંજ શામલાલ "સત્યાનાશ વળ્યું! હાય હાય! પિતાજી! માતુશ્રી!" એમ પોકારવા લાગ્યો ભયદર્શક કીકીયારી સાંભળી ઘરનાં સર્વ માણસો ગાભરાં થઇને દોડતાં આવ્યાં અને શામલાલની સ્ત્રીનું પ્રેત નજરે પડતાંજ મહા કળાહોળ થઈ રહ્યો. સ્ત્રી બાળકો પુરૂષો મોટેથી ઠીબકાં ભરીને રડવાં લાગ્યાં અને તેઓનું દુઃખદ કલ્પાંત સાંભળી આડોશી પાડોશી તથા રસ્તાના સેંકડો માણસો ત્યાં એકઠાં થયાં થોડીવારે વહુ આમ એકાએક કેમ મરણ પામી તેનો શોધ ચાલ્યો. કોઇએ કહ્યું સર્પદંશ થયો હશે, કોઇએ કહ્યું વિષપ્રયોગ વિના બીજું કંઇજ નથી; એમ નીરનિરાળી કલ્પના નિકળવા લાગી. કોઇ વળી ડોહોડચતુર હતો તે અતિકુવેણ બોલ્યો; "કંઇ કારણથી તેના ધણીએજ જીવ લીધો છે?" એકે કહ્યું— "નહીં રે ભાઇ, એટલો અગ્રેજી શીખેલો હોંશીયાર માણસ બગડ બનીને પીધેલાની પેઠે ઉન્મત થાય એ કેવળ કલ્પનાની વિરૂદ્ધ છે." બીજે કહ્યું,—"અરે એ ભાંગનું કામ નથી પણ બીજુંજ પરાક્રમ જણાય છે! (હળવે) એ "એમ૦ એ૦" અને "બી૦ એ૦" દારૂ પીવાના કામમાં મહા પ્રવિણ હોય છે, સમજ્યાં?ત્રીજે કહ્યું—"હા,ભાઈ હા, ખચીત એ ભાઇ સાહેબે એકાદી બાટલી જોકાવી આ અઘોર કૃત્ય કરયું હશે, અથવા સ્ત્રીને બેહદ પીવરાવાથી તે બાપડી મરણ પામી હશે." આ પ્રમાણે શામલાલના ઘરમાં ઉલ્કાપાત થઇ રહયો છે. એટલામાં પાઘડીમાં મોટું ટીપણું ખોચી ફરડ ફરડ તંબાકુ સુંઘતો એક જોષીરાજ ભીડમાંથી આગળ આવીને કહેવા લાગ્યો, "સર્પદંશ નથી અને વિષપ્રયોગ નથી; ભુત પિશાચનો વળગાડ નથી અને શસ્ત્રઘાત નથી

માટે એ ઉપરાંત શું હોય તે તમેજ વિચારી લ્યો!"

શામલાલનો પિતા દીર્ઘદ્રષ્ટિવાળો ને વિચારવંત હતો. તેણે તમામ લોકોને તુરત ઘેરમાંથી હાંકી કહાડયા અને ત્યારબાદ પોતાના અંગ્રેજ અને દેશી મિત્રોની સલાહ લઇ જુરી ભરી; જુરીમાં હિરાકણી વિનાના હાર પરથી સાબેપ થયું કે તે હિરાકણી ખાઇ મરણ પામી છે અને તેથી પ્રેત દહન કરવાની પરવાનગી મળતાં વાર મુડદાને સ્નાન કરાવ્યું, તેના કપાળમાં કંકુની પિચળ કહાડી; તેના મુખમાં દહીં, તુલશી અને પાનનું બીડું મુકયું અને છેલે તેને કરકટીમાં પધરાવી "રામ બોલો, ભાઇ રામ!" એમ લલકારતા સ્મશાનમાં લઇ ચાલ્યા.

પ્રકરણ ૩ જું.

ખરી સુધારણા.

સુર્યનારાયણનો ઉદય થવાની તૈયારી છે—અર્થાત પ્રભાતકાળ થયો; આકાશ રક્તવર્ણનું બન્યું અને ચારે તરફથી શિતળ વાયુ ફુંકાવા માંડયો; પક્ષીઓ વૃક્ષપર બેશીને મધુર ગાયન કરવા લાગ્યાં અને નાનાપ્રકારનાં વૃક્ષો પ્રફુલ્લિત દીસવાં માંડયાં; રાત્રીએ કમળમાં ગોંધાઇ રહેલા ભ્રમરો બાહાર નિકળ્યા અને મોટેથી ગુંજારવ કરવા લાગ્યા; મધમાંખીઓ પુષ્પમાંના મધુરસને સ્વચ્છંદીપણે લુંટવા માંડી અને આનંદથી પુષ્પપરાગપર બેસીને હીંચવા લાગી; એવા અત્યુત્તમ સમયે આપણો શામલાલ, લવજીને ઘેર દાખલ થયો. હવે લવજી મુંબઇના ગીરગામ લત્તા તરફ આવેલી એક ચાલીમાં રહી આનંદથી દિવસો નિર્ગમન કરે છે. વાંચનાર! વિસ્મય થશો નહીં. શામલાલની વહુગી ને ભોળી ભાગની મૃત્યુ પામ્યાને આસારે બે અઢી વર્ષ વિતી ગયાં છે અને શામલાલ ચાલતી સાલમાં "એલ૦ એલ૦ બી"ના પરિ-

ક્ષામાં પાસ થયો છે. લવજીના ઘરમાં દાખલ થતાં વાર તેણે જુ-ની આંખોએ નવો તમાસો નિહાળ્યો ! જે જમનાભાભી આજથી અઢી વર્ષપર લુહાર ચાલના પોતાના ઘરમાં નિર્ધનાવસ્થાના સંતાપથી ઝુરી મરતી હતી, જે પોતાના પતિ લવજીને મેણાં ટોણાં મારી અનેક પ્રકારે પજવવામાં મણા રાખતી નહોતી, જે છોકરાં છૈયાંની બિલકુલ દરકાર રાખતી નહોતી અને ઘર સંસારના વ્યવહારથી જે કેવળ અજ્ઞાન દીસતી હતી, તેજ જમનાભાભી અત્યારે વિવિધ વસ્ત્રો અને નાનાપ્રકારનાં અલંકારોથી શોભી રહી છે, પતિની આજ્ઞા જડપથી ઝડપી લઇ તેની આનંદથી સેવા કરે છે, પોતે બાલકોને સ્વચ્છ રાખી રૂડું શિક્ષણ આપે છે અને ઘરનો કારભાર વ્યવસ્થાથી ચલાવી સદા સંતોષમાં રહે છે. શામલાલ લવજીના ઘરમાં દાખલ થયો કે તુરત તેને અપૂર્વ આનંદ ઉપજ્યો અને તેના મનનું કેવળ સમાધાન થયું. લવજી જો કે સાત રૂપિઆની ભાડાની ઓરડીમાં રહેતો હતો—આગળની પેઠે રહેવાને સ્વતંત્ર ઘર નહોતું તથાપિ તેમાં સામાન વગરે એવો તો ઉત્તમ રીતે ગોઠવેલો હતો કે આખી ઓરડી સ્વચ્છ, ચકચકિત આરસા સરખી જણાતી હતી. આ વખતે લવજી મુખમાર્જન કરતો હતો અને તેની સ્ત્રી કીકાને નવરાવી કપડાં પહેરાવતી હતી. શામલાલ જેવો દાખલ થયો કે તુરત ભાઇ ભોજાઇએ તેને સન્માન સૂચક શબ્દોથી આવકાર આપ્યો. શામલાલ, જમનાભાભી તરફ જોઇને કિંચિત હસ્યો; “ ઇશ્વરની કેવી અકળ ગતિ છે. રાયને રંક ને રંકને રાજા બનાવતાં કાંવા હરકોઇ માણસને પાંચ દહાડા દુઃખના તો પાંચ દહાડા સુખના આપતાં એ મહાન પિતાને વખત લાગતો નથી, આજથી ત્રીજા વર્ષપર હું જ્યારે તમારે ઘેર આવ્યો ત્યારના અને આજના તમારાં વર્તન અને વર્તનમાં જમીન અસ્માનનો ફેર જોવામાં આવે છે.” એટલું શામલાલ બોલે છે તે-

વામાં વચ્ચે જમના બોલી ઉઠી,–" દિયરજી! એ તમામ તમારો પ્રતાપ છે, તમારી શિખામણ અમોને ફળીભુત થઇ છે. તમારો ઉપકાર કદી વિસરી જવાય તેવો નથી. ખરેખર પરારના વર્ષમાં અમે બહુ દુઃખી હતાં પરંતુ હવે "દુઃખને અંતે સુખ" એવું તમારૂં બોલવું સાચું થયું છે." એટલું બોલીને તે રસોડામાં કંઇ ખડભડાટ થવાથી તે તરફ દેડી ગઈ અને શામલાલ, લવજી સાથે વાતચિત્ત કરવામાં ગુંથાયો. "પણ તમે ભરૂચ શા માટે જવાના છો?" "શુકલતિર્થની યાત્રા છે તેથી તે નિહાળવા સારૂ મારા એક મિત્રે મને બોલાવ્યો છે. ત્યાં એક બે દહાડા રહી પછીથી અમદાવાદ જઈશ." એમ તેઓ બંને પરસ્પર વાતો કરે છે તેવામાં લવજીની સ્ત્રીએ લવજીને તથા શામલાલને સ્નાન કરવા માટે હાક મારી. સ્નાન કરીને લવજી શાકભાજી લેવા બાહાર ગયો. અને પછી દિયર ભોજાય સંસારની નાનાપ્રકારની વાતો કરીને વિનોદ મેળવવાં લાગ્યાં. શામલાલે કહ્યું,–"જમના ભાભી, હું તારૂં વર્ત્તન નિહાળીને મનમાં ને મનમાં હરખાઉં છું. બાળકોનું કેવી રીતે લાલનપાલન કરવું, ઘરસંસાર કેવી વ્યવસ્થાથી ચલાવવો, સુખ દુઃખ એ શું છે અને તે કેવી રીતે ભોગવવું, વગેરે કોઈ પણ બાબતમાં હવે તને કહેવું પડે તેવું રહ્યુંજ નથી. ઘર સ્ત્રીનું કહેવાય છે. ઘરને આનંદભુવન બનાવવું કે સ્મશાનની માફક આર્યરહિત બનાવવું એ સ્ત્રીના હાથમાં છે. સંગ્રહ કરી રાખેલો પૈસો ભવિષ્યમાં ઘણો વિકટ પ્રસંગે ઉપયોગી થઇ પડે છે, અને હવે તું તે સારી રીતે સમજવા લાગી છે; અર્થાત પૈસાની ખરી કિમ્મત હવે તારા જાણવામાં આવી છે. થોડામાં ઘણું માનીને અને થોડામાં ઘણું કરી બતાવીને તું હવે એવી તો ચતુરાઇથી ઘરસંસાર ચલાવવા લાગી છે કે હવે કદીજ માઠો વખત ભોગવવાના દિવસોજ આવશે નહીં." જમનાભાભી બોલી,–"દિયરજી, નાની ઉ-

મરમાં પણ તમે શાહાણપણના સમુદ્ર સરખા છો. હવે ભલા થઇને આગલું પાછલું પીંજણ કહાડતા નહીં! મારી રીતભાતથી તમોને સંતોષ ઉપજ્યો તેથી મારા આનંદનો પાર રહ્યો નથી. લાંબા વખતના અનુભવથી મારી ખાત્રી થઇ છે કે સલુકાઇ દીર્ઘદષ્ટિ, અને મર્યાદાથી જો કોઇ સ્ત્રી ઘરસંસાર ચલાવે તો તેને ઇંદ્રભુવનનું સુખ મળ્યા વિના રહેતું નથી. અમે તો ઘર-સંસારના અનેક સુખદુઃખો અનુભવ્યા અને રંગે રળિયાતે આ મોહક સંસારનો લહાવો લીધો પણ અરે એ સઘળું નિહાળવાનો તમોને અદ્યાપિ વખતજ આવ્યો નથી. રડયા લોકો તમોને દુપણ આપે છે પણ હું તેમાંનું કશું માનતી નથી. દિયરજી સાચું કહોને તેનું એમ એકાએક મૃત્યુ નિપજવાનું શું કારણ હશે?" શામલાલે જવાબ વાળ્યો,—"લોકો છોને બાપડા ગમે તેમ બોલતા તેનો કાંઇ આપણાથી અટકાવ કરી શકાશે? મારી સ્ત્રી કેવળ ભોળી ને ચિતભ્રમ સરખી હતી એ કાંઇ તારાથી અજાણ્યું નથી. દિવસમાં સતરવાર ઢોંગી જોષીઓ પાસે જોષ જોવરાવા બાધાઆખડી રાખવી અને એમ કરતાં મન કામના પુર્ણ ન થઇ તો પછી વેહેમમાં ને વેહેમમાં વલખી મરવું એ તેનો જાતિસ્વભાવ હતો. હું જયારે ઘેર ગયો ત્યારે તેને કોઇ જોશીએ "આજથી એક મહિનાની અંદર તારો પતિ અહીં આવી, તે હડકાયાં કુત-રાના કરડવાથી મરણ પામશે" એમ કહેલું હશે તે તેણે રાત્રીએ મને કહી સંભળાવ્યું અને દુઃખી થવા લાગી. "કાગનું બેસવું ને તાડનું પડવું." એ કહેવત પ્રમાણે હું બરોબર જોશીની કહેલી મુદતેજ ઘેર ગયેલો તેથી તેના મનમાં વધારે ભય ઉત્પન્ન થયો અને ભવિષ્યમાં વૈધવ્યદુઃખ સહન કરવા કરતાં આગળથીજ આપઘાત કરી લેવો એ વધારે સારૂં છે એવા કુતર્કથી તે ક-મોતે મરણ પામી, તેમાં મારો દોષ શો? સ્ત્રીઓની અજ્ઞાન દશાથી આપણો દેશ અધમ સ્થિતિએ આવી પહોંચ્યો છે. ઢોંગી અને

પાખંડી ભિક્ષુકોને વેહેમી સ્ત્રીઓથી ઉલટું ઉત્તેજન મળે છે અને તેથી જ્યાં ત્યાં આજકાલ અનિષ્ટ પરિણામો નિપજે છે."

"ખરૂં ભાઈ" જમનાભાભી વચ્ચે બોલી ઉઠી, "મને એ બાબતનો હજી થોડા દહાડાપર અનુભવ મળ્યો છે. અમારી જોડની ઓરડીમાં વેલજી કરીને દશાશ્રીમાળી વાણીઓ રહે છે. ત્યાં બે મહિના ઉપર એક જોશી આવીને તેની સ્ત્રીને કહેવા લાગ્યો કે,—" તમારા ધણીને લોઢાને પાયે પનોતી બેઠી છે. માટે બ્રહ્મભોજન કરાવી દક્ષિણામાં એક સુવર્ણની ગાય આપો, નહીંતર એકમહિનાની અંદર તમારૂં તમામ ધુળધાણી થઈ જશે. તમારા ધણીની ચાકરી જશે, ઘરમાં કંકાસ થશે અને અના સંતને વૈર થશે." વેલજીની વહુ ઘણી વહેમી હતી. તે પોતાના હાથની સોનાની બાંગડી જોશીને આપવા લાગી આ વખતે હું તેની પાસે હોવાથી તેને મેં તેમ કરતી અટકાવી અને જોશી ગયા પછી મેં તેણીના મનનું ઘણાઘણા પ્રકારે સમાધાન કર્યું જોશીએ કહેલા એક મહિનાની અવધી તો કયારનીએ પુરી થઈ પરંતુ એ જ વેલજીની ચાકરી નહીં જતાં ઉલટો તેના પગારમાં વધારો થયો અને તે આનંદમાં કલ્લોલ કરે છે. રડયા જોશીઓ ગપાટિક ગોળાઓ મરજીમાં આવે તેમ ફેંકીને ભોળાલોકોને ભરમાવી ધુતી ખાય છે અને કદાચ દૈવયોગે તેનું કહેવું ખરૂં પડે તો કેટલાક લોકો તેના પ્રત્યે આશ્ચર્યથી આસ્થાની નજરે જુએ છે. કેટલાક તે જોષીની ભવિષ્યભાખના સાંભળીનેજ ભયથી કાંપવા માંડે છે અને કાયર થઇ કામધંધો તજી દેઇને અંતે પોતે પોતાને હાથે જોષીની વાણીને ખરી પાડે છે. માટે હું કબુલ કરૂં છું કે તમારી સ્ત્રી ભયથીજ મરણ પામી હશે. "શાબાશ જમનાભાભી શાબાશ! તમારા વિચારો બીજી સ્ત્રીઓની પેઠે ભ્રાંતિ ભરેલા નથી તેથી મારા ભત્રિજાઓ ભવિષ્યમાં ઘણા સારા નિવડશે. આપણી નાતમાં તો શું પણ આખા આપણા દેશમાં તારા

જેવી ડાહી સ્ત્રીઓની ઘણી ખોટ છે. હાલ જો કે સ્ત્રીકેળવણીના ફાયદાઓ લોકો સમજવા લાગ્યા છે અને સ્ત્રી શિક્ષણ શરૂ થયું છે તથાપિ તેનો ઘટતો લાભ થવાને હજુ ઘણો વખત જોઇએ." શામલાલ અને જમનાભાભી એવી રીતે વાતચિત કરે છે એટલામાં લવજી શાક ભાજી લઇને ઘરમાં દાખલ થયો ત્યાર બાદ શામલાલ અમદાવાદ પોતાની સાથે લઇ જવાના સામાનસુમાનની વ્યવસ્થા કરવામાં રોકાયો. રસોઇ તૈયાર થતાંજ બંને ભાઇઓ સાથે જમવા બેઠા અને જમી રહ્યા બાદ લવજીએ જે કંઈ અમદાવાદ લઇ જવાની વસ્તુઓ સ્વાધિન કરી તે લઇ શામલાલે ભાઇ ભોજાઇની રજા માગી. "હું મારા મિત્રને મળવા માટે ભાયખલે જાઉં છું અને સાંજરે ત્યાંથી પરભારોજ ભરૂચ જઇશ." "વારૂ; બાળગોપાળને બોલાવશો અને સર્વને અમારા ધટીત કહેશો" એવો પ્રત્યુત્તર મળતાંવાર લવજીના ઘરમાંથી શામલાલ ચાલી નિકળ્યો.

ભાયખાળાપર પોતાના મિત્રને ત્યાં બાકીનો વખત ગુજારી રાત્રીએ ગ્રાંટરોડના સ્ટેશનપર આવી મેલટ્રેનમાં બેસીને શામલાલ ભરૂચ જઇ પહોંચ્યો. પોતાના મિત્રનું ઘર તેણે જોયેલું નહીં હતું તેથી સ્ટેશનપર ભાડયા ગાડી કરી પુછતો પુછતો તેને ઘેર ગયો. ત્યાં જુએ છે તો ઘરમાં માત્ર તેના મિત્રના પિતા શિવાય બીજું કોઇજ નહોતું. તેના પિતા ખંભાયત સ્વસ્થાનના મુખ્યદિવાન હોઇ હાલ રજાપર આવ્યા હતા. તેઓએ જણાવ્યું કે તમારી રાહ જોઇ પરમ દહાડે શુકલતીર્થની યાત્રાએ મણિલાલ તથા અમારા કુટુંબનાં સઘળાં માણસો ગયેલાં છે. તેઓ આજે કીંવા આવતી કાલે પાછા આવશે તથાપિ તમારે ખાસ યાત્રાનિમિત્તે અહીં સુધી ફેરો પડયો છે, તો હું તમોને વાહનનો બંદોબસ્ત કરી આપું છું માટે તમે શુકલતિર્થ જાઓ ત્યાં તમોને મણિલાલ મળશે. શામલાલે તેમનું કહેવું માન્ય રા-

ખ્યું, તેથી સવારમાં મણિલાલના પિતાએ ગામમાંથી એક ભાડાનું ટટ્ટુ મંગાવી તેને શુક્લતિર્થ તરફ રવાને કર્યો.

પ્રકરણ ૪ થું.

ઉત્પન્ન થયેલી અપૂર્વવૃત્તિ.

બરોબર નવ વાગ્યાને સમયે ભરૂચ અને શુક્લતિર્થના અંતરની અધવચ કોઇ એક ભાડુતી ગાડીનું ચાક અકસ્માત ઉતરી પડવાથી તે નિરર્થક થઈ પડી. ગાડીમાં ત્રણ સ્ત્રીઓ અને એક ગાડીવાન શિવાય બીજું કોઇજ પુરૂષ આદમી ત્યાં હાજર નહોતું. તેથી ગાડીને ચાલતી કરવા સારૂ કોઇ બીજા માણુસની મદદ લેવા માટે વટેમાર્ગુની તેઓ સઘળાં રાહ જોતાં હતાં. એટલામાં આપણો શામલાલ ત્યાં જઇ પોહોંચ્યો. ગાડીવાને તેને મદદ કરવાની આજીજી કરવાથી શામલાલે પોતાના ઘોડાવાળાને ગાડીના પૈડાને ટેકો આપવાને ફરમાવ્યું અને પોતે ઘોડો ઘોભાવીને એક બાજુપર ઉભો રહ્યો. ક્ષણવાર થઈ નહી તેવામાં પેલી ત્રણ સ્ત્રીઓ–જે ગાડીમાંથી ઉતરીને એક વૃક્ષ નીચે બેઠી હતી તે પૈકી એક અતિ લાવણ્યવતિ લગ્ન યોગ્ય પ્રૌઢા, તેર વર્ષની મનોહર તરૂણી તેની દૃષ્ટિયે પડી તેનું દીવ્ય સુંદર સ્વરૂપ નિહાળી શામલાલના હૃદયમાં કંઈ વિલક્ષણ ભાવ ઉત્પન્ન થયો. હૃદય પ્રેમમયી બની રહ્યું અને ધારી-ધારીને નિહાળવાના શ્રમથી તેની અધીરી આંખોએ ઝળઝળીયાં આવી પ્રેમાંશ્રુઓ ટપકવા લાગ્યાં. રમણીરત્નની કેતકી સરખા ગોરા રંગની દીવ્ય શરીર કાંતિ, તેનું ચંદ્ર સરખું ગોળ હાસ્ય વદન, તેની પાણીદાર મનહરણ ચક્ષુઓ, તેનું વિશાળ કપાળ અને ચંપાની કળી સરખું સરળ નાક, પાકેલા ટીંડોરાં જેવાં તેના લાલ ચટકદાર હોઠ અને મોતીના દાણા જેવી તેની

દંતપંકિત નિહાળી શામલાલ કેવળ હર્ષઘેલો ને ચિતભ્રમ જેવો થઇ રહયો. હું ઘોડાપર બેઠોછું કે જમીનપર ઉભોછું તેનું પણ તેને કશું ભાન રહ્યું નહીં. તે બોલ્યો; "અહો ચંદ્રમુખી! તેં જે મારૂં સર્વસ્વ હરણ કરેલું છે તેહું મોટી ખુશીથી તને સમર્પણ કરૂંછું. પણ વિપરિત એજ છે કે હું તારૂં મન હરણ કરી શકયો નથી."

શામલાલના સ્વરૂપમાં પણ કંઇ મણા નહોતી. તેના ઉપલા હોઠના પેઢાપર મ્હોર હજી નવિનજ ફુટતી આવી હતી. તેનું શરીર પુષ્ટ અને તેનો ચેહરો મનોહર તથા વદન હાસ્યયુકત હતું તેની હડપચીપરના બારીક વાળથી તેનું તેજસ્વી મુખડું અપૂર્વ શોભામાં છવાઇ રહ્યું હતું, શામલાલ જેવો દષ્ટિગોચર થયો કે તુરતજ તે સુંદરીના હૃદયમાં પણ ચમત્કારિક લાગણી પ્રગટ થઇ અને તે આકાશ તરફ જોઇને પોતાની જોડની બીજી સ્ત્રીને કહેવા લાગી.—"જોને બાઇ, વદાળમાં ઘેરાયલા સૂર્યનો એકાએક-પુર્ણોદય થયો!"

એટલા વખતમાં ગાડી દુરસ્ત થઇ. ત્રણે બાઇઓને ગાડીવાને હાક મારીને ગાડીમાં બેસવાને કહ્યું. પેલી સુંદરીએ શામલાલ તરફ નિહાળી પોતે જાણે પોતાનું હૃદય તેને સમર્પણ કરતી હોય તેવો ભાવ નેત્ર કટાક્ષથી જણાવ્યો અને ત્યારબાદ તે બીજી બાઇઓની સાથે ગાડીમાં જઇ બેઠી. ગાડી ભરૂચ તરફ રવાને થઇ, શામલાલ ગાડી અદ્દશ્ય થઇ ત્યાં સુધી તે તરફ એક સરખી મીટ માંડીને જોતો જોતો તટસ્ત ઉભો રહયો અને પછી મોટેથી નિશ્વાસ નાંખીને મનમાં બોલ્યો,—"ત્યારે શું હૃદયે પોતાની કરી લીધેલી રમણિ અન્યને વરી ચુકી હશે? લાગે છે તો લગ્ન યોગ્ય, પણ એમ કેમ હોય? તે કુંવારિકાજ જણાય છે; કારણ તેણે અને તેના નિર્મળ નેત્ર કટાક્ષથી જણાવ્યું કે આ સ્થુળ દેહ તમોને સમર્પણ કરૂંછું. બીજાને વરી ચુકેલી સ્ત્રી

કદાપિ એવી હિંમત કરી શકેજ નહીં—કદી તેનામાં અપૂર્વવૃત્તિ ઉત્પન્ન થાયજ નહીં. હાલતો અસહ્ય વિરહ દુઃખ મારે માટે નિર્માણ થએલું છે, પણ કેમ નહીં કહી શકાય કે તે મારા ભવિષ્યના સુખનું ઊત્પાદક છે.? હું ભરૂચમાં પાછો આવીને તારો શોધ કરીશ!" એટલું મનમાં બોલછે તેવામાં ઘોડાવાળાએ કહ્યું "શેઠ ઉભા શું રહ્યા છો—અસુર થાયછે. ચાલો—ચલાવો ઘોડો !" "તું ભાઈ શીદ ત્રાસ આપે છે ? લાવ, લાકડી લાવ." લાકડી લઈ ઘોડાને હાંકવા લાગ્યો અને વળી જરા આગળ જઇ પાછો મનમાં કંઇ બબડીને બોલ્યો,—"અરે હવે કાં એકાએક સુર્યનો તાપ સખત રીતે શરીરને ઇજા કરેછે? તેનું કારણ એટલુંજ કે ઘડી પેહેલાં ચંદ્રમુખીનાં શિતળ કીરણો મારાપર છવાઈ રેહેવાથી સુર્યનો ઉષ્ણ તાપ મને ઇજા કરવાને અસમર્થ થઇ પડયો હતો; પણ જીવ ! પરમેશ્વરની કેવી અકળ ગતિ છે!! પોતાના પતિ સૂર્યને એક બાજુએ જતો જાણી જેમ તારાંગના સંશયાત્મક અને સલજ્જ બનીને હળુજ ડેકીયું કરીને જુએ છે તેમ તે તરૂણીએ મને છેલે કામનું તિર મારી મારા હૃદયને છિન્ન ભિન્ન કરી નાંખ્યું છે તથાપિ તેના પ્રત્યે મને અભાવ તો મુદલજ નથી !"

એવી રીતે શુકલતીર્થ પહોંચતાં સુધી શામલાલ એજ વિચારોમાં ઘોળાયા કર્યો. તે સુંદરીની કલ્પિત પણ મનોહર મુર્તી પ્રત્યક્ષ તેની ચક્ષુ સામે ઉભી રહી તેને વ્યાકુળ બનાવતી હતી અને તેથી શુકલતિર્થમાં જઇ પહોંચ્યા છતાં તેનું તેને કંઇ ભાન રહ્યું નહીં ચાકરે તેને ઘોડેથી ઉતરવાનુ કહ્યું અને તે નિચે ઉતરેછે તેવામાં તેનો મિત્ર મણીલાલ સામેથી આવીને તેને મળ્યો; "ભાઇ તમારી પરમ દહાડે ઘણી રાહ જોઇ પર તુ તમે આવ્યા નહી તેથી નિરૂપાયે અમો અહીં આવ્યાં, મારાં માતુશ્રી વગેરેને ભરૂચ મોકલાવી દીધાં અને હું તમારે વાસ્તે અહીં રહયો. આ જોડના ઘરમાં આપણો ઉતારો છે ત્યાં જરાવાર બેસી પછીથી

આપણે યાત્રા જોવા જઇએ અને આજનો દહાડો અહીંજ ગુજારી આવતી કાલે પાછા ઘેર જઇશું." મણિલાલનું કહેવું પુરૂં સમજ્યા વિના આપણો પ્રેમઘેલો શામલાલ વચે બોલી ઉઠયો, "અહીંઆં રેહેવાનું પ્રયોજનું શું! ચાલો આપણે પાછા ભરૂચ જઇએ. ભરૂચજ દુઃખદાયક છે ને વળી લ ભકારક કાં નહીં હોય?" "કેમ શામલાલ તમે શુદ્ધિમાં છો કે નહીં? લાભકારક શું ને દુઃખદાયક શું?" મણિલાલના, એવા વચનોથી શામલાલ ચોંકયો અને "ત્યારે હવે આવતી કાલે જઇશું" એટલું બોલીને તે મણિલાલની સાથે ઉતારે ગયો. ત્યાં મણિલાલ મુંબઇના પોતાના બીજા મિત્રોના ખબર અંતર પુછવા લાગો પરંતુ શામલાલનું લક્ષ પેલી સુંદરીમાં હોવાથી વાત કરવામાં પણ તે વારંવાર લથડિયાં ખાતો હતો. મણિલાલે તેને યત્રા નિહાળવા જવાને ઘણો ઘણો વિનવ્યો પરંતુ માથું દુખવાનું બહાનું કહાડવાથી તેઓ ઉતારેજ પડય રહ્યા. બીજે દહ ડે પ્રભ તના તે બંને મિત્રો ભરૂચ આવવાને નિકળ્યા અને બરોબર દસ સ ડદસ વાગતે તેઓ ઘરમાં દાખલ થયા મણિલાલે શામલ લને માળપર એક સ્વતંત્ર ઓરડામાં ઉતારો આપ્યો. મુખમાર્જન અને સ્નાન કરી રહ્યા બાદ મણિલાલ શ મલાલને જમવા સારૂ નિચે રસોડામાં લઇ ગયો. શામલાલને રસોડામાં બાજોઠપર બેસાડી મણિલાલ કંઇ કામ સારૂ બીજા ઓરડામાં ગયો એટલામાં અહીં એક અવર્ણનીય બનાવ બન્યો જે સુંદરીએ શુકલતીર્થ જતાં શામલાલને મોહિત કર્યો હતો તે અહીં એકાએક તેની દૃષ્ટિએ પડી. સલજ્જ દૃષ્ટિમાંજ તેણે અત્યાનંદ દાખવ્યો અને ત્યાર બાદ રસોડાના બારણાની આડે અર્ધગુપ્ત રીતે ઊભી રહી આ વખતે શામલાલના મનની શી સ્થિતિ થઇ હશે તેનો વિચાર વાંચનારેજ કરી લેવો. તે મનમાં બોલ્યો,—"અહાહા! આ શો ચમત્કાર કેવું રમ્યદેહ નિર્માણ કર્યું-વિશ્વકર્મા તને પણ ધન્ય છે!

ગાલપરની ગુલાબી છટા કેવી અલૌકિક છે! પ્રિયે! અર્ધ-ગુપ્ત શા માટે ઉભી રહી છે! એટલી કર થા નહી! મારા બુભુક્ષિત નેત્રને ઔદાર્યવૃત્તિ ધારણ કરી પુર્ણ તૃપ્ત કર! અહા! કમલનયની! તારા વિસ્તીર્ણ કપાળપરથી સ્પષ્ટ જણાય છે કે તારી સદ્‌વિચારશકિત અને તારૂં બુદ્ધિકૌશલ્ય વિલક્ષણ હશે. તારા કર્ણનો ભાગ સપાટ છતાં ઉપરથીં ગોળ દેખાય છે તેપરથી તારામાં ક્રોધ કમી હોઈને તું ખચીત ઘણી પરોપકારી હશે અને વળી તારા સ્નાયુની આકૃતિ ક્યાં ઓછી પ્રસંશાને યોગ્ય છે! અહો ચારૂગાત્રી! તારા પ્રત્યેના મારા શાસ્ત્રીય વિચારો મારા પોતાના અનુભવમાં સત્ય કરી, તું મને કયારે ભાગ્યશાળી બનાવશે? તારા જેવી સુશિક્ષિત સુસ્વરૂપ અને સુશીલ સ્ત્રી મળવી એ કેટલી આનંદદાયક વાત છે!"

મણિલાલ આવીને જોડમાં પાટલાપર બેઠો અને બંનેના ભાણા પૂર્ણ રીતે પીરસાઇ રહ્યા બાદ જમવાનો તેઓએ પ્રારંભ કર્યો; તથાપિ બાપડા શામલાલને અત્યારે વિનયમર્યાદાની બેડી દુઃખરૂપ થઇ પડી. વચમાં વચમાં તે હળુજ રસોડા તરફ જોઇ લેતો અને પાછો નિચું નિહાળી જમતાં જમતાં વિચાર કરતો પોતાના ડાબા ખભાપર હાથ ફેરવી મનમાં બોલ્યો,-"અરે મારૂં ભવિષ્યનું ડાબુ અંગ મણિલાલ સાથે તો કંઈ સંબંધ નહીં ધરાવતું હોય!" વાંચનારાઓ પણ એ સુંદરીની ઓળખાણ કરી લેવાને અધિરા થાય તેમાં નવાઇ નથી. તે મણિલાલની સગી બેહેન અને તેનું નામ કમળાગવરી હતું. કમળાગૌરીનું નાનપણમાં વેશવાળ કરેલું હતું અને ગઇ સાલમાં તેના લગ્ન કરવાનો વિચાર હતો પરંતુ તેવામાં તેનો કુંવારો ધણી એકાએક મૃત્યુ પામ્યો. કમળાગવરીએ ગુજરાતી ભાષાનો ઉત્તમ અભ્યાસ કર્યો છે. તે મહા જ્ઞાની હોવાથી લગ્ન યોગ્ય પ્રૌઢા છતાં જોબન જાળવવામાં શુદ્ધ બ્રહ્મચારિણી છે. સ્વતંત્રતાને પસંદ કર

વાવાળી અને સ્વતંત્ર રીતે વર્ત્તવાવાળી છતાં ધનાર પતિ પાસે વિવેકને ખાતર દાસત્વ બતાવનારી છે. વચનામૃતના માધુર્યથી મોહ પમાડનારી, પ્રેમમાંજ પ્રાણ પાથનારી–અતિ પ્રેમી છતાં પતિવ્રત ધર્માનુસારિણી અને પતિના વિકટ પ્રસંગે ધૈર્યધારિણી ને સહાયકારિણી છે. તેનું દીવ્ય સ્વરૂપ ચંદ્રની ગેરહાજરી વિસરાવી મુકે તેવું અલૌકિક અને મનોહર છે. પ્રેમી પુરૂષ ગમે તેવો, શત્રુનો કઠોર શબ્દપ્રહાર સહન કરી શકે તેવો ધૈર્યધારી હોય પરંતુ જેને એકવાર નિહાળવાથી નિર્બળ મદન સહન કરવાને તે કેવળ અશક્ત થઇ પડે એવી આ કમલાગવરી સુંદરતામાં ચઢીયાતી અને શાક્ષાત રતિરૂપ રંભા છે. તેને પોતાની કરી લેવાને કીંવા તેની સાથે સંભાષણ થવાની લઘુતાથી બાપડો શામલાલ જેમ જેમ નિશ્વાસ નાખતો હતો તેમ તેમ મદનાગ્નિની ઝાળ તેને અત્યારે અતિ પિડ઼ાકારક થઈ પડતી હતી.

શામલાલ અને મણિલાલ થોડી વારમાં જમીને ઉપર ગયા. બંને મિત્રોએ અહીંતહીંની વાતચિત કરવામાં કેટલેએક વખત ગુમાવ્યા બાદ મણિલાલ ત્યાંજ રૂંધાઇ ગયો; અને શામલાલની તો નજર સામે પ્રિયાંગનાની કલ્પિત મુર્તિ ખેળવા લાગીં; ઘરમાં કમળાગવરીની પણ તેજ અવસ્થા થઇ. મણિલાલની સ્ત્રી કમળાગવરીના જેવીજ ન્યાયવાળી, મહા ગંભીર અને સ્વરૂપા હોવાથી બંનેને પરસ્પર અથાગ પ્રીતિ હતી. તે તુરત નણદના મનનો ભાવ સમજી ગઇ. તેણે પોતેજ પ્રથમ વાત છેડીને અધીરાં નહીં થવા કમળાને કેટલોક ઉપદેશ આપ્યો અને રાત્રીએ એકાંતમાં પોતાના સ્વામિને સર્વે હકીકત નિવેદન કરી. મણિલાલને તો "ભાવતું હતું ને વૈદે કહ્યું" એ પ્રમાણે થયું ! કારણ શામલાલ નાનપણથી તેનો મિત્ર હતો અને તેના વિષે તેના બીજા મિત્રો કરતાં તેનો વધારે પુજ્યભાવ હતો. બીજે દહાડે પ્રભાતમાં શામલાલ પાસે આવીને વિનોદમાં મણિલાલે

કહ્યું,–"સુમિત્ર–'મનના તરંગ ગુમ બની, મન મધે સમા જાય; સાગર લ્હેરો લક્ષ થઇ, સાગરમાંહ્ય સમાય, એ પ્રકાર હવે તારે માટે રહયો નથી; શુકલતિર્થની યાત્રામાં લક્ષ નહીં લાગ્યું તો કશી ચિંતા નહીં. તારો મનોદય પુર્ણ રીતે પાર પડે એમ હું ઇચ્છુછું. કમળા મારી સગી બહેન થાય;" તેનું આવું બોલવું સાંભળીને સાનંદાશ્ચર્ય સાથે શામલાલ શરમીંદગો બની ગયો અને ત્યાર પછી આડી અવળી કંઇ બીજી વાતો કહાડીને એ વાતને તેણે વિસારે પાડી.

બીજે દહાડે પ્રભાતમાં શામલાલ અમદાવાદ જવાને રજા માગવા લાગ્યો પરંતુ મણિલાલને પોતાનાં મામાના છોકરાના લગનમાં જવાનું હોવાથી તે દહાડે તેણે તેને રોકી રાખ્યો. બીજે દહાડે બંને મિત્રો સ્ટેશનપર જવા નિકળ્યા. જતી વખતે કમળાગવરી અને શામલાલનો માત્ર દૃષ્ટિમેલાપ થયો પણ તે તેઓ બંનેને એટલો તો પિડાકારક હતો કે ભવિષ્યમાં થનાર વિરહના શોકથી કમળાગવરી જેટલાં આંસુડાં પાડતી તેટલાંજ તે તેનાં દુઃખસમુદ્રની ભરતીમાં વધારો કરતાં હતાં. અને શામલાલ વિરહવ્યથાથી જેટલો વ્યાકુળ થયો તેટલોજ તેને મંજારાનો ભયંકર રોગ લાગુ પડયો કારણ તેઓના ચિતાકર્ષક પ્રેમનું બંધારણજ કંઈ અપૂર્વ હતું.

સ્ટેશન ઉપર ગયા પછી શામલાલનો વિચાર વડોદરે જઇ પછીથી અમદાવાદ જવાનો ઠર્યો, તેથી તેઓ બંનેએ વડોદરાની ટીકેટ કઢાવી. ટ્રેન આવતાં વાર બંને મિત્રો ગાડીમાં બેસવા જાય છે એટલામાં સુરતથી આવેલા તેઓના એક મોહનલાલ નામના મિત્રે હાક મારીને પોતાના ડબામાં તેઓને બોલાવી લીધા. મોહનલાલે પણ શામલાલની સાથે રહીને મુંબઇમાં અભ્યાસ કરયો હતો અને ચાલતી સાલમાં "એલ. એલ. બી." થયો હતો. પુછવાથી જણાયું કે તે વડોદરે પોતાની સ્ત્રીને

તેડવા માટે જાય છે. ટ્રેન વડોદરે જઈ પ'હોંચી અને ત્રણે મિત્રો સ્ટેશનપરથી એક ભાડુતી ગાડી કરી શેહેરમાં ચાલી નિકળ્યા. શામલાલ ને મણિલાલ પોતાના મામાના છોકરાની જાનમાં મેમાન તરીકે પોતાની સાથે લઇ ગયો અને મોહનલાલ બીજે દહાડે મળવાનું વચન આપી પરભારો પોતાને સાસરે ગયો.

પ્રકરણ ૫ મું.

નિંદ્ય વ્યભિચાર.

સુમારે સાડાદસ વાગવાનો સમય થયો છે; આકાશમાંના તારાઓ અસ્ત થતાં નજરે પડે છે અને જ્યાં ત્યાં સામસુમસુનકાર થઇ રહ્યું છે, શેહેરમાં કોઇ કોઇ જગોએ દીવાઓ ચમકે છે અને માણસોનો અવાજ પણ કવચિત સાંભળવવામાં આવે છે; એવા સમયમાં શામલાલ અને મણિલાલ કોઠી તરફના રસ્તાપરથી વાતો કરતા કરતા શેહેરના દરવાજામાં દાખલ થયા. મણિલાલ બોલ્યો,—"આજનું નાટક લોકો બહુ વખાણે છે અને તે હોંશથી જોવા ગયા તો ટીકટજ મળી નહીં ! અહીં પણ મુંબઇની પેઠે શોખીલા લોકો કંઇ થોડા માલુમ પડતા નથી !" "બળ્યો એ શોખ ! એથી શું કલ્યાણ થયું ? દેશની દુર્દશામાં હજી કંઇ બાકી રહી હશે તો તે નિર્માલ્ય નાટકોથી પુરી થશે ! ખરૂં કહું તો નાટકચેટક નિહાળવા તરફ મને ઘણો તિરસ્કાર છે પરંતુ તારા અત્યાગ્રહથી નિરૂપાયે આજે આવવું પડ્યું." શામલાલ જવાબ આપે છે તેવામાં મણિલાલ વચ્ચે બોલી ઉઠયો, "બાઇ, નાટકના સંબંધમાં તારા વિચારો ભુલ ભરેલા છે. હું તો સમજુંછું કે નાટક-સુધારણાનું રૂડુ ચિત્ર છે અને તે વાંચી જવા કરતાં નજરે નિહાળવાથી માણસના મનપર ઘણી સરસ અસર કરી શકે છે." શામલાલે હસીને કહ્યું,—"તારૂં કહેવું હું માન્ય રાખું છું, તથાપિ એટલું તો અવસ્ય કબુલ કરવું

જોઇયે કે નાટકપાત્રો જો પોતે સદાચારી હોય તોજ તમાસગીરો પર સારી અસર કરી શકે. આજની ઘણીખરી નાટક મંડળીઓ દારૂડીઆ, ઉદ્ધત અને દુરાચારી તરૂણોથી ઉભી થયેલી જોવામાં આવે છે અને તેથી સુધારણા થવાને બદલે ઉલટો બિગાડો થતો ચાલ્યો છે. નાટકશાળામાં વેશ ભજવી બતાવતી વખતે તેઓનું આચરણ કંઇ વિલક્ષણ પ્રકારનુંજ દૃષ્ટિયે પડે છે–દારૂની ધુનમાં ચકચુર બનીને મરજીમાં આવે તેમ બકબકાટ કરૂ અને સ્વછંદી રીતે નાચીકુદીને વિનયને માટે વિસ્મય પમાડે તો તેથી જનસમાજને લાભ શો?" એવી રીતે વાતચિત કરતા કરતા તેઓ જેવા સુલતાનપુરાની શેરીમાં પેસે છે, તેવોજ એક અદ્ભુત બનાવ તેઓના જોવામાં આવ્યો. ડાબા હાથપરના એક ઘરમાંથી ગાળોગાળ આલતાં ને લઢતાંવઢતાં એક સ્ત્રી અને એક પુરૂષ બાહાર નિકળ્યાં. આ વખતે શામલાલ અને મણિલાલ રસ્તામાં એક બાજુએ સ્તબ્ધ ઉભા રહી તેઓનો ટંટો એકી નજરે નિહાળવા લાગ્યા. પેલા પુરૂષે એક કાનપર ઢળતી વાંકી પાઘડી માથામાં ઘાલેલી હતી અને અંગમાં જાળીદાર પેરણુ પેહેરેલું હતું. ધોતીઉં રેશમી કોરનું પેહેરેલું છતાં આગળની પાટલી કચ્છો વાળી પાછળ ખેંચીને ખોસી લીધી હતી અને પુણાશાઈ અધુકડા દક્ષિણીઘાટના જોડા પગમાં લટકાવ્યા હતા; હાથમાં નેતરની પાતળી લાકડી અને ખભાપર નાગપુરી દુપટો ઝુલી રહયો હતો; બંને ભ્રમરની વચે કપાળમાં કંકુની ટીલડી કરેલી જણાતી હતી અને કાનમાં અતરનાં પુમડાં ઘાલેલાં હતાં. પેલી સ્ત્રી પણ ગોરી અને અંગમાં દુલદુલિત– મજબુત બાંધાની હતી. તેનું નાક જરા ચપટું અને તેના મ્હોંપર શિળીનાં ચાઠાં હતાં. તેના હાથપગ જાડા અને કમ્મરતો સ્ત્રી જાતને શરમાવનારી –વાસ્તવિક કરતાં પણ ઘણી જાડી હતી; તેનો કંઠ બેઠેલો–ખોખરો અને કર્ણકઠોર હતો. તેણે અંગમાં અમદાવાદી

કાળી ચંદ્રકળા અને લાલ જરીની કોરવાળો કમખો ઘણો તંગ-તતડબંધ રીતે પેહેરેલો હતો; તેના ગળામાં સોનાનો ચંદ્રહાર, કર્ણમાં મોતીના કાંપ હસ્તમાં તસુ પનાની મઢાવેલી ચુડલીઓ અને પગમાં ઘુઘરીયાળાં પોલરાં આદિ અલંકારો પેહેરેલાં હતાં; તેના અંબોડામાં સોનાનું ચગદું અને ફુલની વેણી લટકાવેલી હતી પરંતુ અંબોડાના વાળ વિસ્ખલિત થયેલા હોવાથી તે બહુ બે ડોળ દેખાતી હતી.

એવા તે સ્ત્રી પુરૂષ વઢતાં લડતાં લગભગ જ્યાં શામલાલ અને મણિલાલ ઉભા હતા ત્યાં સુધી ગયાં. સ્ત્રી તે પુરૂષને કહેતી કે,–"પુરા પૈસા આપ્યા વિના રડયા તું કયાં જાય છે?" અને તે પુરૂષ તેને જવાબ આપતો કે "મેં તને જે આપ્યું છે તે પુરતું છે." એમ બોલતાં બોલતાં તે પુરૂષ હવે પોતાના હાથમાંથી છટકી જવાની તૈયારીમાં છે, એવું જ્યારે તે સ્ત્રીના જાણવામાં આવ્યું ત્યારે તેણે તે છોકટાને મજબુત પકડી રાખી મોટેથી; "મારી, ઓ મારી, દોડ–દોડ–આ પીટયો ચાલી નકળ્યો!" એમ બુમ મારી. તેનો અવાજ સાંભળતાંજ પેલા ઘરમાંથી એક બુઢી અને એક બીજો પુરૂષ દોડતાં આવ્યાં એ જોઇ પેલો છોકટો પુરૂષ ભયભિત બનીને પેલી સ્ત્રીના હાથ માંથી નાહારી જવાને મસ્તી કરવા લાગ્યો. પરંતુ તેણે તેને એવો તો મજબુત પકડી રાખ્યો હતો કે તેનો કશો ઇલાજ ચાલ્યોજ નહીં. છેલે ક્રોધ વેશમાં તેણે તે સ્ત્રીને ઢીંકા પાટુના પ્રહારે ધરણી ઉપર જોરથી પછાડી પોતે ત્વરાથી નાહાસી ગયો! સ્ત્રી આડકતરી રીતે જમીનપર પડવાથી તેનો નિચલો હોઠ ચિરાઇ ગયો અને તેનાં તમામ વસ્ત્ર અને શરીર લોહીલોહાણ થઇ રહ્યું. આ વખતે તે બુઢી ઓરત અને પેલો બીજો માણુસ તેના જખમપર લગાડવા માટે તપખીર તથા ચુનો વગેરે પદાર્થ લાવવા સારૂ ધામધુમ કરવા લાગ્યાં પરંતુ તેવામાં એ હોઠ

ટુટેલી-ખાંડી સ્ત્રી હલકે સ્વરે બોલી,-"માસી, તું કંઇ પણ લાવતી નહીં, કારણ એમ કરવાથી આ વાત મારાથી છુપાવી શકાશે નહીં. જો હું આમનેઆમ ઘેર જઇશ તો આ વિઘન એવી તો સરસ યુક્તિથી મારા ધણીપર ઢોળી નાંખીશ કે મારે માટે કોઇને જરાપણ સંશય આવશે નહીં." એટલું બોલીને તે સ્ત્રી ગુપચુપ પોતાના ઘર તરફ ચાલતી થઇ અને પેલી બુઢીએ પણ પેલા પુરૂષ સાથે પોતાના ઘરમાં પ્રવેશ કરી બારણાં બંધ કરી લીધાં.

એવો હૃદયભેદક ચમત્કાર નિહાળી શામલાલની ભુજાઓ ફરકવા લાગી, ક્રોધાવેશથી તેના નેત્ર આરક્ત થયાં અને વિલક્ષણ આવેશથી તેના અંગપરના રોમાંચ ખડાં થયાં. મણિલાલ બોલ્યો,-"કેવી નિચ યાતના! કેવો-ઘોર-મહાપાતકી બનાવ!! આવા વિરૂપ મનનાં માનવીઓ ખચીત ભુમીને ભારરૂપ અને સંસારને વિષરૂપ બનાવનારાં છે!" મણિલાલના બોલવાપર શામલાલનું મુદલ લક્ષ નહોતું. તે તો મહા ઉંડા વિચારમાં ઉતરી પડી અરેરાટના ઉદ્‌ગારો કહાડતો દીગમુઢ સરખો થઈ રહ્યો હતો. "કેમ ભાઈ હવે ઉતારા તરફ ચાલશું કે?" મણિલાલના પુછવાથી શામલાલ ચાલતાં ચાલતાં બોલ્યો,-"અરેરે! આપણા દેશની સાંસારિક સ્થિતિ કેટલી દુઃખદાયક ને શોચનીય છે! સ્ત્રીઓનું અજ્ઞાનપણું જનસમાજને કુડું કલંક લગાડનારૂં તથા સુનીતિ ને સદાચારને શરમાવનારૂં છે, શિયળ સાચવું-પતિવ્રત ધર્મમાંજ પ્રાણ સમર્પણ કરવો એજ સ્ત્રીઓનો રૂડો ધર્મ છે. પરંતુ બિપરિત વાત એજ છે કે તેની મહત્તા અધમ સ્ત્રીઓના જાણવામાં આવતી નથી. તેઓ હાથે કરીને સુખમયી સંસારને હલાહલ દુઃખનો મહાસાગર બનાવી મુકે છે. ક્ષણિક સુખને માટે અરે દુષ્ટ કામવૃત્તિને તૃપ્ત કરવા સારૂ મિથ્યા મોહજાળમાં સપડાઇને અવદશા હોરી લે છે. તન, મન અને સૌં-

દયને પાપીણિયો કલંકિત કરી કુદરતી કાનુનને અળખામણો બનાવે છે," મણિલાલ વચ્ચે બોલી ઉઠયો,-"ભાઇ, પણ વાસ્તવિક જોતાં તેમાં તેનો વિશેષ દોષ કહાડવા જેવું નથી. સ્ત્રીઓને નાનપણથી ઘરસંસારને અનુસરતુ નીતિ ને સદાચારનુ રૂડું શિક્ષણ મળવું જોઇએ. ભરથારજ પોતાનું જીવન અને ભુષણ છે, ભરથારથીજ પોતે જગતની શોભામાં વૃદ્ધિ કરે છે, અને ભરથારથીજ સંસારમાં સ્ત્રીજાતનું મહાત્મ્ય અધિક પ્રકાશી નિકળે છે એવું જ્યાંસુધી સ્ત્રીઓ પોતાના અંતઃકરણથી સમજી શકે નહીં ત્યાંસુધી અનીતિમાં લુબ્ધ થતાં, હું નથી ધારતો કે તેઓને કોઇ પણ પ્રકારનો ભય અટકાવી શકે. મૂળથીજ ગૃહશિક્ષણ નઠોર અને નિંધ હોય-માત્ર કન્યાને ચુલો ફુકતાં શિખવી, વરાવીપરણાવી સાસરે રવાના કરી એટલે જાણે જગ જીત્યા! માતાપિતા ઘરમાં પરસ્પર કજીયોકંકાસ કરવામાં કે અન્યની નકામી નિંધા ને ખાલી કુથલીજ કરવામાં કાળ ક્રમણ કરતાં હોય, તો તેથી કન્યા કેવી નિવડે તેનો આપણે પ્રથમ વિચાર કરવો જોઇએ. બાળાઓને બાળપણથીજ રૂડું-નીતિયુકત ગૃહશિક્ષણ મળવું જોઇયે અને તે આપણામાં યોગ્ય રીતે મળતું નથી તેથીજ આવા સંતાપજનક બનાવો દૃષ્ટિગોચર થાય છે"

"અને હું કાંઇ તેનાથી અજાણ્યો નથી" શામલાલે આગળ બોલવા માંડયું. "આપણામાં આજકાલ જોઇશું તો દુરાચાર ને ભ્રષ્ટાકાર એટલો તો પ્રવૃત થયો છે કે તે જોઇ હરકોઇ સુજ્ઞ માણસને કંપારી છુટયા વિના રહેજ નહીં. આમ થવાનાં એક નહીં પણ અનેક કારણો છે. બાળપણથી બાળકોને નીતિ અને સદાચારનું શિક્ષણ મુદલ મળતું નથી એ હું કબુલ કરૂં છું અને વળી તે સાથે નાત જાતના ગેરવાજબી બંધનો તથા અનીષ્ટ રૂઢીઓએ આપણી સાંસારિક સ્થિતિને મહા દુઃખદાયક બનાવી મુકી છે. બાળલગ્નના બુરા રીવાજથી પુરૂષપત્નિના પર

સ્પર ઉત્પન્ન થયેલા અભાવને લીધે તેઓ દુષ્ટકર્મમાં પ્રવૃત્ત થાય છે અને હું ધારૂં છું કે હમણા આપણી નજરે પડેલો બનાવ આવાજ પ્રકારનો હોવો જોઇએ. વિધવાવિવાહનો પ્રચાર નહી હોવાથી વર્તમાન કાળમાં વ્યભિચારની બહુ વૃદ્ધિ થઇ છે અને તેટલેજ દરજ્જે નીતિની મહતા ઘટી છે. દાંપત્યના સ્વભાવિક ધર્મોથી પણ લોકો વિમુખ થવા લાગ્યાં છે-પુરૂષ બબ્બે સ્ત્રીઓ પરણે છે અને હાથે કરીને નિત્યનો કલેશ હોરી લઈ પોતાના ઘરસંસારને અફાટ-ભયંકર-અરણ્ય સરખો બનાવી મુકે છે."

એવી રીતે પરસ્પર વાતચિત કરતા કરતા તેઓ પોતાના ઉતારાપર જઇ પહોંચ્યા, અને પછી ત્યાં નિદ્રા લેવાના હેતુથી બિછાનાપર આળોટવા લાગ્યા. થોડીવારે મણિલાલ ઉંઘાઇ ગયો, પરંતુ આજના અદ્ભુત બનાવ સંબંધી શામલાલના મનમાં અનેક વિચારો ઘોળાયા કરવાથી તેને બિલકુલ નિદ્રા આવી નહીં છેલે તે પોતાના પાકીટમાંથી એક પુસ્તક કહાડી દીવા પાસે જઈ વાંચવા લાગ્યો. મધાન્હરાત્રી થવા આવી-આશરે દોહોડ વાગ્યો હશે તેવામાં કોઇએ હાક મારીને દરવાજાની સાંકળ ખખડાવી. શામલાલ બારણા ઉઘાડી જુએ છે તો તેનો મિત્ર મોહનલાલ હતો. "શ્વશુરગૃહનું સુખ તજીને અત્યારે તું એકાએક કેમ આવ્યો!" શામલાલના એવા હાસ્યજનક પ્રશ્નનો કશો ઉત્તર નહીં આપતાં મોહલાલ અશ્રુપાત કરવા લાગ્યો. "તને થયું પણ શું?" "અરે કંઇ વાત નહીં! જો હું અહીંઆ મુદલ આવ્યોજ ન હોત તો વધારે સારૂં હતું. રત્નજડિત હાર લેવા જતા હાથમાં સર્પ સાંપડયાં જેવી મારી અવસ્થા થઈ છે!" શામલાલના પ્રશ્નનો એટલો જવાબ આપ્યા બાદ તેઓ બંને મણિલાલની પાસે ગયા અને તેને જાગૃત કર્યા પછી મોહનલાલે પોતાની કર્મકથા આગળ ચલાવી. "પ્રભાતમાં તમારાથી છુટો પડયા પછી હું મારા સસરાને ઘેર ગયો; આખો દહાડો મેં

જેમ તેમ સાંજ પુરો કર્યો અને રાત્રીએ એક ઓરડામાં મને પાથરી આપેલા બિછાનાપર હું આળોટાયો. દીવસે મારી સ્ત્રીના ચિન્હો મને બરાબર જણાયાં નહોતાં અને તેથી તર્ક વિતર્કમાં મારૂં મન ઘોળાવા લાગ્યું. બરોબર બાર વાગ્યાસુધી મને બિલકુલ નિદ્રા આવી નહી અને સાડાબારને સુમારે આંખો લાગવાની તૈયારીમાં હતી તેવામાં મારી સ્ત્રી એકાએક મારા ઓરડામાં દાખલ થઇ. હું જેવો આશ્ચર્યથી તેના તરફ નિહાળુંછું તેવીજ તે જમીનપર પછડાઇ પડી ને મોટેથી રૂદન કરવા લાગી. હું બિછાનાપરથી તેની પાસે જઇ તેને છાની રાખવાનો પયત્ન કરવા લાગ્યો તો ઉલટી તે મને ધિકારીને, "ઓય બાપા! અરે મા! આ રડપાએ મને મારી નાંખી! દોડજો-ધાજો! હાય હાય!" એવી ભયંકર બુમો પાડવા લાગી. આથી હું થરથર ધ્રુજવા લાગ્યો અને મને કશું ભાન રહ્યું નહી. મારા બે સાળાઓ, મારી સાસુ, મારો સસરો, તથા ચાકર વગેરે માણસો મારા ઓરડામાં દોડી આવ્યાં અને મારા તરફ ડોળા ધુરકાવી મારી સ્ત્રીને "શું થયું?" ઇત્યાદી પુછપાછ કરવા લાગ્યા. તે બોલી,-" આ રડપો મને અહીં બોલાવી મારવા લાગ્યો, અને જમીનપર પછાડવાથી મારો હોઠ ચીરાઈ ગયો છે. મને બહુ વેદના થાયછે; અરે! એ નિર્દયના હાથમાંથી છોડાવો, નહીતર મને અધમુઇને તે મારીને પુર્ણ કરશે!" આવા તેના દુઃખદ વાક્યોથી અને જુઠા આરોપથી હું મુર્છા ખાઇ ધરણીપર ઢળી પડ્યો અને થોડી વારે શુદ્ધિમાં આવી જોઊંછું તો ત્યાં મારા શિવાય બીજું કોઇજ હતું નહી. હું ઉભો થઇ ઓરડાની બહાર નિકળવા જાઉંછું તેવામાં મારા નાનકડા સાળાએ મને ગાળો આપીને કહ્યું કે,-"હમણાં ને હમણાં અહીંથી ચાલતો થા!" આથી હું મારો સાગાન લઇને અત્યારે અહીં આવ્યોછું, મારી છીનાલ સ્ત્રીએ મારાપર જુઠો આરોપ મુકેલો છે. મેં તેને મારા ઓરડામાં બિલકુલ

બોલાવી નહોતી અને આંગળી પણ અરાડી નહોતી." એટલું બોલીને મોહનલાલ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. શામલાલે તેને ધીરજ આપીને છાનો રાખ્યો અને મણિલાલ ઉતાવળો થઇ રાત્રીએ સુલતાનપુરાની સેરીમાં પેલાં સ્ત્રીપુરૂષનો બનેલો બનાવ કહી સંભળાવવા લાગ્યો. શામલાલે કહ્યું.-"હા, એજ સ્ત્રી- તે તારી પોતાની સ્ત્રી હોવી જોઇએ. તેણે પેલી બુઢી કુંટણી-કર્કશાને જણાવ્યું હતું કે 'ઘેર જઇને હોઠ ચિરાયાનું તહોમત હું યુક્તિથી મારા ભરથારપર ઢોળી પાડીશ,' અને તે પાપિણીએ તારાપર સિદ્ધ કરી બતાવ્યું. હશે થવાકાળ, તેમાં દિલગીર થવા જેવું તો ઘણું છે પરંતુ ઇલાજ શો?" મોહનલાલ સજળ નેત્રે બોલ્યો,-"અરે હું હવે મારા ઘરમાં અને લોકોમાં શી રીતે મ્હોડું બતાવી શકું? મુખ સાસરિયાંઓ મારી ફજેતી કરવામાં મણા રાખશે નહી." "કંઇ ઘેલો થયો છે! એમ બનેજ નહી, સર્વને આબરૂની વધારે ગરજ હોયછે. હાલ તારે ઘેર જઇ કહેવું કે 'તેના માવતરે તેને મોકલી નહી' અને કદાચ તેમ છતાં તારા સસરા તરફથી તારા માબાપોને કંઇ સાચું ખોટું જણાવવામાં આવશે તો હું સુરત આવીને તેઓના મનનું સમાધાન કરીશ. તું નચિંત થા. આજે રાતનીરાત અહીં પડયો રહે અને આવતી કાલે હું અમદાવાદ જવાનો છું માટે જોઇએ તો ત્યાં મારી સાથે આવ અને જોઇએ તો પરભારો સુરત જા." શામલાલના ગમાવા બોલવાથી મોહનલાલના મનનું સેહેજ શાંત્વન થયું અને ત્યારબાદ તે ત્રણે મિત્રો, મુર્ખ-અકલસુન્ય-વ્યભિચારી સ્ત્રીઓપર સખ્ત ટીકા ચલાવી આખરે ઉંઘાઇ ગયા. પ્રભાતમાં પોણાસાત વાગ્યાની ગાડીમાં શામલાલ અમદાવાદ તરફ રવાના થયો અને બપોરના મોહનલાલ સુરત તરફ ચાલી નિકળ્યો. માત્ર મણિલાલ પોતાના મામાના દિકરાના લગ્નમાં બે ત્રણ દહાડા વડોદરામાંજ રહી પછીથી તે પણ ભરૂચ જઇ રહયો.

પ્રકરણ ૬ ઠું,

લગ્નમાં વિઘ્ન—દુઃખદાયક દગો.

શામલાલને અમદાવાદ જઇ રહ્યાને હજી બે ત્રણ મહિના થયા નહીં એટલામાં ભરૂચથી તેના બાપપર મણિલાલના પિતાનો પત્ર આવ્યો. તેમાં તેણે કમળાગવરીના લગ્ન શામલાલ સાથે કરી આપવાની માગણી કરી હતી અને તેનો શામલાલના પિતાએ અતિ આનંદથી સ્વિકાર કર્યો. વધુવર યોગ્ય ઉમરનાં હોવાથી ચાલતી સાલના વૈશાક માસમાં લગ્ન કરવાનો બંને પક્ષ તરફથી ઠરાવ થયો. કમળાગવરી તેના બાપને એકલપુરી કન્યા હતી તેથી તેના લગ્નસમારંભમાં તેણે પુષ્કળ પૈસો ખરચવા વિચાર કર્યો. તેણે પંદર દહાડા અગાઉ શામલાલના પિતાને તથા વેવાહી પક્ષના તમામ સગાંવહાલાંઓને ભરૂચ બોલાવી એક નિરાળું ઘર રહેવા આપ્યું. વૈશાક શુદ બારશના લગ્ન નિર્ધાર્યાં અને બંને પક્ષમાં આનંદોત્સવ થઇ રહયો. આ વખતે શામલાલે સુરતથી મોહનલાલને પણ બોલાવી મંગાવ્યો હતો. લગ્નને આગલે દહાડે એ બંને મિત્રો મંડપમાં બેસીને વાતચિત કરતા હતા તેવામાં શામલાલ મિથ્યા મનોરાજ્યથી કલ્પિત સુખાનંદના ગેબી ગોળા ગબડાવા લાગ્યો. તે બોલ્યો,—"ભાઈ મોહન, ઇશ્વરની કેવી વિચિત્ર ગતિ છે! જે કમળા સાથે હું માનસિક—ગાંધર્વ વિવાહ કરી ચુક્યો હતો તે કમળા મને આવતી કાલે સર્વ સભાજનોના સમક્ષ વરમાળ આરોપશે! કમળા કેવળ તારૂણ્યનું પ્રફુલ્લિત થએલું સુશોભિત પુષ્પ છે—જેનાપર અદ્યાપ ભ્રમર પણ બેસવા પામ્યો નથી અને તેનો સુવાસ પણ કોઇ લઇ શક્યું નથી! અથવા તો તે આખી પૃથ્વીમાંથી શોધી કહાડેલું એક અમૂલ્ય રત્ન છે, કે આદ્યાપિ તેને ધારણ કરવાને કોઇ અધિકારી થયો નથી! માત્ર ઇશ્વર કૃપાથી મનેજ તે પ્રાપ્ત થઇ છે. તેની મારાપર અપૂર્વ પ્રીતિ છે અને તે સર્વ ગુણસંપન્ન હોઇને અતિ કોમળ

અને પવિત્ર છે. તેને રૂડું શિક્ષણ મળેલું છે અને તેથી જ તે ઉત્તમ ગુણો ધારણ કરી શકી છે. મોહનલાલ, તારી સ્ત્રી અજ્ઞાન અને વગર કેળવાયલી હોવાથીજ તે દહાડે તે દુરાચારમાં પ્રવૃત થઇ હતી. હવે તારી ખાત્રી થઇ હશે કે સ્ત્રી શિક્ષણ એ સ્ત્રીઓને ગુણવંત-નીતિવાન બનાવનાર મુખ્ય સાધન છે. બાળલગ્નના બુરા રીવાજનો બાધ જો તને નડયો નહોત તો તું પણ મારા પ્રમાણે સુખી થયા વિના રહેત નહીં!" એ પ્રમાણે બોલીને બંને મિત્રો વિનોદ મેળવવા લાગ્યા.

અહીં કમળાગવરી પણ તેના બાપને ઘેર આનંદથી ઉભરાઇ જતી હતી. અમુલ્ય રત્નજડિત સોનારૂપાનાં આભુષણોથી તેની શરીરકાંતિ કેવળ ઝળકી રહી હતી. થોડા વખતમાં પોતાને પ્રાપ્ત થનારા સુખની માનસિક કલ્પનાથી તેનું ચંદ્રસ્વરૂપી મુખડું અતિ સુશોભિત ને પ્રફુલ્લિત જણાતું હતું. તેને આજનો રંગ ભર્યો દહાડો ઘણો લાંબો થઈ પડયો! પ્રભાતમાં ઉઠી ત્યારથી તે લગભગ સંધ્યાકાળ થવા આવ્યો ત્યાં સુધી સ્વામિ પ્રસંશા સિવાય તેના મુખમાંથી બીજો અક્ષરજ નિકળવાપામતો નહોતો. પોતાની સરખી ઉમરની સાહેલીઓમાં તે વિવિધ પ્રકારે આનંદ મેળવતી હતી. તેના ઘરની પછાડી તેનોજ એક સુશોભિત બગિચો હતો-તેની શોભા અવર્ણનીય હોવાથી કમળાગવરી કદી કદી પોતાની એકાદ બેહેનપણીને સાથે લઇને ત્યાં ફરી હરી ગમત મેળવતી હતી. આજે પણ તેણી સાડાપાંચ વાગ્યાને સુમારે પોતાની લલિતા નામની મૈત્રિણીને સાથે લઇ બાગમાં અહીં તહીં ફરીને આનંદ મેળવા લાગી. વાતચિત કરતાં કરતાં કમળાગવરી બોલી,—"લલિતા, મારા પ્રાણનાથને હું અમૃતના વહેતા નિર્મળ ઝરાની ઉપમા આપું તો તેમાં કશો અપવાદ આવશે નહીં, તેના વચનામૃતની માધુર્યતાથીજ મારૂં મન મોહિત થયેલું છે અહાહા! તેની દીવ્યકાંતિ-તેની દુર્મિળ

શરિર શોભા સ્વર્ગભુવનના દેવતાઓને પણ નિચું જોવરાવે તે-વી છે. ઇશ્વર કૃપાથી એ પવિત્ર મુર્તિનું સેવન કરવાનો મને અધિકાર મળેલો છે. આહા! કેવું મારૂં સુભાગ્ય! પરંતુ બેહેન, જ્યારે મારો અને તેમનો પ્રથમ મેળાપ થાય ત્યારે તેઓની સાથે કયા પ્રકારે બોલવું? તેઓનો સ્વભાવ જરા મશ્કરીખોર છે માટે પ્રથમ તો કંઇ પણ બહાનું કહાડી હું રૂસાઇ જઇશ અને નિચું ઘાલીને ભોંય ખોતરવા લાગીશ. પછી પુનઃ હળુજ ઊંચું નિહાળી કિંચિત હસીને વળી પાછો ઘુંમટો કહાડીશ. આમ કરવાથી તેઓ મારા ગળામાં હાથ ભેરવીને "પ્રાણપ્રિયા, શા માટે રીસાઇ છે?" ઇત્યાદિ પ્રશ્નો પુછી મારૂં મન રંજન કરશે નહીં વારૂ? (!)" લલિતા બોલી,—"બાઇ પણ તને તારા સ્વામિનો પ્રથમ મેળાપ થવાથી એવા ઢોંગસોંગ કરવા કયાંથી સુ-જશે?" "ખરેજ બાઇ! તે વખતે મારા મનની સ્થિતિ કેવી થ-શે તે કોણ જાણે. પરંતુ મને લાગે છે કે હરકોઈ પદાર્થને માટે તે પ્રાપ્ત થયા પેહેલા જેટલી ઉત્કંઠા હોય છે તેટલી પાછળથી રહેતી નથી." એટલો જવાબ આપી કમળાગવરીએ ચકિત થઇને કહ્યું, "બેહેન, અહીં કોઇ રડતું હોય એમ જણાય છે!' લલિતા બોલી,—"બેહેન એમ કાલુ ઘેલું શું બકે છે? અત્યારે જ્યાં ત્યાં આનંદ ધ્વનિ થઇ રહેલી છે તો વળી અહીં રડનાર કોણ! અહો! જોતો ખરી! શેહેરમાં અને વિશેષે કરી આપણા મંદિરમાં મંગળ વાદ્યો વાજી રહ્યાં છે; અતિથી તૃપ્ત થઇને આશિર્વાદ આપે છે; ઠામ ઠામ વિવિધ પ્રકારનાં નૃત્ય ગાયનો થઇ રહ્યાં છે; આ બાગમાં ફુવારાની ભાતભાતની સહસ્રધારી નળીઓ સ્વચ્છંદી રીતે પાણી ઉરાડવા લાગી છે અને તેથી મેઘવૃષ્ટિ થઇ રહ્યા જેવો અવાજ કર્ણપર અથડાય છે; સાયંકાળનો સમય થયો છે અને તેથી પક્ષીઓ પોત પોતાના માળા તરફ જવા સારૂ કિલકિલ શબ્દ બોલતા ઉડી નીકળ્યાં છે;

પુષ્પમાંના મકરંદનું સેવન કરી તૃપ્તથયેલા ભ્રમરો આનંદથી ગુંજા
રવ કરી રહ્યાં છે; જાઇ, જુઇ, મોગરા, ચંબેલી, આદી રૂપાળ
પુષ્પો પ્રફુલ્લિત થવા લાગ્યાં છે, અને તેથી અત્યારે ચો તરફ
એક સરખી સુગંધી પ્રસરી રહી છે; મોર પોતાનાં સુંદર પિં-
છાઓની કળા પુરીને નૃત કરે છે, રાજહંસ પક્ષી પોતાની પત્ની
સહ આનંદથી કલ્લોલ કરી રહ્યો છે, અને તેથીજ કદાચ તને
રૂદનનો સેહેજ ભાસથયો હશે! " બેહેન તું ઘડીભર તારૂં અલં
કારિક બોલવું તજી દે; ખચીત કોઇ બાપડું રૂદન કરે છે! "
એવું કમળાગવરીએ કહ્યા પછી તે બંને જણીઓ સ્તબ્ધ થ
ઇને સાંભળવા લાગી. લલિતા બોલી,–"હા બાઇ, ખરી વાત;
અવાજ દક્ષિણ તરફથી આવતો જણાય છે." ત્યાર બાદ તેઓ
બાગના દક્ષિણ દરવાજા નજીક જઇને જુએ છે તો ત્યાં એક
સ્ત્રી મહા રૂદન કરતી તેઓની દૃષ્ટિએ પડી. કમળાગવરીને ઇચ્છા
મુજબ આનંદના દિવસો પ્રાપ્ત થયા હતા અને વળી અત્યારે
બાગની મનોરંજક શોભા નિહાળીને તેનું મન સ્વસ્થ બન્યું
હતું તેથી એ -હૃદયભેદક રૂદન સાંભળી તેનું કોમળ અંતઃકરણ
કેવળ દયાથી પિગલી ગયું. કમળાગવરીએ તે બુઢી ડોસીને પો
તાની પાસે બોલાવીને પુછયું.–"બાઇ, તમે શા માટે અહીં રૂદન
કરતાં બેઠાં છો?" તેણે ઉત્તર આપ્યો,–"બાઈ સાહેબ, મારા દુઃખ
નો પાર નથી. મારી વહુ આજ ત્રણ દહાડા થયાં પ્રસુતિપીડાથી
મહા વ્યથા ભોગવે છે. તેના બંને જીવનો છેડાછુટકો થતો નથી
હવે થોડા વખતમાં હાય હાય! તે મૃત્યુ પામશે! મારો છોકરો
આઠ મહિનાં ઉપર મરણ પાંમ્યો છે અને તેની પાછળ મેહેનત
મજુરી કરીને તે બાપડી મારૂં ભરણપોશણ કરતી હતી તથાપિ મારૂં
નસિબ ફુટેલું, તેથી તે પણ ચાલી નીકળી છે! અરેરે! પ્રભુ હવે
હું શું કરૂં અને ક્યાં જાઉં!" કમળાગવરીએ જવાબ આપ્યો,
"બાઇ, તેમાં મારો ઇલાજ શો?–એ વાત ઇશ્વરાધિન છે. મારાથી

બની શકે તેવું કામ હોયતો બેલાશક કહે." બુઢી સજળનેત્રે કહેવા લાગી, –"બાઇ! તમારાથીજ બની શકે તેવું છે માટેજ હું અહીં આવી છું. એક ઓલીયા સાધુએ કહ્યું છે કે "તેર વર્ષની ઉમર સુધી જે કન્યા કુંવારી રહી હોય અને જેનું આચરણ પવિત્ર હોય તે જો પોતાને હાથે તારી વહુને મારૂ મંતરેલું પાણી પાયતો તુરત પુત્ર પ્રસવી તે સુખી થાય." વચેજ કમળાગવરી બોલી ઉઠી,–"બાઇ, એ સઘળા ફિતુર છે, ઢોંગ છે; એવા કેહેવાતા સાધુ લોકો ભોળાં લોકોને ઠગીને ધુતી ખાય છે. માટે વિના કારણે શાટે કાલુડી-ઘેલી બને છે? મારાથી કશું વળવાનું નથી. કોઇ વૈદ ડાકતર કીવા સુયણને ઘેર બોલાવી જા, એટલે સર્વ કાંઇ ઠીક થઇ રહેશે." તથાપિ તે ડોસીતો બેહદ કલ્પાંત કરવા લાગી,–કમળાગવરીને સાષ્ટાંગદંડવત કરી એવીતો હૃદયભેદક સ્વરથી કરગરવા લાગી કે કમળાગવરીને છેલે કાયર થઇ તેની માગણીનો સ્વિકાર કરવો પડ્યો. કમળાગવરી, લલીતાને સાથે લઇને એ ડોસીની પાછળ પાછળ તેના ઘેર તરફ ચાલી નીકળી.

કેટલોક વખત ગયા બાદ કમળાના ઘરમાં તેની શોધખોળ થવા લાગી. બાગમાં અને શેહેરમાં તેની પ્રત્યેક બેહેનપણીઓને ત્યાં ઘરનાં તમામ માણુસો દોડાદોડ કરવા લાગ્યાં પરંતુ આખરે કમળાનો કશો પતો લાગ્યોજ નહીં. તેના માતા પિતા ગભરાઇને રડવા લાગ્યાં અને આખા ઘરમાં કળાહોળ થઇ રહ્યો. ઘડી પેહેલાં જે ઘર કેવળ આનંદભુવન હતું તેજ ઘર અત્યારે શોકસદન થઇ પડ્યું. કંઇ પણ દગો થયો અથવા તો કમળાનું કોઇ હરણ કરી ગયું એવી સર્વેકોની ખાત્રી થઇ. આ વાતના ખબર તાત્કાળ શામલાલને ઉતારે સર્વેના જાણવામાં આવ્યા અને તેથી ત્યાં પણ મહાગભરાટ થઇ રહયો. કમળા ગેબ થયાના સમાચાર સાંભળતાંજ શામલાલ તો મુર્છીત થઇ ધરણીપર ઢળી પડ્યો, અને મોહનલાલ તથા તેના બીજા સગાંસબંધીઓ તેની સારવાર લેવા લાગ્યા.

થોડીવારે તે શુદ્ધિમાં આવ્યો અને તુરત કેટલાક સરકારી સીપ ઓ લઇ, તે કમળાના શોધ માટે મણિલાલની સાથે સવાર થઇ બાહારગામ ચાલી નિકળ્યો. કમળાના પિતા ખંભાતના દિવાન હોવાથી તેને ત્યાંના બારવટીયાની ધાસ્તી ઉપજી-કે રખેને તે લોકોજ છગ કરીને કમલાનું હરણ કરી ગયા હોય! તેથી તેઓ પ્રથમ ખંભાત તરફ રવાના થયા. એવી રીતે એક દહાડો ગયો બે દહાડા ગયા અને લગન લગનને ઠેકાણે રહ્યાં! લગનમાં ઓ ચિંતુ ભયંકર વિઘન આવ્યું અને તેથી વધુવરના બંને પક્ષમાં હાહાકાર થઇ રહયો. મોટા ખર્ચથી મોટી જાન સહિત ભરૂચમાં વધારે દિવસ રહેવું યોગ્ય નહીં દીસવાથી શામલાલના પિતાએ સર્વ માણસોને અમદાવાદ રવાના કર્યા અને પછીથી તેઓ કમળાગવરીના પિતાને ખંભાયત જઇ મળ્યા.

પ્રકરણ ૭ મું.

પિશાચનો ઢોંગ અને કમળાગવરીનો શોધ.

કમળાગવરીના શોધને સારૂ શામલાલનો પિતા તથા મણિલાલ નો પિતા ખંભાયત સંસ્થાનમાં ચારે તરફ ફરી વળ્યા પરંતુ આખરે કશો પતો લાગ્યોજ નહી. શામલાલ અને મણિલાલ પણ થોડે દહાડે આજુબાજુના પ્રદેશોમાં રખડી નિરાશ થઇ પાછા આવ્યા. કમળાનું હરણ થયાને એક મહિનો થવા આવ્યો અને તેના માતા પિતાએ શોકાવતાર ધારણ કર્યો. છેલે શામલાલનો પિતા સદગૃહિત કંઠે રજા માગી અમદાવાદ ગયો પરંતુ શામલાલ અને મણિલાલે ધીરજથી કમળાનો શોધ ચાલુ રાખ્યો. ખંભાયતના નવાબ પાસેથી માણસોની મદદ લઇ તેઓ નર્મદાના કાંઠાપરના ચોરટાં ભીલ લોકોનાં ઝુપડાંઓ તપાસવાનો નિશ્ચય કરી તે તરફ ચાલી નિકળ્યાં. કૃષ્ણપક્ષની ચતુર્દશીની ઘોર અંધારી રાત્રીએ તેઓએ ભરૂચની પુર્વ બાજુએ ત્રીશપાંત્રીશ કોસને અંતરે નર્મદાના

તટપર એક ઝાડીમાં ઉતારો કર્યો. સઘળાં માણસોનું જમવું ખાવું પુરૂં થતાં સુમારે અગીઆર વાગવાનો અમલ થયો અને ત્યાર બાદ તેમાંના કેટલાક સુવાની તૈયારી કરતા હતા અને કેટલાક પરસ્પર વાતોના તડાકા મારતા હતા, એટલામાં થોડે દુર એકાએક એક ભડકો થઇ અલોપ થયો. આથી સર્વ માણસો ચમકયા અને ભુત પિશાચની વાતો કહાડી બહુ ભયભિત થયા. શામલાલ તેઓના મનનું સમાધાન કરેછે તેવામાં પુનઃ ઉપરાઉપર મોટી મોટી જવાળાઓ નિકળવા લાગી. સઘળાં માણસો ભયથી થરથર ધ્રુજવા માંડયાં અને શામલાલે તેઓને હિંમત આપી બંદુકના બેચાર ધડાકા કર્યા. શામલાલ હમણાના "બી. એ." "એમ. એ." કે "એલ. એલ. બી." થયેલા વિદ્વાનો પ્રમાણે અશક્ત નહોતો. તેણે નાનપણથી કશરતશાળામાં લડાયક ઉત્તમ પ્રકારની તાલીમ લીધેલી હતી. તે અત્યંત ધૈર્યવાન શક્તિમાન સાહસિક અને શુરો હતો. જે તરફ જવાળા થતી હતી તે તરફ બંધુક છોડતાં વાર કોઇપણ પ્રાણીના પગલાંનો અવાજ તેના સાંભળવામાં આવ્યો, તેથી તેણે તર્ક બાંધ્યો કે ખચિત આ કંઇ ઢોંગ છે. તુરત હાથમાં ઢાલ તલવાર લઇ જવાળા તરફ દોડી નિકળ્યો અને "હું માથા વિનાનો ખવીસ છું. અને મારી પછાડી લાગવાથી માત્ર તારો એક ક્ષણમાં જીવ જશે," એવો અવાજ કર્ણપર પડતાંવાર તેના પગમાં વધારે જોર આવ્યું. મણિલાલે તેને ઘણો સમજાવ્યો પરંતુ તેનું કશું નહી સાંભળતાં તે એકદમ જવાળામાં કુદી પડી તલવારના ઘા કરવા લાગ્યો. તાત્કાળ જવાળા બંધ પડી–પુનઃ અંધારૂં ઘોર થઇ રહ્યું. "હાય મરી ગયો! દેવી કાલિકા રક્ષણ કર!" એવો હૃદયભેદક પોકાર સાંભળીને સઘળા. માણસોએ કળાહોળ કરી મુકયો અને મણિલાલ તો મરણિયો બનીને ઘેલાની માફક "શામલાલ! અરે શામલાલ!" એમ આરડતો દોડતો આવ્યો. શામલાલે

સઘળાંને પોતાની કુશલતા જણાવી દીલાસો આપી કહ્યું, "ભાઇઓ ગભરાવાનું કશું પ્રયોજન નથી. અહીંયાં ભીલ લોકો મહા ઢોંગી બની ભોળાં લોકોને બ્હીવરાવી લુટ મેળવેછે એ મારાથી અજાણ્યું નહોતું; જે માણસનો મેં હમણાં વધ કર્યો તે માણસ અહીં બેસી સળગતો કાકડો હાથમાં લઇ રાળ ઉરાડી આપણને ડરાવવા માટે જવાળા કરતો હતો, જુઓ આ રાળનું માટલું અને આ કાકડો!" એ સાંભળીને સઘળાં માણસોને અતિ આશ્ચર્ય ઉપજ્યું. ત્યારબાદ સઘળાઓ પાછા તંબુમાં જઈ સ્થિર થયાં. આ બનાવથી કેટલાક ભુત પિશાચના ભ્રમથી મુકત થયા અને કેટલાક વેહેમી નાદારોના મનનું આવા પ્રત્યક્ષ ઉદાહરણથી પણ સમાધાન થયું નહી. મણિલાલે શામલાલને તેની હિમત માટે સાબાશી આપી અને પછી ઉપદેશના આકારમાં શામલાલ નિચે પ્રમાણે બોલવા લાગ્યો:—

"દુષ્ટ ચોર લોકો ઢોંગ સોંગથી ઘણાં માણસોને આવી રીતે છેતરે છે. જુદા જુદા પ્રકારના દેખાવો કરીને માણસોને ભયભિત કરી પોતાનો સ્વાર્થ સાધી લે છે. જે પ્રાંતમાં રાજ્યની અવ્યવસ્થા અને જ્યાંની રૈયત અજ્ઞાન હોય તે જગોએ ભુત પિશાચનું બંડ વધારે હોય છે. કારણ ત્યાં તેઓ વધારે ફાવી શકે છે. ગામડામાં લોકોના ઘરો વિશાળ જગ્યામાં હોય છેતેથી રાત્રીએ ત્યાં જઇ મ્હોંપર સિંદુર કે મેશ લગાડી લંગોટીભર અબધુત બની સળગતે કાકડે નાનાવિધ નાચક્રિડા કરે છે. વિવિધ પ્રકારનાં વાદ્યો વગાડી પગમાં ઘુઘરાઓ બાંધી ઝણઝણાટ ને ચૈકાર કરી મુકે છે; તેથી તે ઘરનો ભોળો ને વેહેમી માલેક સમજે છે કે, "મારા ઘરમાં ભુતનો વાસો છે! અને ચુડેલો નિત્ય રાત્રીએ રાસડા લે છે!" આથી ઘર તજીને તે બાપડો બીજે રહેવા જાય છે અને કદાચ પાંચ પંદર ઘરનું નાનું ગામડું હોય તો સઘળાંઓ તે તજીને બીજે સ્થળે રહેવા જાય

છે. લોકોમાં એકવાર જાહેર થયું કે ફલાણા ગામડામાં ફીંવા ઘરમાં પિશાચનો વાસ છે એટલે બસ-દિવસે સુદ્ધાં તે તરફ જવાની કોઇ હિમ્મત કરી શકતું નથી. વધારે તો શું પરંતુ બ્હીકણજનો તે તરફ માત્ર દષ્ટિ કરતાં ડરે છે. આમ થવાથી ધોળે દહાડે ખાતર પાડી ચોરટાં લોકો એવા ભુતના ભ્રમવાળાં ઘરને પોતાનું અખંડાનંદભુવન બનાવે છે! મારફાડ ને લુંટાલુટ કરીને તેમાં છુપાઇ રહી લોકોમાં કાળોકેર વર્તાવે છે. ભુત અંધારી રાત્રીએ બહુ વાર દેખાય છે અને અજવાળી રાત્રિએ ક્વચિતજ જોવામાં આવે છે. તેમજ તે એકલા માણસને ત્વરીત નજરે પડેછે. અને બહુ માણુસોના જોવામાં ભાગ્યેજ આવે છે. આથી સિદ્ધ થાય છે કે એ સઘળો ઢોંગ છે; ફિતુર છે. ભુતપિશાચનો વિરૂપ દેખાવ માણુસોજ કરે છે. પોતાની કપટ-વિદ્યા ઉઘાડી ન થાય એટલા માટે તેઓ યુક્તિ પ્રયુક્તિથી પોતાનું કામ કાઢી લે છે. તાત્પર્ય આ જગતપર ભુતયોનિ મુદલ છેજ નહીં. કદાચિત કોઇ કારણથી ભુતનો દેખાવ નજરે પડે તો નહીં ડરતાં બેધાશક હથિયારબંધ તેનાપર તુટી પડવું. ભુતનો દેખાવ કરનાર માણસો પોતાની પાસે હથિયારો મુદલ રાખતા નથી, કારણ જો તેઓ તેમ કરીને લોકોને ઘાયલ કરે તો તેઓ તેને તુરત ઓળખી કહાડયા વિના રહે નહીં અને ભુતનો ભ્રમ ઉઘાડો થઇ જાય. પુરૂષ કરતાં સ્ત્રીઓને એ લોકો વધારે બ્હીવરાવે છે અને આવો પ્રકાર પ્રાચિન કાળમાં ઘણો હતો પરંતુ હાલ અંગ્રેજ સરકારના રાજ્યમાં ચોરલોકોને યોગ્ય શિક્ષા મળવાથી ઘણે હીસ્સે ઠગવિદ્યાનો વિનાશ થયો છે; તથાપિ દંતકથા અને ગપાષ્ટીક ગાથાઓથી ભરમાયલા વેહેમી લોકોની સંખ્યા હજી કંઇ ઓછી મળી આવતી નથી."

શામલાલ બોલતો બંધ થયા બાદ સઘળાંઓ ઉંઘાઇ ગયા પરંતુ મણિલાલ અને શામલાલે તો કમળાગવરીના શોધ વિષેની

વાતો કરવામાંજ મળસ્કાના સૂડાચાર વગાડયા. મણિલાલને દિશાએ જવાનું હોવાથી તંબુની પેલી તરફ શામલાલ તેની સાથે ગયો, એટલામાં "ગોમાજી ચાલ ઉઠ, માતાની પુજા કરવાનો વખત થયો." એવો અવાજ તેઓના કર્ણપર અથડાયો. શામલાલ હાથમાંનું ચોરફાનસ ફેરવીને જુએ છે તો થોડો દુર ચાલ્યો જતો એક વિચિત્ર દેખાવનો માણસ તેની દૃષ્ટિયે પડયો. તેણે એક કાળા કપડાથી મ્હોડું ઢાંકેલું હતું અને તેમાં આંખ કાનના માત્ર મોટાં છિદ્રો રાખેલાં માલુમ પડતાં હતાં. એ છિદ્રોની કોર લાલ કપડાની જણાતી હતી. પગમાં સુરવાળ ને અંગમાં તેણે એક બાંડકી બંડી પેહેરી લીધી હતી. ખભે એક કાળી ધાબળી પિછોડીની માફક લટકતી રાખી હાથમાં ઝાડી લાકડી લઇ તે છેક નદીકીનારે જઇ નીચે ઊતરવા લાગ્યો. શામલાલે મણિલાલને કહ્યું, "અહીંયા ચોરલોકોનો નિવાસ હોય એવું જણાય છે, વળી મને લાગે છે કે રાત્રીએ મેં જે માણસને ઠાર માર્યો તેજ માણસને આ માણસ બોલાવે છે. માટે પ્રભાતમાં તેનો શોધ કરવો જોઇએ." ત્યાર બાદ કેટલીક વાતચિત કરી તેઓ બંને મિત્રોએ પાછા તંબુમાં આવી મુખમાર્જન કરી સઘળાંઓને જાગૃત કર્યા. શામલાલે પેલા ચોરનો તપાસ કરવાને હથિયારબંધ સજ થવાને સૂચવ્યું અને તેથી સર્વકો તૈયાર થઈ નદી કિનારે આવ્યા ત્યાં જુએ છે તો કિનારો પાણીથી ઘણો ઉંચો હોઇને વૃક્ષોનાં મૂળિયાંની ઘટાથી છવાઈ રહેલો હતો. પ્રથમ શામલાલ હળુહળુ નિચે ઊતર્યો અને પછીથીં સઘળાઓને બો લાવી લીધા. ત્યાં કિનારાની ભિંતમાં એક બખોલ માલુમ પડી. તેમાં પ્રવેશ કરી જરા આગળ ચાલ્યા તો એક ગોળાકાર બારણું જણાયું. ડોકિયું કરીને તેમાં નિહાળતાં વાર અંદર કોઈ દેવી સરખું વિકાળ સ્વરૂપ દીસવા લાગ્યું. તેના ડોકાપર ઉંધે માથે લટકાવેલાં બે સ્ત્રીનાં મુડદાં માલુમ પડતાં હતાં. તેના મ્હો

પર કાળો રંગ લગાડેલો હતો અને તે કેવળ નગ્ન હતાં તેઓની ભુજાઓ પાછળથી ઝકડીને બાંધી લીધેલી હતી અને તેઓના અંબોડાના વાળ ખભાપર લાંબા વિખરાયલા હતા. કાળાં કપડા-ની ફાટલી લંગોટી અને ઉર ઉપર લાલ ચીથરાં શિવાય તેઓના અંગ ઉપર બીજુ કશું વસ્ત્ર નહોતું. તેઓનું રૂધિરવિનાનું હાડપિંજર સરખું શરીર જોનારને દયા ઉપજાવતું હતું અને તેની ત્વચાપર લાકડીના મારની સુજેલી ભરોળો સ્પષ્ટ જણાતી હતી. આ દેખાવ નિહા-ળતાં વાર સર્વેકો ભયથી કાંપવા લાગ્યા અને મણિલાલ તો શામલાલને કરગરવા લાગ્યો કે, "ભાઇ અહીંથી તું જલદી પાછો ચાલ; મારાથી અહીં ઘડી પણ ઉભુ રહી શકાતું નથી." તુરત સઘળાં પાછા વળી નિકળ્યાં. "અરરે !તમે કેવળ નિર્દય છો! આ અનાથ ટાંગેલાં પ્રાણીઓની તમોને દયા આવતી નથી!!" શામલાલ હજુ બોલે છે ત્યાં વચેજ તેઓએ અવળે મ્હોંડે જવાબ વાળ્યો,-"પ્રેતની દયા લાવવામાં હાંસીલ શું ?" એટલામાં તે ટાંગેલાં માણસો પૈકી એકે કિંચિત ડોકું હલાવ્યું અને બીજે "ઓં." એવો ઉચ્ચાર કર્યો. તેથી શામલાલને આનંદ ઉપજ્યો. તે બોલ્યો,-" બાપડાં હજુ જીવતાં છે. દોડો દોડો-જલદી કરો અને તે અનાથને બંધમુકત કરો." પરંતુ અંદર જવાની કોઇની પણ હિમ્મત ચાલી નહીં. આખરે શામલાલેજ અંદર પ્રવેશ કર્યો અને સઘળાંઓ બારણામાં આવી ઉભા રહ્યા. શામલાલે હજુ બે ડગલાં ભર્યાં નહી એટલામાં મનુષ્યના અવ-યવવાળું અને સિંહના મ્હોંવાળું -એવું એક વિકાળ પ્રાણી તેના તરફ ધસી આવ્યું. આ વખતે ધૈર્યવાન શામલાલ ભયભિત થઈ જરા પાછો હઠયો અને સઘળાઓ ગભરાઇને નાસભાગ કરવા લાગ્યા. પરંતુ સુજ્ઞ શામલાલે "આ સ્થળ મનુષ્યે બનાવેલું લાગે છે અને આ માણસોને લટકાવનાર પણ મનુષ્યોજ હોવાં જોઇએ. દેવીની પુજા કરનાર મનુષ્યોજ છે તો પછી આ વિચિત્ર રૂપનું

હિંસક પ્રાણી પણ મનુષ્યજ હોવું જોઇએ તેમાં કશો શંશય નહીં" એવો વિચાર કરીને ઉઘાડી ઢાલ તલવારે અંદર મરણિયો બનીને પ્રવેશ કર્યો. તુરત પેલા સિંહ સ્વરૂપના માનવીએ પણ દેવી પાસેથી તલવાર લઇ પ્રચંડ યુદ્ધ આદર્યું. અંતે શામલાલે તેને ઘાયલ કરી ધરણીપર ઢાળ્યો. અને સઘળાને બુમ મારી અંદર બોલાવ્યા. પરંતુ કોઈ નહીં આવ્યાથી તે ઠાર કરેલા માણુસના પ્રેતને ઘસડી તેણે બહાર આણ્યું; પ્રથમ તેના મુખપરનો સિંહનો કૃત્રિમ ટોપ તેણે એક બાજુ ખસેડયો અને પછી તેના અંગપરનો વાઘની ચામડીનો ઝભો ચીરી નાંખ્યો; એથી તે કોઈ એક બુઢો માણુસ છે એવી સર્વની ખાત્રી થઈ. શામલાલે કહ્યું,-"આજ બુઢો સાડાચાર વાગતે ગોમાજીને બુમો મારતો હતો. તેની આ દેવીપર ઘણી શ્રદ્ધા હશે એમ જણાય છે. તેઓ સર્વ આ દેવીના પોષણ માટે આવો ઘોર પ્રકાર કરતા હશે. આ સ્થળ એ ચોર-દુષ્ટોનું દ્રવ્ય સંઘરી રાખવાનું દેવીસ્થાન હશે એમ લાગે છે, અને તે કોઇના જાણુવામાં ન આવે માટે આ બુઢો સિંહસ્વરૂપમાં બેઠો હતો કદાચિત કોઇ આવી લાગે તો સિંહની ગુફા સમજીને કીંવા પિશાચ માનીને જીવ લઇ નાહાસે, એવી તેણે તજવીજ કરેલી હતી." એટલું બોલીને તુરત "હશે પણ ચાલો હવે આપણે આ ટાંગેલાં અનાથોને છોડીને બાહાર લાવીએ," એમ કહ્યું તથાપિ અંદર જવાની કોઇની છાતી ચાલી નહીં. આખરે શામલાલેજ અંદરથી ચોરોના બિછાના બાહાર આણી, પેલી બે સ્ત્રીને છોડી લાવી તેપર સુવાડી. તેઓના શરીરપર કપડું ઓઢાડી હૃદયપર હળવો હાથ મુકી જોયું તો તેનો શ્વાસોચ્છવાસ ચાલુ છે, તેની નાડી પણ વહે છે, પરંતુ ક્ષુધા અને તૃષાથી તે કેવળ મરણોમુન્ખ થયેલી હોય એમ માલમ પડયું. આ વખતે શામલાલે દેવીના મદિરમાં જઇને ત્યાં જે તેના નૈવેદ્યને માટે દુધનો પ્યાલો ભરી

રાખ્યો હતો તે ઉપાડી આણ્યો અને પછી તેમાંથી થોડું થોડું દુધ બંને બાઇયોનાં મ્હોંમાં છીપવા લાગ્યો; તે પેટમાં જતાં વાર કિંચિત તેઓમાં ચૈતન્ય આવ્યા સરખું જણાયું-તેઓએ અધિક દુધ પીવાને મ્હોં ઉઘાડયું એ જોઇ સર્વને આનંદ ઉપજ્યો અને કેટલાકો દેવી પાસે જઇને ફળ લઇ આવ્યાં, પછી એ ફળનો ગર્ભ કહાડી તેને ખવરાવ્યો તેથી બંને બાઈયોએ શુદ્ધિમાં આવી આંખો ઉઘાડી મુખપર રંગ લગાડેલો હોવાથી તેઓ કેવળ બેડોળ ભયંકર દીસતી હતી તેથી શામલાલે પાણી મંગાવી તે સાફ કરાવ્યાં. તેઓ પૈકી એકનાં સુસ્વરૂપી ચેહેરાનો ગૌરવર્ણ, વર્તુળાકૃતિનું રૂપાળું વદન, વિશાળ ભાલ, હરિણી સરખી ચક્ષુઓ અને ચંપાની કળી સરખું સરળ નાક નિહાળતાં વાર શામલાલના નેત્રમાંથી અશ્રુઓ ચાલી નીકળ્યાં. તેણેસખેદાશ્ચર્યથી મણિલાલને કહ્યું; "અરે આ આપણી કમળા છે!! હરહર શી દશા?" એટલું બોલી કપાળમાં ટપલા મારી તે મનમાં બબડાવા લાગ્યો; "હાય! શી દશા પ્રેમાંબુજ હૃદય રાજેશ્વરી કમળાની! જેણે મને પોતાનો કરી લીધો છે, જેનામાં હું અહોરાત્ર ભ્રમણ કરૂંછું, જેના જીવન પર મારા ભવિષ્યનો આધાર છે તે પ્રિયકમળાની અરે આ શી અવસ્થા!" "બેહેન કમળા, બાપુ કમળા!" એવી મણિલાલની હાકથી કમળા આંખો ઉઘાડી બોલવા જતી હતી પરંતુ તેટલી શકિત નહીં હોવાથી કષ્ટી થઇ પુનઃ તેણે આંખો વીંચી લીધી; એ જોઇને શામલાલ તથા મણિલાલ ગળગળા થઇ રહ્યા ત્યાર બાદ તેઓ સઘળા મહામુસીબતે એ બંને બાઇઓને કિનારા કાંઠે લઇ આવ્યા. અને ત્યાં તેઓ સારી રીતે સાવધ થયા પછી આસપાસના ગામડાગાંથી ભાડુતી ગાડીઓ મંગાવી તુરત તેઓ ભરૂચ તરફ રવાના થયા.

પ્રકરણ ૯ મું.

વ્યથાવૃત્તાંત અને વિધવાવિવાહ.

કમળાગવરીનો શોધ લાગવાથી તેના અને શામલાલના કુટુંબમાં આનંદાનંદ થઇ રહ્યો. કમળાનો પિતા ખંભાયતથી ઘેર આવ્યો અને શામલાલના પિતાએ પત્રદ્વારાએ આનંદ પ્રદર્શિત કર્યો. ચોરોના મારના લતાડથી કમળા ઘણી લથડી ગઇ હતી, તેથી તેને સારી થતાં બે મહિના લાગ્યા. તે જ્યારે હરતી ફરતી થઇ ત્યારેજ તેનો પિતા પાછો ખંભાયત પોતાની નોકરીપર હાજર થયો; અને ત્યાર પછી ઘરમાં મણિલાલ અને શામલાલ વિના બીજું કોઇ પુરૂષ આદમી હતું નહીં. શામલાલ અહોરાત્ર કમળાની આજારી અવસ્થામાં તેની પથારી પાસે બેસી રહેતો હતો અને તેને દુખી દેખીને પોતે દુખી થતો હતો. કમળા બરોબર સાજી થયા બાદ એક દહાડો મણિલાલ કંઇ કારણસર બહાર ગયો હતો અને તેની માતા તથા સ્ત્રી રસોડામાં કંઇ કામકાજે વળગ્યાં હતાં; આ વખતે માળપર કમળા અને શામલાલ એકલાંજ હતાં. "અરે મારે માટે આપને કેટલું બધું વેઠવું પડયું!" એવા પ્રેમોદ્‌ગાર કહાડીને કમળાએ પોતાના પ્રિયકરને સજળ નેત્રે આલિંગન આપ્યું. શામલાલથી એક શબ્દ પણ બોલી શકાયો નહીં તથાપિ તેણે પોતાની પ્રિયાના ગાલપર ગળેલાં અશ્રુઓ મુખચુંબનથી ચુસી લીધાં. તેના હસ્તનો કોમલ પંજો પોતાના પંજામાં લઇ છાતી સરસો દાબ્યો અને બીજો હાથ તેની પીઠપર ફેરવી પ્રીતિ અને પ્રમોદની નજરે તેના મુખકમળને પ્રફુલ્લિત બનાવ્યું. કમળાને કદાચ એથી વધારે ત્રાસ થશે. એવા હેતુથી અત્યાર સુધી કોઇએ પણ તેનું દુઃખદાયક વૃતાંત તેને પુછયું નહોતું. કમળાનું હરણ થયા બાદ ત્યાં તેની શી અવસ્થા થઈ ઇત્યાદિ હકીકત સાંભળવાને શામલાલ ઊત્સુક થઇ રહ્યો અને બાહારથી મણિલાલ આવ્યા બાદ

તેણે વાત કાહાડવાથી કમળાગવરીએ પોતાને તથા લલિતાને બાગમાંથી એ બુઢી ડોસી કેવી ઢોંગથી લઇ ગઇ ઈત્યાદિ હકીકત યથાર્થ કહીને આગળ બોલવા માંડયું,–"અમોને એ બુઢી ડોસી ગામબહાર આશરે દોઢ બે મૈલને છેટે એક ઝુપડીમાં લઈ ગઇ. જો હું એકલી હોત તો તેનાપર ભરોંસો રાખત નહીં પરંતુ તેનો કકળાટ ચિત્તવેધક હતો અને વળી લલિતા મારી સાથે હોવાથી કશો વિતર્ક નહીં કરતાં મેં મુંગે મ્હાંડે તેના કહ્યા મુજબ ઝુંપડીમાં પ્રવેશ કર્યો. અંદર જઇને જોઉં છું તો ગર્ભવંતી સ્ત્રીને બદલે સાતઆઠ પુરૂષો સાથે બેસીને હુક્કો ગગડાવતા પરસ્પર વાતોના તડાકા મારતા હતા. આથી હું અને લલિતા ભયભિત થઇ જૈવા પાછા પગલાં ભરીએ છિયે, તેવાજ તેઓએ ઉભા થઇ અમારા આભુષણો ઉતારવાને ફરમાવ્યું. મેં મારૂં સઘળું ઘરેણું ગાઠું મુગે મ્હોંડે ઉતારી આપ્યું, પરંતુ લલિતા તો મોટેથી રૂદન કરવા લાગી. આથી ચકળવકળ ડોળા ઘુરકાવી બે આદમીએ તેના પર ધસી આવ્યા. એકે તેના મ્હોંપર કપડાનો ડુચો દીધો અને બીજાએ બળાત્કારે તેના આભુષણો કાહાડવા માંડયા. મેં ધાર્યું કે આભુષણો લેતાં પણ તેઓ જો અમારો છુટકો કરેતો વધારે સારૂં, પરંતુ મારી એ ધારણા કેવળ વ્યર્થ હતી. અમોને લુંટી લઇ બે ભાગમાં તેઓ વેંહેંચાયા. એક ટોળીએ લલિતાને અને એક ટોળીએ મને લઇ જુદે જુદે રસ્તે ચાલવા માંડયું. આખી રાત્ર અને દહાડો અણુવણુ પગે ચાલીને સંધ્યાકાળે એક ઝુંપડામાં મારા સહિત તેઓ જઈ રહ્યા. દીવસે સઘળા પુરૂષો મને પેલી ડોસીના હાથમાં સોંપી બહાર જતા અને રાત્રીએ લુંટ મેળવી પાછા આવતા. મારૂં શિયળ ભંગ કરવાને જો કે તેઓએ કંશાં ભુંડા પ્રયત્નો કર્યા નથી પરંતુ મને નાના પ્રકારનાં દુઃખો આપી રીબાવી મારવાને કશી મણા રાખી નહીં. પેટ પુરતું ખાવાનું આવાની વાત તો એક બાજુએ રહી પણ ખેતરનું કીંવા ઘરનું

કામકાજ મારે મજુરની માફક કરવું પડતું હતું. આવી રીતે મહા વેદનામાં આશરે એક મહિનો પુરો થયો અને પેલી ડોશીનો મેં થોડોક વિશ્વાસ સંપાદાન કર્યો. એક દહાડો એક દુરના ઝુંપડામાં કંઇ કારણસર મને એકલી મુકીને ડોશી ચાલતી થઈ અને આગલા દહાડાના શ્રમથી હું ત્યાં નિંદ્રાવશ થઇ ગઇ. કેટલેક વખતે જાગ્રત થઇને જોઉંછું તો હું જે ઝુંપડામાં હતી તે એકાએક સળગી ઉઠયું. હું ત્યાંથી જીવ લઇને નાસી જરા દુર ઉભી રહી એટલામાં ડોશી મારી પાસે આવીને મારૂં પીટણું પીડવા લાગી. ઝુંપડામાં મેંજ આગ લગાડી એવો મારાપર આરોપ મેલીને તેણે મને નિર્દય પણે માર મારી એક ઝાડ સાથે ઝકડીને બાંધી લીધી; અને જ્યારે રાત્રીએ ચોર લોકો આવ્યા ત્યારેતો મારી કઠણાઇનો પાર રહયો નહીં. કોઇ મારાપર ગાળોનો વરસાદ વરસાવવા લાગ્યો, તો કોઇ મારાપર પગની લાતોનો કઠોર પ્રહાર કરવા સાંડયો; મને જીવથી મારી નાંખવા કરતા તેની કુળ દેવીને ભોગ આપવાનો તેઓએ વિચાર કર્યો અને ત્યાં લઇ જઈ આ ડાહીગવરીના સાથે પેલી ભયંકર દેવીના માથાપર મને લટકાવી એવી હાલતમાં ત્યાં કેટલા દહાડા રહેવું પડયું તેનું મને કશું ભાન રહ્યું નથી અને ત્યાર પછી તમોએ મને મુકત કર્યાની હકીકતથી તમે સર્વે માહીતગાર છે. બાપડી લલિતા કયાં ગઇ અને તેના શા હાલ થયા તે મારા જાણવામાં નથી.” એટલું બોલીને કમળાગવરીએ ઉંડો નિશ્વાસ નાખ્યો. આ દુ:ખદ હકીકતથી સઘળાઓ બહુ દુખી થયાં તથા અનેક પ્રકારે કમળાના મનનું સમાધાન કરવા લાગ્યા શામલાલ તો હકીકત સાંભળીને મહા દુ:ખથી મુર્છીત થઇ ધરણી પર ઢળી પડયો અને થોડીવારે શુદ્ધિમાં આવી બીજા ઓરડામાં જઈ ગેઠો.

કમળાગવરીની શરીર પ્રકૃત્તિ દિવસે દિવસે સુધરવા લાગી

અને પછીતો તે ભાઇ ભોળાભાઇ તથા શામળલાલની સાથે વિનોદ કરીને સુખાનંદ મેળવવા લાગી. એક દહાડો તેઓ સઘળાં વાતચિત કરતાં બેઠા છે તેવામાં સુરતથી મોહનલાલ આવ્યો. ખબર અંતર પુછવાથી જણાયું કે વડોદરાવાળી પેલી તેની નીચ સ્ત્રી કોલેરાથી કેટલાક દહાડાપર મરણ પામી છે અને હવે બીજી સ્ત્રીના શોધનો માટે તે અમદાવાદ જાય છે. વાતપર વાત નિકળતાં શામલાલે મણિલાલને કહ્યું,–"ભાઇ આ ડાહીગવરી વિધવા સરખી જણાય છે. તેના હાથમાં ચુડો નથી અને કોઇ દહાડો તે કપાળમાં ચાંલ્લો પણ કરતી નથી અને લાગે છે તો તે ભણેલી ગણેલી ને સુસીલ!" "હા ભાઇ, તેની તમામ હકીકત પણ આપણે જાણવી અવસ્યની છે." એટલો ઉત્તર આપીને તુરત તેણે ડાહીગવરીને ઉપર બોલાવી કહ્યું,–"બાઇ તમારૂં વૃત્તાંત સાભળવાની સઘળા ભાઇઓને ઉત્કંઠા છે માટે તે યથાસ્થિત કહી સંભળાવો." ડાહીગવરી દુઃખોદ્‌ગાર કહાડીને બોલી,–"મારા સરખી દૈવહીણ આ જગતમાં બીજી કોઇ પણ સ્ત્રી નહી હશે, મારો પિતા અતિદરિદ્રી એક ભિક્ષુક બ્રાહ્મણ છે અને અમે ભરૂચ જીલ્લાના અંકલેશ્વર ગામના રહેવાસી છીએ. ત્યાં અંગ્રેજી રાજ્ય સ્થાપન થયા પછી લોકોની સુધારણા થવા લાગી છે. ગામમાં સરકારીઅંગ્રેજીગુજરાતી છોકરાની શાળા તથા એક કન્યાશાળા પણ સ્થાપન થઇ છે. હું બાળપણમાં મસ્તીખોર હતી તેથી મને મારા પિતાએ કન્યાશાળામાં મોકલાવી. જો કે મારા પિતાનો હેતુ મને વિદ્યા પ્રાપ્ત ન થાય તેવો હતો, તથાપિ ઘરમાં પજવણી ને મારફોડ ન થાય એટલા માટે મને ચાર વર્ષ સુધી કન્યાશાળામાં મોકલાવ્યા કરી. હું આઠ વર્ષની હતી ત્યારથી તે બાર વર્ષની થઇ ત્યાં સુધી મે સારી રીતે વિદ્યાભ્યાસ કર્યો. ગુજરાત પાંચમા ધોરણ પર્યંત મારૂં વાચન થયું પુર્ણાંક અપુર્ણાંક સુધી ગણિત શીખી. ભુંગોળ વ્યાકરણ વગેરે સર્વ વિષયથી હું માહેત

ગાર થઇ. આગળ જતાં વિદ્યાની મને અતિ અભિરૂચી લાગી અને મારા શિક્ષકે મને કહ્યું કે તમારી ઇચ્છા હોયતો ફિમેલટ્રેનિંગ કાલેજમાં તમોને અભ્યાસ કરવા મોકલાવું અને ત્યાં તમારૂં જ્ઞાન વધવા થી તમોને સ્ત્રી શિક્ષકની જગા મળશે.

આ વાત મને પસંદ પડી કારણ તેમ થવાથી આપણા દેશની પુષ્કળ અજ્ઞાન સ્ત્રીઓનું મન વાળી તેઓને સુમાર્ગે દોરવવાનું મને મહા પુણ્ય પ્રાપ્ત થાત પરંતુ શું કરૂં, મારા ગાબાપને એ વાત મુદલ પ્રસંદ પડી નહીં. મારાં લગ્ન તો આગળથીજ થયેલા હતા અને બારમું વર્ષ બેસતાંવાર તેઓએ તુરત સાસરે મોકલાવી દીધી. હું પ્રથમ ત્યાં ગઇ ત્યારેજ મારો ધણી આંજારી થઇ દુખદાવસ્થા ભોગવતો હતો અને કેટલોક વખત ગુજર્યાબાદ દૈવયોગે તે મરણ પામ્યો. (રડે છે) તે જો તેવોજ રહયો હોત તો મેં મારૂં મહદ્‌ભાગ્ય માન્યુ હોત પરંતુ હવે નિરાધાર થઇ પડી છું. અને ત્રિભુવન સૂન્ય લાગે છે, મારા પતિને મરણ પામે આજ ચાર વર્ષ થવા આવ્યાં. આટલો વખત મેં મહા વિપત્તિમાં જેમ તેમ પુરો કર્યો છે. મારી અહોરાત્ર પરમેશ્વરની એજ પ્રાર્થના છે કે આ દેહમાં કંઇ પણ દુષ્ટબુદ્ધિ ઉત્પન્ન થયા અગાઉજ મને મૃત્યુ આવે. (સદ્‌ગદિત થાય છે) હવે મરણ વિના બીજું કશું મને પ્રિય લગતું નથી. ભાઇ શામલાલે મને મૃત્યુના મુખમાંથી બચાવી છે, દૈવની ગતિ વિલક્ષણ છે. પુર્વ જન્મમાં કરેલાં પાપ કર્મોની શિક્ષા ભોગવવા સારૂ મારી આયુષ્યના દિવસો લાંબા થતા જાય છે અને હવે ભવિષ્યમાં શું નિહાળવાનું ને સહન કરવાનું છે તે કોણ જાણે!" (પુનઃ રડે છે) શામલાલે તેને સાંત્વનસુચક શબ્દોમાં કહ્યું, "ડાહીબાઇ, તમે રડો નહીં. તમોને અનુપમ સુખ પ્રાપ્ત થવાને માટેજ પરમેશ્વરે તમારો છુટકો કરાવવાની મને બુદ્ધિ આપી એમ સમજો. તમારો સૌમ્યસ્વભાવ જોઇ તથા તમારૂં વૃત્તાંત સાંભળી અમો-

ને અત્યંત દુઃખ ઉપજે છે. તુમારા જેવી સાધ્વી સ્ત્રીનો આવો હૃદયભેદક વિલાપ, સાંભળી માણસોતો શું પરંતુ પરમેશ્વરને પણ બેશક દયા ઉપજી છે" મણિલાલ બોલ્યો, "વારૂ હશે, પણ બાઇ તમે દેવી પાસે કેવી રીતે ગયા ઈત્યાદિ બાબત હજી સ્પષ્ટ કહી સંભળાવી નથી, તો તે કહીને અમારી અધીરાઇ-આગી કરો." ડાહીગવરીએ પોતાની કર્મકથા આગળ ચલાવી ને કહ્યું,–"મારો પતિ મરણ પામ્યા પછી હું મારા પિતાને ઘેર અંકલેશ્વરમાં જઇ રહી. વિરક્તપણાથી દિવસ કાઢતી હતી એક દહાડો પુરાણ શ્રવણ કરીને એક આડગલીમાં થઇ હું મારે ઘેર જતી હતી ત્યાં એક કોળીનું કુબા સરખું ઘર હતું અને તે અંદરથી બંધ હોવાથી અન્ય કોળી લોકોની પુષ્કળ સ્ત્રીઓ તેના બારણામાં ઉભી રહી દુઃખોદ્‌ગાર કહાડી પરસ્પર કાલોકક બાટ કરતી હતી. આ બનાવ જોવાની સહજ ઇચ્છા થવાથી હું પણ ત્યાં જઇ તેઓને "શું છે?" એમ પુછવા લાગી પરતું કોઇએ કશો જવાબ આપ્યો નહી; પછી તો હું છેક બારણા નજીક જઈ ઉભી રહી તો અંદર એક ત્રીશપાંત્રીશ વર્ષની સ્ત્રી અતિશય શોક કરતી રડતી બેઠી હતી. તેના રૂદન પૈકી કેટલાક શબ્દો સ્પષ્ટ રીતે મારા સાંભળવામાં આવ્યા. મારા હાથથી તેના સંકટનું નિવારણ થઇ શકે તેમ મને લાગવાથી મેં તેને બારણું ઉઘાડવાને બૂમ મારી તથાપિ તેણે ઉઘાડયું નહીં. સુમારે સાતવાગતા સુધી હું ત્યાંજ ઉભી રહી અને બહાર ઉભેલી સર્વ સ્ત્રીઓ પોતપોતાને ઘેર ગઇ એવું જ્યારે પેલી રૂદન કરતી સ્ત્રીને જણાયું ત્યારે તેણે કિંચિત આનંદ બતાવી બારણું ઉઘાડી મને અંદર લીધી અને પુનઃ તે બંધ કરી લીધું. તે પ્રથમ મને કૃત્રિમ પ્રેમ બતાવવા લાગી તેથી મેં તેને જણાવ્યું,–"બાઇ તમારા મનની વાત હું સમજી ગઇ છું અને જીવપર ઉદાર થઈ તમારૂં સંકટ નિવારવાને ખાતર આવીછું

માટે હવે સત્યવાત છુપાવતા નહી" મારા એવાં બોલવાથી તેણે કિંચિત હસીને જવાબ આપ્યો, "બેહેન શું કહું, અમો કાળી લોકોનો કુળાચાર મહા દુર્ઘટ હોય છે, તેમાં વળી અમારો કુળધર્મતો મહાભયંકર છે અને તે દર પેઢીએ એકવાર કરવોજ જોઇએ, અમારી કુળદેવી નર્મદાના તટપર છે અને તેને ત્રણ પેઢીનું બળીદાન આપવું રહી ગયું છે. મારો ધણી બળીદાન આપવાને આંખ આડા કાન કરવા લાગ્યો તેથી એકવાર દેવીએ સ્વપ્નમાં આવીને કહ્યું કે,–"જો તું હવે જલદીથી મને બળીદાન નહીં આપીશ તો તને કદીજ બરકત થશે નહીં. અને હું છેલ્લે તારો પોતાનોજ જીવ લઇશ." ખરૂં કહું છું કે આજ કેટલાક દહાડા થયા દેવીશ્રીના કહેવા પ્રમાણેજ થતું આવ્યું છે. મારો ધણી પુષ્કળ દ્રવ્ય લાવે છે પરંતુ અમારા હાથમાં ફુટી બદામ સુદ્ધાં રહેતી નથી અને ઘરમાં નાનાં મોટાં તમામ માણસો લાંબી મુદત થયાં આજારી મટતાં નથી, તેથી પરમ–દહાડે દેવીને એકદમ ચડેલાં ત્રણ બળીદાન આપવાનો મારા ધણીએ ઠરાવ કર્યો છે. અમે ભીલ લોકોના નાયક છીયે તેથી અમારી નાતનો ટંટો પતાવવાથી મારા ધણીને એક સ્ત્રી મળેલી છે અને બીજી એક સ્ત્રીને અમારા તાબાના ભિલ લોકોએ કેટલાક દહાડાપર નિરાશ્રીત જાણી પાળેલી હતી પરંતુ તેણે ગઇ કાલે અમારા ખેતરમાંનું ઝુંપડું બાળી નાખવાથી અમારા પંચલોકોએ તેને બળીદાન આપવાનો ઠરાવ કરેલો છે તેથી મારો ધણી તેને લાવવા સારૂ બહાર ગયો છે. અને ત્રીજીને ઠેકાણે મનેજ ભોગ આપવાનો તેનો વિચાર છે. કારણ તેને અમો ત્રણ સ્ત્રીઓ છિયે અને તેમાં હું અણમાનેતી હોવાથી મારો અંત લાવવા તે ઇચ્છે છે." એટલું બોલીને પાછી તે રડવા લાગી, પછી મેં તેને કહ્યું,–"બાઇ તું રૂદન કર નહી, છાની રહે; હુ તારે બદલે મારૂં પોતાનું બળીદાન આપવા કબુલ થા-

ઉછું. હું નધણીયાતી અને દુઃખી વાંઝણી છું! જીવીને શું કરવું છે? તું તારા બાળકો સાથે આનંદથી દિવસો કહાડ." અમે એમ પરસ્પર બોલીયે છિયે એટલામાં એકાએક તેનો ધણી ત્યાં હાજર થઇ મને કહેવા લાગ્યો,–"ચલ, વેહેલી થા" એટલું બોલીને કોઈ બીજા માણસને હાક મારતા વાર તેણે આવીને લાગલોજ મારા મ્હોંમાં ડુચો દીધો. હું ખુશીથી મારૂં બળીદાન આપવાને તૈયાર છું અને રસ્તામાં બિલકુલ ઘોંઘાટ કરીશ નહીં વગેરે તેઓને ઘણુંએ સમજાવ્યું પરંતુ મારી સર્વ વિનંતી વ્યર્થ! તેઓએ મારૂં મ્હોં મજબુત બાંધી લીધું અને એક ગાડીમાં બેસાડી રાતોરાત દેવીના મંદિરમાં જઇ મને ઉધે માથે લટકાવી અને ત્યાર પછીની હકીકત તો તમારા જાણવામાંજ છે"

ડાહીગવરીની હકીકત સાંભળીને સઘળાંઓ સખેદાશ્ચર્ય પામ્યાં. મોહનલાલ તેના તરફ એકી નજરે જોઇ રહયો–તેનામાં તેના વિષે અપુર્વવૃત્તિ ઉત્પન્ન થઇ અને તે સુજ્ઞ શામલાલ તુરત સમજી ગયો. તેણે ડાહીગવરીને એક બાજુપર બોલાવીને પુજય ભાવથી પુનર્લગ્નની વાત છેડી અને તેણે તે વાત કબુલ કરી. ડાહીગવરી સ્વભાવે શાંત, સ્વરૂપે મનોહર અને સદ્‌ગુણસંપન્ન હતી. શામલાલ અને મણિલાલ લાંબી મુદતના સહવાસે કરીને તેના સદ્‌વર્ત્તનથી ઘણા ખુશી થયા હતા મોહનલાલ તો તેની સાથે પુનર્લગ્ન કરવાને ઉત્કંઠિત થઇ રહેલો હોવાથી તેને કશું પુછવાપણું રહયુંજ નહોતું, તથાપિ ડાહીગવરીના કહેવાથી પ્રથમ શામલાલે અંકલેશ્વર તેના ભાઇને તેની કુશળતા લખી મોકલી. ડાહીગવરીનો બાપ થોડીજ મુદતપર ગુજરી ગયો હતો અને એવા સમાચારનો તેના ભાઇ તરફથી પ્રત્યુત્તર ફરી વળતાં તે બાપડીને બહુ માઠું લાગ્યું. પત્રથી જણાયું કે ડાહીગવરીનો ભાઇ અમદાવાદ કલેકટરની ઓફીસમાં નોકર છે અને પીતાનું મૃત્યુકાર્ય કરવા સારૂ હાલ તે અંકલેશ્વર રજાપર આવલો છે. તે વિદ્વાન

અને વિવેકી હોવાથી પોતાની બેહેનને એવા ઘોર સંકટમાંથી છોડાવી બહુ શ્રમ વેઠયો માટે શામલાલ તથા મણિલાલનો તેણે પત્રદ્વારાએ અતિ આભાર માન્યો અને બે ચાર દહાડામાં ભરૂચ આવવાનું પણ જણાવ્યું. કેટલેક દહાડે તે ભરૂચમાં આવ્યો અને તે વખતે શામલાલે પુનર્લગ્ન સંબંધી વાત કહાડતાં વાર તેણે મોટી ખુશીથી તેનો સ્વિકાર કર્યો. અદ્યાપિ મોહનલાલ ભરૂચમાંજ હતો. ભરૂચમાં પુનર્વિવાહ ઉત્તેજક મંડલીના સેક્રેટરીને મળી અમુક દિવસ નિર્ધાર્યો અને પછી તે દહાડે ત્યાંની પ્રાર્થના સમાજના મંદિરમાં તેઓના રંગેસંગે લગ્ન કરાવી આપી સર્વકો પરમાનંદ પામ્યા.

પ્રકરણ ૯ મું.

પિતૃ સેવા.

સુમારે ચાર વાગ્યાનો સમય થયો છે, સફેદ તથા કાળાં વાદળાંઓથી આકાશ આચ્છાદિત થયેલું છે. દક્ષિણ તરફનો થંડો પવન ફુંકવા લાગ્યો છે, એવે વખતે મણિલાલ ઘરમાંથી કંઇ કારણસર બહાર ગયો. અને શામલાલને ચેન નહી પડવાથી ઘરની અગાશીમાં એક પુસ્તક વાંચતો વાંચતો અહીં તહીં ફર વા લાગ્યો. સામેના દીવાનખાનામાં કમળાગવરી હિંડોળાપર બેસી કંઇ લખતી હતી પરંતુ મણિલાલની સ્ત્રીએ હાક માર- વાથી લખવું જેમનું તેમ મુકીને નીચે ગઇ; શામલાલ દીવાન- ખાનામાં જઇ હીંડોળાપર બેસી કમળાનું દફતર તપાસવા લા- ગ્યો તો એક ચોપડીમાં હાથના લખેલા કેટલાક સુબોધક મધુર ગીતો તેના જોવામાં આવ્યા, અને તે વાંચીને મગ્ન થવા લા- ગ્યો. થોડી વારે પાછી કમળા સલજ્જ દૃષ્ટિએ દિવાનખાનામાં દાખલ થઇ. 'મારૂં કાલું ઘેલું લખેલું' વાંચીને એટલો આનંદ

શો ?"કમળાના એવા ધીરા બોલો તરફ શામલાલે ખખાડા કીધા. ચોપડીનાં થોડાં પૃષ્ટ ફેરવી "આહ વળી આ શું! કાલુંઘેલું પણ કરોડોની કિમ્મતનું છે-શાહણપણના સાગર સરખું છે. આહા! આ સુબોધક વાક્ય આપણ બંનેને કેટલું હિતાવહ છે! "ઐહિક જગતના ખરા નિયમ પ્રમાણે જે સ્ત્રી પુરૂષનો પ્રેમભાવ પરસ્પર પૂર્વપણે બેઠેલો છે તેઓ વ્હેલેમ્હોડે પણ તે પવિત્ર પ્રેમનું અપૂર્વ સુખ અનુભવવાને યોગ્ય થઇ ચુકયાં છે; કદાચ એકાએક કાળચક્ર વિલક્ષણ રીતે ફેરવાઇને ભલેને તેઓને ભયંકર વિરહવેદના સહન કરવી પડે, ભલેને નાના પ્રકારના પુષ્કળ સંકટો સોસવાં પડે તથાપિ ખાત્રીથી માનવું કે તેઓ વચેની પવિત્રતા-તેઓ વચેનો પુનીત પ્રેમ તિલમાત્ર કદાપિ કમી થશે નહી." પ્રીયે! તારી જેટલી પ્રશંશા કરૂં તેટલી થોડી બેશક તારી વિદ્વતા અવર્ણિય છે."વખાણી વખાણીને હર વખતે શરમીંદગી બનાવોછો; બસ, પ્રિયુ હવે પુર્ણ કરો; બીજું બોલવાને કંઇ થોડા વિષયો નથી!"મર્યાદશીલ કમળા બોલતી ગાલમાં હસી અને તેનું હંસગતીથી દીવાનખાનામાં ચાલવું તથા પ્રેમ યુકત નેત્રકટાક્ષથી નિરખવું નિહાળી શામલાલનું હૃદય પ્રેમથી ઉભરાઇ ગયું." મને ખરૂં કહો; શું આપ બે ત્રણ દહાડામાં અમદાવાદ જવાનો વિચાર રાખો છો ? (નિચું નિહાળીને)માતા પિતા સુજ્ઞ છે; તેમને અહીં બોલાવો અને લગ્ન પછી આપણે સાથેજ જઇશું. મારા પિતા થોડા દહાડામાં અહીં આવી લગ્ન ની તૈયારી કરનાર છે માટે"-કમળા એટલું અધુરૂં બોલે છે તેવામાં શામલાલ વચે બોલી ઉઠયો,-"લાંબો વખત અહીં બેસી રહેવું યોગ્ય નહીં; મારે અવસ્ય જવુંજ જોઇયે." કમળા ચોંકી અને ઘરના ચાકરે પોસ્ટના સિપાઇ સાથે પ્રવેશ કરીને કહ્યું,-"સાહેબ આ તમારો તાર આવ્યો છે." "હેં! તાર!! અરે વળી શી અવદશા બેઠી!" શામલાલે સહી કરી આપી

તાર હાથમાં લીધો. "પણ પ્રિયે! આ વિઘ્નરાશીરૂપ તાર વાંચ તાં પેહેલાં મને તારાજ સુબોધક વાક્યોમાં એક વાર કહેવા દે કે " કદાચ એકાએક કાળચક્ર વિલક્ષણ રીતે ફેરવાઇને ભલે ભયં-કર સંકટો સોસવાં પડે તથાપિ ખાત્રીથી માનવું કે પુનીત પ્રેમ કદાપિ તિલમાત્ર કમી થશે નહીં." ઠીક, ચાલો ત્યારે હરિઇચ્છા!" એટલું બોલતાંવાર શામલાલના અધિરા હસ્તોએ તારનું પરબીડિયું ફાડયું અને તેમાંથી કાગળ કહાડી તેની આતુર આંખોએ જડપથી ઓળો વાંચી લીધી. તક્ષણે શામલાલ તે જાણે શામલાલજ નહીં એવો ભાસ થયો; તેની મનોવૃત્તિ કેવળ ઉદાસ થઇ રહી; તે દી ગમુઢ–સરખો બની રહ્યો; તેનું મસ્તક તપી ગયું, તેની આંખો લાલ ચોળ–આરકત થઇ, તેનો ચેહેરો ફિકોફચ દીસવા લાગ્યો તેના સર્વાંગે ઘરૂજ વછુટી, અને તે ઉપરા ઉપર દુઃખે દ્ગાર ને નિશ્વાસ નાંખવા લાગ્યો. "નથા" કમળા એવો ગળગળો શબ્દ કહાડી સજળ નેત્રે પાસે આવે છે તેવામાં શામલાલની ચક્ષુમાંથી ચોધારાં આસુઓ ચાલી નિકળ્યા. "પિ–ઈ–તા–શ્રણા–આ–આ–જા રી." અરે પુરૂં સમજી શકાય તેવું વાકય પણ તેના વીલ મુખડામાંથી નિકળી શકયું નહી.. પિતૃશ્રદ્ધાની પ્રબળ લાગણીએ તેના હૃદયને છિન્ન ભિન્ન કરી નાંખ્યું; પિતૃપ્રેમના પ્રબળ ઉ-મળકાથી તેનો જીવ તલસવાને ઝંખવા લાગ્યો; પિતૃભક્તિના અપુર્વ ભાવથી તેને મુંઝારાનો ભયંકર રોગ લાગુ પડી અસહ્ય વેદના ઉત્પન્ન થઇ; પિતૃસેવાની અપુર્વવૃત્તિથી તેના અંગપરનાં રોમાંચ ખડાં થયા; ભુજાઓ ફરકવા માંડી ને ઉર ધડકવા લાગ્યું, તાર વાંચીને જ તેનું અંતઃકરણ તો અમદાવાદ પિતાની પથારી પાસેજઇ પહોચ્યું હતું–તેનો અંતરાત્મા પુજ્ય પિતામાં જઇ વસ્યો હતો પણ અફસોસ! તેનું સ્થુળ દેહ પાંખો વિનાના પક્ષીની પેઠે અત્યારે ભરૂચમાં તરફડવા માંડયું. આંખે અંધારાં આવવાથી લમણે હાથ મુકી ને થોડીવારે ભીંતસરસો નીચે બેઠો, થોડીવારે

કપાળમાં ટપલા મારી દુષ્ટ દૈવને નિંદવા લાગ્યો, થોડીવાર મૌન ધારણ કરી હાથની આંગળીઓના વિચિત્ર ચાળ કરવા લાગ્યો; થોડીવાર જાણે પ્રત્યક્ષ પિતાની પથારી સમીપ બેસીને તેની સેવા કરતો હોય તેમ કાલું ઘેલું બકવા લાગ્યો, થોડીવાર આંખોમાંથી એક સરખો અશ્રુપ્રવાહ ચલાવી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. આ વખતે શામલાલના મનનું સમાધાન કરવાને બાપડી કમળાથી શું બની શકે તેણે પોતાના પાલવના છેડાથી પોતાના પ્રિયકરના આંસુ લુંછયાં. પ્રિયકરને દુઃખી દેખી દુઃખી થઈ-અશ્રુપાત કર્યો અને તેવામાં બહારથી મણીલાલ આવ્યો એટલે તે ત્યાંથી ખસીને શોકગ્રસ્ત ચેહેરે દુર ઉભી રહી. "આમ કેમ? શું છે ભાઇ? શું થયું?" ઇત્યાદિ પ્રશ્નનો મણિલાલને કશો જવાબ મળ્યો નહીં. કમળાએ ઇસારતથી પાસે પડેલો તાર બતાવ્યો તે ઉચકીને તેણે વાંચી જોયો અને ત્યારબાદ તેણે ઘણા ઘણા પ્રકારે શામલાલના મનનું સમાધાન કર્યું. 'સંસારમાં કોઇપણ વાત મનુષ્યને સાધ્ય નથી માટે પ્રભુ પર ભરોંસો રાખી તેના ઇચ્છા અનુયાયી બની મન વાળવું એ સર્વ કોઇનો ધર્મ છે, થોડાજ વખતમાં પિતાને પ્રભુ કૃપાએ જલદીથી આરામ થશે. આપણે બંને પાછલી રાત્રીએ મેલટ્રેનમાં અમદાવાદ જઇશું. જરા તું સ્વસ્થ થા. ગભરાવાનું પ્રયોજન નથી." ઇત્યાદિ દીલાસો આપી મણિલાલ શામલાલને તેના ઓરડામાં લઇ ગયો. શામલાલનું હૃદય કેવળ શોકસદન થઇ રહ્યું હતું તેથી વાળુ કરતી વખતે અત્યાગ્રહથી તે જો કે જમવા તો બેઠો પરંતુ એક ગ્રાસ પણ અનાજ તેના પેટમાં જઇ શકયું નહીં. આથી કમળાનું દીલ દુખાયું; કમળા પોતાની ભાતૃજાયાની સાથે સહિયર ભાવથી વર્તતી હતી. બંનેનો અપાર સ્નેહ હતો તેથી પરસ્પર હરકોઇ વાત કરવાને ઉભયનું મન જરાપણ સંકોચ પામતું ન હોતું. કમળાએ વિશ્વાસ નાંખીને ભાભીને કહ્યું,—"અરરે! તેઓ

આજે મુદલ જમ્યા નહીં. વારતવિક જોતાં હું તેઓના સુખદુઃખ ની ભાગીદાર છતાં હાય હાય! લોકલાજ અને વિનયમર્યાદાથી મારે સસરાજીની સેવાને અંતરવી પડે છે. પ્રભુ તેમને જલદી થી આરામ કરો." કમળાએ એટલું બોલીને ઊંડો વિશ્વાસ નાંખ્યો અને તેની સુજ્ઞ ભાભી તો નણંદના ડહાપણથી એટલીબધી દીંગ થઇ ગઇ કે તેનાથી એક શબ્દ સુદ્ધાં બોલી શકાયો નહીં જમી રહ્યા પછી ઉંઘાવાના હેતુથી બંને મિત્રો પથારીપર આ ળોટ્યા પણ ઉદ્વેગમાં નિંદ્રા કયાંથી આવે? એક શામલાલને જ નહીં પરંતુ મણિલાલના ઘરમાં તમામ માણસોને આજની રાત્ર મહા વેરણ થઇ પડી. મહા મુશીબતે પોણા ત્રણ વાગ્યા અ ને પછી ઉતાવળે ગાડી જોડાવી બંને મિત્રો સ્ટેશનપર ગયા.

મેલટ્રેન બીજે દહાડે સવારના દસ વાગને અમદાવાદ જઇ પહોંચી સ્ટેશનપરથી ગાડી કરી ઝડપથી તેઓ મામુનાયકની પોળ આગળ ઉ તરી પડયા પોળની અંદર દાખલ થઇ શામલાલે મણિલાલ સાથેત્વરા થી પોતાના ઘરમાં પ્રવેશ કર્યો. ત્યાં જઇ જુએ છે તો એકઓરડામાં મરણોન્મુખ થઇ પિતાજી પથારીપર પડેલા છે; કુટુંબના સઘળાં માણસો સુશ્રુષા કરતાં પથારીને વિંટળાઇ વળ્યાં છે. "ભાઇ કેમ છે બાપાને?" શામલાલે પોતાના ભાઇને એટલું પુછીને ટપક. ટપક આંસુ નિગાળ્યાં. ઘરનાં તમામ માણસોના હોશકોશ ઉડી ગયા હતા—શામલાલના પ્રશ્નથી સઘળાં રડી પડયાં. શામલાલ પિતાની પાસે ગયો, "બાપા, બાપા!" પણ બાપાને શુદ્ધિ હોય તો જવાબ આપે ને! "ભાઇ, બાપાની કાલ રાત્રેથીજ વાચા બંધ થઇ ગઇ છે અને બે દહાડા થયા મુદલ તાવ ઉતર્યો નથી." શામલાલની બેહેન બાપડી દીવાળીથી વધારે બોલી શકાયું નહીં. શામલાલ એકી નજરે ધારી ધારીને જુએ છે તો પિતાશ્રીનું શરીર તાવથી તપ્ત થયેલું ભાસ્યું; શ્વાસોચ્છ્વાસનો પ્રભાવ જ- ણાયો; જાણે તેનો આત્મા અકળાતો હોય તેમ "અંઉ"ના

ઉદ્ગારો પણ નિકળ્યાં, અર્થાત પિતાજીની સ્થિતિ ભયંકર રૂપમાં ભાસવા લાગી તેથી શામલાલ ઘણો ગભરાયો અને પોતાના મિત્ર ડોકતર મોતીચંદ ત્રીભોવનદાસશાહને દોડતા સિપાઇથી બોલાવી મંગાવ્યા. ડોકતર આવે છે એટલામાં પિતાજીને પરસેવો વળ્યો. તે શામલાલે એક રૂમાલથી લુંછી નાખ્યો. થોડી વારે તાવ ઉતરી ગયો અને પિતાજીએ શુદ્ધિમાં આવી ડાકતરે આપેલું ઔષધ પીધું: આથી ઘરનાં તમામ માણસો આનંદિત થયા તથાપિ તે આનંદ કેવળ અનિશ્ચિત હતો. પિતાજીને પંદર દહાડા થયા તાપ લાગુ પડયો હતો પરંતુ જ્યારે ભય જેવું જણાયું ત્યારેજ શામલાલને તાર મોકલવામાં આવ્યો હતો. રાત્રીએ વળી પિતાજીના અંગમાં તાવ ભરાયો અને પુનઃ સવારની પેઠે બેશુદ્ધ થઈ પડયા. આનંદ આનંદને ઠેકાણે રહયો અને વળી દોડાદોડી ને ગભરામણ થઇ પડયું. બે દહાડા ગયા ચાર દહાડાં ગયા તથાપિ પિતાજીની હાલતમાં કંઈ સુધારણા થઇ નહીં. આખો દહાડો શામલાલ પિતાજીની પથારી પાસે એક સરખો બેસી રહેતો હતો. રાત્રીએ નિદ્રા અને દિવસે જમવા ખાવાપર પણ પિતાશ્રીના મંદવાડથી તેની રૂચી ઉડી ગઇ. પિતાના પગ દાબવા, પિતાને આ પડખેથી પેલે પડખે ફેરવવા, પિતાને જોઇએ તે વસ્તુ ત્વરાથી લાવી આપવી, પિતાને ખવરાવવું પિવરાવું, પિતાને ઉઠાડવા બેસાડવા ને સુવાડવા, વગેરે પિતાના સંબંધનાં ન્હાનાં મ્હોટાં કામો શામલાલ જાતેજ કરતો હતો. પિતાની બેશુદ્ધિમાં તેના મુખ સામું એકી નજરે નિહાળી નિશ્વાસથી તે અશ્રુપાત કરતો; શુદ્ધિમાં મીઠી મધુરી વાતો કરી તેના દુખી જીવને આરામ આપતો, અકળામણમાં તેનું શરીર પંપાળી રૂડી રીતે લાલન પાલન કરતો, ગભરામણમાં અનેક ઉપચારો કરી અત્યંત કાળજીથી સેવા બજાવતો, અને સત્વર સારા થવાની વખતો વખત ઇશ્વરોપાસના કરતો હતો. સગાંસબંધી, આડોશીપાડોશી અને મિત્ર મંડળ

શામલાલની પિતા પ્રત્યેની સદ્ધા જોઇ તેની ઘણી પ્રસંશા કરતાં અને પરસ્પર કહેતાં હતાં કે "પુત્ર હોજો તો શામલાલ સરખા! સાજે માંદે માબાપની સેવા કરી જે ગુણઓશિંગણુ થાય તેનુંજ નામ સુપુત્ર.-તેનુંજ નામ પુત્રરત્ન." કેટલાક તરૂણ પુરૂષો કે જેઓએ પોતાના પુજ્ય માબાપોની સેવા ચાકરી તો કરવી એક બાજુએ રહી પરંતુ તેમને દુખયાતના આપવામાં મણા રાખી ન્હોતી, તેઓ શામલાલની તેના પિતાપરની પૂર્ણ શ્રદ્ધા અને ભક્તભાવ જોઇ મહા પરિતપ પામતા અને કેટલાક મા-બાપ વિનાના તરૂણો શામલાલનો તેના પિતા પ્રત્યેનો પ્રેમ નિ-હાળી તુરત માબાપોના ઉપકારો યાદ લાવી રડતાં હતાં, એટલુંજ નહીં પરંતુ તેઓને તેઓનું હૃદય ચોકાવતું હતું કે "માબાપ અરેરે પુજ્ય માબાપ-જે કેવળ પ્રેમસાગર હોઇને સંતતિને માટે પ્રાણ સમર્પણ કરે છે, જે પુન્યાત્મા હોઇને સંતતિના શ્રેયને માટે પોતાની આયુષ્યનો ભોગ આપે છે, ને માબાપોના અનંત ઉપ-કારના પેટામાં હાય હાય! અમે તેની સેવા ચાકરીથી પણ વિમૂખ થયાં!!"

આશરે દસબાર દહાડાની અંદર શામલાલના પિતાશ્રીની તબીયતમાં સુધારણા થયા જેવું જણાયું, તાવ બંધ થયો પરં-તુ નંખાઇ ગયેલી કાયા અને અશક્તિથી ખાધેલું બરોબર પાં-ચન થઈ શકતું ન્હોતું. થોડા દહાડા રહીને વળી દૈવયોગે સં-ગ્રહણીનો આજાર લાગુ પડયો. પરંતુ તેમાં ધાસ્તી જેવું કંઇજ ન્હોતું. મણિલાલ તથા બીજા આગેતુ સગાંવાહાલાં કે જેઓ બાહારગામથી આવેલાં હતાં તેઓને વિદાય કરવામાં આવ્યાં. શામલાલના પિતા બરોબર સાડા ત્રણ મહિના સુધી સાજામાંદા રહ્યા કર્યા, અને ત્યારબાદ કેવળ તેને આરામ થયો. તેઓ જ્યારે આજારી પડયા ત્યારે તેમણે છેલી વખતે છ માસની રજા મંજુર કરાવેલી હતી તેથી નોકરીપર હાજર થવાને બે માસનો અવકાશ હતો; એટલા

વખતમાં શામલાલના લગ્ન કરી નાંખવાની તેને પ્રેરણા થઈ. તેણે વિચાર્યું કે "કોને ખબર છે કાલની! મનુષ્યની ઇચ્છા સફળ થવી કાંઈ તેના હાથમાં હોતી નથી. કયે વખતે કઇ જાતના પ્રસંગો કીંવા સુખ દુઃખ આવી પડશે તેનો કશો નિયમ હોતો નથી, માટે મળેલી અનુકૂળતા અને વખત જવા દેવો એ ઇચ્છાને લંબાવી ખાલી પશ્ચાતાપમાં પડવા સરખું છે. દીકરાના લગ્ન કરી આંખો ઠારવી, તેનું સુખ નિહાળી આનંદ માનવો, તેના શ્રેયને માટે યોજના યોજવી એ દરેક માબાપોનું કર્ત્તવ્ય છે, અને તે નિયમિત રીતે કરવુંજ જોઇએ. શામલાલ અને કમળાગવરી જ્ઞાન, માન ને વયમાં સરખાં હોવાથી મને વાસ્તવિક કરતાં વિશેષ આનંદ પ્રાપ્ત થાય છે." ઇત્યાદિ વિચારોથી તેણે કમળાગવરીના પિતાની સાથે લગ્ન સબંધી પત્ર વ્યહવાર ચલાવ્યો અને છેલ્લે માગસર શુદ ૯ નાં લગ્ન નિધાર્યાં.

પ્રકરણ ૧૦ મું.

લગ્નોત્સવ–અપૂર્વાનંદ.

ઠરાવ પ્રમાણે લગ્ન આગાઉ ચોથે દહાડે શામલાલનો બાપ જાન લઇને ભરૂચ જઇ પહોંચ્યો. કમળાગવરીના પિતાએ તેઓને વાજતે ગાજતે શેહેરમાં લઈ જઇ પોતાના બાગમાંના એક બંગલામાં ઉતારો આપ્યો. બંને પક્ષના વેવાહીમંડળ રળિયાત થયાં અને લગ્ન સમારંભની તૈયારી થવા લાગી. કમળાગવરી અને શામલાલ એકબીજાને નિહાળવા અત્યાતુર થઇ રહ્યાં હતાં. બીજે દહાડે શામલાલ કંઇ નિમિત્ત કહાડી પ્રિયાંગનાને મળવા જવા તૈયાર થયો, પરંતુ એટલામાં બાગની પુર્વ દિશાએ એકાએક સુર્યને બદલે ચંદ્રોદય થયો! પોતાની બે ચાર સહિયરો સાથે કુંજવિહાર કરતી શશિવદની કમળા દ્દષ્ટિગોચાર થઈ. નજર એકત્ર થતાંજ બંનોએ ચક્ષુવાટે આનંદ પ્રદર્શિત કર્યો. અત્યારે

કમળાને પંદરમું વર્ષ ચાલતું હતું. તેનું તેજસ્વી સ્વરૂપ તેના પ્રિયકરને આ વખતે અપ્રતિમ નેત્રસુખ આપવા લાગ્યું. તેનું સુકુમાર શરીર, તેનો નાજુક બાંધો, તેનું દીવ્ય સૌંદર્ય, તેનાં પરવાળાં સરખાં અધર, તેના લંબગોળ કર્ણ, તેનાં પાણીદાર નેત્ર, તેનું વિશાળ કપાળ અને હસ્તપાદાદિ અવયવ અત્યારે કેવળ પ્રફુલ્લિત થતાં ગુલાબ પ્રમાણે શોભા આપતાં હતાં. અહા! તેની અવર્ણિય ખુબસુરતી તેના નુતન ખીલતાં ચાલેલા સુંદર ઉરોજદ્વયે, કુરંગશાવ (હરણી) જેવાં તેનાં સતેજ, વિશાળ અને આકર્ણ ચંચળ નયનો, તેની ઉછંકળ વૃત્તિ કેવળ મનમોહક ને મનોહર દીસતી હતી. જેના સુમાગ્ર ભ્રૂ અને નેત્ર મંડળમાં, મદન ધનુષ્ય અને મદનશરને શરમાવવાનું કેવળ સામાર્થ્ય હતું, જેના ભાષણના માધુર્યથી મોહિનીમંત્રનો તો સમૂળો લોપ થયો હતો, તેવી તે હૃદયહારિણી કમળાગવરી, વસંત પ્રારંભે વૃક્ષ વાટિકામાં કુસુમસમૂહથી વિટળાઇ વળેલા અતિચિત્તરંધક આમ્રવૃક્ષના રોપાની માફક સ્ત્રીસમૂહમાં ચમકવા લાગી.

બંગલાની અગાશીમાં એકલો બેસી શામલાલ, કમળાને એકીનજરે નિરખી કાલ્પનિક સુખનો લ્હાવો લેવા લાગ્યો,—"કમળા! અહા! તારૂં નામજ કેવું મધુર છે! પ્રિયે! તારા સદ્‌ગુણ ચાતુર્ય, ને સૌંદર્ય ખરેખર અલૌકિક છે! બેશક તારી . એક નિષ્ઠા અદ્વિતીય છે! ગઇ સાલમાં જ્યારે દુષ્ટોએ તારૂં હરણ કર્યું હતું ત્યારે જો તું ન મળે તો અરે! અવિવાહિત રહેવાનો તો શું પરંતુ તનેજ પ્રાણસમર્પણ કરવાનો મેં દૃઢ નિશ્ચય કર્યો હતો. તું મારી હતી અને પ્રભુ કૃપાથી પાછી મળી! તારાં સરખું ઉમદા સ્ત્રીરત્ન હવે મને પ્રાપ્ત થઇ ચુક્યું છે, તસ્માત આજે ત્રીકાલમાં મનેજ ધન્ય છે! પ્રાણવલ્લભે! તારૂં સ્વરૂપ એટલું તો મનોહર છે કે તે નિહાળતા જો કંટાળો ઉપજે તો પછી મારા જેવો અકલશુન્ય બીજા કોઇનેજ સમજવો નહીં!

જો કે હું અને તું અજરામર નથી પરંતુ તારૂં ચાતુર્ય અધિકાધિક નિહાળવાની મારી લગ્નુતાં કેવળ અત્યારે અજરામર થઈ પડી છે! પ્રત્યક્ષ સદ્‌ગુણની તો તું ખાણુજ છે? તારામાં હું જે જે જોઉં છું તે સઘળુંજ મને અદ્વિતીય ભાસે છે!" એટલામાં કમળાને પોતાની સાહેલીઓ સાથે વિનોદ કરી આનંદ મેળવતી નિહાળી શામલાલનું લક્ષ તે તરફ લાગ્યું પરંતુ ઘણી દુર હોવાથી તેના સાંભળવામાં કશું આવ્યું નહીં. કમળા પુષ્પકયારામાં ફરતી ફરતી એક સાહેલીને કહેવા લાગી,–"બેહેન ગંગા! હજી આ વેલી પાસે આવ્યા નહીં એટલામાં રડયો આ કોણ કાન પાસે ગુણગુણગુણ કરતો ફરવા લાગ્યો છે!! તેને ગુણગુણવાને બીજું ઠેકાણું નથી શું?" "બેહેન! એને ગુણગુણવાને અત્યારે બીજું ઠેકાણું ગમે કયાંથી! તે બાપડાની જગ્યા–જે સરોવરમાંની સુગંધિક કમલિની–તે તો સૂર્ય અસ્ત થયા પછી પ્રફુલ્લિત થનાર; માટે એટલો વખત વિયોગમાં ઝુરી મરવા કરતાં કોઇપણ સ્થળે કાળક્ષેપ કરવાના હેતુથી તે અહીંયા આવ્યો; અહીંયા આવીને આ મોગરાના ફુલના સુવાસથી તે એટલો તો હર્ષઘેલો બની ગયો કે તેને વેલી નહીં દીસતાં, તારી તરફથીજ સુગંધ આવે છે એમ સમજી તારા કાન પાસે ગુણગુણવા લાગ્યો! સમજી કે બાઈ! તારૂં નામજ સક્ષાત્ કમલા! ત્યાં વળી પુછવું શું? (!)"ગંગાના એવા માર્મિક જવાબથી કમળાએ આંખો તાણીને પણ હસમુખે ચેહેરે કહ્યું,–"બાઇ! તને બહુ પ્રપંચો રચતાં આવડે છે.! હું જાણતી નહોતી કે તું આટલી શાહણી થઇ છો! પરંતુ બેહેન? જોને, આ ન્હાના ન્હાના સુંદર પ્રાણીઓને પણ પ્રભુએ સુખદસ્વાદ લેવાને કેવું ચાતુર્ય આપ્યું છે? અહા! તે સુંદર મધમાંખીઓ પેલા મોગરાના પરાગને ચુસી લેવા કેવી ગુંગ થયેલી છે!" ગંગા હસતી હસતી વચેજ બોલી ઉઠી–"બાઇ તેમાં આશ્ચર્ય શું? જે વસ્તુ અધિક સુંદર ને અધિક પ્રિય, તે તરફ કો

નું મન નહીં લાગે વારૂ! નહીં તો જોને આ ઇંદ્રવાયણી શું તે કાંઇ વિચિત્ર રંગના પુષ્પોથી થોડી બ્હેકી રહી છે? પરંતુ તેનામાં સુવાસ નહીં હોવાથી તેના તરફ કોઇ અમસ્થું પણ જોતું નથી! અને આ ગુલાબના છોડનાં પુષ્પો હજુ પૂર્ણ ખીલી રહ્યાં નથી એટલામાંજ તેની સુંદરતા અને સુવાસથી દેખ્ય બ્હેન તું તો શું, પરંતુ તે ન્હાની મધમાંખી સુદ્ધાં લંપટ થઈ ગઇ છો" એવું કેટલુંક સંભાષણ થયા બાદ કમળા પોતાની સાહેલીયોને લઇ ચાલતી થઈ. આથી જો કે શામલાલનું મન દુખાયું પરંતુ કરે શું!

પોતાની એકલપુરી કન્યાના લગ્નોત્સવમાં પુર્ણ લ્હાવો લેવાના કોડથી કમળાગવરીના પિતાએ લગ્નમંડપ મોટે ખરચે શૃંગારવામાં કશી મણા રાખી નહીં. મંડપના સ્તંભોને રંગબેરંગી સોનેરી વર્કના પાનાઓ લગડાવ્યાં, સુશોભિત ચાકળા તોરણો ને હાંડી ઝુંમરો લટકાવ્યાં, નાના પ્રકારની છબીઓ અને જોનારને છક કરી નાંખે તેવા મોટા બિલોરી કાચના આરસાઓ મંડપની ભીંતમાં ઉત્તમ પ્રકારે ગોઠવી દીધાં, લગ્નને દિવસે સંધ્યાકાળના સાડાપાંચ વાગતે જાનીવાસમાં કન્યા તરફની સ્ત્રીઓ આલવોકલવો લઇને આવી અને ત્યારબાદ વરરાજાની સ્વારી ઠાઠમાઠથી તોરણ પધારી; વરરાજાને પ્રારંભમાં સાસુજીએ પ્રેમથી પોંખ્યો અને સાળાએ શુદ્ધોદક છાંટયું ઇત્યાદિ લગ્ન ઉપાંગો તે દહાડે પુરાં થયાં અને રાત્રીએ સર્વ જાનૈયા મંડપમાં જમવા બેઠા. માંડવડિયો અને જાનરડિયો એક તરફ મધુર માંગલિક ગીતો ગાવા લાગી અને સઘળાંનું જમવું જુઠવું પુરૂં થયા બાદ સર્વકો પોતપોતાને સ્થાનકે જઇ રહ્યાં. બીજો દહાડો લગ્નવિધિ કન્યાદાનનો હતો. પાછલા પ્રહરના ચાર વાગતે મંડપમાં કુળગોરે ચોરી ગોઠવી. વધુવરને ત્યાં લાવવામાં આવ્યા અને વિપ્રોએ મંગળાષ્ટકો લલકારવા માંડયા. આ વખતે વરકન્યાના માબા-

પો આનંદથી છવાઇ રહ્યાં હતાં. કમળાગવરીએ સલ્લજદૃષ્ટિથી પોતાના પ્રિયતમને વરમાળ પહેરાવી કે તુરત ચારે તરફ આનંદધ્વનિ થઇ રહી-મંગળવાદ્યો અને રમણિયોના માંગલિક ગીતોથી લગ્નસમારંભ દ્વણુદણી રહયો, એવી રીતે લગ્નવિધિ પારપુર્ણ થઇ રહ્યાબાદ સમારંભમાં એકઠાં થયેલાં સ્ત્રી પુરૂષો દીવાનખાનાની બેઠકમાં ગયાં અને ત્યાં વધુવરને ખાસ ગોઠવેલી બેઠકપર બેસાડયાં. શામલાલ મુબઇની પ્રાર્થનાસમાજનો મેમ્બર હતો તેથી તે સમાજના રા૦ મણેરીકર નામના એક વકતાને લગ્નમાં ખાસ બોલાવવામાં આવ્યો હતો. સારા વિદ્વાન વકતા તરીકે તેની ખ્યાત હોવાથી વધુવરને ઉપદેશના આકારમાં આ સમયે કંઇ કહેવાને બેઉ વેવાઇપક્ષો તરફથી વિનંતિ કરવામાં આવી તેથી રા૦ મણેરીકરે નીચે પ્રમાણે બોલવા માંડયું:-

"હે વિવાહિત સ્ત્રી પુરૂષ! તમો બંનેને આ મંગલ અને ગંભીર પ્રસંગે મિત્ર ભાવે ચાર શબ્દ કહી સંભળાવવાની મારી ઇચ્છા છે, માટે તમે જરૂર તે તરફ લક્ષ આપશો. તમે બાલક તરૂણ છો. વિવાહ ઘણું કરીને તારૂણ્યના પ્રારંભમાંજ થાય છે તરૂણોને સંસાર- પ્રપંચનો અનુભવ હોતો નથી તેથી તેઓમાંના સેંકડે નવાણું જનોને એમજ લાગે છે કે હવે આપણને એક સરખું અવિછિન્ન સુખજ મળ્યા કરશે. સુખ મેળવવાની ઇચ્છા થવી સ્વભાવિકજ છે. પરંતુ તેવાં નવવિવાહિત સ્ત્રી પુરૂષની સુખ વિષેની કલ્પના કહીએ તો માત્ર ધન, વસ્ત્ર અલંકાર, વિષયથી પ્રાપ્ત થનારૂં પ્રાપંચિક સુખ-એટલીજ હોય છે તથાપિ તે સુખ પણ સંસારમાં અવિછિન્ન મળતું નથી. પ્રભુ જે સ્થિતિમાં રાખે તેમાં સંતોષ માનીને રહેવું જોઇએ. ધારો કે કદાચ વસ્ત્રાલંકારની અનુકુળતા ઇચ્છા મુજબ મળી આવી તથાપિ તેથી શું મન સદા તૃપ્ત અને સંતુષ્ટ રહી શકશે કે? કેવળ પ્રાપંચિક અને વિષય સંબંધી સુખથી મન કંટાળ્યા

વિના રહેતું નથી. જો કે એ સુખ અનિત્ય છે, તોપણ પ્રભુ કૃપાથી તે પ્રાપ્ત થયું તો તેથી મનનું જરાપણ સમાધાન થતું નથી એમ તો કહી શકાશે નહીં. પરમેશ્વરની ભક્તિથી પ્રાપ્ત થનારૂં જે નિત્ય અને ખરૂં સુખ તે જો ઘરમાંજ હોય તો, ઘરસંસારમાં સર્વ વસ્તુની અનુકુળતાથી મળતાં સુખનો અંશ વિશુદ્ધ થઇને વિશેષ સમાધાનકારક થઈ પડે છે. તમે આજથી પ્રાપંચિક માર્ગમાં પડયા છો. તમોને હમેશાં સુખજ મળતું રહે એવી મારી ઇચ્છા છે પરંતુ મનુષ્યની ઇચ્છા મુજબ સર્વદા હરકોઇ વાત બની આવતી નથી. સંસાર હમેશાં સુખાવહ થઇ પડશે એવો અદ્યાપ પર્યંત અનુભવ મળેલો નથી. સંસાર ચલાવવો એ પ્રત્યક્ષ પ્રવાસ કરવા સરીખું છે. પ્રવાસમાં માર્ગ ક્રમણ કરતાં ઇંદ્રિયોને કેવળ સુખકારક-એવી સઘળીજ વસ્તુઓ મળી આવે છે એમ સમજવું નહીં. સદા શિતળ વાયું પ્રસરીને શ્રાંત થયેલા શરિરને વિશ્રામ આપે છે, મરજી આવે ત્યાં પીવાને મીઠું પાણી મળી આવવાથી તૃષા શમન કરી શકાય છે, સર્વ સ્થળેજ લીલું કંચન સરખું રમણીય વન દૃષ્ટિએ પડવાથી અતી અલ્હાદ મેળવાય છે, રસ્તામાં ભય ઉત્પન્ન કરનારાં કશાં કારણો કે વિઘ્ન નડતાં નથી, માર્ગમાં વિષમતાનું તો બિલકુલ નામજ મળે નહીં, કોઇપણ જાતની અડચણ આવવાનીજ નહીં એવું સુદૈવ-સુભાગ્ય કોનું હોય છે વારૂં! જે પ્રવાસી હોય છે તેને નાના પ્રકારના પ્રસંગો અને હરકતો નડયા વિના રહેતી નથી. તેનો માર્ગ સદાજ કંટક રહીત-સરળ હોય છે એમ સમજવું નહીં. વાસ્તવિક જોતાં પ્રવાસ કરતાં પણ સંસારમાર્ગ ઘણો વિકટ છે. કયારે નજરચુક થવાથી ગડથોલું ખાઈ ઢળી પડાશે તેનો કશો નિયમ હોતો નથી અને વળી ત્યારે રસ્તો બતાવનાર કોઇ મનુષ્ય પણ સમર્થ હોતું નથી એવો વ્યાસ વગેરે મહર્ષિઓનો અનુભવ છે. આ સંસારરૂપ વિકટ

રસ્તાનો નકશો-એ ધર્મ છે માટે તમે હરકોઇ વખતે ધર્મને અવલંબીને આચરણ કરજ્યો. કેવળ ગાંઠે પૈસા કીધાથીજ સુખ પ્રાપ્ત થાય છે એમ સમજતા ના. ધર્મસંચય ગાંઠે કીધાથી તો માત્ર શાશ્વત સુખ નિઃસંશય મેળવી શકાય છે અને સઘળાં ધર્મનાં ઝરણો જ્યાંથી નિકળે છે તે સ્થળ તે-એકજ અદ્વિતીય પરમેશ્વર છે. તેને તમે આરાધનાથી ઓળખો-મેળવો. તે એક-લોજ તમોને આ લોકમાં અને પરલોકમાં અતિ સહાયકારક અને અત્યુપયોગી થઇ પડશે. તેજ તમોને રૂડો ધર્મ માર્ગ બતાવશે. તમારા સાંસારિક દરેક પ્રસંગો તે મહા બાપ મીઠાં સાકર સરખા બનાવી આપશે. વિપત્તિમાં ધૈર્ય આપશે, સંત્પકાળમાં ક્ષમા આપશે, દુઃખમાં તમારા મનનું સમાધાન કરી તમોને વિશ્રામ તથા સહાય આપશે. મહા પિતા પ્રભુને કદિ વિસરતા ના. મોહક વિષય સુખથી છેતરાતા ના. સકળ સુખ આપનાર માત્ર તે એકલોજ પ્રભુ છે એવો મનમાં દૃઢ નિશ્ચય ને વિશ્વાસ રાખજ્યો તેના તમે ભકિતપરાયણ બનજ્યો. તમારૂં એકમય અતઃકરણ રૂડું ઈશ્વરસ્થાન છે-તમારૂં ઘર પ્રભુનું પવિત્ર દેવાલય છે, એ વાત તમારા અનુભવમાં લઇને તેનાથી તમારા કુટંબમાં ધર્મની સંવૃદ્ધિ કરજ્યો. સંસારમિત્ર તરીકે સુખનાં ત્રણ સાધનો ગણાય છે પૈસા, બાંધવ, અને ધર્મ; તેમાં પેહેલું તો આપણા અંતકાળે ઉંબરાની બહાર પગ સુદ્ધાં મુકતું નથી, બીજું માત્ર સ્મશાન સુધી વળાવવા આવે છે, તથાપિ ત્રીજું જે ધર્મ-તે તો આપણું આ લોકમાં કલ્યાણ કરી પરલોકમાં પણ આપણી સાથે આવેછે.

શામલાલ! તમે સુજ્ઞ છો. મારા ઉપદેશથી કશું વિશેપતા સરખું નથી. વિશેષમાં એટલું કહેવાનું કે આજ તમે આ ગુણ યૌવન સંપન્ન સ્ત્રીનું પાણીગૃહણ કરયું છે, તે અબલા અને અજ્ઞ છે. તેને હવે સંસાર માર્ગમાં તમારીજ સોબત અને ધર્મની ઘણી જરૂર છે. કોમલ વેલીરૂપ સ્વભાવથી તેને હવે જે વૃક્ષ

નો આશ્રય મળવાનો છે તે આધારભુત વૃક્ષ પ્રત્યક્ષ તમેજ છો. હવે તમોને તમારા એકલાંનીજ કાળજી નથી તમારીઆ ધર્મપત્ની જન્મની ભાગીદાર થઇ છે માટે હવે તમારે પોતાના પ્રમાણેજ તેનું કલ્યાણ કરવું. તમે આજ પવિત્ર વિધિથી તેને ધર્મપત્ની કરી સ્થાપી છે, તો યત્નથી તેને તમે ધર્મદાન આપજ્યો અને અબાલા સ્ત્રીને સંસારમાં જે જે પુરૂષની સહાયતા જોઇયે તે તે તમામ તમે પુરી પાડજ્યો. ધર્મસ્થાનાદિકમાં તેને કોઇપણ પ્રકારે અંતરશો નહીં–છળશો નહીં. આ તમારી ધર્મપત્ની સાથે પ્રેમ અને મમતાથી વર્તી તથા પત્નીવ્રતધર્મપાળી તેને સદા સંતુષ્ટ રાખજ્યો.

બ્હેન કમળાગવરી! તમોને પણ બે વિશેષ શબ્દો કહી સંભળાવું છું. આજ સુધી તમારા માતા પિતાએ તમારૂં લાલનપાલન કરી–ઉછેરીપાછેરી મોટાં કરી અત્યારે તેઓએ તમોને સર્વ સાક્ષી પરમેશ્વર સમક્ષ તમારા પતિને સ્વાધિન કર્યા છે. આજથી તમારાપર સર્વ પ્રકારનો અધિકાર તમારા પતિનો છે. માટે હવે તમે તમારા સ્વામિનો આશ્રય મેળવી તેના સમાગમમાં સદા સુખી રહેજ્યો. ધર્માદિ આચારમાં તેનું તમે સહચર્ય કરજ્યો. તમારા પતિ તે તમારા જન્મનું સૈભાગ્ય છે. તમે તેની આજ્ઞા અને સેવામાં રહેજ્યો અને તેની સહાયથી ધર્મજ્ઞાન સંપાદન કરી, જેનાથી પોતાની સર્વ ક્રિયા શુદ્ધ થાય છે અને જે વર્તન સ્ત્રી સ્વભાવને યોગ્ય છે તેવી વૃત્તિ રાખી વર્તજ્યો. સ્ત્રી માત્રને છાજનારૂં અને પુરૂષ પત્નીનાં બંને કુળમાં ભૂષણરૂપ જે રત્ન ગણાય છે તે પાતિવ્રત્ય છે. પાતિવ્રતાધર્મની સ્તુતિ જેટલી કરીએ તેટલી થોડીજ. રૂષિ–મુનીઓએ પ્રશંસા પૂર્વક આ ધર્મનો ઉપદેશ આપેલો છે. પુરાણોએ તેનું મહાત્મ્ય વર્ણવ્યું છે. આજ મિતિપર્યંત આ લોકમાં પાતિવ્રતાધર્મ સ્ત્રીઓનો ઉત્તમ અલંકાર ગણાયલો છે. કડક પાતિવ્રત્ય–એ સ્ત્રીધર્મરક્ષણાર્થે એક

તીક્ષ્ણ ખડ્ગરૂપ છે. પતિવ્રતાને જે બાબતો સાધ્ય હોય છે તે મહા પરાક્રમી પુરૂષો પણ બાહુબળથી મેળવી શકતા નથી; અને તે બાબતનાં પુષ્કળ પ્રમાણો છે. પતિવ્રતાના ધર્મની સિદ્ધિ મહાન છે! એવી ગુજ્યસ્ત્રીપર પ્રભુ સદા પ્રસન્ન રહે છે. તેના ઘરમાં લક્ષ્મી વાસ કરે છે. તેની સંતત્તિ શાહાણી ને સુંદર નિપજે છે. તેના સસરા અને પિયર–બંને કુળને ખરૂં અભિમાન પ્રાપ્ત થાય છે, તે ઘરમાં કેવળ કરતી કારવતી સર્વમાન્ય ને પતિને અતિપ્રિય થઇ પડે છે. તેનો લૌકિક વ્યવહાર સ્તુતિપાત્ર બને છે. તેના સદ્વર્તનું અનુકરણ અન્ય સ્ત્રીઓને અતિ ઉપયોગી થઇ જાડે છે અને તેનું તેજ તેઓમાં પડીને તેઓની અપૂર્વ સુધારણા થાય છે. પતિવ્રતાને ઘરમાં અને અડોશપડોશમાં સન્માન મળે છે અને "ધન્ય તે માતાને!" એવા ઉદ્ગારો સર્વના મુખમાંથી નિકળે છે. સ્ત્રીની કોઈ સંપત્તિ પુછતું નથી–પાતિવ્રત્ય તેજ તેની સાચી સંપતિ છે. પાતિવ્રત્યના પવિત્ર અને સૌમ્ય તેજથી પતિવ્રતા પૂર્ણરૂપમાં પ્રકાશી નિકળે છે–ઉત્તમ રીતે શોભી નિકળે છે. ચંદ્રહાર, હીરાકંઠી, સાંકળાં, નથ, કાંબી કડલાં, ઝાંઝર, ગોખરૂં, કર્ણકાંપ એ જોકે ઉંચ ધાતુના દાગીના હોય છે તથાપિ તે માત્ર પેહેરેલી જગોએ થોડી શોભા આપે છે પરંતુ તેના કરતાં પણ પાતિવ્રત્ય એ અતિ અમૂલ્ય ઉંચી ધાતુ છે અને માત્ર તે એકજ અલંકારની ખોટ ઉપરના કરોડો દાગીનાથી પુરી પડતી નથી. પાતિવ્રત્યરૂપ ઘરેણાની કાંતિ અપરંપાર છે. માટે પાતિવ્રત્યપણું–એજ મુખ્ય ધર્મ તે પતિની આજ્ઞા પાળવી, સ્વામિ સેવા કરવી ઇત્યાદિ અનેક કર્તવ્ય તમે પુજ્ય ભાવથી પાળજ્યો.

છેલે બંનેને થોડુ કહીને મારૂં બોલવું હવે પુરૂં કરૂં છું. આજથી તમારે લીધે તમો બંને પક્ષના કુટુંબો એકત્ર થયાં છે; માટે આ બંને કુટુંબના વડીલ માણસોને તમે માન આપતા

રહેજ્યો. તેઓએ પુષ્કળ ત્રાસ અને નાના પ્રકારનાં સંકટો વેઠીને તમોને નાનાથી મોટાં કર્યાં છે અને આજ તમારૂં મંગળ કાર્ય ઉકેલી તમોને પરસ્પર જન્મના સોબતી બનાવી હવે તમારૂં સુખ નિહાળી પોતાની આંખો ઠારવાની તેઓ આશા રાખે છે. માટે તેઓએ આજ સુધી તમારાપર કરેલો અને હવે પછી કરે તે ઉપકારને કૃતજ્ઞતા પૂર્વક સ્મરવા વિસરશો નહીં. તેઓની આજ્ઞામાં રહેજ્યો, તેઓની સેવા કરજ્યો અને સહાય આપજ્યો. પોતાના ચાકર નોકરપર મમતા અને દયા બતાવજ્યો, તેની કાળજી રાખજ્યો અને તેની હમેશાં ભૂખ તરશ તપાસજ્યો. કોઇ પણ ગરીબ અનાથ માણુસોની હમેશાં મનમાં દયા લાવજ્યો. તેઓ આપણુાબંધુ છે, તેઓને દાનધર્મ આપવાથી તે પ્રભુને પહોંચે છે અને પોતાના ગરીબ બંધુ પ્રત્યેની ફરજ અદા કરી જાણી આંતરડી અવશ્ય દુવા આપે છે એટલુંજ નહીં,પણ તે દાતાને સફળ થયા વિના રહેતી નથી,શિવાય ગરીબગુરબાં-દીન જનોને દાન આપ્યાવિના ગૃહસ્થાશ્રમનું સાર્થક્ય કદી થતું નથી એ ધ્યાનમાં રાખવું. આડોશીપાડોશી લોકોના સંબંધે કદાચ તમોને કાંઇ ઘસારો કે અડચણો ભોગવી પડે તો સંતોષવૃત્તિથી તે સહન કરી ભલાઇ લેજ્યો. બુરાઇથી કદિપણુ ઉન્નત્તિ થતી નથી. ઘરમાં સર્વ સાથે પ્રેમથી હળીમળીને રહી નમ્રતાથી વર્ત્તજ્યો. ગ્રહસ્થાશ્રમ એ પુણ્ય મેળવવાની રૂપાળી જગ્યા છે; તેમાં ઘણી ઘણી સત્ક્રિયા, પરોપકાર અને ધર્મદાન કરવાની સગવડો છે, માટે તે અમુલ્ય લાગ ફોકટ નહીં ગુમાવતાં તેના વડે તમે જરૂર લાભ મેળવજ્યો, અને શ્રીભગવત્પાદકમળમાં સદા લીન રહેજ્યો; આજે તમો દંપતિને ઊપદેશ તો નહીંજ પરંતુ શિખામણરૂપે થોડું કહેવાનો મને પ્રસંગ મળ્યો તેથી ઘણો અત્યાનંદ પામું છું. મારો તમોને આશિર્વાદ છે કે તમો સદા સુખી રહો."

એ પ્રમાણે રા. મણીરીકરનું બોલવું પુરૂં થવા બાદ બેકક-

માં પાનસોપારી, ગુલાબ અતર આપીને મેલાવડો વિસર્જન કર-વામાં આવ્યો. એવી રીતે મહોત્સવ પરિપૂર્ણ થયો અને રાત્રી-એ સર્વકોઇ હર્ષજમણ જમ્યા. બીજે દહાડે પ્રભાતમાં કમળા-ગવરીના પિતાએ જાનને એવી તો સરસ પેહેરામણી આપી કે સર્વકો એકે અવાજે તેની પ્રશંસા કરવા લાગ્યા. અત્યાગ્રહથી બરોબર એક અઠવાડિયું જાન રાખી કમળાગવરીના પિતાએ ગુરૂવારે રજા આપી. વળાવવા માટે કમળાના પિયરનાં સઘળાં માણુસો સ્ટેશનપર આવ્યાં હતા. કમળાની માતાએ આશિર્વાદ આપી સાસરિયામાં સલુકાઇથી વર્ત્તવું—સાસુસસરાની આજ્ઞા ઝડપી લેવી, પતિની સેવા કરવામાં પ્રાણુની આહુતિ આપતાં પણ ડ-ગવું નહી ઇત્યાદિ સુબોધ વચનો કહી સપ્રેમ સજળનેત્રે આ-લીંગન આપ્યું. કમળા પણ ગળગળી થઇ માતાપિતાને પગે લા-ગી. કમળાની ભાભીની તેનાપર વિશેષ મમતા હતી—તે તો થનાર વિયોગના સંતાપથી ધ્રુસકેધ્રુસકે રડવા લાગી; ડાહી ક-મળાએ તેને ધીરજ આપી. સુજ્ઞ શામલાલે સાસુ સસરાને દંડવ-ત્ પ્રણામ કરી પોતાના સાળા અને પ્રિયમિત્ર મણિલાલને કો-ટી કરી હર્ષાશ્રુ નિંગાળ્યા; સર્વ કોઇ પરસ્પર હળીમળી લે છે એટલામાં ગાડીનો વખત થવાથી શામલાલ તરફનાં સર્વ માણુસો ગાડીમાં બેઠાં અને "પધારજો પધારજો" ના અવાજો વચે આગગાડીએ અમદાવાદનો રસ્તો લીધો.

બીજે દહાડે સવારના દસ વાગતે અમદાવાદના સ્ટેશનપર-થી વાજતે ગાજતે શામલાલની જાન પોતાને ઘેર ગઇ. કમ-ળાગવરી સાસરીયામાં માત્ર એકજ દહાડામાં હળીમળી ગઇ. તે-નો મળતાવડો સ્વભાવ, તેનું અપુર્વ ડહાપણ, તેનું મધુર ભાષણ વગેરેથી તે ઘરનાં તમામ માણુસોને અતિ પ્રિય થઇ પડી. જો કમળા આજથી બેચાર વર્ષ પહેલાં લગ્ન એટલે શું, સાસરિયું અને પીયરમાં શો તફાવત, સ્ત્રી પુરૂષનો સંબંધ શો? વગેરે

બાબતો બિલકુલ જાણતી ન્હોતી, તેજ કમળાગવરી હવે-હું યો ગ્ય ઉમરે પહોંચી, મારા લગ્ન થયાં, હવે સાસરિયામાં મારે ઘરધણિયાણીનું જોખમ ખેડવું પડશે, અને ભવિષ્યમાં અન્ય સ્ત્રીઓની પેઠે મને સંતાન થશે તથા તેનું યોગ્ય રીતે લાલનપાલન કરવું પડશે એમ સારી રીતે સમજવા લાગી. જે કમળાને પુર્વે એમ લાગતું હતું કે આપણું પિયર તેજ આપણું કાયમનું ઘર રહેવાનું, તેજ કમળાગવરી હવે સમજવા લાગી કે વિવાહિત તરૂણ અને પુખ્ત સ્ત્રીનું ખરૂં ઘરતો સાસરિયુંજ છે. કેટલીક સ્ત્રીઓ પિયરમાં સ્વેચ્છાચારથી વર્તે છે, પરંતુ તેવા પ્રકારના કશા લાડ સાસરિયાંમાં કરી શકાતાં નથી. જો નઠોર સાસરિયું મળ્યું હોય તો નણંદ, સાસુ અને દેરાણી જેઠાણી મેણાટોંણા મારીને વહુને મહાદુઃખ દે છે, વળી સાસુ સસરાથી ઘણું ડરીને વર્તવું જોઇએ-તેઓને ઉંચે સાદે જવાબ આપતાં ઉપયોગી નહીં, સર્વના દેખતાં પતિ તરફ જોઇ શકાયજ નહીં, તો પછી તેની સાથે બેસવા બોલવા કે હસવા રમવાની વાતજ શી! ઇત્યાદિ કેટલીક બાબતો વણિક જ્ઞાતમાં રૂઢી બંધનને લીધે વ્યવહારિક થઇ પડેલી છે, તથાપિ કમળાને પોતાના સુધરેલા-શાહાણા સાસરિયામાં એવી કશી વિટંબણા ભોગવવાને કદીજ વખત આવે તેમ ન્હોતું. કમળાએ પોતાના સદ્વર્ત્તનથી માત્ર એકજ દહાડામાં સઘળાને ખગ કરી મુકયાં. તેની સલુકાઇ, તેનો વિનય, તેની લાજમર્યાદ એકાદી પુખ્તસ્ત્રીમાં પણ ભાગ્યેજ જોવામાં આવે એવી તો તે સદગુણ સ્વરૂપનો સાગર હતી. સગાં સબંધોને હળવા મળવામાં પેહેલો દહાડો ખતમ થયો-રાત્રીએ ઘરમાંની પુરૂષ મંડળી જમી પરવારી અને સ્ત્રી મંડળ જમવા બેઠું ત્યારે જમતાં જમતાં કમળાના મનમાં વિવાહિત સ્ત્રી પુરૂષના પ્રથમના અલૌકિક મેળાપ સુખની કલ્પના થવા લાગી અને શામલાલની પણ તેવી સ્થિતિ થાય તેમાં નવાઇ શી?

તે તો જમીને પાધરોજ પોતાના શયનગૃહમાં જઈ અતિ આતુરતાથી સુખદ સમયની રાહ જોતો બેઠો હતો. કેટલોક વખત ગયા બાદ કમળાગવરી સલજ દૃષ્ટિએ પાસે આવીને ઉભી રહી. ગતવર્ષે લગ્નમાં આવેલા વિઘ્નના દુખદ સ્મરણે તથા આજના અત્યાનંદે કમળાની સ્થિતિ કેવળ ચમત્કારિક થઇ રહી. "દીનદયાળુ પ્રભુ! તારો અનંત ઉપકાર થયો—અમોને પુનઃ સુખરૂપ મેળવ્યા મહા પિતા!" એટલા ઉદ્ગારો નીકળીનેજ તેનો કંઠ સદરાગદ્દીતથયો, રોમાંચ ખડાં થઈ અંગમાં ધ્રુજ વછુટી, પરસેવો વળીને કપાળપર ધર્મબિંદુ ચમકવા લાગ્યું. અશ્રરોષ્ટ ફરકવા માંડયા અને પગના અંગુઠાથી રૂધીર પ્રવાહનો વ્યાપાર સર્વ નાડીઓમાં ધમધોકાર થવા લાગો. એવો તેને ભાસથયો; ઉપરાઉપરી આનંદના ઉભરાઓ તેના હૃદયમાં એવા તો અપારાઅંધ આવવા લાગ્યા કે તેનામાં ભાષણ કરવાની મુદલ શકિત રહી નહી. કારણ તેનાં વકતૃત્વ શબ્દસ્થાનમાં આનંદ અને આશ્ચર્ય—એવા બે મનોવિકાર પરિપુર્ણ ઠસાઇ ગયાં હતાં, તના અંતઃકરણમાં એવા તો પ્રેમના લોઢ ઉછળવા લાગ્યા કે જેથી આનંદાશ્રુનાં મોતી સરખાં બિંદુઓ તેના ગુલાબી ગાલપરથી પ્રવાહના આકારમાં જો કે ટપોટપ નિચે પડવા લાગ્યાં તથાપિ તેના ઉન્મીલિન નેત્રો શામલાલ તરફ એક સરખાં લાગી રહ્યાં હતાં; કમળાની આવી સ્થિતિમાં શામલાલે પાસે આવીને તેને આલિંગન આપ્યું અને ત્યાર પછીનો સઘળો કાળ તે યુવક યુવતિએ સુખશાંતિની વાતો કરવાગાં તથા સુખદ નિદ્ર લેવામાં નિર્ગમન કર્યો.

પ્રકણ ૧૧ મું,

પુત્ર પ્રાપ્તી માટે બીજી સ્ત્રી!

આ ઐહીક જગતમાં સર્વ વાતે કોણ સુખી છે? કોણ સદા સંતોષમાં રહી પોતાનો સંસારક્રમ સરળતાથી ચલાવ્યાં કરે છે? કોઇ મનનો બળિયો—પ્રવિણ પંડિત છતાં તનનો દાઝે

લો-મહા વ્યાધીથી ઘેરાયલો હોય છે, તો કોઇ મહા ઉદ્યોગી છતાં નિરાશાનો ભોગ થઇ પડી કપાળમાં ટપલાં મારતો માલુમ પડેછે કોઇ સ્થળ સંપત્તિએ સુખી છતાં ગૃહ-ગૃહણીએ પોતાને દુખી માને છે, તો કોઈ સર્વ વાતે અનુકુળતા છતાં વહાલાના વિયોગ થી જુરી મરે છે, ત્યારે કહોને આ ઐહીક જગતમાં સર્વ વાતે કોણ સુખી છે? ઉમેદ મોટી છે પણ તે સાધ્ય નથી. તન નિરોગી છે પણ માનસિક સુખ નથી. વૈભવ ભોગવવાની લલુતા છે પણ જાતે દીર્ઘાયુ નથી, જાતે રંગીલો-ગુલઝાર ગુલહોંશી છે પણ કુભાર્યા કષ્ટનો છેડો નથી, પુત્રો છે તો પૈસો નથી ને પૈસો છે તો પુત્ર નથી માટે પુનઃ પુનઃકહેવાદ્યો કે આ ઐહિક જગતમાં કોણ સદા સંતોષમાં રહી પોતાનો સંસારક્રમ સરળતાથી ચલાવ્યા કરે છે? કોણ સર્વ વાતે સુખી છે? પ્રિય વાંચનાર! સંસારિક ચમત્કારો નિહાળવાનો આપણો મુખ્ય હેતુ છે-ચાલો આજે આપણે મુંબઇમાં ગીરગામપર આવેલી આંબાવાડી તરફ જઇએ. હવે આખરનો ઉનાળો સખ્ત તાપમાં પસાર થવા લાગ્યો છે,-વસંત ખીલવાની તૈયારી છે, આસ્માની રંગના ભોર આકાશમાં નાનિ મોટી સફેદ વાદળિઓની નાનાવિધ ક્રીડાએ કરી અપુર્વ શોભા છવાઇ રહી છે અને અત્યારે ચાર સાડાચાર વાગવાનો અમલ થયો છે. ચાલો, સાંભળો—આ આંબાવાડીના પેલા બંગલામાં કોઇ નિપુત્રિક સ્ત્રી પુરૂષના સંભાષણથી હું ધારૂં છું કે તમારા મનપર કંઇ વિલક્ષણ અસર થયા વિના રેહેશે નહીં.

"હં, હવે હું સમજી, તમારી લબાડી! પુત્ર વિનાના લોકો શું આ પૃથ્વિપર થોડાં પડેલાં છે કે? પુત્ર નથી તો શું થયું આપણી બે કન્યા છે-તેને પુત્ર સમજી સંતોષ માનવો, પરંતુ એમ બને કેમ? જ્યાં તમારે લગ્ન કરી મારી છાતીપર સોંક બેસાડવી છે ત્યાં!" "એમ ચિડાઇ પડવાનું કશું પ્રયોજન નથી. તું વિચારસીલ-સુજાણ છે; માટે મેં તારો મત લીધો-તારા મત

વિના હું કોઇ પણ બાબતમાં હાથ નાંખુ છું શું? અને વળી વાત તો કેવળ તારા સબંધની છે માટે તારી સલાહ શિવાય તે શી રીતે બનવાની હતી વારૂ?" સ્રીના બોલવાનો પુરૂષ શાંતતીથી જવાબ આપે છે તેવામાં સ્રી વચ્ચેજ બોલી ઉઠી,-"આપ મતલબિયા સાથે આપમતલબિયાજ થવું જોઇએ. કપટી લોકો માત્ર પોતાનો સ્વાર્થ સાધવામાંજ મશગુલ રહે છે તેઓને ચાવવાના ને દેખાડવાના દાંત નિરાળા હોય છે; મનમાં કંઇ હોય છે ને કહી સંભળાવે છે કંઇ જુદુંજ! પણ યાદ રાખજો કે એક મિયાનમાં બે તલવાર-" "શ્વાનની પુંછડી વાંકી તે વાંકીજ!" પુરૂષે દુઃખ અને ગુસ્સાથી આગળ બોલવા માંડયું. "માત્ર એકજ વાર સહજ કોઇ માણસની મુલાકાત થાય તો એટલામાંજ તેનો સ્વભાવ જણાઈ આવે છે, પરંતુ તારી ને મારી સોબત તો આજ વીશ પચીસ વર્ષ થયાં એકસરખી છતાં મારી વર્તણુંક કેવા પ્રકારની છે તથા હું તારા પ્રત્યે કેવા પ્રકારનો પ્રેમ બતાવું છું ઇત્યાદિ તું જો કે સારી રીતે સમજે છે તથાપિ આખરે તેં મને કપટીનો કિતાબ આપ્યો? એટલી કાળજી અને ઝંઝાળ રાખવામાં હવે કશો સાર નથી. બે કન્યા છે-તેમાં એકનું લગ્ન થએલુંજ છે અને બીજીના નસીબ બીજીની સાથે! મારૂં મારૂં કરીને ધન મેળવ્યું-પણ ઉપયોગ શો? કોનાં છોકરાં ને કોનું ઘરબાર-સઘળાં ચાર દહાડાના સોબતીછે! કહ્યું છે કે,-

धनानिभूमैपशवश्चगेष्टे, भार्यागृहद्वारिजनःश्मशाने ॥
देहश्चितायांपरलोकमार्गे, कर्मानुगोगच्छतिजीवएकः ॥

સ્રી ગળગળી બનીને બોલી,-"પ્રાણનાથ! એમ કેવળ ઉદાસીન થાઓ નહીં. ખાત્રી રાખો કે હું કેવળ ઘરનાં બારણાં સુધીની સોબતી નથી. કદાચ વિધીએ એવું વિપરિત નિર્માણ કર્યું હશે તો તેવે પ્રસંગે હું આપને તજીશ નહીં-સાથે આવીશ-પ્રા-

ણુદાન દઇશ !(ઉંડો નિશ્વાસ નાંખી મનમાં) રડયું કોણુ જાણે કોઇએ કંઇ ભંભેરી દીધેલું જણાય છે. આજ કેટલાક દહાડા થયાં જયારે ત્યારે સન્યાસ લેવાની અણીપર આવી જાય છે અને એક પ્રકારે તેઓ કહે છે તે વાત પણ ખરી છે ("निपुत्रिक जना सखे" ઇત્યાદિ શ્લોક મનમાં આણે છે) એટલુંજ નહીં પણ પુરાણમાં કહ્યું કે "સત્પાત્ર બ્રાહ્મણ નિપુત્રિકના ઘરની ભિક્ષા (દાન) સુદ્ધાં લેતો નથી. અને અંતકાળે તેઓ નર્કવાસ પામે છે" માટે મારો જન્મ વ્યર્થ છે તેમા કશો શક નથી. અરે પ્રભુ મને પુત્રફળ શા માટે આપતો નથી! બળો આ પેટ!! પરંતુ ઇલાજ શો? પુત્ર પ્રાપ્ત થવો ન થવો એ કાંઇ સાધ્ય વાત નથી. (મોટેથી) નાથ! બીજીથી પુત્રપ્રાપ્તી થશેજ તેની કશી સાબિતી નથી અને તેથી હું જાતેજ મારી છાતીપર સોંક લાવવાની પરવાનગી આપી સુખરૂપ ઘરને કલહનું સ્થાન કરી મુકું એ ત્રિકાળે પણ બનવાનું નથી, માટે દયા કરી તે વાત જવાદો" એવી રીતે તે સ્ત્રીપુરૂષ વાતચિત કરવામાં ગુંથાયાં છે તેવામાં ત્યાં એ તરૂણ પુરૂષો એકાએક દાખલ થયા. " અહો શામલાલ, ઘણે દહાડે કંઇ દર્શન!" " શું કરૂં જેઠાકાકા, કામમાંથી પુરતી. ફુરસદ મળતી નથી. પિતાએ તમોને મળવાનું લખ્યું હતું અને વળી ફરવા જવાનો મણિલાલનો આગ્રહ થયો—અર્થાત "એક પંથ ને દોકાજ" એ કહેવત પ્રમાણે જોગ બની આવ્યો."ત્યાર બાદ જેઠાલાલની સાથે કંઇ ખાનગી વાત કરવાની હતી તે કરી લઇ શામલાલે રજા લેવા માંડી પરંતુ જેઠાલાલનો વિચાર ફરવા આવવાનો જણાયાથી ગાડી જોડાવી તેઓ ત્રણે ચોપાટીને રસ્તે ચાલી નિકળ્યા.

વાંચનાર! વિસ્મય થશો નહીં. લગ્ન થયા બાદ કેટલેક દહાડે કમળાગવરી પિયરમાં ગયા પછી શામલાલે મુંબાઇમાં આવી હાઇકોર્ટપ્લીડરનો ધંધો ચલાવવામાંડયો હતો. તેને મુંબાઇમાં આવ્યે

પુરા ચાર મહિના થયા નહીં એટલામાં મણિલાલ પણ ભરૂચથી મુંબાઇ આવ્યો અને તેણે પણ શામલાલની સાથે રહી વકીલનો ધંધો ચલાવ્યો. આ વાતને અત્યારે દોઢોડ 'વર્ષ થઇ ગયું હતું. વકીલાતમાં શામલાલને સત્વર જશ મળ્યો-તેને દરમહિને બસોથી ત્રણસો રૂપિયા સુધી પ્રાપ્તિ થવા લાગી. હવેથી ખટલા સહિત મુંબાઇમાં રેહેવાનો તેના બાપે આગ્રહ કર્યો અને તે વાત શામલાલે કબુલ કરવાથી ઘર વગેરેની વ્યવસ્થા માટે જેઠાલાલને મળવા તેના પિતાએ લખેલું હતું. જેઠાલાલ "બોમ્બે બરોડા" રેલવેના હિસાબી અધિકારી હતા અને હાલ પણ તેઓ તેજ જગોપર, (તેઓની ઓફિસ અજમેરથી મુંબઇમાં આવવાથી) મુંબઇમાં આવી રહ્યા છે જેઠા લાલ અને શામલાલનો પિતા બાળસ્નેહી હતા.

ગાડીમાંથી ઉતરી સમુદ્ર કીનારાની હવા લેતાં લેતાં દક્ષિણાદા દરવાજાથી બાગમાં પ્રવેશ કરી મધ્યભાગે એક બાંકપર ત્રણે જણા બેસી પ્રથમ સૃષ્ટિસાંદર્યની વાતચિત કરવા લાગ્યા. છેલ્લે શામલાલે ચેહેરાપરથી જેઠાલાલની ઉદાસી ઓળખી કહાડી અને તેમ થવાનું કારણ પુછતાં વાર વિશ્વાસ નાખી કહ્યું,-"અનિયમિત આયુષ્યનો કયારે અંત આવશે તે કોઇથી ધારીશકાતું નથી. આજે છેતાળીશ વર્ષની ઉમર થઇ ત્યાં સુધી સુખદુ:ખ સહન કરીને માણસના ઘાટમાં આવ્યા-લૌકિક વ્યવહાર સંપાદન કર્યો અને પૈસેટકે કંઇ કમી રહી નથી પરંતુ તે તમામશા અર્થનું? પછાડી કોણ ખાનાર છે ?મહા મેહેનતે મેળવેલું સઘળું વ્યર્થ જશે એજ મારા મહાશોકનું કારણ છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે "પુત્ર વિના સત્ગતિ નથી." મણિલાલે ઉતાવળા થઇ ઉત્તર આપ્યો,-"આપ કહોછો તે કેટલેક અંશે ખરૂં છે પરંતુ પુત્ર પ્રાપ્ત થવો એ શું કોઇના હાથમાં છે? તેમજ જો તે સદ્ગુણી નિ

કળે તો ઠીક, નહીંતર પછી,–अजातमृतमूर्खाणांवरमाद्यौनचांतिमः॥ सकृद्दुःखकरावाद्या वांतिमस्तुपदेपदे ॥ १ ॥એવો નિકળેતો ઉપ-યોગ શો? તેના કરતાં પુત્ર ન હોય તો વધારે સારૂ." "વિદ્વાન છતાં તમે હજી બિન અનુભવી તરૂણ છો." જેઠાલાલ જરા ઉશ્કેરાઇ બોલી ઉઠયા,–"ભલો ભુડો તોપણ પોતાનો પુત્ર "જીવતાં પાળશે ને મુવાં બાળશે" એમ રૂષિમુની કહી ગયા છે અને તેના વિના એક પિતાને બીજા કશ્યાંથી તૃપ્તિ નથી. નિર્વંશ મરવું એના જેવું દારૂણ દુઃખ હું બીજું કશું માનતો નથી. પુત્ર પ્રાપ્તિ માટે ગાંડાં ઘેલાં બનીને કઇક માબાપો દેવદાનવોની માનતા માને છે કઇક કરોડોનું ધન ખેરીયાત કરે છે, કંઇક બબ્બે ને ચાર ચાર બાઇડી પરણે છે અને તેમ કરતાં પણ નિરાશા થઇ તો કઇક બાપડાં છેલ્લે વલખી વલખીને દુર્ગતિ પામે છે. તસ્માત્ મારે માટે હવે બીજી બાઇડી પરણવાનો છેવટનો ઇલાજ રહયો છે. પરંતુ શામલાલની કાકી રાજીખુશીથી રજા આપે તેવું જણાતું નથી અને તેથી હવે કરવું શું તે કંઇ સુજતું નથી." શામલાલ સેહેજ હસીને બોલ્યો,–"કાકા,બબ્બે ચાર ચાર બાઇડી પરણવી એ શું મનુષ્યત્વ કહેવાશે? વળી દ્વીતિય સબંધથી પુત્રજ પ્રાપ્ત થશે એવી આશા રાખવી નિરર્થક છે તેમજ પુત્ર વિના સતગતિ નથી એ તમારૂં બોલવું હું વજનદાર માનતો નથી. સંતત્તિના સુખનો રૂડો અનુભવ તમે મેળવેલો છે. જગતમાં મનાતા વાંઝિયા મે-હેણાંના મિથ્યા આરોપે તમને કાંઇ છંછેડયા નથી. જો સમજો તો તમે પુર્ણ રીતે સુખી છો–કશી કમીના નથી. દંપત્તિનું ખરૂં અલૌકિક સુખ આજ તમારા ઘરમાં કલ્લોલ કરી રહ્યું છે અ-ને વળી તેથી વધારે શું જોઇએ? મારા કહેવાથી દુઃખ લગાડતાં નહીં. જો બીજી સ્ત્રી કરશો તો હાથે કરીને સુખનો જીવ દુઃખમાં નાંખશો અને તમોને પાછળથી પરિતાપ પામવો પડશે. બીજી સ્ત્રી કરવી એ કુદરતી કાનુનથી કેવળ ઉલટું છે. આપણી વિવેક

બુદ્ધિ સારૂ કહે છે કે એકજ પુરૂષ અને એકજ સ્ત્રીથી બંધાયલું જોડું જો જીંદગી પર્યંત તેવું ને તેવું નિર્મળ રહે તો તે સુખ શાંતિનો સમુદ્ર અને સકળ સૃષ્ટિની શોભા છે. મારો તો એવો મત છે કે જેણે પરસ્પર પ્રાણ સમર્પણ કર્યા છે–જે કેવળ એ-કાંગી થઇ રહ્યાં છે–જે લગ્નરૂપી પવિત્ર બંધનથી મુખવચનના પાકા દસ્તાવેજરૂપે બંધાયલાં છે તેવાં જોડાંએ સારા માઠા પ્રસંગે પણ એકજ જીવે એકત્ર રહીને એકજ માર્ગે ચાલવું. ખરૂંજ છે કે જગતના અવનવા બનાવોથી ઘણા અપવાદો નડે છે પરંતુ તેવે વખતેજ નિડર રહી ડગવું નહીં તેજ ખરો માનવધર્મ છે. માણસ માત્રને સઘળીજ વાતે અનુકુળતા હોત તો ઇશ્વરી ચાતુર્ય અને જગતના મહત્વને કોણ ઓળખી શકત વારૂ ? પુત્ર પ્રાપ્ત થવો એ જ્યારે અસાધ્ય છે–આપણા હાથમાં નથી ત્યારે તેને માટે ઉદાસીન બની ખેદ કરવો એ કેવળ ડહાપણથી ઉલટું છે. તમારા ઘરના વહીવટથી હું અજાણ્યો નથી. મારાં કાકી સુજ્ઞ ને વિચારશીલ છે. તમો સ્ત્રી પુરૂષનો પ્રેમ કેવળ અપ્રતિમ છે છતાં પુત્ર પ્રાપ્તિની આશામાં લુબ્ધ થઈ સુખશાંતિનો છળ કરી ઉદ્વેગમાં કુદી પડ્યું એ ભવિષ્યમાં મહા દુઃખદાયક અને લજ્જાસ્પદ પરિણામ નિપજાવનાર નિશાની છે. જેમ દરિદ્રતા પ્રાપ્ત થઈ, માટે ચોરી કરવાથી માણસ નિરપરાધી ઠરી શકતો નથી, તેમ પુત્ર પ્રાપ્ત થતો નથી માટે બીજી સ્ત્રી કરવાથી માણસ કદીપણ ઇશ્વરી કાનુનમાં નિરપ્રાધી ગણી શકાયજ નહીં, પુત્ર પ્રાપ્તિને અર્થે બીજી બાઇડી પરણેલા સઘળા પુરૂષોની આશા ફલીભુત થયેલીજ છે એવો અનુભવ અદ્યાપિ આ જગતમાં આવ્યોજ નથી. પુત્રને બાહાને એકાદી પ્રેમળ–પતિવ્રતા સ્ત્રીનો છળ કરવો એ મહા નિંદ્ય કર્મ છે માટે આશા છે કે મારા બોલવા તરફ તમો જરૂર લક્ષ આપશો અને દ્વીતિય સબંધ કરવાની વાત પડતી મુકશો. હું આજ લાંબી મુદત થ-

થાં તમારી સાથે હળીમળી ગયો છું અને વળી તમે પ્રાતિની નજરે મને મિત્ર તરીકે ગણ્યો છે-હરેક કામમાં સલાહ લ્યો છો તેથી અત્યારે આટલું બોલવાની છુટ લીધી છે તો હું માનું છું કે તે બાબત તમોને કશું માઠું લાગશે નહીં." "એમાં માઠું લાગવાનું કશું નથી." ઓશિયાળા બનીને જેઠાલાલે જવાબ વાળ્યો.; "હું આ બાબતપર હજી વધારે વિચાર કરીશ. વખત વધારે થયો છે-માટે કેમ હવે ઘર તરફ જઇશું કે?" જવાનું બહાનું કહાડી જેઠાલાલે અણગમતું કથન ઉડાવવા ધાર્યું. શામલાલે કહ્યું,-"આપ સુખેથી સીધાવો. અમારે જરા ગામદેવી તરફ કામ છે માટે અહીંથીજ છુટા પડીશું." ત્યારબાદ સર્વેએ પરસ્પર સાહેબ સલામ કરી પોતપોતાનો રસ્તો લીધો.

રસ્તે ચાલતાં શામલાલ અને મણિલાલ, જેઠાલાલના સબંધનીજ વાતો કરવા લાગ્યા. મણીલાલ બોલ્યો,-"હું નહીં ધારતો હતો કે જેઠાલાલ સરખા કેળવાયલા ગૃહસ્થના આવા નાદાન વિચારો હશે!" "ગમે તેમ હો પરંતુ જો તે બીજી સ્ત્રી કરશે તો તેનું પરિણામ મહા ભયંકર આવ્યા વિના રહેશે નહીં." શામલાલ આગળ બોલવા લાગ્યો,-"તેનો અને હાલની તેની સ્ત્રીનો અગાધ પ્રેમ છે. પુત્રપ્રાપ્તિની લલુતામાં તે પ્રેમસિમાનું ઉલંધન કરવા તૈયાર થયા છે. પરંતુ ખચિત પાછળથી તેને મહા પરિતાપ પામવો પડશે. બીજી સ્ત્રી કર્યા પછી તે સ્ત્રીના કેટલાંક દહાડા તો બાળછંદમાં જશે, પરંતુ જેમ તેમ તે તારૂણ્યના રંગમાં આવતી જશે તેમ તેમ સ્વભાવતાઃજ પતિનું મન પોતા તરફ ખેંચ્યા વિના રહેશે નહીં. પ્રથમ જેઠાલાલ પોતાની નુતન પ્રિયા તરફ આડી નજરે જોશે પણ તેટલેથી તેના મનથી ઇચ્છા તૃપ્ત થશે નહીં. તેનું જોબનસ્વરૂપ-તારૂણ્યનું તેજ, તેનીઉછંકળવૃત્તિ, તેનું બોલવું, હસવું ને નાનાં પ્રકારનાં નખરાં અહોરાત્ર તેના મનમાં ઘોળાયાં કરશે અને તેથી અરેરે તેની બાપડી સાધ્વી-પતિવ્રતા સ્ત્રીની શી ગતિ

થશે!! ધારો કે કદાચ જેઠાલાલ તેના પ્રત્યે ઉપર ઉપરથી પ્રેમ મમતા બતાવતો રહેશે પરંતુ જેણે પ્રેમના ખરા સ્વરૂપનો નાનપણથી પાકો અનુભાવ મેળવેલો છે તે તેવા કૃત્રિમ પ્રેમને ઓળખી કહાડ્યા વિના કદાપિ રહેશે નહીં અને તેથી તેને અપાર દુઃખ પ્રાપ્ત થશે. બંને સ્ત્રીઓ સહજ વાતમાં મ્હેણાં ટોણાં મારી વઢશે અને પુત્ર પ્રાપ્તિ થતાં પ્હેલાંજ જેઠાલાલનો ઘરસંસાર કેવળ શોકસદન થઇ પડશે. નિત્યનો કંકાસ અંતે તેને પસ્તાવો પમાડયા વિના રહેશે નહીં. નવી લાડકી બાઇડીપર તેઓ દાબ રાખી શકશે નહીં અને જુનીને તેનાથી કશું કહી શકાશે નહીં. અર્થાત "ગળે ગાંઠ ને મ્હોડે ડુચો" તેવી તેની દુઃખદાયક ગતિ થશે. ખરૂં કહું છું કે બીજી સ્ત્રી કરવી એ સાપના દરમાં હાથ નાંખવા જેવું છે પરંતુ આજ આ પણી શિખામણ તેને કડવી ઝેર જેવી લાગે છે ત્યાં ઇલાજ શો? વળી રવિવારે તેઓની પાસે જઇને વધારે સમજાવીશ-જો માનશે તો ઠીક છે, નહી તો ધણીનો કોઇ ધણી છે?" એ વિગેરે બીજી કેટલીક વાતચીત કરતાં તેઓ બંને પોતાને ઘેર આવી રહ્યા.

જેઠાલાલ શાંત,વિચારવંત પણ અતિશય ધર્મ ભોળો હતો. તેના મનમાં પાકું ઠસી ગયું હતું કે "નિપુત્રીક માણુસ અંતકાળે નર્કવાસ પામેછે." (!)તેથી પુત્રપ્રાપ્તિને માટે તે અત્યંતુર થઇ રહ્યો હતો. રાત્રે ચોપાટીપરથી ઘેર ગયા બાદ આખી રાત તેને મુદલ ચેન પડયું નહીં. અને બીજે દહાડે પ્રભાતમાં ઘરની પરશાળપર તે જેવો દંતધાવન કરવા બેસેછે તેવામાં એક જોશી મહારાજ "शतंजीव शरदोवर्धमानः इ०" આશિર્વાદ આપીને ઉભો રહયો. "ક્યાંથી આવ્યા શું જાણો છો મહારાજ!" એમ પુછતાં વાર "ભિક્ષૂક વૃત્તિથી ભટકતો ફરૂં છું અને જોતીષ વગેરે જાણું છું." એવો જોષીએ જ્વાબ વાળ્યો. જેઠાલાલે જોષીજીને આદરથી પોતાની જોડમાં બેસાડયા કે તુરત તેઓએ ગપાષ્ટીક ગોળાઓ ગબડાવવા માંડ્યાં! પ્રથમ તો "यस्यांगू

ष्टपूर्णयवद्धर्यवर्तते" યવ ઘણાઓના હાથપર હોયછે પરંતુ જેઓના હાથપર ઘઉંની આકૃતી પ્રમાણે સ્થૂળ રેષાથી પૂર્ણ થયેલો હોયછે તેઓ કદી અપયશ પામતા નથી. આપ પુર્ણ ભાગ્યવાન જણાઓછો. નેવું વર્ષની આવરદા છે. બે પુત્રનું સુખ છે–પણ તે દ્વિતીય સંબંધ-થી પ્રાપ્ત થશે. અને મારી સત્યતાની ખાત્રી થવા કહુંછું કે,

"यावन्मात्र छेदः वामेवामेतत्वेधेनजले मृत्युसमादिशेत्" અઢારવીશવર્ષનીઉમરે એકવારઆપનું પાણીમાંઅપમૃત્યુગયું હોવું જોઇએ," જોશીમહારાજનું બોલવું પોતાનાવૃતાંતસાથે કેટલુંક મળતું આવવાથી જેહાલાલે ખુશી થઇ તેઓને સારી દક્ષિણા આપી વિદાય કર્યા. બીજીસ્ત્રીથીજ પુત્રપ્રાપ્તિ છે એવા જોશીના શબ્દોએ તેના મનપર તત્કાળ વિલક્ષણ અસર કરી. બીજી સ્ત્રી પરણી પુત્ર મેળવવાની તેની આતુરતાએ લાગલાજ પ્રબળ થઇ તેને કેવળ આંધળોભીંત બનાવ્યો; જોકે તેના કેટલાક વિચારવંત મિત્રોએ તથા આપણા સુજ્ઞ શામલાલે રવિવારે તેને ઘણો સમજાવ્યો પરંતુ તે તરફ દુર્લક્ષ કરી પોતાની નાતના કોઇએક નિર્ધન માણસની કન્યા, પુષ્કળ ધન આપી તે પરણ્યો.

પ્રકરણ ૧૨ મું.

વેશ્યાગમન–સત્યાનાશ!

વકીલીનો ધંધો ચાલાવ્યાને આશરે અઢી વર્ષ વીતી ગયાં અને હવે આપણો શામલાલ પોતાના સંસારક્રમમાં આગળ વધવા લાગ્યો. કાલબાદેવીપર ગાયકવાડીમાં એક મોટું ઘર ભાડે લઇ તેમાં પોતે, મણિલાલ અને મોહનલાલ પોતપોતાના કુટુંબ સહિત સાથેજ રહ્યા; અને સુસંપ તથા પ્રેમથી તેઓની ત્રિપુટી—બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પેઠે અખંડાનંદ ભુવનનું સ્વર્ગીય સુખ ભોગવવા લાગી. તેઓ ત્રણે જો કે સાથે રહેતા હતા

પરંતુ તેઓએ પોતપોતાનો ધંધો અન્ય વકીલોની પેઠે નિરનિરાળોજ ચલાવ્યો હતો. ઓફીસમાં કે કોર્ટમાં જવા માટે ત્રણેના ભાગમાં એક સ્વતંત્ર ગાડી ઘોડો રાખ્યો હતો, તેથી તેઓ ઘેરથી સાથેજ નિકળી સાથેજ પાછા આવતા હતા. એક દહાડો સ્માલકાજ કોર્ટમાં એક મુકરદમામાં શામલાલ તથા મણિલાલને વધારે રોકાણ થવાથી મોહનલાલ માટે હાઇકોર્ટમાં ગાડી મોકલાવી આપી અને મુકરદમો ખલાસ થયા પછી તે બંને મિત્રો પગે ચાલતા ઘર તરફ વળ્યા. જેવા તેઓ ગાયકવાડીના નાકા નજદીક આવે છે, તેવાજ એક પોલીસના સિપાઇએ હનુમાનગલીમાંથી આવીને તેઓને પોતાની સાથે આવવાને વિનવ્યા; તેઓ વગર બોલ્યે તેની સાથે જઇ હનુમાનગલીમાં આવેલા એક ભાટીયાના સુશોભિત ઘરમાં દાખલ થયા; તો ત્યાં તેઓને અદ્ભુત સંસારદર્શન દૃષ્ટિગોચર થયું. કમોતે મુવેલી-પચીશ સતાવીસ વર્ષની એક સુંદરીનું પ્રેત દીવાનખાનાની વચમાં પડેલું હતું. એક બાજુએ કુટંબના બૈરાંઓ અને બીજી બાજુએ પુરૂષો ધુસકે ધુસકે રડતાં હતાં; પ્રેતની જોડમાં "દાટ વળ્યો રે દીકરી!"એવા અવનવાં વાક્યો પોકારી તે તરૂણીનો બાપ ભીંત સાથે માથું અફાળતો હતો, અને તેના ખોળામાં બેસી એક પાંચ છ વર્ષની બાળકી "દાદા, મા હજી ઉંઘાયલી કેમ ઊઠતી નથી? એને હું ઉઠાડું?" એવા વગર સમજણના પણ નિર્દોષ-દયાજનક શબ્દો બોલી, તેનો કશો ઉત્તર નહીં મળવાથી અકળાઇને રડી ઉઠતી અને તે જોઇ ત્યાં બેઠેલાં સર્વકો છાટી ફાટ રૂદન તથા અપાર અશ્રુપાત કરતાં હતાં. પ્રેતની નજદીક મુકેલા બાંકપર બહારના બેચાર મરદો તથા ટેબલ સાથની બે ખુરસીઓપર એક કોનસ્ટેબલ અને જુરીકારોનર દાકતર બેઠેલા હોવાથી તે તરૂણ બાઈએ આપઘાત કર્યો હશે, એવું શામલાલે તથા મણિલાલે અનુમાન કર્યું અને તે ખરૂં ઠર્યું.

રીવાજ મુજબ મેમ્બરો એકઠા થયાબાદ બેઠેલી જુરીએ તપાસ ચલાવવા માંડી. પ્રથમ તે બાઇના ધણી તથા તેની નણંદની જુબાની લેવામાં આવી અને તેમાં, પોતા પ્રત્યે પોતાના ધણીનો અણગમો હોવાથી મુંઝાઇને તેણીએ (સોમલ) વિષ ખાય આપ ઘાત કર્યો એમ જણાઇ આવ્યું. છેલ્લે જુરી પોતાનો અભિપ્રાય આપી પ્રેતને દહન કરવાની પરવાનગી આપે છે, એટલામાં એક પડોશણ બાઇ આંખમાંથી દડદડ આંસુ ગાળતી અને થરથર ધ્રુજતી જુરી હજુર આવીને બોલી; "સાહેબ, આ મારી બેહેનપણી સુશીલ અને ભણેલી સુજ્ઞ હતી. તે વખતોવખત પોતાનું દુઃખ મારી પાસે રડતી અને ત્યારે હું તેને શિખામણ આપી શાન્ત કરતી હતી આજ દશ વર્ષ થયાં મારે તેનો સમાગમ છે. ગઇ કાલે તે અત્યંત ખિન્ન વદનની પણ ક્રોધીષ્ટ જણાયાથી મેં તેને તેમ થવાનું કારણ પુછ્યું પરંતુ તેનો કશો જવાબ નહીં આપતાં, પોતે કેમ જાણે સદાને માટે વિખુટી પડતી હોય તેમ ઇચ્છા મુજબ કાલું ઘેલું બગબડવા લાગી, તેના વિયોગથી મને દુઃખ ન થાય એટલા સારૂ આ ઐહિક જગતના મિથ્યાપણાનું વર્ણન કરી મને કેટલોએક ઉપદેશ આપ્યો અને આંખમાં આંસુ લાવી પોતાની બાળકીના ઊપરાઉપર ચુંબનો લીધાં. ત્યારબાદ તે પોતાના ઓરડામાં કંઇ લખવા બેઠી અને મને તેડું આવવાથી હું મારે ઘેર ગઇ." આ હકીકત સાંભળતાં વાર જુરીના પ્રમુખે બાઇનો ઓરડો વગેરે તપાસાવ્યા, તો બિછાના નીચેથી એક પત્ર મળી આવ્યો; તેમાં નીચે પ્રમાણે લખેલું હતું.

"વિવાહિત સ્ત્રી પુરૂષ જો પોતાનું કર્ત્તવ્ય ન સમજે તો તેઓનો સંસાર મહા દુઃખદાયક અને હલાહલ વિષવ્યાપાક બને છે, એવી જે ઋષિમુનીની વાણી તે મારા સંબંધમાં સિદ્ધ થઇ ચુકી છે. બુરાં બાળલગ્નથી મારૂં જીવતર અર્થ રહીત થયાં છ-

તાં વીધિથી નિર્માણ થયેલા પતિ પ્રત્યે હું અતિ મમતાથી વ-ર્તતી હતી; તથાપિ તે કઠોર -હૃદયનો આખરે મારો થયોજ નહીં! સ્ત્રીની મહાત્તા અને શોભા તેનો સ્વામિ છે. છતાં મારી શોભા મહત્તાનો તે પોતેજ નાશકારક થઇ રહયો. સ્ત્રીનું દીવ્ય સ્વરૂપ પાતિવ્રત્ય છે છતાં મારા રૂડા શિયળનું સેવન રક્ષણ નહીં કરતાં ઉલટું તેને સ્થાનભ્રષ્ટ કરવાને તેણે કશી મણા રાખી નહીં. લ-ગ્નમંડપમાં કુળદેવ સમિપ લીધેલી પ્રતિજ્ઞાનો ડગલે ડગલે ભં-ગ કીધો સુખ દુઃખની ભાગીદાર બનાવવાને બદલે સદા ધિક્કા-રની નજરે નિહાળ્યું; પ્રેમ મમતાથી વર્તવાને બદલે સદા કંકાસ વિખવાદ ચાલુ રાખ્યો; મુખથી કદિ હાસ્ય-વિનોદ કીધો નહીં, જીભથી કદી મધુર શબ્દો ઊચર્યો નહીં, અને ભુજાથી માર મા-રવા શિવાય તેનો કદી બીજો ઉપયોગ કર્યો નહીં; તો હાય! એ-વો વગર પૈડાનો લથડતો સંસારરથ આ જગતમાં કયાં સુધી મુસાફરી કરી શકે? આ જગતરૂપી જમીન એવા હુંઠા હળની ખેડથી સુપીક શી રીતે બને? તોફાની વંટોળિયાથી ઘેરાયલું-ચં-કડોળે ચઢેલું સંસારનાવ આખો ભવસાગર શી રીતે પાર ઉતરી શકે? જેનું અંતઃકરણ અપાત્રમાં પડવાથી કાટ લાગી ખવાઇ ગયું છે, જેની મનોવૃતિ દુષ્ટબુદ્ધિના પરિબળે શુષ્ક-વિચાર શુન્ય બનેલી છે, જેનું લક્ષ દુરાચારમાં પ્રવૃત્ત થઇ નમાલું-અર્થરહિત બન્યું છે એવા પતિના સમાગમમાં રહીને પ્રેમળ અંતઃકરણ ને કયાં સુધી ઉદ્વેગ-સંતાપનું સ્થાન કરી મુકવું? કયાં સુધી પ્રેમવિમૂખ બની વિષાદવહોરી લેવો? તેના કરતાં બેહેતર છે કે "નહિ દેખવું, નહિ દાઝવું" એ વાકયને તેના ખરા આકાર-માં મુકી પોતાનું સુઝતું કરી લેવું. પરણ્યા પછી જ્યાં સુધી મારો સસરો જીવતો હતો ત્યાંસુધી તેમની ધાકથી મારો પતિ મારા પ્રત્યે સલુકાઇથી વર્તો, પરંતુ તેઓના મૃત્યુ પછી પોતા ના હાથમાં દોલત આવ્યા બાદ કદી પણ તેનો જીવ ઘરમાં ટ-

કર્યો નથી. દુરાચારી મિત્રોના સહવાસે કરી વેસ્યાગમન અને અમનચમનમાં સઘળી દોલત ફના કરી ભિક્ષુક બન્યો-રહેવાનું ઘર ટળ્યું, ને ખાવાને પાસે પાઈ સરખી રહી નહીં; તથાપિ મારી છેલ્લી શિક્ષારૂપ વિનતિનો તેના દુષ્ટ કૃતઘ્ન -હૃદયે સ્વિકાર કર્યો નહીં અને તેનું પરિણામ ઉલટુંજ આવ્યું! મારાં ઘરેણાં દાગીના વેચી પેલી તેની સર્પ સ્વરૂપ ઠઠાની ડાકણ (વેશ્યા) નું ડોઝરૂં ભર્યું, મારા જૈફ પિતાએ દયા લાવી પોતાના વિલમાં મારા નામપર લખી રાખેલું મારા હિસ્સાનું ઘર (હાલ અમો રહીએ છીએ તે) અમોને રહેવા આપ્યું તથાપિ તેમાં પણ મારા આ સદ્‌ગુણી-શુરા સ્વામિએ લાલબાઇ (અગ્નિ) મુકી! તેની રાંડને ઘરમાં બોલાવી મારી નજર સામે રે! હાય! મારી છાતીપર આડો વ્યવહાર ચલાવવા લાગ્યો અને તે મારાથી નહીં સહન થઇ શકવાથી મેં મારો પ્રાણ-વિસર્જન કર્યો છે. મારી પાછળ મારો સ્વામિ સદાચરણથી વર્તી સુખી થાય એજ મારી ઇચ્છા છે. હું ધારૂં છું કે મારૂં મૃત્યુ તેના પરિતાપનું મહાકારણ થઇ પડશે, અને તેથી કદાચ તે સુધરશે, માટે સરકારે તેને કશી શિક્ષા કરવી નહીં; કારણ જો તે સમજે તો આ થયેલી શિક્ષા કંઇ ઓછી નથી." આવી રીતે આ પત્ર જુરી તરફથી મોટેથી વંચાઇ રહયો કે તુરત ઘર આખામાં મહા કળાહોલ થઇ રહયો અને જુરીએ લગલાંજ એકમત થઇ અભિપ્રાય તથા પ્રેત દહન કરવાની પરવાનગી આપી પોતાનો રસ્તો લીધો.

દુરાચારમાં પ્રવૃત્ત થયેલા પૈસાનો મિથ્યા વ્યય કરનારા, વેસ્યાગમનમાં ચકચુર થયેલા પોતાના ઘરસંસારનું સત્યાનાશ વાળનાર અકલશુન્ય માણસોપર ટીકા ચલાવતા શામલાલ અને મણિલાલ પોતાને ઘેર જઇ પહોંચ્યા. રાત્રીએ જમ્યા પછી ત્રણે મિત્રોએ એકત્ર મળી તેજ બાબતપર બોલ

વાગાંડયું. પોતાની દેવાંગના સરખી ધર્મપત્નિનો ત્યાગ કરી પોતાની જીંદગીની ભાગીદાર-રે અર્ધાંગનાનો છળકરી જે દુષ્ટ-કૃતઘ્નિ લોકો પોતાના સાંસારીક સુખ વૈભવના કટ્ટા શત્રુ થઇ બેસે છે, તે લોકોથી તેમનાં કુટુંબ, જ્ઞાત, સ્વદેશને કેટકેટલી હાની છે તે વિસ્તારથી જણાવી શામલાલે સખેદાશ્ચર્યથી કહ્યું,-"જે પ્રેમને મુદલ સમજતી નથી, જે કેવળ દ્રવ્યની દાસી-દ્રવ્યનેજ દીલ આપનારી છે, જે ગૃહિણીના પવિત્ર નામનો સમુળગો લોપ કરનારી છે, જેનું અંતઃકરણ પ્રેમને બદલે હલાહલ વિષથી આચ્છાદિત થયેલું છે, જે શરિરીક બાંધાથી કદાચ પઘણી લેખવાને યોગ્ય છતાં દુષ્ટાચારથી સંખણીની સંજ્ઞા પામી છે, અને જેણે સ્ત્રી નામને શોભારૂપ જે શીયળ-વૃત, વિવેક-વિનય અને મર્યાદ-લજ્જા, તેનો ત્યાગ કરી પોતાની કુળ મોટપને કલંકિત કરીછે: માબાપને કુટુંબ કબીલાનું જેણે ગૌરવ ઘટાડયું છે, જેણે જન્મભુમિને અળખામણી કરીછે તેવી એક દુષ્ટ, પાપીણી, સર્પિણી, સંખણી જે વેસ્યા, તેમાં લુબ્ધ થયેલા પુરૂષોને હું શાની ઉપમા આપું? તન, મન અને ધનની પ્રત્યક્ષ ખરાબી છતાં પ્રેમરહિત ભ્રષ્ટસ્થાનમાં તેઓની મનોવૃત્તિ કયા ભાવથી ભ્રમણ કરતી હશે? સ્વપત્નીનો પુનીત પ્રેમ-નિત્યનો પ્રેમ તજીને "દામસે સલામ" કરનારી કર્કશાના કૃત્રિમ કામના મિષથી તેના ભોગીયો યાદ રાખવું કે સ્વપ્ને પણ કદી સુખી થતા નથી! પોતાની પતિવ્રતા-સાધ્વી સ્ત્રીનો છળ કરી, અસંખ્ય ધણી કરનારી વેસ્યા-રે વેશ્યા કદાપિ કોઇની થઇ નથી અને થશે પણ નહીં, તથાપિ તેનો જે આદર કરે છે તે ભુમિને ભારરૂપ-પથ્થર કરતાં પણનિરૂપયોગી બની મનુષ્યપણુથી પતીત થઇ દુર્ગતિ પામે છે-રૈ રૈ નર્કયાતના ભોગવે છે." શામલાલ હજુ આગળ બોલવાનો હતો પરંતુ તેને એટલેથીજ અટકવું પડયું. સામેના ઘરમાંથી કોઇએક બાઇ હાંફળીફાંફળી આવીને કમળાગવરીને કહેવા લાગી,-"બાઇ, તમે જો કે થોડા દહાડા થયા અમારા પડોશમાં રહેવા આવ્યાં છો, પરંતુ તમારૂં

ભલપણુ અને પરગજુપણું ઉત્તમ રીતે જણાઈ આવ્યું છે. અમે અત્યારે એવા તો વિપરીત વખતના ભોગ થઇ પડયા છીએ કે અમારી યથાસ્થિત હકીકત શ્રવણ કર્યાથી કઠોર હૃદયના માનવિયોને પણ દયા આવ્યા વિના રહેજ નહીં. મારા પિતાને ગુજરી ગયે આજ ચાર વર્ષ થવા આવ્યાં, એટલામાં તેમની મોટી દોલત મારા એકલપુરા ભાઇએ ફના કરી નાંખી. ઇંદ્રની અપ્સરા સરખી રૂપવાન અને સદગુણી-જેને પુરાણ પ્રસિદ્ધ સીતા, તારા, દ્રૌપદી આદી સ્ત્રીઓની ઉપમા શોભે એવી ઘરમાં સ્ત્રી છતાં નઠારાભાઇબં-ધોની સોબતથી વેસ્યાના છંદમાં પડયો, જો હું બધી હકીકત કહેવા બેસું તો તેને માટે કેટલાક દીવસ જોઇએ અને અત્યારે બિલકુલ વખત નથી. ટુકામાં એટલું કહું છું કે આજ બે ચાર મહિના થયા તો છેકજ બાજી બગડી છે આશરે બે કલાકપર એટલે નવ વાગ્યાને સુમારે સઘળા મિત્રો એકઠા થઇ દારૂની બાટલી-ઓ ઉડાવી-રડયા છાકટા થઇ મને અને મારી ભોજાઇને મારવા લાગ્યા. ઘરનાં હાંડી જુમરો તોડી-ફોડી નાંખ્યા. મારા કાળમુખાં ભાઇએ તેજોરીમાંથી તેની સ્ત્રીના તમામ દાગીના તેનાં મિત્રોને સ્વાધિન કરી આપ્યા અને અધુરામાં પુરૂં સઘળાના દેખતાં તે બાપડીના અંગપર આંચકો મારી ચંદનહાર તોડી નાંખ્યો. તેના કર્ણફુલ તથા નથને જુંટી લીધાં અને તેથી નાક કાન ચીરાઇ જવાથી તે બાપડી નિચેષ્ટિત થઇ ધરણીપર ઢળી પડી. (રડે છે) ત્યારબાદ તેના સુવાના ઓરડામાં તેની સ્ત્રીને કેદી બનાવી બારણાપર તાળુ લગાવ્યુ અને મને રસોડાના થાંભલા સાથે બાંધીને, તેનું સત્યાનાશ જાય કે મુવા સઘળાઓ ચાલતા થયા. આશરે અર્ધો કલાક ગયો નહીં એટલામાં મારા ભાઇના એક પોપટ નામના મિત્રે ઘરમાં પ્રવેશ કરી મારી ભોજાઇનો ઓરડો ઉઘાડી તેના પર બળાત્કાર ગુજારવા લાગ્યો. મહા મેહેનતે દાંતે કરીને મેં મારા હાથ છોડયા અને બંધનમુકત થતાં વાર-છરા લઇને નહાસી

તમારે ચરણે આવી છું. તે દુષ્ટ કદાચ મારી ભોજાઇનો જીવ લેશે માટે કૃપા કરી તમારા ધણી તથા દિયરોને કહો કે તેઓ અત્યારે અમારા રક્ષક અને સહાયક થઇ પડે. હાય હાયા અમે કેવળ નિરાધાર–નિરાશ્રીત છીયે. અમારી વારે ધાઓ!! " એટલું બોલીને તે બાઇ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. આ હકીકત શામલાલ મણિલાલ, તથા મોહનલાલના સાંભળવામાં આવતાં વાર તેઓના સંતપ્ત થયેલાં શરીરપર રોમાંચ ખડાં થયાં. તેએ ત્રણે મુઠીઓ વાળીને દોડયા અને મોહનલાલે છોકરવાદપણે "પકડો હરામીને!" એવી ચીસ પાડી. તેઓ ત્યાં પહોંચી વળે છે, એટલામાં ઘોંઘાટથી પેલો દુષ્ટ માણુસ પોબારા ગણી ગયો ઘરમાં પ્રવેશ કરી તેઓ નિહાળે છે તો એક બાવીશ વર્ષની નિર્દોષ સુંદરી અવ્યવસ્થિતપણે તેના શયનગૃહમાં બેભાન પડી હતી. તેના મ્હોંપર શીણુ આવી રહ્યાં હતાં ને નાક કાનમાંથી રકતધારા વહેતી હતી. મણિલાલે ઘુંટણુપર બેસી તેને પવન ઢાળ્યો. શામલાલે નાડી તપાસી અને મોહનલાલે પાણી લાવીને તેના મુખપર જરા છંટકોર્યું. એવી શુશ્રુષાથી થોડી વારે તે બાઇ શુદ્ધિમાં આવી. શામલાલે તે નણંદ ભોજાઇને દિલાસો આપી અનેક પ્રકારે તેઓના મનનું સમાધાન કરી કહ્યું,–"તે દુષ્ટોને જલદીથી પકડવા જોઇએ, નહિતર સર્વ દાગીના ધુળધાણી કરી નાંખશે. બેહેનો, તમે હવે બીલકુલ ગભરાતાં નહીં. મોહનલાલ તમારી પાસે બેસશે અને અમે બંને પોલીસની મદદ લઇ તેઓની પાછેળ પડીએ છીએ હં, પણ બેહેન તેણે રાખેલી રાંડ કયાં રેહેછે, અને તેનું નામ શું?" "નામ તારા; પણ તે ક્યાં રહે.છે તે અમે જાણુતા નથી." એવો જવાબ મળતાં વાર શામલાલ અને મણિલાલ ચાલી નીકળ્યા.

ઘોબીતળાવપરનો પોલીસ ઇન્સ્પેકટર ક્રોગી સાહેબ શામલાલનો મિત્ર હોવાથી તેની પાસે જઇ સઘળી હકીકત નિવેદન કરી અને ત્યારબાદ તેને સાથે લઇ તારા નાયકણીનો શોધ કરતા કર-

તા તેઓ ગામદેવીપર જઇ પહોંચ્યા. ત્યાં તારાની ભાળ લાગતાં વાર તેઓ તેને ઘેર જઇ જુએ છે તો બંધ બારણે અંદર કંઈ ગડબડ થતી તેઓના સાંભળવામાં આવી. બારણામાં ઉભા રહી સ્તબ્ધપણે સાંભળવાને શામલાલે સર્વને સૂચના કરી અને ત્યાં આ પ્રમાણે તેઓએ સંભાષણ સાંભળ્યું.—"અર્ધા કલાકથી આવી બેઠેલો છતાં નિચું ઘાલી શા ગહન વિચારમાં પડી છે? પ્રિયે! તારે માટે હજાર રૂપિયાની થેલી કુરબાન કીધી છે! અને વળી મારે માટે આ પેહેલ વેહેલોજ પ્રસંગ છે—અદ્યાપિ કશો અનુભવ મેળવ્યો નથી. રસપાન તારાથીજ કરવા ધાર્યું છે. માટે હે નુતન પ્રિયે, અબોલ ન રહે! જેમ ચંદ્રબિંબથી અમૃતશ્રાવ, તેમ મુખચંદ્રથી અધરામૃત નિર્માણ થાય છે, જેમ ચંદ્રબિંબ રોગીને આરોગ્ય કરે છે તેમ હે ચંદ્રમુખી! મારા સરખા મદનશરથી જખમી થયેલા રોગીને તારા સુંદર મુખડા શિવાય બીજું એકે ઔષધ નથી—મને પ્રેમથી આલિંગન આપ!" મણિલાલે શામલાલના કાનમાં ધીમે અવાજે કહ્યું:—"પ્રેમ અને "પ્રિયે" એવા શબ્દોને બદલે દુષ્ટ "દ્રવ્યહારિણી" કાંવા "કુલટા"નું વિશેષણ કેમ લગાડતો નથી? પૈસા વિના તે શું ઉભો રહેવા આપવાની હતી કે!! " શામલાલે અચરતી તથા ઉદ્વેગથી "ભાઇ, આ કોઇ મારો ઓળખીતો આદમી જણાય છે!" એવો ખિન્નવદને જવાબ વાળ્યો અને પાછું અંદર બોલતાં સ્ત્રી પુરૂષો તરફ લક્ષ લગાડ્યું. "આગ લાગો તે તારા હજાર રૂપીઆની થેલીમાં! પાપિષ્ટ! મેં તને હજારવાર કરગરીને કહ્યું છે કે હું વેસ્યા નથી. એક કુળવંત વણિકની કન્યા છું અને દુરદૈવે આ વેસ્યાને ત્યાં પાનું પડયું છે,! દુર રહે દુષ્ટ! મને સંતાપવામાં તું કશું હાંસીલ કહાડવાનો નથી!" "તારા એ તારા! મારા હજાર રૂપીઆ પાછા આપ; હું તો મારે આ ચાલ્યો" તે સ્ત્રી પુરૂષના ઓરડામાં પ્રવેશ કરી તારા ક્રોધથી

આરડવા લાગી. "રાંડ તને દુઃખમાંથી છોડાવી તેનું આ ફળ આપે છે કેમ! કલદાર રૂપીઆ ખરચવા પડયા છે કંઇ તું ફોગટ નથી આવી! ઉઠ; શેઠનું દીલ ખુશ કરે છે કે નહીં! નહીં તો દીઠી છે આ છરી!!" આ સાંભળીને ફ્રીમી સાહેબથી રહી શકાયું નહીં-તેણે ક્રોધિષ્ટ બનીને એવા જોરથી બારણામાં પગની લાત્ત મારી કે અંદરની સાંકળ ખીલા સાથે ઉખડી પડી! બારણું ઉઘડતા વાર એક સોળવર્ષની સુંદરી ઓરડાના એક ખુણામાં અશ્રુપાત કરતી દ્રષ્ટિગોચાર થઇ. ફ્રીમીસાહેબે તારાના હાથમાંથી છરી ઝુંટાવી લીધી અને તેને ઝકડી બાંધી કેદી બનાવવાને માણસોને હુકમ આપ્યો. "હાય! આ તો આપણો પરમાનંદ!! સત્યાનાશ વળ્યું!!" એવા સંતાપજનક ધીરા ઉદ્દ્ગારો કહાડી લમણે હાથ મુકી શામલાલ નીચે બેઠો. મણિલાલ ચોંકીને શામલાલને "શું થયું, શું થયું!" એમ ઉપરા ઉપર પુછવા લાગ્યો અને તેનો કશો પ્રત્યુત્તર નહીં મળતો જાણી ફ્રીમીસાહેબ પણ ગભરાઇને તેની જોડમાં આવી બેઠો. એટલામાં લાગ જોઇ પેલા પરમાનંદદાસે પલાયણ કર્યું-પાછલે બારણેથી તે એવો તો નાઠો કે પાછળથી ફ્રીમીસાહેબે તેનો ઘણો શોધ કર્યો, છતાં તે હાથ લાગ્યોજ નહી. ત્યારબાદ ફ્રીમીસાહેબે તેને પુછવાથી પેલી અબલાએ પોતાનું વૃત્તાંત નિવેદન કરવાનો પ્રારંભ કર્યો "હું ભરૂચના એક વ્યાપારીની કન્યા છું. આજરે ત્રણ ચાર વરસ થયાં માબાપથી વિખુટી પડી મહા કષ્ટ ભોગવું છું. તેઓ બાપડાં તો મને મરી ગયેલીજ સમજતાં હશે. (રડતાં રડતાં) મારી એક પ્રાણપ્રિય સહિયરના લગ્નને આગલે દિવસે મારૂં અને તેનું સાથેજ દુષ્ટોએ હરણ કર્યું હતું અને તે બાપડીના શા હાલ થયા હશે તે પ્રભુ જાણે! હરણ કરનાર દુષ્ટોના બંને પક્ષમાં અમે બને નિરનિરાળી વહેચાઇ ગઇ અને ત્યાર પછી અનેક અસહ્ય વિટંબણાઓ વેઠયાં બાદ જે

ડોસી ઢોંગ કરી અમોને બાગમાંથી લઇ ગઇ હતી, તેજ રંડા-
એ મને અહીં લાવી આ વેશ્યાને ત્યાં વેચી નાંખી. અહીંયા પેલા
તરૂણ માણુસને હું આવી ત્યારથી આવતો જતો દેખતી હતી.
તેણે આજે હજાર રૂપીઆ લાવી આપ્યા-અને મને તેની રાંડ
તરીકે રહેવાને વેશ્યાએ ફરમાવ્યું, ત્યારપછીની હકીકત શી બની
તે તમારા જાણવામાં છેજ." "શું તમારૂં નામ લલિતાબાઈ!"
શામલાલે આશ્ચર્યથી પુછયું અને લલિતાબાઇએ લાગલાજ તે-
ને ઓળખી કહાડી-કમલાગવરીના કુશળ ખબર પુછી તેનાં ત-
થા મણિલાલના સજળનેત્રે ઓવારણાં લીધાં. ફીગી સાહેબને
શામલાલે સઘળી હકીકત જણાવ્યા બાદ મણિલાલ સાથે લલિ-
તાગવરીને કમળાગવરી પાસે ઘેર મોકલાવી દીધી. ફીમી સાહે-
બે શામલાલને કહ્યું-"આપણે જેનો શોધ કરવા આવ્યા હતા.
તે વાત તો એક બાજુએ રહી પરંતુ વચે કંઈ અદ્ભુત બના
વનાજ દર્શન થયાં." "હા, પણ હવે આપણે તે વાતનો તાત્કા-
ળ શોધ કરવો જોઇએ.?" શામલાલના બોલવાપરથી ફીમી સા-
હેબે તારાને બીજી તારા કયાં રહે છે વગેરે ખબર પુછવાથી
માલુમ પડયું કે બીજી તારા તે ઘરની સાંમેજ રહે છે. તેણે
એક તરૂણ ભાટીયા ગૃહસ્થને શેઠ તરીકે રાખ્યો છે પરંતુ તે
આજ પંદરદહાડા થયા મહાલક્ષ્મી અને પરેલના રસ્તાપર આવેલા
કોઈ એક પારસીના બંગલામાં જઇ રહી છે. તેથી આરોપી તા-
રાને પોલીસ કચેરીમાં લઇ જવાનો સિપાઇને હુકમ આપી ફી-
મી સાહેબ તથા શામલાલ વિક્ટોરિયામાં બેસી મહાલક્ષ્મી તરફ
ચાલી નિકળ્યા.

ફીમી સાહેબ તથા શામલાલ મહાલક્ષ્મી મુકીને પરેલ
તરફ જાય છે એટલામાં વચે એક વિલક્ષણ બનાવ બન્યો.
"હાય બાપુલિયા ઓય ઓયરે હાર મુઓ! ઘરનો અને ઘાટ
નો પણ રહયો નહીં! અરેરે! હવે હું શું કરૂં ને કયાં જાઉં! પેટ

પાટા બાંધીને પેદા કરેલા પૈસાની મને વધારે વેદના નથી પ- રંતુ લેણદારોને મ્હોડું શી રીતે બતાવીશ? જીવીને હવે શું કરવું છે? મોત ભલું રે મોત ભલું! આવે વખતે મોત ભલું!! ચંડાળે દગો દીધો! અરે "અતિ લોભ પાપનું મૂળ" એ વેદ વાકય મેં મુર્ખાએ કેમ ન જાણ્યું! દૈવજ રૂઠયો ત્યાં ઈલાજ શો!" એમ બોલતો, રડતો ને લથડિયાં ખાતો એક માણસ છા- તીમાં મુષ્ટીપ્રહાર કરી જમીનપર પછાડી ખાઈ પડયો અને એ ક તેના બીજા સાથીએ સુબોધ આપી તેના મનનું સમાધાન કરવા માંડયું. આ બનાવ જોઈ ક્રીમી સાહેબે ગાડી ઉભી રખા વી અને શામલાલે તો ચકિત થઈ ચાલતી ગાડીએ કુદી પડી "કેમ લવજીભાઈ! શું થયું અત્યારે અહીંયાં કયાંથી?" એમ પુ છવા માંડયું. "અરે ભાઈ, સઘળું નખોદ વળી ગયું! અમે જે ચાલીમાં રહીએ છીએ તે ચાલીની પાછલી બાજુએ કોઈ એક પાનાંચંદ નામનો માણસ નવિન રહેવા આવ્યો હતો. પ્રથમ તે મારી દુકાનેથી રોકડે નાણેથી સામાન લેતો હતો અને પછી વિ શ્વાસ બેસવાથી મેં તેને ઉધાર સામાન આપવા માંડયો. આવી રીતે તેની સાથે સરાસરી દોઢેક માસ વહીવટ ચાલ્યો. તેનો દમામ તથા શાહુકારીપરથી મને તે પ્રમાણિક માણસ જણાયો એક દિવસે તેણે મને કહ્યું,-"કાઠિયાવાડના કોઈ અમુક ગીરાસી યાને ત્યાંથી મારી વિધવા શેઠાણીને લેણાના બદલામાં દાગીના આવેલા છે. શેઠાણી ભોળી ભટક છે અને તેનો મારાપર પુ- ર્ણ વિશ્વાસ હોવાથી તેના ઘરમાં મારા શિવાય બીજો કોઈ ક- તોકારવતા નથી. માટે જો તમારી મરજી હોય તો માત્ર ત્રણ હજાર રૂપીઆમાં પાંચ હજારના દાગીના વેચાથી અપાવું અને નફામાંથી આપણા બંનેનો અર્ધોઅર્ધ ભાગ. મેં એ વાત કબુલ કર્યા પછી તેણે મને ડાબલો ભરીને દાગીના બતાવ્યા તેથી તેપર લોભાઈને મેં મારી બાયડીના દાગીના વગેરે ગીરવી મુકી

ને તથા બાકીના કરજે કહાડીને ત્રણ હજાર રૂપીઆ એકઠા કર્યા. ગઇ કાલે પાનાચંદ મારી દુકાનપર આવ્યો અને અમે તેની શેઠાણીને ત્યાં જવાને તૈયાર થયા પરંતુ મને સેહેજ ભ્રમ આવવાથી જોડે માત્ર બે હજાર રૂપીઆ લઇ બાકીના હજાર રૂપીઆ હું આપણા પરમાનંદને આપી ગયો. મારા મિત્ર આ તલકચંદભાઇને સાથે લઇ અમો પેલા બંગલામાં ગયા તો ત્યાં કોઇ શેઠાણી દૃષ્ટિયે પડીજ નહીં. થોડીવારે અમોને દીવાનખાના માં બેસાડી પાનાચંદ ઉઠીને અંદરના ઓરડામાં ગયો અને એવામાંતો નાગી તલવાર હાથમાં લઇ બે માણસો અમારી પાસે આવી કહેવા લાગ્યા,-"છોડ દો રૂપીઆ! નહીકર જીવ જાયંગે" મેં ગભરાઇ ને રૂપીઆ આપ્યા અને ત્યાર પછી ત્યાંથી અમે જીવ લઇ ને નાઠા" આ હકીકત સાંભળીને શામલાલે, લવજીને "દુઃખપર ડામ" આપવાનું દુરસ્ત ધારયું નહીં—તેણે ઉપદેશકારક ચાર શબ્દો પણ નહીં બોલતા "હશે; થવા કાળ!" એમ કહી તેના ઉદ્‌વેગને ઓછો કરવા યત્ન કર્યો. "ચાલો, તમે બંને ગાડીમાં બેસો અને કયાં એ બગલો છે તે બતાવો." ફીગી સાહેબના એમ કહેવાથી લવજી તથા તેનો મિત્ર બેઠા પછી ગાડીએ રસ્તો લીધો. આશરે અઢી વાગતે લવજીએ બતાવેલા બંગલામાં તેઓ જઇ પહોંચ્યા. અંદર પ્રવેશ કરી જુએ છે તો અસહ્ય- જોઇને ચિતરી ચઢે તેવો દુઃખદાયક પ્રકાર તેઓની દૃષ્ટિયે પડ્યો. આખું દીવાનખાનું આરક્ત થઇ ગયું હતું અને પાયરી- પર તો રકતના રેગાડા ચાલી રહ્યા હતા. ત્રણ જુવાન પુરૂષો ધડ—શિશથી જુદાં પડેલાં રકતબોળ હાલતમાં કપાઇ મુવેલા અને એક આદમીએ પોતાના હાથેજ પેટમાં પીસ્તોલ મારી પ્રાણ વિસર્જન કરેલો જણાતો હતો. આ પ્રકાર જોઇને ફીગી સાહેબ તથા શામલાલની ચક્ષુમાંથી ચોધારાં આંસુઓ ચાલી નિકળ્યાં. વધારે શોધ કરતાં બંગલાના બીજા માળપર કંઈ ગડ-

બડ થતી જાણવામાં આવી. ક્રીમી સાહેબ અને શામલાલ ત્યાં જઇને જુએ છે તો એક ખુણામાં એક પચીશ તીશ વર્ષની સ્ત્રી તાજેજ હાથ કપાએલી—એવી ખંડિત હાલતમાં—"ઉં હું અ-રર!" ના ઉદ્દગારો કહાડતી એક બિછાનાપર પડેલી હતી અને જોડમાં બેસીને એક પુરૂષ તથા બે બીજી ડોસીઓ કાળાં સાહી સરખાં મુખડાં કરી ધુસધુસ બારીક અવાજે વાતો કરતાં હતાં ક્રીમી સાહેબે "ગભરાશો નહીં-તમારૂં રક્ષણ થશે" એવા અ-ભયકારક શબ્દો કહી ત્યાં પ્રવેશ કર્યો. વાતચિત્તપરથી જણાયું કે તે ઘવાયલી ઓરત તારા નાયકીણ હતી. અને કપાઇ મુવે લાં દુષ્ટોમાં પોપટ, પાનાચંદ, હોરમસજી અને જે ગૃહસ્થના શોધને માટે શામલાલ તથા ક્રીમી સાહેબ આવ્યા હતા તે કાળીદાસશેઠ—એ ચાર જણાઓ હતા, વેશ્યાગમનમાં આ સઘળું સત્યાનાશ વળ્યું હતું. આખરે બંગલાની ઝડતી લેતાં એક કબાટમાંથી કાળીદાસશેઠની નિર્દોષ સ્ત્રીના સર્વે દાગીના હાથ લાગ્યા. પરંતુ ઉપયોગ શો? જેનાથી દાગીના શોભનાર—એવા સૌભાગ્યનું તેના દુષ્ટ દુર્દૈવે હરણ કરી લીધું. વેશ્યાગમનમાં કાળીદાસ શેઠે જીવ ગુમાવ્યો. એક પુરૂષ બે બુઢી ઓરતો તથા તારાને લઇ થોડી વારે સઘળાંઓ નીચે આવ્યાં અને ત્યાં વધારે તપાસ કરે છે તો એક રૂમાલમાં બાંધેલા લવજીના બે હજાર રૂપીઆ પણ મળી આવ્યા. ક્રીમી સાહેબે ગ-હાલક્ષ્મીના પોલીસ કોન્સ્ટેબલને આરોપિ લોકોને સ્વાધિન કર્યા અને ત્યારબાદ તેઓ સઘળા ઘર તરફ (મુંબઇ) આવવા નિકળ્યા. કાળીદાસશેઠની તરૂણ સ્ત્રીને કાળિદાસના મરણના દુઃખદાયક સ-માચાર કોણે અને શી રીતે આપવા ઈત્યાદિ વિચારમાં રસ્તે આવતા શામલાલ કેવળ દીંગ થઇ ગયો. તેઓ સઘળા ગીરગા-મમાં પ્રવેશ કરે છે એટલામાં બરોબર સાડા છ વાગ્યાનો અ-મલ થવા આવ્યો લવજીને ઉતારવા માટે જેવી તેના ઘર આ

ગળ ગાડી ઉભી રાખવામાં આવી કે તુરત તેઓના કાનપર લ-વજીના ઘરમાં પડી રહેલું પોકરણુ અહડાયું. "વળી શા ભોગ લાગ્યા!" ભયભિત થઇને સઘળાઓ ગાડીમાંથી ઉતરી ઉપર ગયા અને ત્યાં જઇને જુએ છે તો આંગણામાં મહા વિપરિત પરિણામ–અરે હાય, લવજીનો વડીલ પુત્ર પરમાનંદ –મૃતશાત પડેલો હતો. લવજીની સ્ત્રી જમનાબાઇના રૂદનનો પારાવાર નહોતો. બાકીના બીજાં ભાયભાંડુઓ ધુસ્કે ધુસ્કે રડતાં હતાં. આડોસી પડોસી લોકોનું ટોળું એકઠું થઇ "અરેરાટ" ના ઉદ્ગારો કહાડતું હતું. પરમાનંદના મુડદાના ગળાપર ફરતો લાલ કાપો પડેલો દ્રષ્ટિગોચર થતો હતો અને તેથી અનુમાન થઇ શકતું કે તેણે ફાંસી ખાય જીવ આપ્યો હશે. આ સઘળું વેસ્યાગમનથી સત્યાનાશ વળ્યું હતું. શામલાલે રાત્રીએ નાયકણીને ત્યાં નિહાળ્યાથી શરમનો માર્યો અથવા તો હજાર રૂપીઆ ગુમાવ્યા તેના પરિતાપથી તરણુ પરમાનંદે મુઝાઇને આપઘાત કર્યો, દીકરાના. મૃત્યુથી બાપડો લવજી ગાંડાતુર બની ગયો. ફોમી સાહેબે લાગલાજ ઝુરી ભરવાનો બંદોસ્ત કરી આપી પ્રેતદહન કરવાની પરવાનગી આપાવી; કારણ તે સર્વ બાબતથી જાણીતો હતો. આખો દહાડો લૌકીક શોકમાં શામલાલે ખતમ કર્યો, અને તેના કુટુંબ, મિત્ર, સંબંધી આદિ મંડળમાં હાહાકાર વર્તાઈ રહયો. કાળીદાસશેઠનું ઘર પણ હડહડતું શોકસદન થઇ રહ્યું. પ્રિય વાંચનારા ફરી ફરી કહેવા દ્યો કે આ સઘળું વેસ્યાગમનથી સત્યાનાશ વળેલું હતું!!

પ્રિયવાંચનારા ચાલો હવે આપણે શામલાલના ઘર તરફ વળીએ. શામલાલના ઘરમાં લલિતા અને કમળાગવરીનો મેળાપ કંઇ વિલક્ષણ પ્રકારનો થઇ પડયો. મણિલાલે જ્યારે લલિતા સહિત ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે કમળાગવરી લલિતાને નિહાળી દીગમુઢ સરખી બની રહી. મુંગે મ્હોડે, અધિરી સ્થિર આંખે, આતુર

-હૃદયે, કાંપતી ભુજાએ અને આશ્ચર્યજનક વદને જ્યાંની ત્યાં તે સ્તબ્ધ થઇ રહી. પોતે સ્વપ્નાવસ્થામાં કે કોઇ પણ પ્રકારની ભ્રાંતિ કારક છાયામાં નથી એવી જ્યારે એની ખાત્રી થઇ ત્યારે તેની છબીનો રંગ બદલાઇ ગયો–તેણે દોડીને પ્રિય સહચરી કમળાને દ્રઢ આલિંગન આપ્યું, ચક્ષુથી ટપકટપક અશ્રુપાત કર્યો અને ગળગળે અવાજે પ્રભુનો પાડ માન્યો. લલિતાના મનનું મધુર શબ્દોથી સમાધાન કરી -હૃદયના ઉમળકાથી ઓવારણા તથા મુખચુંબનો લીધાં અને તેના આજ સુધીના વર્તમાન જાણવાની લઘુતા પ્રદર્શિત કરી. લલિતાના આગ્રહથી પ્રથમ કમળાગવરી એજ પોતાનું વૃત્તાંત નિવેદન કર્યું અને એટલામાં દીનમણીનો ઉદય થયો. "પ્રાણનાથ, હજુ કેમ આવ્યા નહી?" એવો કમળાગવરી મણિલાલને કાળજીદર્શક પ્રશ્ન કરેછે એટલામાં લવજીને ત્યાંથી પરમાનંદના મૃત્યુના સમાચાર લઇ એક માણસ હાજર થયું. મણિલાલ તથા મોહનલાલ પોત પોતાની પત્ની સહીત તુરત લવજીને ઘેર જવા નિકળ્યા. કમળાગવરી લોકીકે ગઇ નહીં કારણ તે ગર્ભવંતિ હોવાથી તેને આઠમો મહિનો ચાલતો હતો. શામલાલ કમનસીબ લવજીના શોકસદનમાંજ શોકાવતારે આખો દહાડો ગુજારી મોડી રાતના ઘેર આવ્યો. આગલી રાતના જાગરણથી તથા દીવસ આખાના શોક પરીશ્રમથી તે કેવળ થાકી ગયો હતો. મણિલાલના આગ્રહથી તે જમવા બેઠો પરંતુ કશું ભાવ્યું નહી અને ત્યારબાદ સઘળાંઓને રજનીએ સુખદ નિદ્રા આપી શોક વિસરાવ્યો.

ચોથે દહાડે કાર્ફર્ડ માજીસ્ટ્રેટની હજુરમાં કેશ ચાલવાનો હોવાથી તે દહાડે ફ્રીમી સાહેબ, શામલાલ, મણિલાલ, લવજી, કાળીદાસ શેઠની પત્ની, લલિતાગવરી ઇત્યાદિ કોર્ટમાં હાજર થયાં. તોહમતદારોને ત્યાં આગળથીજ રજુ કરવામાં આવ્યાં હતાં. પ્રથમ ફ્રીમી સાહેબે મુકરદમાની સવિસ્તર હકીકત માજીસ્ટ્રેટને

નિવેદન કરી અને ત્યારબાદ પ્રત્યેકની ઊત્તરોત્તર જુબાની લેવાની શરૂઆત થઇ. શામલાલ, મણિલાલ અને કાળીદાસ શેઠ ની પત્નિની જુબાની લેવાયા બાદ કમળાગવરીએ જુબાની આપતાં જણાવ્યું કે "મને તથા શામલાલની ધર્મપત્નિ કમળાગરીને તેના લગ્નને આગલે દિવસે આ સામે ઉભેલી ડોસી હરણ કરી લઇ ગઈ. માત્ર દયાને ખાતર, તેણે બનાવેલા બહાનાને ખરૂં માની અમે તેની સાથે ગયાં અને ત્યાં વિશ્વાસઘાતનો કાળો કેર અમારાપર ગુજર્યો. ઝુંપડામાંના લોકોએ અમોને બંને પક્ષમાં વેહેંચી લીધી હું આ ડોશીના ગોમાજી નામના ભત્રિજાના પક્ષમાં આવેલી હોવાથી તે મને હમેશાં તેના નાનાસરખા ખેતરમાં અસહ્ય કામ કરાવતો હતો. ગોમાજીએ એક દહાડો પડોશમાં ઉતરેલા મુસાફરોને બિહવડાવી લુંટ મેળવવા માટે જુનો સોંગ લીધો અને ત્યાં કોઇ એક શુરા માણસે તેનો વધ કરી નાંખ્યો. ગોમાજીના મરણ પછી બે ચાર દહાડે આ બુઢી મારી પાસે આવી "કમળાગવરી એક જગોએ સુખશાંતિમાં છે." એટલું બોલી તેણી મને લઇને પોતાની બેહેનને ત્યાં એક ગામડાગાં જઇ રહી. ત્યાં પણ મારા હાલહવાલ થવામાં કશી મણા રહી નહીં. કેટલાક મહિના ગુજર્યા બાદ કોઇ અસાધ્ય રોગથી તેની બેહેન મરણ પામી અને ત્યારકેડે ભાણેજોએ માસીનું ચરિતાર્થ ચલાવવાને સાફ ના પાડી બુઢીએ કેટલાક દહાડા મને લઈને રસ્તો લીધો અને સુરતમાં આવી કોઇ એક પાટીદારને ત્યાં સો રૂપીએ મને વેચી નાંખી. પાટીદારે દુષ્ટ વાંચ્છનાથી મારાપર બેસીતમ જુલમ ગુજારવા માંડયો પરંતુ તેની સ્ત્રી ભલી અને સુશીલ હોવાથી મારૂં સર્વ પ્રકારે સંરક્ષણ થયું. મેં તે બાઇના અનુમતથી મારા પિતાશ્રીને ભરૂચ પત્ર લખ્યો; આ વાત તેના ધણીના જાણવામાં આવવાથી તે દુષ્ટે તે બાપડીને બેહદ માર માર્યો અને મને રાતોરાત આ

બુઢીને ગામ પાછી પહોંચતી કરી. કેટલાક દહાડા પછી પોતાના છોકરા પાસે મુંબાઇ જઇ રહી ત્યાં મને મુક્ત કરવા બુઢીએ વચન આપ્યું. હું તેની સાથે અહીં મુંબાઇ આવી અને તારા નાયકણને ત્યાં તેના છોકરાની મારફતે મને વેચી મારી. તારાની નીચ યાતનાનો હું ભોગ થઇ પડેલી છતાં તેમાં તે ફતેહ પામી નહીં. પરમાનંદ નામના એક તરૂણ ગૃહસ્થ પાસેથી તેણે હજાર રૂપીઆ છીનવી લીધા અને જ્યારે મારૂં શિયળ લુંટવાનો દુ:ખદ સંભવ રાક્ષશી-વિકાળ સ્વરૂપમાં મારાપર તરાપ મારવાની તૈયારીમાં હતો ત્યારે મહાન કૃપાળુ પરમેશ્વરે મારા તરફ દયા દૃષ્ટિ ફેંકી-તેણે શામલાલ અને ફીગીસાહેબને મોકલાવી મને મૃત્યુના પંજામાંથી મુક્ત કરી."

તારા નાયકણીની જુબાનીમાં લલિતાગવરીની જુબાની કરતાં વિશેષ મહાત્વનું કશું ન હોતું. તેણે પરમાનંદ પાસેથી લીધેલા હજાર રૂપીઆ રજુ કરી તોહોમતથી મુક્ત થવાને અરજ કરી. પેલી બુઢીએ લલિતા તથા કમળાના હરણની હકીકત કહી વિશેષમાં જણાવ્યું કે "મારો દીકરો હોરમસજી શેઠને ત્યાં આજ પંદર વર્ષ થયાં નોકર છે. હોરમસજીનો ધંધો જુગાર, છેતરપીંડી તથા વેસ્યાગમનનો છે. લવજીને દાગીના બતાવી લાલચમાં નાંખી લુટી લેનાર, તથા કાળીદાસને તારા નાયકણના મોહપાશમાં નાંખી તેનું સર્વસ્વ હરણ કરી લેનાર હોરમસજી તથા તેના બીજા મિત્રો પોપટ અને પાનાચંદ વગેરે હતા. મુંબાઇમાં આવ્યા પછી મને તારાની તેનાતમાં રાખવામાં આવી હતી. જે દહાડે લવજીને લુંટયો તેજ દહાડે કંઇ વાંધો પડવાથી કાળીદાસે તેઓના સઘળાં કાળાં કર્મો ઉઘાડાં પાડવાની ધમકી આપી કે તુરત હોરમસજીએ તેનો વધ કરી નાંખ્યો. પાનાચંદે તથા પોપટે લાગ સાંધી હોરમસજીને કહ્યું;"તેં મહા અપરાધ કર્યો છે. કાળીદાસને જીવથી મારી નાંખવામાં તેં અમારી બિલકુલ સલાહ લીધી નથી

માટે અમે તેમાં સામેલ થઇશું નહીં–તને કોઇપણ પ્રકારની મદદ કરીશું નહીં." "હં, તમારી ધાનત બગડી છે કે? તમારે મને ડરાવીને સઘળાં નાણું પચાવી પડવાં છે કે? લ્યો ત્યારે ચાખો સ્વાદ?" એટલું બોલીને આવેશમાં ડોળા ધુરકાવી હોરમસજી તે બંનેપર નાગી તરવારે તુટી પડયો. તેને સમજાવવાં જતાં તારાનો હાથ કપાઈ ગયો અને તે ધરણીપર નિચેષ્ટિત ઢળી પડી. હોરમસજીએ નિર્દયપણે પોપટ તથા પાનાચંદના તુકડે તુકડા કરી નાંખ્યા અને પછી પોતે પીસ્તોળ ખાઇ મરણ પામ્યો. આ બીજી ડોસી વડોદરાની રહેવાસી છે, તે આશરે એક મહિના થયા તારાના આશરા તળે આવી રહેલી છે. તેણે, મેં તથા મારા દીકરાએ તારાને ઉપર લઇ જઇ તેની સારવાર કરવા માંડી એટલામાં ફોગીસાહેબે આવીને અમોને પકડયા." આ ડોસીની જુબાની પુરી થયા પછી વડોદરાની ડોસીને ખડી કરવામાં આવી અને તેણે નિચે પ્રમાણે પોતાની હકીકત કહી સંભળાવી.

"હું જ્ઞાતે કોકણુસ્થ દક્ષિણી બ્રાહ્મણ, હું દક્ષિણમાં આવેલા વેંગુર્લા નામના ગામની અસલ રહેવાસી છતાં આશરે પંદર વીશ વર્ષ થયાં વડોદરે આવી રહીછું. મને ગુજરાતી ભાષા ઉત્તમ પ્રકારે બોલતા વાંચતાં આવડે છે. મારી ઉમર હાલ બાવન વર્ષની છે. જોકે મારૂં જીવતર અળખામણી રીતે ગુજર્યું છે તથાપિ મારૂં વૃતાંત ચમત્કારિક અને હિંદુ ભાઇઓને અતિ ધડો લેવા જોગ છે પ્રથમ મારા લગ્ન આઠમે વર્ષે થયાં હતા. મારો પતિ બારમે વર્ષે દૈવકોપથી મરણ પામ્યો અને હું વિધવા થઇ. તેરમે વર્ષે હું સ્ત્રી–વેશમાં આવી. અમારામાં સ્ત્રીવેશે આવ્યા પછી વિધવાના કેશ પતન કરાવવાનો રીવાજ હોવાથી મારા દુષ્ટ–પાષાણ–હૃદયના પિતાએ મારી ભવિષ્યની જીંદગીનો કશો વિચાર નહીં કરતાં મારી સુખની બાજી સંકેલવાનો નિશ્ચય કર્યો. મેં મરાઠી કન્યાશાળામાં શિક્ષણ લીધેલું હોવાથી પુનર્લગ્ન કરવા સં

મંધી મારૂં મન સદૃઢ થયું હતું. મારાપર અસહ્ય જુલમાટ ગુજર્યા છતાં કેશવપન કરવાની મેં કબુલાત આપી નહીં. છેલે મારા પિતાએ દુષ્ટ જ્ઞાતિબંધન કહો કે અનીષ્ટ રૂઢીપ્રબળ કો; લોકલજ્જા કહો કે મુર્ખાઇ ભરેલું ધર્માંધપણું કહો પરંતુ તે પૈકી ગમે તે કારણે મને ઘરમાંથી માર મારી કહાડી મુકી. આખો દહાડો હું અમારા ગામની નદી કિનારે કાળુ કલ્પાંત કરતી બેસી હતી. સંધ્યાકાળને સુમારે કેટલાક પ્રતિષ્ઠિત ગૃહસ્થો ત્યાં હવા ખાવા આવ્યા. તે પૈકી ત્રણ ગૃહસ્થો ઘણા સુશિક્ષત અને સુજ્ઞ હતા. મારી દુખદ હકીકત સાંભળી તેઓ બહુ દુખી થયા. એકે આંસુપાત કર્યો અને બીજાએ પુનર્લગ્નની વિરૂદ્ધ પક્ષના દુરાગ્રહી -વિચારશુન્ય હઠીલા હિન્દુભાઇઓ પ્રત્યે અતી લાગણી થી બોલવા માંડયુ,-"જે બિચારી બાળપણથીજ કમકમાટી ઉપજાવનાર-ત્રાસદાયક રાંડના કાળા નામથી ઓળખાવા લાગીછે, જે આ પ્રંપચી પૃથ્વીપર પોતાની સંસારીક સુખબાજીના સઘળા દાવપેચ હારી ચુકી છે, જે પ્રેમપયનું ઉજળું ભાન ભુલી બાલ્યો-ત્પત્તિની રૂચીથી આયુષ્યના અંત સુધી વિમુખ થયેલી છે, જે કેશપવન કરાવી તથા નાજુક હાથનો સુંદર ચુડો ચગદી બાપડી બેડોળ બની છે, જેણે રૂપ, ગુણ-વળણ તથા વિચારોને લોકલાજની દર્ગંધબાજ તુરંગમાં બળાત્કારે કેદી કરી પુરી રાખ્યા છે અને તેથી જેનું ભર જુવાનીમાં પણ ચઢતું લોહી ઉલટું સુકાવા લાગ્યું છે, અરે બળ્યા એ સુંદર આભુષણો! જવાદો વાત, સાધારણ સાડલો અને કોરો કમખો પેહરવાની! પરંતુ જેને મેલાં ફાંટાં તુટાં કપડાં મળવાની પણ તાણાતોડ થવાથી જે બાપડી ચીથરે હાલ થઈ ફરે છે,-એવી અભાગણી વિધવાને ધણીયાતી કરવાની શુભ વાત, અક્લશુન્ય-દુરાગ્રહી લોકો મહાપાતક રૂપ સમજે છો પરોપકારમાં પાટુ મારનાર, અનર્થને ઉત્તેજન આપનાર અથવા "સો તારી રામદુવાઇ પણ એક મારૂં ઉંહું" કરનાર વિરૂપ

મનના માણસોને હું પુછું છું કે બિચારી તરૂણ વિધવાએ મુમુંડન કરાવી ભલે માથાને નાલીયેરના ઉત્રખા જેવું બનાવ્યું, કંકુંના ચાંડલા વિના રે! રૂડા ધર્મબિંદુ વિના કપાળ અડવું કરી સઘળાં આભુષણો અળગાં કીધાં તથા શકિતવર્ધક ખોરાકને ભલે તેણે તજી દીધો, પતિના મરણ પછી એક વર્ષ સુધી ઘરખુણો ખગી લીધો અર્થાત ગમે તે કીધું અને જોઇએ તે સોસ્યું પરંતુ એટલેથી તેનામાં કુદરતી ઉત્પન્ન થતી અપુર્વવૃત્તિનો વિનાશ થઇ ચુકયો શું? અપુર્વવૃત્તિના મુળમાં પતિની સંગે પ્યારથી રમવાને તેનો રસ ભર્યો લહાવો, બસ આટલી નાની ઉમરમાં નાશજ પામશે? સંસારના નાનાપ્રકારના સુખ વૈભવો ભેગવી ભવિષ્યમાં ભાગ્યશાળી બનવાની ઇચ્છા શું તેને ઉત્પન્ન નહીં થશે? યુવાવસ્થામાં આનંદ ક્રિડા કરી વૃદ્ધાવસ્થામાં બે ચાર બાલકની માતા થઇ સુખથી મહાલવા તેની હોંશ અને લલુતા અરે શું છોટી ઉમરથીજ નાશ પામશે કે? દુનીઆઇ દોલત અને સંસારસુખના હઠીલા હિંદુ ભાઇઓ પોતાનેજ હકદાર સમજે છે અને વાહ! તે નિર્દોષ વિધવા મનુષ્યપણાની શ્રેષ્ટતાથી પતીત થઇ આ ઉંધી સમજણ આપણા હીંદુ ભાઇઓ છોડશે કે હજી દુરાગ્રહથી વધારે દંડાશે? વાસ્તવિક સાચા રસ્તાપર કંઇ ધ્યાન આવશે કે હજી પડયાપર પાટુ ખમશે? પગમાં બળતી હોળીને બુજવશે કે હજી મરતાં સુધી ગાંડો મમત નહીં મુકશે? અને અઘોર ઉંઘમાંથી ઉઠશે કે હજી પેટ દુઃખતાં માથું કુટશે?!!"

એટલું બોલ્યા બાદ તે ગૃહસ્થે વિનયથી મને કહ્યું,–"બેહેન, હું આવતી કાલે નાશીક રજા ઉપર જવાનો છું. જો તમારો વિચાર પુનર્લગ્ન કરવાનો હોય તો મારી સાથે ચાલો–હું ત્યાં પુનર્વિવા-હોત્તેજક,સભા તરફથી તમોને આશ્રય અપાવીશ"મેં તેનું બોલવું માન્ય કરવાથી મને તે પોતાને ઘેર લઇ ગયો પરંતુ વિઘનરાશીના દુઃખદ વાદળાંથી ઘેરાયેલું મારૂં ફુટેલું નસીબ મારા સુદૈવથી

બે ડગલાં આગળજ હતું-તે ગૃહસ્થને ઘેર જતાં વાર તેના ભાઇના મૃત્યુનો નાશિકથી એકાએક તાર આવ્યો તેથી મને જેમની તેમ પોતાને ઘેર રાખી તે તત્કાળ ત્યાં રવાના થઇ ગયો. હું ફલાણા ગૃહસ્થની મદદથી નાશિક જઇ પુનર્લગ્ન કરનાર છું એવી વાત મારા પિતાના જાણવામાં આવતાંવાર હું જ્યાં હતી ત્યાં આવી તે લઢીવઢીને મને પાછો લઇ ગયો. થોડા દહાડા ઘરમાં કારાગૃહની માફક ભુખી તરશી ગોંધી રાખી કસાઇની મીસાલે અપાર દુઃખ દીધું અને પછી મારા મામાને ત્યાં કોલ્હાપુર મોકલાવી દીધી. માતા બાળપણમાંજ મરણ પામવાથી મોશાળમાં થી પણ મારૂં માનપાન તેમની માયા ગમતાથી વેગળું વસ્યું હતું. અતી ક્રૂર રીતે મારા કેશવપન કરાવવાનો મામાના ઇરાદો મારા સમજવામાં આવ્યો અને તેથી મુ ઝાઇને આ તારા નાયકણની મા સાથે કોલ્હાપુરથી હું મુંબઇ છુપાછુપ નહાસી આવી"જેવી સોબત તેવી અસર"એ કહેણી પ્રમાણે મેં અકલ શુન્ય મુર્ખીએ વેસ્યાનો નીચધંધો સ્વિકાર્યો. ઉત્તમ દેહ કલંકિત કર્યો, સ્ત્રી જાતનું મહાત્મ્ય જે પુજ્ય નિર્મળ પ્રેમ, મનની કોમળતા, તનનું સકુમારપણું અને મર્યાદ લજ્જાનું ખરૂં સ્વરૂપ તે સઘળાંથી હું પાપીણી પતીત થઇ. કુળગૌરવને ડુબાવ્યું અને શંખણી-કુલટાની ગણના હાથે કરીને હોરી લીધી. પ્રેમનું ભાન ભુલી-મનુષ્યત્વ વિસરી ગઇ અને ખોટા કામના ગીરા મારી હરકોઇ પરાયા પુરૂષોનો સર્વ પ્રકારે છળ કરવા લાગી. કોણ જાણે કેટલાએક પુરૂષોને મોહ જાળમાં સપડાવી તેઓની સતિ-સાધવી સ્ત્રીઓના કોણ જાણે કેટલાએક ધગધગતા શ્રાપોનો મારાપર વરસાદ વરસ્યો હશે! મુંબાઇમાં આવી રહ્યાને પુરાં બે વર્ષ થયાં નહીં એટલામાં મારો રંગ બદલાઇ ગયો-મારો ઠાઠમાઠ અમીરી ખવાસનો થઇ પડયો. સાઠ રૂપીઆના ભાડાથી એક સુંદર બંગલો સ્વતંત્ર ભાડે રાખ્યો. પુષ્કળ દાસદાસીઓ તેહેનાતમાં નોકરીએ રાખી અને હું કોઇ રાજાના રણવાસ જેટલું અલૌકીક સુખ

ભોગવવા લાગી તથાપિ હાય! જેનાથી હું એ સુખ ભોગવવાને ભાગ્યશાળી બની હતી—તે બાપડાને જ્યારે તેની પાસે ખાવાને પાઈ સરખી રહી નહીં—જોકે તેને ભિખારીની દશાએ પહોંચાડનાર હું પોતેજ હતી તોપણ આખરે ફિટકાર આપી કહાડી મુકયો. એના સંબંધમાં હવે મને બહુ લાગી આવે છે અને એટલા માટે તેના વિષે કૃપા કરી વિસ્તારથી મને કહેવા દ્યો. તે એક મુંબાઇમાં સંભાવિત શ્રીમંત ગૃહસ્થનો પુત્ર હતો. તેનું નામ હરીદાસ હતું. પ્રથમ—હરીદાસ અને તેની સ્ત્રીનો અપ્રતિમ પ્રેમ હતો પરંતુ મારે ત્યાં નિત્યના આવનાર તેના એક દોસ્તદારની સહાયતાથી મેં તેને મારા મોહપાશમાં નાંખ્યો. મેં તેને ઉપર ઉપરથી એવીતો પ્રીતિ બતાવી કે મારા અંતઃકરણની ત્રીધારી કટારથી તે બિચારો કેવળ અજ્ઞાન રહી સર્વ પ્રકારે મારામાં વસી રહયો. મારાં તરફના છુપા જાસુસો—મારી તેનાતનાં માણસો મેં તેના ઘરમાં નોકર રખાવ્યાં અને તેથી તેના ઘરના ઘડીઘડીના સમાચાર મને મળવા લાગ્યા. એક દહાડે તે મારે ત્યાંથી રાત્રીના ત્રણ વાગતે પોતાને ઘેર ગયો ત્યારે તેની સાધવી સ્ત્રીએ ઘટ આલીંગન આપી કલ્પાંત કરી મુક્યું. તે રડતાં રડતાં બોલી; "

"પ્રાણનાથ આપના આદરાતિથ્યમાં અને સેવા ચાકરીમાં મારા તરફથી પૂર્વના કરતાં હાલ શું કમી થયું છે વારૂ? એવો આ દાસીથી શો મહા અપરાધ થયો છે? થોડા વખત પેહેલાં જો હું જરાવાર નિહાળવામાં ન આવતી તો આપનેમુદલ ચેન પડતું નહોતું અને જો હું એકાંતમાં બેઠી હોઉં તો પાછળથી ગુપ્ત રીતે આવી એકદમ દઢાલિંગન આપી પરમપ્રિતિથી હાસ્ય વિનોદ કરતા હતા પરંતુ હાય હાય! હવે જો હું કયારેક દુર્દૈવે દૃષ્ટિગોચર થાઉં તો આપના ચક્ષુઓ મને શત્રુ પ્રમાણે સમજી ક્રોધયુક્ત બનીને ધુરકવા માંડે છે! પ્રાણેશ, આપના સકુમાર શરીર અને કોમળ અંતઃકરણથી મજદાસીના દેહ અને જીવિ-

ત્વના આવી રીતે હાલ હવાલ થશે કિંવા આપના વિમળ અંતઃકરણને દુર્વ્યસનનો મળ લાગશે એવી પ્રથમ કલ્પના થવી પણ મને મુશ્કેલ હતી. આપના પ્રેમ વૃક્ષની શિતળ છાયા તળે રહીને ગમે તેવાં દારૂણ દુઃખડાંને વિસરી જતી હતી. પુજ્ય માવિતરોના પ્રેમની પણ આપની ગમતા સાથે તુલના કરવાને અસમર્થ હતી, પરંતુ અરે! હવે આ સઘળાં સુખાનંદો મા- ઠાં ભાગ્યે નિર્મુળ થયાં છે. પુષ્કળ લોકો કે જેઓને વિચાર- શક્તિ હોતી નથી તેઓ વેસ્યાગમનમાં ચકચુર બની ગૂર્ણ બને છે અને કદાચ પૂર્વે તેઓ જોકે સદ્‌ગુણી હોય તથાપિ દુઃસંગ- તિથી તેઓનું મન બગડી જઇ તેઓના વિત્ત હીતનો સર્વ પ્ર- કારે નાશ થાય છે. મારી વારંવાર આપને એટલીજ વિનતિ છે કે વેસ્યાગમનનું નાશકારક વ્યસન આપ તજીદો. દ્રવ્યહારિણી વેશ્યા માત્ર મ્હોંપર મીઠું મીઠું બોલી તથા નાના પ્રકારનાં નખં રાં બતાવી પુરૂષોનું મન ભ્રષ્ટ બનાવે છે. જોકે એ આરંભ માં પ્રીતિ બતાવે છે પરંતુ તે ક્યાં સુધી? જ્યાં સુધી પોતાના પલ્લામાં પૈસો પડે છે ત્યાંસુધી ખરતા તારાની પેઠે માત્ર ચાર દહાડા તેનો ખોટો સ્નેહ ચમકે છે. પોતાનો સ્વાર્થ સાધ્યા પછી ભલેને પોતાએ મોહજાળમાં સપડાવેલા પુરૂષ નર્કકુંડમાં પડો, રૈ રૈ નર્કયાતના ભોગવો–અસાધ્ય રોગ લાગુ થઇ મરણ પામો કીંવા લોકોમાં માનમોભો ને પ્રતિષ્ટા ગુમાવી ભિખારીની નીચ દશાને પામો, તો તેની તે કુટીલ વેશ્યા કશી દરકાર રાખતી નથી. પ્રાણધાર, હું આપને ઉપદેશ આપું એવી મારી પ્રાજ્ઞા કે યોગ્યતા નથી પરંતુ નિરૂપાયે તેમ કરવાની જરૂર પડી છે; માટે ક્ષમા કરી તથા દુર્વ્યસનને તજી મારાપર પુર્વવત્ સુગંધયુક્ત પ્રીતિવૃક્ષની શિતળછાયા ઢાળવા કૃપા કરશો એવી આશા છે.” પોતાની સ્ત્રીનું એવું બોલવું હરીદાસથી સહન થઈ શક્યું નહીં. તેણે કઠોર શબ્દ પ્રહારથી તે બાપડીનું કોમળ

અંતઃકરણ છિન્ન ભિન્ન કરી નાંખ્યું. મેણાંટોણાં મારી વ્યભિચાર નો તે પવિત્ર બાઇપર આરોપ મેલ્યો અને તે તેણીની છાતીમાં એવો તો ભોંકાયો કે અતી ક્રોધાતુર બની ભોંયપર જોરથી ડોકું પછાડી એવી તો બેશુદ્ધ થઇ પડી કે પુનઃશુદ્ધિ પર આવીજ નહી. હરીદાસની હરિભક્તિ જણાવવા લાગલીજ તે હરીની હજુરમાં ગઇ! હરીદાસે ગભરાઇને માબાપ તથા બાઇભાંડુઓને બોલાવ્યા અને જણાવ્યું કે ઉભાં ઉભાં એકાએક ચકરી આવવાથી તે પછડાઇ પડી મરણ પામી! વાસ્તવિક જોતાં તે મારાં છંદમાંજ પોતાની ધર્મપત્નિને ગુમાવી બેઠો હતો તથાપિ એથી તેના મનપર કશો કારી જખમ થયો નહીં અને ત્યાર પછી તો "कामांधो नैत्र पश्यति" એ પ્રમાણે શુદ્ધિ તજીને તે મારી મોહજાળમાં અધિકાધિક સપડાતો ગયો. ઊંદરની પેઠે ફોલી ફોલીને મેં તેનાં દ્રવ્યનો સઘળો ખજીનો ખાલી કર્યો; તેના રેહેણાકનાં ઘર વેચાવ્યાં અને મેં સુંદર પાંચ મજલાની સ્વતંત્ર હવેલી ચણાવી. ભોગજોગે તેના ઘરમાં ખાતર પડવાથી રહેલી સહેલી જીંદગાની-ઘરેણુંગાંઠું ચોરાઇ ગયું અને અન્ન દાંતને વેર થયું. ત્યારબાદ તેના તરફથી મને પૈઇની પ્રાપ્તિ રહી નહી તેથી તેનાં મારે ત્યંથી પણ માન ઘટયાં. તેનાં માબાપ એક પછી એક દુરાચારી પુત્રના સંતાપમાં ઝુરી ઝુરીને મરણ પામ્યાં. અને નામદાર હરીદાસજી હરીને આશરે નોધારા-એકલા થઇ પડયા! ઉન્હાળાના ઉષ્ણ દીવસો, અને વળી તેમાં કડકડતો ભુખમરો, વિષયાતિક્રમથી થયેલી ક્ષીણતા અને મનની સર્વ વાતે અસમાધાની ઇત્યાદી કારણોને લીધે હરીદાસને પ્રમેહની વ્યાધિ થઇ આવી અને તેને મારે ત્યાંથી નસાડી મુકવાનું મને બહાનું મળ્યું. મેં તેને ધિક્કારથી કહ્યું,-"મ્હોડેથી ગીઠું મીઠું બોલી મારો નાશ કરવા ધાર્યો છે કે શું? 'તુંજ મારો પ્રાણાધાર છે. તારા શિવાય અન્ય સ્ત્રીઓ માબેહેન સમાન છે.' ત્યારે રડયા

આ તારી કઇ મા પાસેથી રોગ લઈ આવ્યો! મારૂં શરીર અદ્યાપિ શુદ્ધ ગંગા સરખું નિર્મળ છે તેને કલંક લગાડવાનો વિચાર રાખ્યો છે હાં મર રડયા વિશ્વાસઘાતકી-ચલ નીકળ અહીંથી!" મારા આવા બેલોથી તે બાપડો પ્રથમ તો દીગમુઢ બનીને ટપોટપ ઉષ્ણુ આંસુડાં પાડવા લાગ્યો. અને પછીથી રડતે અવાજે પણ આવેશથી તે બોલી ઉઠયો,–"ધિક્ક ધિક્ક. આ મારૂં જીવવું! આવી હાલત કરતાં મરવું હજાર દરજ્જે સારૂં છે! અરે ઓ ચાંડાંળણી! અંતઃકરણ પુર્વક તારાપર પ્રેમ બતાવવાથીજ આજ મારે અન્ન અને દાંતને દુશ્મનાઇ થઇ, રેહેવાને ઘર ટળ્યું, ખાવાને ખાખ સુદ્ધાં રહી નહીં, આબરૂ ગઇ, દ્રવ્ય લુટાયું તથાપિ હું કશું સમજ્યો નહીં. ખરા પતિવ્રત્યને સમજનારી સાધ્વી ધર્મપત્નીને ગુમાવી અને આંખરે જેણે નાનપણથી ઉછેરી પાછેરી મોટો કીધો-જેણે પ્રાણાધિક પ્રિય ગણીને મારૂં રક્ષણ કર્યું તેવા પ્રિયકર પુજ્ય માવિતરો પણ રે રંડા! તારાંજ પાપમાં મૃત્યુ પામ્યાં! પરંતુ તેમાં તારા કરતાં મારો અધિક અપરાધ છે. મેં હાથે કરીને મારા હિતને છેદી નાંખ્યું છે કારણુ તારા નાટકી પ્રીતિરજ્જુએ મને સજડ જકડી બાંધ્યો હતો. ઓ નીચ રાક્ષસી મારી અલ્પદ્રષ્ટિમાં પ્રથમ તું રંભા-કિંવા ઉર્વસી સરખી જણાતી હતી પરંતુ હવે અનુભવ મળ્યો કે " अनृतंसाहसं माया" એ ગુણ સામાન્ય સ્ત્રીઓમાં ઘણીવાર જોવામાં આવે છે, તો પછી તું જારીણી દ્રવ્યહારીણીમાં હોય તેમાં નવાઇ શી? હે દીન દયાળ પ્રભુ! મારા કૃત્યનો પ્રશ્ચાતાપ કરી તારી પ્રાર્થના કરૂં છું કે મારા સર્વાપરાધ ક્ષમા કર. મને જો અગાઉથીજ આવો વિચાર આવ્યો હતે તો વધારે સારૂં હતું પરંતુ થવાકાળ તેમાં ઇલાજ શો? હવે હે નાથ, મજ અનાથની એટલીજ વિનતિ છે કે કાંતો સુબુદ્ધિ આપી સુગમ માર્ગ બતાવ અને કાંતો મૃત્યુ આપ!" એટલું બોલીને તે

મુંગે મ્હોડે ચાલતો થયો અને ત્યાર પછી તે કદીપણ મારી દ્રષ્ટિએ પડયોજ નહીં. પાછળથી તેની સ્થિતિનો મને બહુ પરીતાપ થયો. મુંબઇમાં રહેવું મને અણગમતું થવાથી એક કૃષ્ણા નામની નાયકણીના નામપર મારૂં ઘરબાર વગેરે સર્વમિલકત કરી આપી હું વડોદરે જઇ રહી. આશરે દશ બાર વર્ષ ત્યાંજ ગાળ્યા પછી પાછા મુંબઇ આવીને મારી જંગમ-સ્થાવર મિલકતનો ભોગવટો કૃષ્ણા પાસે માગ્યો પરંતુ તેણે મને દગો દીધો. ઘરમાં પણ ઉભી રહેવા દીધી નહી-પાવળું પાણી પણ પાયું નહીં અને મારા ભુંડા હાલ થયા. તેણીના નામપર સઘળું ચહડાવી આપવાથી સરકાર દરબારે પણ મારી કશી દાદ ફરીયાદ લાગે તેમ નહોતું. આખરે નિરાશ થઇ વડોદરેજ જઈ રહી. આં વેળાએ મારી ઉમર ચાળીશ પીસતાલીશ વર્ષની હતી. વેશ્યા તરૂણાવસ્થામાંજ સુખ વૈભવ ભોગવે છે પરંતુ તેની પાછલી જીંદગી બહુ અળખામણી થઇ પડેછે-કોઇ તેનું ભાવ પુછતું નથી અને પેટ પુરતું અનાજ મળવાનાં પણ સાસાં પડે છે, મારી સ્થિતિ પણ એ મુજબ ઘણી ભયંકર થઇ પડી. તથાપિ આટલેથી હું પાપમુક્ત થઇ નહીં-પૂર્વે રૂડી શાહીબીમાં સ્વતંત્રપણે રહેલી તેથી મેહેનત મજુરી કરી ગુજરાન ચલાવવું કેમ પાલવે? મેં કુંટણીનો ધંધો ચલાવ્યો અને એવી સ્થિતિમાં પણ મારા હાથથી ઘણા વિપરીત બનાવો બન્યા. વડોદરાના સુલતાનપુરામાં હું રહેતી હતી-ત્યાં એક દહાડો એક બ્રાહ્મણની કન્યાને મેં બોલાવી. તે દિવસે તેનો પતિ સુરતથી તેને તેડવા આવ્યો હતો. રાત્રીએ એ કન્યાને તેનો છળ કરનારા માણસ સાથે મારામારી થઇ અને તેમાં તેનો હોઠ ચીરાઇ જવાથી તે લોહીલોહાણ થઈ ગઇ, મોડી રાતના ઘેર જઈ મારી શિખવણીથી તેણીએ પોતાના ધણીપર પોતાને મારવાનું આળ ઓઢાળ્યું આ વાત કેટલાક દહાડા સુધી ગુપ્ત રહી પરંતુ તે બાઇ ભુંડી

રીતે મરણ પામ્યા પછી સઘળું પોગળ બહાર પડયું. શેહેર આખામાં હું ઘણી અળખામણી થઇ રહી અને ત્યાં રહેવું મુશીબત થઇપડવાથી આખરે અહીં મુંબઇ તારાના આશ્રય તળે એક મહિના થયા આવી રહી છું. હોરમસજી; પોપટ અને પાનાચંદની કતલ તથા તેઓના દગા ફટકામાં હું બિલકુલ સામેલ નથી." હવે તારા નાયકણની જુબાની લેવાનો વખત આવ્યો. પરંતુ તેણી ઘાયાળ થએલી હોવાથી તેને ઓસ્પિટાલમાં મોકલવામાં આવેલી હતી. અને આખરે તપાસ કરતાં માલુમ પડયું કે તેણી ગઇ કાલે રાત્રીએ જખમની વ્યાધીથી મરણ પામી છે એ પ્રમાણે સઘળા શાક્ષી તથા તોહમતદારોની જુબાની લીધા પછી માજીસ્ત્રેટે લવજીને એક હજાર રૂપીઆ તારા નાયકણ પાસેથી જે લવજીના પુત્ર પરમાનંદે તેને આપેલા હતા તે, તથા બે હજાર મરણ પામેલી બીજી તારાનાયકણવાળા હોરમસજીના બંગલામાંથી મળી આવેલા, મળી કુલ ત્રણ હજાર રૂપીઆ પાછા આપ્યા; તેમજ કાળીદાસ શેઠની પત્નિને પણ તેના તમામ ઘરેણાંગાંઠાં સ્વાધિન કર્યાં. ચુકાદામાં જીવતાં રહેલાં તોહોમતદારોને ધારાસરની સખ્ત સજા ફરમાવતાં શામલાલ, મણિલાલ અને કાળીદાસની પત્નિની કેટલીક ગુણપ્રશંશા કરી. છેલ્લે વેસ્યાગમન પર ટીકા કરતાં નામદાર માજીસ્ત્રેટે અતી આવેશથી કહ્યું,–"ઘણા પુરૂષો વેસ્યાગમનમાં પોતાની સ્થિતિનું ભાન ભુલી પોતાના સુખદ સંસારને વિષવ્યાપક બનાવે છે. પરંતુ તેઓએ સમજવું જોઇએ કે વેસ્યા કેવળ હિતહારિણી રાક્ષસી સ્વભાવની હોય છે વેશ્યાના દર્શનથી શુદ્ધ ચિત અપવિત્રતાની ઝેરી જાળમાં ઝકડાઇ મુંઝાઇ મરે છે. વેસ્યાના સ્પર્શથી તન મનનું બળ અને દ્રવ્યનું હરણ થઇને અનીષ્ટ દશા પ્રાપ્ત થાય છે એટલા માટે વેસ્યાના છંદથી પ્રત્યેક માણસે વેગળું રહેવું ઘટે છે."

આ મુકરદમો મેજીસ્ત્રેટની કોર્ટમાં ત્રણ દિવસ સુધી ચાલ્યો.

આખરે દિવસે શામલાલ, મણિલાલ અને મોહનલાલ વગેરે કોર્ટમાંથી છુટીને જ્યારે ઘર તરફ વળ્યા ત્યારે રસ્તામાં મણિલાલે અતિ આશ્ચર્યથી કહ્યું,–"ઇશ્વરી અકળ માયાને માટે વિશેષ શું કહેવું ! જે પાપીણીએ મોહનલાલની અગાઉની સ્ત્રીને દુરાચારમાં પ્રવૃત કરી હતી તેજ સર્પિણીના કંઇ વિલક્ષણ પ્રકારે દર્શન થયાં !" એમ પરસ્પર વેસ્યગમનના સંબંધમાં વાતચિત કરતાં કરતાં તેઓ ઘેર જઇ પહોંચ્યાં.

પ્રકરણ ૧૩ મું.

નાના પ્રકારના સાંસારિક ચમત્કારો.

સવારના આશરે સાત વાગ્યાનો અમલ થયો હશે. શામલાલ બંગલાની પરશાળમાં દંતધાવન કરતો હતો અને તેના એક છએક માસના બાળકને કેડમાં લટકાવી લલિતાગવરી અહીંથી તહીં ફરતી હતી. ચોકમાં વિધવિધ પ્રકારના વૃક્ષોનાં રંગબેરંગી પુષ્પો ખીલી રહ્યાં હતાં. અને મધ્ય ભાગે એક ફુવારો નળીવાટે પાણી ઉરાડી નાનાવિધ નાચક્રીડા કરી રહ્યો હતો. શામલાલના બંગલાની અને આંગણામાં રોપેલી નાની સરખી વાટિકાની કેવળ અવર્ણીય શોભા હતી. શામલાલ ઘરની સ્વચ્છતા તરફ પુરતું લક્ષ આપતો હતો, મુખમાર્જન કરી રહ્યા બાદ તેણે મણિલાલને હાક મારી નીચે બોલાવ્યો અને તેઓ બંને બાગમાં અહીં તહીં ફરતાં ફરતાં વાતચીત કરવા લાગ્યા, એટલામાં મોહનલાલે એક સાઠ વરસના ડોસા સાથે બહારથી આવી પ્રવેશ કરયો. લલિતા સલજ્જદૃષ્ટિએ લાગલીજ ઘરની અંદર જતી રહી અને મણિલાલ તથા શામલાલ એ ડોસા સાથે ઓલખાણ કરવા અત્યાતુર બની રહ્યા. "લલિતા ગવરીના સસરા–આપણા ઘરનો શોધ કરતા હતા–રસ્તામાં હું તેમને મળ્યો અને પછી અહીં લઈ આવ્યો" મોહનલાલના એ

ટલા બોલ્યા પછી તેઓ તમામ દીવાનખાનામાં આવી ડોસા-જીનું વૃત્તાંત પુછવા લાગ્યા. ડોસે જણાવ્યું,–"લલિતાગવરીનો હું સસરો થાઉં છું. લલિતા તથા કમળાગવરીનું હરણ થયા પછી ઘણી મુદત તેનો શોધ નહીં લાગવાથી મારા દીકરાની હાલત બહુ ભયંકર થઇ પડી. મારા દીકરાનું નામ મોતીલાલ; મોતીલાલ અને લલિતાગવરીનો અપૂર્વ પ્રેમ હતો. તેઓ પત્ર-વ્યવહારથી, વેવીશાળ થયા પછી પરસ્પર પ્રેમદર્શન દઈ આનંદ પામતા હતાં અને યોગ્ય ઊમરે તેઓના લગ્ન થયાબાદ તેઓ ઘણાંજ સુખી થશે એવી અમારી ધારણા હતી. લલિતાગવરીનું હરણ થયાના સામાચાર સાંભળતાં વાર મોતીલાલ મુર્છિત થઈ ધરણીપર ઢળી પડયો, જો કે તે થોડીજવારે શુદ્ધિમાં આવ્યો તથાપિ વિરહઘેલછાનો કેમે કરતાં નાશ થયો નહીં. તે નિદ્રાવસ્થામાં કાલું ઘેલું બબડતો; જમતી વખતે અશ્રુપાત કરતો, કશાં કામકાજમાં તેનું લક્ષ લાગતું નહી- અને અહોરાત્ર ફગળ તેના મુખમાં રગી રહી હતી, આવી તેની દુઃખદાયક સ્થિતિથી હું અને મારી બાયડી ઘણાં ગભરાયાં. એકલપુરો બોટનો છોકરો હોવાથી માબાપને ઘણું લાગી આવે તેમાં નવાઇ નથી, મોતીલાલના મામાએ કહ્યું કે,–"સૌથી સરસ રસ્તો એજ છે કે એને જેમ બને તેમ જલદીથી પરણાવી નાખવો. કારણ એમ કરવાંથી તે લલિતાને વિસરી જશે અને તેનું મન સ્થિર થયા વિના રહેશે નહીં." આ પરથી અમે પાંચ હજાર રૂપીઆ ખરચી એક સ્વજ્ઞાતિલાની યોગ્ય ઉમરની કન્યા સાથે વિવાહ ને વેશવાળ સાથે કરી નાંખવાનો મનસુબો કર્યો. મોતીલાલ દિવસોદિવસ ક્ષીણ થતો ચાહ્યો અને અમે ધાર્યું કે તેના બીજી કન્યા સાથે લગ્ન કરવાની અમારી યોજનાથી તેના મનનું સમાધાન થશે પરંતુ જ્યારે એ વાત તેના જાણવામાં આવી ત્યારે તો તેનો રંગ બદલાઇ ગયો. તેણે આરક્ત આંખો અમા-

રાપર ધુરકાવી એવું તો જોરથી જમીનમાં માથું પછાડયું કે તાત્કાળ તે મુર્છીત થઇ પડયો. આશરે છ કલાકે તે પાછો શુદ્ધિપર આવ્યો અને ક્રોધગી પણ જતે કેવળ અશક્ત હોવાથી ધીરે અવાજે બોલ્યો,–"યાદ રાખજો કે જે લલિતાએ મને પોતાનું સર્વસ્વ સમર્પણ કરેલું છે તેનો હું કદિ પણ વિશ્વાસઘાત કરીશ નહીં–તેના વિના બીજી કોઇ પણ સ્ત્રી સાથે જન્માન્તરે પણ વરીશ નહીં. લલિતા જ્યાં હશે ત્યાં જઇશ અને તેને મળીને સુખસંતોષ પામીશ! કયાં છે તે–તેના વિના હું તલખી મરૂં છું! લાવો છો કોઈ લલિતાને !." એટલું બોલી તેણે મુનિવ્રત ધારણ કર્યું. આશરે સાતેક દિવસ અબોલ રહયો અને આઠમે દિવસે હાય હાય તે અલોપ થઇ ગયો !! અદ્યાપિ સુધી બોહોળે ખરચે હું તેનો શોધ કરતો જ્યાં ત્યાં ભટકતો ફરૂં છું પરંતુ કશો પતો લાગતો નથી. થોડા દહાડાપર વર્તમાન પત્રમાં એક પોલીસ કોર્ટમાં ચાલેલા મુકરદમાની હકીકત મારા વાંચવામાં આવી અને તેપરથી, લલિતા આપના સંરક્ષણ તળે આવી રહેલી છે તેથી કદાચ મોતીલાલ પણ ત્યાં આવ્યો હશે એવું અનુમાન કરી હું અહીં મુંબઇ આવ્યો છું." શામલાલે તથા મણિલાલે પ્રથમ તો મોતીલાલના અપૂર્વ પ્રેમની ઘણીજ પ્રસંશા કરી અને વિશેષમાં શામલાલ બોલ્યો,–"લલિતાગવરીની પણ મોતીલાલના જેવીજ સ્થિતિ છે. તે બાપડી દિનપ્રતિદીન ગળતી જાય છે. ખાવાપીવામાં કે બીજાં કશાંમાં તેનું લક્ષ લાગતું નથી. નાનાપ્રકારના વિચારો અને શોકમાંજ તે અહોરાત્ર લાગી રહેલી જોવામાં આવે છે તેનાં માબાપ તેને તેડી લઇ જવા સારૂ અહીં થોડા દહાડાપર આવ્યાં હતાં પરંતુ ત્યાં જવાની તેણે ખુશી બતાવી નહીં. આનું કારણ માત્ર એટલુંજ કે મોતીલાલ શીવાય બીજે સ્થળે લગ્ન કરવાનો તેણીનો વિચારજ નથી અને તે બાબતમાં

કમળાગવરી સાથે તેણે ઘણીવાર ખુલ્લી રીતે પોતાના વિચારો જણાવ્યા હતા. આપણામાં વેશવાળ થયા બાદ અને લગ્ન થયા પેહેલા વર કે કન્યા—એમાંથી એક ગુજરી જાય કીંવા તેઓના પ્રત્યે કંઇ અકસ્માત બની આવે તો તેઓ બીજે સ્થળે વરી પરણી શકે છે તથાપિ લલિતાગવરી અને મોતીલાલ યોગ્ય ઉમરનાં અને સમજુ હોવાથી એમ કરવાને તત્પર થયા નહીં એ તેમના પ્રેમની બલિહારી છે. ગાબાપોએ આવી બાબતમાં તેમની ઇચ્છાની બહાર નહીં જવું જોઇએ. તમે અહીંઆ બેશક થોડા દહાડા રહો અને મોતીલાલના શોધ માટે આપણે ઘટતો પ્રયાશ કરીશું, અમારી ખાત્રી છે કે આવા પ્રેમી પવિત્ર દિલનાં રત્નોને લગ્નથી જોડી સૃષ્ટિશોભામાં મહાન કૃપાળુ પરમેશ્વર વૃદ્ધિ કર્યા વિના કદી રહેશે નહીં." ડોસાએ શામલાલને ત્યાં રહેવાનું કબુલ કરયું નહીં, પરંતુ મોતીલાલનો શોધ લાગ્યા બાદ પોતાને તાબડતોબ બોલાવી મંગાવવાની વિંનતિ કરી બે ચાર દહાડા રહીને તે પાછો પોતાને ગામ સિધાવ્યો. સિધાવતી વખતે લલિતાગવરીએ સસરાજીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને ત્યાં એકઠાં થએલાં સઘળાંઓએ અશ્રુ ઢાળ્યાં.

આ બનાવ બન્યાને બે ચાર દહાડા થયા બાદ એક દહાડો ઘરની પરસાળમાં બેસી શામલાલ, મણિલાલ અને મોહનલાલ બાળલગ્નના ગેરફાયદા પર વાતચિત કરતા હતા તેવામાં "અલ્લેક ગીરનારી!" એમ બોલતો એક ખાખી બાવો ત્યાં આવીને ઉભો રહયો. અહીંઆ ત્રણે મિત્રો તો વાત કરતાં કરતાં પુર્ણ રંગમાં આવી રહ્યા હતા. મણિલાલે જાણી જોઇને બાળલગ્નની તરફેણનો પક્ષ ધારણ કર્યો હતો અને શામલાલ પ્રતિપક્ષી બનીને—વ્યાજબી કારણો બતાવી તેને ત્રોડી નાંખતો હતો. મણિલાલ બોલ્યો,—"ગમે તેમ કહો પરંતુ વડવાઓ છેક ઘેલા નહોતા. તેઓએ જે જે રીવાજો સંસ્થાપન કરેલા છે તેમાં ઘણી દીર્ઘ-

દૃષ્ટિ વાપરેલી છે. બાળપણમાં લગ્ન કરવાથી વધુવરની કુમળી-ઉમરેજ તેઓના પ્રેમનો પાયો રોપાય છે અને યાદ રાખવું કે કુમળાં મનપર ઘણી સારી અસર થઇ શકે છે. બાલ્યાવસ્થામાં મનપર થયેલી અસર જીંદગી સુધી જતી નથી અને તેથી નાનપણમાં થએલાં લગ્નવાળાં સ્ત્રી પુરૂષોમાં જીંદગી સુધી કદી કલેશ ઉત્પન્ય થતો નથી!" તેના આવા બોલવાથી શામલાલ અને મોહનલાલ ખડખડ હસી પડયા. શામલાલે કહ્યું,–"અરે ભાઇ, તું સઘળું સારી રીતે જાણે છે તથાપિ ખોટી તકરાર કરી શા માટે નકામો વખત ગુમાવે છે? બાળલગ્ન કરવામાં વડવાઓએ અનુમત્ત આપ્યુંજ નથી અને આપ્યું હોય તો તેમાં તેમની હું બિલકુલ દીર્ઘદૃષ્ટિ સમજતો નથી. બાળપણમાં લગ્ન કરવાથી તેઓના કાચા મનપર શુદ્ધ પ્રેમની તો નહીંજ, પરંતુ એવી તો વિલક્ષણ અસર થાય છે કે તેમના તન મનની હાલત બગડયા વિના રહેતી નથી. કોઇપણ પરિકવ વસ્તુ કુદરતી રીતે જે સ્વરૂપમાં શોભે છે તે અલૌકિક ઉમદા સ્વરૂપ તેઓને પ્રાપ્ત થતું નથી અને તેઓ મનુષ્યત્વથી પશુ પછાત પડે છે. બાળપણથીજ સાંસારિક વહાણના સુકાણી બનવાથી વિના અનુભવે તે વહાણ અનેક અરિષ્ટો રૂપી ખડકો સાથે અથડાઇ ભાગી પડે છે અને સુખને બદલે તેઓનો સંસાર કેવળ દુઃખનો સાગર થઇ રહે છે. બાળપણ એ તન મનને કેળવવાનો સમય છે–વગર કેળવાયલા ખેતરમાં થયેલું વાવેતર કદીપણ ફળદાયક નિપજતું નથી. બાળલગ્નથી ઉત્પન્ન થયેલી પ્રજા બળહીણ, તેજહીણ અને ગતિહીણ બને છે. નાનપણમાં થયેલા લગ્નથી પ્રેમનો પાયો રોપાય છે એ તારૂં કહેવું તદન બિનપાયાદાર છે. હું કહું છું કે નાનપણમાં થયેલા લગ્નથી કલેશ કંકાસનો પાયો રોપાય છે કારણ અજ્ઞાનતામાં થયેલું લગ્ન, મોટપણે–જ્યારે સમજ શકિત પ્રાપ્ત થાય છે ત્યારે મહા પરિ

તાપનું કારણુ બન્યા વિના રહેતું નથી." "અને સાહેબ, એનો મને પાકો અનુભવ મળેલો છે।" બાબીબાવા એકાએક વચમાં બોલી ઉઠયા–"હું ગ્નાતે ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણુ; કાઠિયાવાડમાં આવેલા કુંડલા પ્રગણાના વંડા ગામનો રહેવાશી છું મારાં બાળલગ્ન થયાં હતાં. મોટપણે જ્યારે હું સમજુ થયો ત્યારે મારી બાઇડી ઘણી બાબતોમાં વિરૂદ્ધ સ્વભાવની માલુમ પડવાથી અમારો ઘરસંસાર કેવળ વિષમય બની રહ્યો. નજીવી બાબતમાં કલેશ કંકાસ ઉત્પન્ન થવા લાગ્યો. છેલ્લે મારા પ્રત્યે તેનો અભાવ ઉત્પન્ન થયો અને તેથી જે પરિણામ નિપજ્યું તે યાદ આવતાં મારા શરીરપર રોમાંચ ખડાં થાય છે અને મારૂં હૃદય શોકથી છિંન્નભિન્ન થયા વિના રહેતું નથી. યજમાન વૃત્તિથી અમારૂં ચરિતાર્થ ચાલતું હતુ. પિતાએ મને અમારા ધંધાને યોગ્ય શિક્ષણુ આપેલું હતું. હું મારા કામમાં હોશિયાર ગણાતો હતો. અમારા યજમાનો કણબીઓ હોવાથી તેઓમાં લગ્ન, ઘરઘરણું, મરનારની ઉત્તરક્રિયા, સારણું કારણું, દેવી એ સાડવા, નાનાપ્રકારનાં વ્રતો અને બાધાઆખડી ઉજવવાનું કામ હું નાનપણથીજ કરતો હતો. મારી બાઇડીનાં લક્ષણો કોઇ પણ પ્રકારે મને સંતોષદાયક નહીં હતાં તથાપિ લોકોમાં હુ પોતાને ઘરસંસારમાં સુખી મનાવતો હતો. એક દહાડો ગામમાં એક યજમાનનું શ્રાધ્ધ સરાવી હું બરોબર સાડા છ વાગતે ઘેર આવ્યો એટલામાં ગામના પટેલને ત્યાંથી તેનું ઘરઘરણું (નાતરૂં) કરાવી આવવાનું આમંત્રણ આવ્યું. તેણે બપોરનાજ મારી પાસે મુહુર્ત જોવરાવી રાખ્યું હતું અને અમે રાત્રીના સાડાસાત વાગ્યાનો વખત નિરધારી રાખ્યો હતો. "હું જમીને આવું છું." એટલું બોલી પટેલના માણસને મેં પાછું વાળયું અને હું લાગલોજ જમવા બેઠો. મારી સ્ત્રીએ આ વખતે પીરસતાં પીરસતાં એવાતો પ્રેમસૂચક શબ્દોથી સંભાષણુ કર્યું કે

હું મને પોતાને ભાગ્યશાળી સમજવા લાગ્યો તથાપિ એ મારા વિચારો પાણીપરના પરપોટા જેવા હતા! એ મારી આશા દુધના ઉફાળા જેવી હતી! જમી રહ્યા બાદ હું તુરત પટેલને ઘેર ગયો. ત્યાં સઘળી તૈયારીકરી રાખેલી હતી. બે માટીની માટલી સામસામી ગોઠવી તેની અંદર ઘીના દીવા પ્રગટયા હતા અને હું ગયા પછી તુરત ત્યાં વરકન્યાને બોલાવી સામસામા બેસાડવામાં આવ્યા. મેં તેમનું શાસ્ત્રીય રીતિ પ્રમાણે ઘરઘરણું કરાવી આપી દક્ષિણા લઈ આશિર્વાદ આપી કેટલીક વારે ત્યાંથી રજા માગી. ખુશી થતો થતો હું મારે ઘેર જઈને જોઉં છું તો ત્યાં મારી સ્ત્રી નહોતી. આ વખતે રાત્રીના સાડાદસ વાગ્યા હતા. મેં શોકચિંતામાં રાતનીરાત જેમ તેમ કરી ઘરમાંજ ગુજારી અને પ્રભાતમાં ઉઠી તેણીનો શોધ કરવા સારૂ આડોશપાડોશમાં પુછપાછ કરવા લાગ્યો પરંતુ કશો પત્તો લાગ્યો નહીં. તેણીના પિયરનું ગામ અમારા ગામથી માત્ર ત્રણજ માઈલ દુર હોવાથી છેવટે મેં એવોજ વિચાર કરી મનનું સમાધાન કર્યું કે કદાચ તે કંઈ કારણસર ત્યાં ગઈ હશે. પેલા નાતરવાળા પટેલને ત્યાં આગલા દહાડાનો મારો કેટલોક સામાન રહી ગયો હતો, તે લેવા હું બપોરનો ભુખ્યો તરસ્યો ત્યાં ગયો અને જેવો બારણામાં પગ મુકું છું તેવોજ એક અદ્‌ભુત બનાવ દૃષ્ટિગોચર થયો. મારી બાયડી તો ત્યાં નવી પટલાણી બનીને ધમધોકાર ગૃહરાજ ચલાવતી હતી! મેં સખેદાશ્ચર્યથી તેને પુછ્યું,—"તું અહીં કયાંથી? ચાલ ઘેર?" તેણે મુખ મરડીને જવાબ વાળ્યો!, "દિવાના બનીને પુછતાં શરમ લાગતી નથી? ગઇ કાલે પટેલની સાથે મારૂં ઘરઘરણું તમેજ કરાવી આપ્યું અને હવે "તું અહીં કયાંથી? ચાલ ઘેર એમ પુછવા આવ્યા છો કે? જાઓ મુંગા મુંગા ઘેર બેસો!" તેના આવા બોલવાથી હું કાળો શાહી જેવો બની રહયો. મારી આંખોએ ચિતરી ચઢી, મારી છાતી

અતિ દુઃખના બોજાથી ભીચહાઇ મરવા લાગી અને મારૂં મન જો ધરણી માતા જગ્યા આપે તો તેમાં દટાઈ મરવાને અત્યાતુર બની રહ્યું. હવે મને દુનિઆમાં મ્હોં બતાવવાને જગ્યા રહી નહીં અને જો સરકાર દરબારે ફરિયાદ કરૂં તોપણ મારી ગયેલી આબરૂ પાછી આવે કીંવા મારી બાઇડી મારા ઘરમાં આવી ઘરસંસાર રીતી રીતે ચલાવે તેમ બિલકુલ હતું નહીં. કારણ તે વટલાયલી હોવાથી તેને બ્રાહ્મણ સરખાએ ઘરમાં રાખી શકાય નહી અને વળી પેલા પટેલને કાયદાની મદદથી કદાચ શિક્ષા કરાવું તો તેમાં મારી પોતાની અપાર ફજેતી થયા જેવું હતું કારણ મેં જાતેજ તેઓનું નાતરૂં કરી આપ્યું હતું!!! મેં જ્યારે નાતરૂં કરાવ્યું ત્યારે મારી બાઇડીએ નવિન સાડલો પેહેરી મોટો ઘુંઘટો તાણેલો હોવાથી હું તેને ઓળખી શકયો નહીં. પટેલને ઘેરથી લાગલોજ હું મારે ઘેર ગયો અને તત્કાળ લંગોટી વાળી હાથમાં ઝોળી તથા કમંડળુ લઇ બાખીના વેશે ગામ તજીને ચાલી નિકળ્યો. અદ્યાપિ પર્યંત એવા વેશમાંજ આપ સાહેબો મને નિહાળો છો. મારો કહેવાનો ભાવાર્થ એટલેજ કે બાળલગ્નથી હજારો પ્રકારની ઉપાધિ ઉત્પન્ન થાયછે અને ખાત્રીથી માનજો કે મોટપણે જે વહુવરનાં લગ્ન થાય છે તેઓ ઘરસંસારમાં ભાગ્યેજ દુઃખી માલમ પડશે." બાખીબાવાની હકીકત સાંભળીનેજ મોહનલાલ તથા મણિલાલ ખીખીખી હસી પડયા. બાખીબાવાએ પોતાની બાઇડીનું નાતરૂં પોતાને હાથે કરાવી આપેલું જાણી તેઓને બહુ આશ્ચર્ય ઉપજ્યું. શામલાલ ગંભીર મુદ્રાથી બોલ્યો, "બાળલગ્નથીજ વિધવાઓની સ્વદેશમાં સંખ્યા વધતીજ જાયછે. બાળલગ્નથીજ અવનવા મહા અનર્થો નિપજે છે અને બાળલગ્નથીજ સ્વદેશમાં ઊદ્યોગ ઘટી કાયરતા તથા આળસ અધિકાં થતાં જાયછે." ત્યાર પછી-બાળલગ્નની વિરૂદ્ધ ખુબ તડાકા મારી બાખીબાવા વિદાય થયા. મણિલાલે વળી શામલાલને છેડયો,

"ચસ ભાઈ, બાળલગન તો થવાં નહીં જોઇએ એવો મારો દૃઢ નિશ્ચયજ ઠરેલો છે તથાપિ આપણામાં વેશવાળ કરવાની રીત શું નુકસાનકર્ત્તા છે?" શામલાલે જવાબ વાળ્યો,–"બેશક વેશવાળ કરવાનો રીવાજ કોઈ મહાત્માએ ઘણા ડહાપણથી કહાડેલો જણાય છે. નાનપણથી વેશવાળ કર્યા બાદ વધુવર યોગ્ય ઉમરનાં થાય ત્યાં સુધી એક બીજાને ત્યાં જમવા જુડવા જવું, વાર તેહવાર કે સારેમાઠે અવસરે ભેગાવું સેળાવું વગેરે પ્રસંગો સેંકડોવાર આવવાથી બેશક ઘણો ફાયદો થાય છે. વધુ સાસરીયાના સ્વભાવ, ગુણ, વલણ વગેરેથી સારી રીતે વાકેફગાર બને છે અને તેથી લગ્ન પછી તેણીને સ્વશુરગૃહમાં આતડાઇ કે અગવડ ભરેલું લાગતું નથી. નાનપણથી વેશવાળ કરવાનો રીવાજ એવા હેતુથીજ પડયો હશે કે લાંબી મુદત સુધી માબાપોને વધુવરના ગુણદોષ તપાસવાનું બની આવે. જો વધુવર મળતાં સ્વભાવનાં અને તેમના પાણિગ્રહણથી ભવિષ્યમાં તેઓ ખચીત સુખી થશે એવાં રૂડાં વર્તનવાળાં માલુમ પડે તોજ તેનાં લગ્ન કરાવી આપવાં પરંતુ અત્યારે એ રિવાજનું કંઇ વિલક્ષણ રીતે રૂપાંત્તર થયેલું છે. હાલમાં વેશવાળ કર્યા પછી પરણાવવા યોગ્ય થાય ત્યાં સુધી વધુવરનું મન, તન, વિચાર, વલણાદિ બાબતમાં સરખાપણું કોઇપણ પ્રકારે તપાસવામાં આવતું નથી અને પછી લગ્ન કરી આપી લાકડે માંકડું વળગાડી માબાપો મિથ્યા લ્હાવો લઇ આ- નંદ માને છે! આવાં જોડાંઓ કદી સુખી થતાં નથી. જો નાન- પણમાં વેશવાળ કરવામાં આવે તો કશું ખોટું નથી પરંતુ વધુ વરનું દરેક બાબતમાં સરખાપણું તપાસી પછી યોગ્ય ઉમરે તેમનાં લગ્ન કરી આપવાં જોઇએ. વેશવાળ થયા પછી જો વધુવર, સ્વભાવ, ગુણ, વિચાર, વલણ વગેરેમાં એક એકથી જુદાં પડતાં હોય તો તેવાંઓનું લગ્ન કરી આપવાનું કડવું સાહ- સ કદી પણ હોરવું નહીં અને જો હોરવામાં આવે તો પેલા

ખાખીબાવાના જેવા હાલ થયા વિના રહેજ નહીં. ઘણા વધુવરોનું સરખાપણું નહીં છતાં રૂઢી બંધનથી જોડાં જોડાય છે અને તેઓથીજ આ જગતમાં ઘણા વિલક્ષણ કમકમાટી ઉપજે તેવા, ઘરસંસારને નહી છાજતા બનાવો બને છે. પુર્વેથી ચાલતી આવેલી રૂઢી કે રીવાજમાં પ્રત્યેક વખતે સમયને અનુસરતો ફેરફાર થવોજ જોઇએ. હાલમાં કન્યાવિક્રયનો ચાલ એટલો તો જોસ્સાપર આવ્યો છે કે પશુ પક્ષીની પેઠે ઘણાં માબાપો પોતાની કન્યાને વેચી નાંખતાં બીલકુલ શરમાતાં નથી, શ્રીમંતો પોતાની એક સ્ત્રી જીવતી છતાં તે ઉપરાંત બબે ત્રણ ત્રણ પરણી ધર્મવિમુખ બને છે તથાપિ તેને કોઇ નાતના આગેવાનો પુછતા નથી. પૈસા વિના બાયડી નહી મળવાથી ઘણા નિર્ધન વાંઢાઓ તથા પુનર્લગ્નનો પ્રતિબંધ હોવાથી અસંખ્ય વિધવાઓ દુરાચારમાં પ્રવૃત્ત થઇ આર્ય સુરીતિનીતિને કલંકિત કરે છે. માટે આ સઘળી બાબતોમાં આજના કાળ પ્રમાણે સુધારણા થવાની ઘણી અગત્ય છે અને તેમજ લગ્ન પેહેલાં વેશવાળ કરવાની રીત જોકે હું પસંદ કરૂંછું તથાપિ તેમાં આગળ કહ્યા પ્રમાણે સુધારો કરવાની આવસ્યકતા છે.” શામલાલ એટલું બોલે છે, તેવામાં એક બાઇએ ત્યાં હાજર થઇ ધુસ્કે ધુસ્કે રડવા માંડયું. શામલાલ લાગલોજ દીલાસો આપવાને સજ થઇ ગયો; કારણ-તે કાકીનાં દુઃખથી અજાણ્યો નહોતો. વાંચનારને યાદ તો હશે કે શામલાલના પેલા જેઠાકાકાએ સંતતિ સારૂ બીજી સ્ત્રી કરી ઘરસંસારમાં વિષાદ ઉપજાવી મુકયો હતો! આ સ્ત્રી તે જેઠાકાકાની પ્રથમની પત્નિ હતી. નવી સ્ત્રી પરણી લાવ્યા પછી જેઠાલાલની માયા મમતા જુની સ્ત્રી પરથી ઉતરી ગઇ. તે નવી તરૂણ સ્ત્રીના મોહપાશમાં એટલો તો ગુંમ થઇ ગયો કે સારા સાર વિચારનું પણ ભાન ભુલી બાપડી નિર્દોષ જુની સ્ત્રીને વિના વાંકે નવીની શિખવણીથી અસહ્ય માર મારતો હતો. નવી હમેશાં

સહેજ વાતમાં જુનીને ધમકાવતી, મેહેણુંટોણા મારી ગાળો આપતી અને તે બાપડીને કેવળ તાબેદાર પ્રમાણે ગણી આખો દહાડો ગદ્ધાવૈતરૂં કરાવતી. જુની સહનશીલ, વિચારવંત ને સુજ્ઞ હતી; મહા પ્રેમી, સ્વામિ સેવા માટે પ્રાણનો ભોગ આપનારી અને ઇર્ષા કે અદેખાઇ તો તેનામાં લેશ માત્ર ન હોતી તથાપિ નવીના દુરાચારથી તે બાપડી પતિને અળખામણી થઇ પડી. શામલાલે જેઠાકાકાને બીજી સ્ત્રી પરણતાં પહેલાં ઘણો ઉપદેશ આપ્યો હતો અને પરણ્યા પછી પણ ઘટતું કહેવાને તેણે મણા રાખી નહોતી પરંતુ "ઊંધા ઘડા પર રેડો પાણી, તો સઘળું ધુળધાણી!" એ કહેવત મુજબ તેમની અક્કલની કોતાઇપર કશી સારી અસર થઇ નહીં.

જેઠા કાકાની જુની સ્ત્રીએ શામલાલ પાસે આવીને અ.સહ્ય કલ્પાંત કરી મુક્યું. શામલાલે તથા મણિલાલે તેણીને બહુ બહુ દીલાસો આપ્યો. થોડીવારે તેણીએ પોતાના છેલ્લા દુઃખની કહાણી કહી સંભળાવવા માંડી. તે બોલી,—"નવી ઘરમાં નાના પ્રકારનાં મારાપર તહોમતો મુકેછે. હું તમારા કાકાને અપ્રિય થઇ પડી તેને માટે મને કશું વધારે લાગતું નથી કારણ હરેક બાબતમાં આખરે સત્યનોજ જય હોયછે અને તે મુજબ જ્યારે મારૂં સદૈવ દર્શન દેશે ત્યારે સર્વ કાંઈ સારૂં થશે. આડોશી પાડોશમાં પણ મને તે હલકી પાડવા લાગીછે. આખો દહાડો મારી નિંદા, કુથલી અને ગાલીપ્રદાન એજ તેનું કર્ત્તવ્ય થઈ પડયુંછે. એક હસવા જેવી વાતમાં મને બહુ ભોગવવુ પડયું. છે અને તેના કરતાં હું મૃત્યુના પંજામાં સપડાવાને વધારે ખુશી હોઉં તેમાં નવાઇ નથી. નવીને પરણે આજ ચાર વરસ થવા આવ્યાં પરંતુ કશું સંતાન નથી થતુ, તો તેમાં મારો શો અપરાધ? નવી કેવળ વહેમી અને ધર્માંધ છે અને તેથી સંતતિની આશાએ ગઇ કાલે અમારા પાડોશી અમરચંદ ઝવેરીના બેટના—એકજ એક છોક-

રાને તપેથાનો દાંડો લાલચોળ ધગાવી ડામ દઇ આવી! ઘણી વાંઝણી સ્ત્રીઓ આવાં નિર્દય-ક્રૂર કર્મો કરેછે તેથી અમરચંદ ઝવેરીની સ્ત્રીને અમારા ઘરનો વ્હેમ આવ્યો. તે લાગલીજ અમારે ઘેર આવી કઠોર શબ્દ પ્રહાર કરવા લાગી. નવીએ પોતાને અજ્ઞાન જણાવી સઘળો દોષ મારાપર ઢોળી પાડ્યો! જો કે હું સારી પેઠે જાણુતી હતી કે નવીએજ તે નિર્દોષ બાળકને ડામ દીધોછે તથાપિ મારા કહેવાપર કશો વિશ્વાસ નહી રાખતાં તમારા કાકાએ મને પુષ્કળ માર માર્યો. આડોશ પાડોશમાં હું અળખામણી થઇ પડી! હાય ! હાય! મને સ્વામિથીજ તિરસ્કાર મળવા લાગ્યો તો હવે જીવવું શા માટે? આ જીવનથી પ્રિયકરને તો કશો સંતોષ નથી તો પછી મારૂં જીવન મને અકારૂં કેમ ન થઇ પડે ?" એટલું બોલી ઉંડો નિશ્વાસ નાંખી પુનઃ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. શામલાલે તેણીને દીલાસો આપી કહ્યું "કાકી, હવે તમે હમેશાં મારેજ ઘેર રહેજો. હું જેઠાકાકા પાસેથી પરવાનગી મેળવીશ."

જેઠાકાકાની જુની સ્ત્રી શામલાલને ઘેર રહેવા લાગી. છએક માસ નિકળી ગયા, અને વળી પાછો શામલાલના જીવનચરિત્રમાં નોંધી રાખવા જોગ બનાવ બન્યો. રવિવારનો દહાડો હતો સાંજના આશરે પાંચવાગવાનો અમલ થયો હશે, તેવામાં દરવાજાપરનો સિપાઇ એક કાર્ડ લઇ હાજર થયો. કાર્ડ વાંચતાંવાર દરવાજા સુધી સામો જઇ હસમુખે ચેહેરે-આનંદ પ્રદર્શિત કરતો એક બહારથી આવેલા પરોણાને, શામલાલ હસ્ત પકડી "કેમ છો; મેલાપથી અત્યાનંદ થયો! કંઇ નવલ વિશેષ?" એમ કુશળ વર્ત્તમાન પુછતો પુછતો લગભગ પોતાની બેઠક સુધી આણી પહોંચ્યો. મણિલાલ તથા મોહનલાલને હાક મારી બોલાવ્યા અને સર્વ પછી ચારે ગૃહસ્થો પરસ્પર વાતો કરતા કરતા બેઠકપર બિરાજ્યા. મણિલાલ તથા મોહનલાલને શામલાલે ઓળ-

બાણુ કરાવી કહ્યું,—" આ આપણી લલિતાગવરીના ભરથાર મોતીલાલ !" "લલિતાગવરીના ભરતાર" એટલું વાક્ય કર્ણપર પડતાંવાર કમળાગવરી ઘરનું કામકાજ તજી દઇ ત્યાં દોડી આવી. લલિતાગવરીએ બારણામાં આવી-અર્ધગુપ્ત ઉભી રહી ડોકિયું કરી સલજ્જદૃષ્ટિએ હર્ષાશ્રુ નિંગાળ્યા. આનંદ અને આશ્ચર્ય એ બંને પ્રકારના મનોભાવમાં શામલાલના ઘરનાં તમામ માણસો નિમગ્ન થઇ રહ્યાં- અથથી ઇતિ પર્યંત લલિતાગવરીનું વૃત્તાંત શામલાલે મોતીલાલને કહી સંભળાવ્યું, અને ત્યાર કેડે મોતીલાલનું વૃત્તાંત સાંભળવાની ઉત્કંઠા પ્રદર્શિત કરી. મોતીલાલે કહ્યું,—"મને વિશેષ દુઃખ સહન કરવું પડયું નથી: મન દુઃખથી મારૂં જીવિત્વ મને અકારૂં થઇ પડયું અને માવિતરોએ "દુઃખપર ડામ!" દીધો. આથી હું ઇંદોર જઇ રહયો. ઇંદોરમાં મારા મામા મુરલિધર દીવાન હોવાથી હું ત્યાં દરબારી નોકરીમાં દાખલ થયો. વખત જતે મારી યોગ્યતાની યથાર્થ કદર બુઝાના લાગી અને હાલ આસિ. પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટનો માનદાયક ઓધ્ધો ભોગવું છું કેટલાક દહાડાપર જે ફોજદારી કેશ વર્તમાનપત્રમાં મેં વાંચ્યો હતો તેપરથી આપને મળવાને હું અત્યાતુર બન્યો હાલ દરબારી કામ પ્રસંગેજ અત્રે ચાર દહાડા થયા આવવું થયું છે, તથાપિ "એક પંથને દો કાજ!" પ્રમાણે આપના મેલાપ સુખનો અપુર્વ લાભ મેળવી હુ દુઃખમુક્ત બન્યો છું- અત્યાનંદ પામ્યો છું." "આપના પિતાશ્રી આપના શોધ માટે અત્રે આવી ગયા હતા!" મણિલાલ વચ્ચે બોલી ઉઠયો. મોતીલાલે જણાવ્યું— "મારા માતા પિતાને ત્રણેક માસ થયાં મેં ઇંદોર બોલાવી લીધાં છે," એ વગેરે કેટલીક વાતચિત કર્યાબાદ છસાડાછ વાગતે શામલાલ, મણિલાલ, મોહનલાલ અને મોતીલાલ પ્રાર્થનાસમાજમાં ઇશ્વરોપાસના કરવા ગયા.

પ્રિયવાંચનાર ! હવે આપણે લલિતાગવરી તરફ નિહાળીએ! મોતિલાલને નિહાળતાં વાર દેહ સ્મૃતિની વિસ્મૃતિ થઇ કેટલીક વાર તો તે અતિ પ્રમોદદાયક ચિતવૃતિના અપ્રતિમ સુખમાં નિમગ્ન થઇ રહી. તેનાં નેત્રો માત્ર મોતિલાલનેજ આતુરતાથી નિહાળી લેતાં, તેના કર્ણો માત્ર મોતિલાલનાજ શબ્દો ઝડપથી સાંભળી લેતા, અને તેનું હૃદય તો આનંદથી ઉભરાઇ જઇ કયા રનું એ માત્ર મોતિલાલમાંજ વશી રહ્યું હતું ! મોતિલાલ પ્રાર્થનાસમાજમાં ગયા બાદ એક ઘડિનો લલિતા તેજ સ્થળે સ્તબ્ધ ઉભી રહી. એકાએક તેનું હૃદય ચોંકયું. પુનઃ નજર ફેંકતાં મોતિલાલ દૃષ્ટિગોચર નહીં થવાથી હું કેવળ સ્વપ્નાંવસ્થામાં હતી, એવો ભ્રમ ઉત્પન્ન થતાંવાર તેના નેત્રમાંથી અશ્રુધારા ચાલી નિકળી, અતિશય દુઃખોદ્‌ગાર કહાડવા માંડી, કંઠ સદ્‌ગદિત થઇ શોકાગ્નિથી તેના સર્વાંગે દાહ પ્રકટયો, હાથપગ ધ્રુજવા લાગ્યા, દેહ શુદ્ધિ જતિ રહી અને મુર્છા આવવાથી ધડીંગ ધરણીપર પછાડાઇ પડી ! પડતાં પડતાં "અરે એતો સ્વપ્નજ ! કેવા પ્રાણનાથ અને કેવું કાંઇ !!" એ છેવટનું વાકય તેના મુખમાંથી ઉતાવળે નિકળી પડયું. કમળાગવરી તથા ઘરનાં ચાકર નોકર વગેરે માણુસો દોડી આવ્યાં અને તેઓએ સશ્રુષા કરવા માંડી. એક નરમ બિછાનાવાળા કોચપર લલિતાગવરીને સુવાડી કમળાગવરી તેને ધીરો પવન ઢાળવા લાગી. થોડીવારે તે શુદ્ધિમાં આવી. કમળાગવરીએ અનેક પ્રકારે તેના મનનું સમાધાન કર્યું અને અત્રે પ્રત્યક્ષ મોતિલાલ આવેલા છે એવી ખાત્રી કરી આપતાંવાર લલિતાનો રંગ બદલાઇ ગયો ! તેનું હૃદય પ્રફુલ્લિત બન્યું, મુખડું આનંદથી છવાઇ રહ્યું. આંખો અમિદૃષ્ટિને આધિન થઇ, અને શામલાલ વગેરે પ્રાર્થના સમાજમાંથી આવતા પેહેલાં તો તે શામલાલના પુત્રને તેડી રમાડવા લાગી. રાત્રીના સાડા આઠ વાગતે શામલાલ મો-

તીનાલ વગેરે બહારથી ઘેર આવ્યા. સર્વેકાએ સાથે બેસી નવ વાગતે પ્રીતિ ભોજન આરોગ્યું અને ત્યારપછી પ્રસ્તાવિક વાતચિત કરી મોડીરાતના સવાગાંઓ સુધ રહ્યાં. કમળાગવરીએ લલિતાની થયેલી અવસ્થા શામલાલને સત્રીએજ કહી સંભળાવી હતી. બીજે દહાડે મોતીલાલને ઈંદોર જવાનું હોવાથી પ્રભાતમાં શામલાલે લગ્નની વાત કહાડી. આજથી છ મહિનાપર એટલે માગસર માસમાં લગ્ન કરવાનો નિશ્ચય ઠરાવી મોતીલાલ રંગે રળિયાતે ઇંદોર તરફ રવાને થયો.

વખતને જતા બિલકુલવાર લાગતી નથી. ભાદરવો મહિનો પસાર થવા આવ્યો. સિંહસ્થના વર્ષના આખરના દિવસો હોવાથી જેઠાલાલનો વિચાર પોતાની બંન્ને સ્ત્રીઓ સહિત નાશિકત્રયંબકની યાત્રાએ જવાનો ઠર્યો. સનાતન ધર્મસ્થાનક તથા પ્રાચિન ઇતિહાસનું ભાન કરાવનાર ગુફાઓ નિહાળવાની શામલાલને પણ ઉત્કંઠા થઇ. શામલાલના પિતા પોતાની નોકરીનું રાજીનામું આપી પેનશન મેળવી કેટલાક દહાડા થયા મુંબઇમાં આવીરહ્યા હતા તેથી તેઓ, મણિલાલ, મોહનલાલ, શામલાલ, તથા તેમના કુટુંબના તમામ માણસો અને જેઠાલાલ વગેરે આશ્વિન શુદી પાંચમને દહાડે બપોરના નાશિક તરફ રવાને થયાં. રાત્રીએ સાડાનવ વાગતે સ્ટેશનપર ઉતરી ભાડાની ગાડીઓમાં તેઓએ નાશિક-શેહેરમાં જઇ ઉતારો કર્યો. બીજે દહાડે પ્રભાતમાં ઉઠી શૌચ્ય; મુખમાર્જન અને સ્નાન કરી તેઓ પાંડવગુફા જોવા ગયા. સાંજના તેઓએ સીતા ગહુફી નિરખી અને બીજે દહાડે ત્રયંબક ગયાં. તેજ દહાડે ત્યાં ત્રયંબકેશ્વર મહાદેવને ધ્વજા ચઢવાની હતી. હજારો માણસો યાત્રા નિમિત્તે ત્યાં એકઠાં થયાં હતાં. ત્રયંબકમાં ગયા બાદ જેઠાલાલે પોતાનો ઉતારો પોતાના કુલગોરને ત્યાં કર્યો અને શામલાલે તો પોતાના એકમિત્રની મારફતે મકાનનો આગળથી બંદોબસ્ત કરી રાખ્યો

હતો તેથી પોતાના કુટુંબ મંડળને તે ત્યાં લઇ ગયો.બપોરના બે વાગતે યાત્રાળુ લોકો ત્ર્યંબકેશ્વર મહાદેવના દેવાલય આગળ એકઠું થવા માંડયું. શામલાલ પોતાના કુટુંબમંડળને લેઇ દેવાલય નજીક આવેલા એક ઘરના ઝરૂખામાં બેઠો. પ્રથમ બાબીબાવાઓનું મંડલ કીનખાબની ધ્વજાલઇ ગાતુંવજાડતું દેવાલય તરફ આવવા લાગ્યું અને ત્યારપછી સાધુલોકોની નિરનિરાળી મંડલીઓ નાનાપ્રકારનાં વાજીંત્રો વજાડતી, કીરતન, પદો વગેરે ગાતી અને કુદતી નાચતી દેવાલય આગળ એકઠી થઇ. ધ્વજા ચઢાવતી વખ્તે યાત્રાળુ લોકો પુષ્કળ પ્રકારે ધર્મદાન કરવા લાગ્યા. યાત્રાનો ઠાઠમાઠ, મનુષ્યોની મેદની અને દેવાલયની અવર્ણનીય શોભા નિહાળી સર્વેકો આનંદાશ્ચર્ય પામ્યા. સાંજના સાડાછ વાગતે શામલાલ પોતાના કુટુંબમંડળને લઇ પોતાને ઉતારે આવ્યો. રાત્રીએ વાળુ કરી શામલાલ, મણિલાલ અને મોહનલાલ યાત્રા સંબંધેવાતચિત કરે છે એટલામાં જેઠાલાલનો ચાકર હાંફ્લોફાંફ્લો આવીને કહેવા લાગ્યો; "કઠણાઇનો કાંઇ પાર નથી! શેઠ ઉઠો, નખોદ વળી ગયું! નવી શેઠાણી જમ્યા પછી બપોરનાં જાત્રા જોવા ગયા ત્યાર પછી શોધ્યાં જડતાં નથી અને જુની શેઠાણી મરવા પડયાં છે!" એ સાંભળીને શામલાલના પિતાના તથ શામલાલના તો હોશકોશ ઉડી ગયા; શામલાલના માતપિતા, શામલાલ, મણિલાલ અને મોહનલાલ તાકીદથી જેઠાલાલને ઉતારે ગયાં; તપાસ કરતાં માલુમ પડયું કે જેઠાલાલની નવી સ્ત્રી ઝેરના ખેલા ચુરમાના લાડવા જુનીને ખવરાવી કોઇ ગીરિધારી નામના ભૈયાજીને લઇ નહાસી ગઇ હતી. ગીરિધારી ભયો મુંબઇમાં ગામદેવીના રસ્તાપર જેઠાલાલના ઘરની જોડમાં દુધ વેચવાનો ધંધો કરતો હતો અને તેપણ યાત્રા નિમિતે જેઠાલાલની જોડે આવેલો હતો. ભૈયાની જોડે જેઠાલાલની નવી સ્ત્રી કેટલાક દહાડાથી આડો વ્યવહાર ચલાવતી હતી. પ્રિયવાંચનાર! આપ

વિસ્મૃત થયા નહીં હશો, શામલાલે બીજી સ્ત્રી નહીં કરવા માટે શું જેઠાકાકાને ઓછા સમજાવ્યા હતા?. "જ્યારે ગિયાં ઘોર જોગ, ત્યારે બીબી ઘરે જોગ!" એ કેહેણી પ્રમાણે થવાની ઘરસંસારે શી રીતે સુખી થઇ શકાય? જેઠાલાલની જુની સ્ત્રી ખરેખરી પતિવ્રતા, સુશિળ, જ્ઞાતા ને ગુણજ્ઞ હતી, તેના વડે જેઠાલાલ પુર્ણ સુખી હતો પરંતુ સંતત્તિની લલુતાથી બીજી સ્ત્રી કરી, હાથે કરીને પોતાના ઘરસંસારને તેણે હલાહલ વિષવ્યાપક બનાવી મુકયો! બીજી સ્ત્રી પરણુતે છતે ઘરભંગ થયો, બીજી સ્ત્રી પરણુતે છુતે જોગનો તેમ નિર્વંશ રહયો, બીજી સ્ત્રી પરણવાથી કુલને કલંક લાગ્યું બીજી સ્ત્રી પરણવાથી વૃદ્ધાવસ્થામાં મહદુઃખ નિર્માણ થયુ!

શામલાલ વગેરે જેઠાલાલને ઉતારે જઈ જુએ છે તો જેઠાલાલની જુની સ્ત્રી ઘેનમાં "ઉં ઉં" ના ઉદગારો કહાડતી હતી તેનો કંઠ રૂધાઇ ગયો હતો, તેની આંખો લાલચોળ ભાસતી હતી, તેના હાથ પગમાં વિલક્ષણ પ્રકારની ખેંચતાણ થવા લાગી હતી. પ્રથમ તેના મ્હોંપર શિતળ પાણી છાંટવામાં આવ્યુ પછી મોરનું પિંછું તેના ગળામાં ઘાલી ઉલટી કરાવવાનો ઉપચાર શરૂ કીધે, તથાપિ વિષ રગે રગે પરવરી રહેલું હોવાથી. સઘળા ઇલાજો નિરર્થક થયા. દયામણે ચેહેરે તેણીએ શામલાલ તરફ દૃષ્ટિ ફેંકી દડ દડ આંસુ પાડયાં. જેઠાલાલ છાતીમાં મુષ્ટીઃ પ્રહાર કરી હૃદયફાટ રડવા લાગ્યો. અને રાત્રીએ સુમારે ત્રણ વાગતે જેઠાલાલની નિર્દોષ જુની સ્ત્રી કમોતે મરણ પામી! પ્રભાત સુધી શબ આગળ સઘળાઓ રડતાં કુટતાં બેશી રહ્યા, અને ત્યારબાદ શામલાલે પોલીસ ફોજદારને સઘળી હકીકત નિવેદન કરી પ્રેત દહન કરવાની પરવાનગી માગી.

પ્રિય વાંચનાર સંસારમાં બનતા અવનવા સંજોગથી અત્યારે આપણને એકાએક શામલાલને ઉતારે જવાની જરૂર પડે

છો સવારના આઠ વાગવા આવ્યા છે. જેઠાલાલને ઉતારે પુરૂષ મંડલી ગઇ કાલ રાત્રીએ ગયા બાદ કશાં સમાચાર નહી આવવા થી કમળાગવરી, મોહનલાલની સ્ત્રી ડાહીગવરી, લલિતાગવરી અને મણિલાલની સ્ત્રી લિલાવંતી સાથે બેસી દંતધાવન કરતાં કરતાં પરસ્પર "શું થયું હશે? કેમ હજી કોઇ આવ્યું નહીં? જુની કાકીજીને કેમ હશે?" એવા પ્રકારની કાળજીદર્શક વાતો કરે છે, એટલામાં એક પટાવાળો શામલાલના નામનો કાગળ લઇ રજુ થયો. કાગળ લઇ કમળાગવરીએ પડબીડિયું ઉખેડી તે યથાસ્થિત વાંચી જોયો. લલિતાગવરી તરફ નિહાળી કિંચિત શાલમાં હસી, "આ ચિઠી લલિતગવરીના સ્વામિ મોતીલાલની છે. તેઓ ઇંદોરના મહારાજા સાહેબની સાથે યાત્રા નિમિતે અત્રે આવેલા છે અને તેમના માતાપિતાને પણ તેઓ સાથે લાવેલા છે. ચિઠીમાં લખ્યું છે કે (ચિઠી ઉઘાડી જુએ છે) "તમે અત્રે આવ્યાના સમાચાર જાણી આનંદ ઉપજે છે. મારા માતાપિતાને લલિતાગવરીને નિહાળી આંખો ઠારવાની અભિલાષા છે, માટે તે જો આવ્યાં હોય તો તેમને સાથે લઇ તમો તમામ અત્રે પધારશો તો આભાર થશે." પરંતુ આજે આપણાથી તેમને ઉતારે કેમ જઇ શકાય વારૂ? (પોતાના ચાકરને હાક મારીને) મુળજી? આ ચિઠી લઇ જેઠાકાકાને ત્યાં જઇ એમને આપ, અને કેમ કરવું તે પુછી લાવ. જેઠાકાકાની વહુને કેમ છે તે વગેરે સમાચાર પણ લેતો આવજે." મુળજી જેઠાકાકાને ઉતારે ગયો. ત્યાં જઇને જુએ છે તો કારોનર ઝુરી કાકીના પ્રેતનો તપાસ કરતી હતી. શામલાલે મુળજીએ આપેલી ચિઠી વાંચી થોડીવાર વિચાર કરી તેજ ચિઠીની પાછળ કમળાગવરીપર લખી મોકલ્યું કે "મુળજી સાથે લલિતાગવરીને મોતીલાલને ઉતારે હમણાજ મોકલવી." મુળજી ઉતારે પાછો આવ્યા બાદ કમળાગવરીએ તે પ્રમાણે વ્યવસ્થા કરવા મુદલ વિલંબ લગાડયો નહીં.

જેઠાલાલની જુની સ્ત્રીના મરણના સમાચાર સાંભળી કુટુંબમંડળની સઘળી સ્ત્રીઓએ અશ્રુપાત કર્યો. થોડો વખત ગયા બાદ શામલાલના માતુશ્રી પોતાને ઉતારે આવ્યાં. સઘળાંઓ સ્નાન વગેરે કામથી પરવારી રસોઇ તૈયાર કરે છે એટલામાં પ્રેતદહન કરી બપોરના ત્રણેક વાગતે જેઠાલાલ સહિત પુરૂષમંડલ પણ ત્યાં દાખલ થયું. શોક ઉદ્વેગથી સઘળાઓ થાકી ગયા હતા. જમ્યા તે નહી જમ્યા જેવુંજ! અને પછી સઘળાઓ પથારીપર આળોટાયા!

બીજે દહાડે પ્રભાતમાં ઉઠી શામલાલ મોતીલાલને ઉતારે ગયો પરંતુ ત્યાં ઇંદોરના મહારાજા કે મોતીલાલ–કોઈ જોવામાંજ આવ્યું નહીં! ઉતારાની આસપાસ પુછગાછ કરતાં માત્ર એટલુંજ જણાયું કે "કોઇ રાજા અને તેનો રસાલો અહીં ઉતર્યો હતો ખરો; પણ તેઓ કદાચ અત્રેથી ઉપડી ગયા હશે." આથી શામલાલ ઊંડા વિચારમાં ઉતરી પડયો. "ઉપડી તે કેમ જાય? લલિતાગવરીને બોલાવી લીધી અને મને મળ્યા વિના કિંવા તેને પાછી પહેંચતી કર્યા વિના તે ઉપડી જાય, એમ માનવું સંભવેજ કેમ?" એમ વિચાર કરતો કરતો તે આખા ત્ર્યંબકગામમાં ઘેર ઘેર ફરી વળ્યો પરંતુ કશો પત્તોજ લાગ્યો નહીં! આખરે ઉતારે આવી જેવી શામલાલે સઘળી હકીકત નિવેદન કરી, તેવોજ મહા કળાહોળ મચી રહયો. જોકે શામલાલના કુટુંબમંડળનાં સઘળાં માણસો સુજ્ઞ અને વિચારવંત હતાં. તથાપિ નિરનિરાળી કલ્પના કરી લલિતા પ્રત્યેના અત્યંત વહાલને લીધે તેઓએ રૂદન કરવા માંડયું. કોઇએ ધાર્યું,–"કદાચ શામલાલ વગેરેને કામમાં ગુંથાયલા જાણી મોતીલાલના નામનો જુઠો પત્ર લખી કોઇએ દગો તો દીધો નહીં હોય?" કોઇએ ધાર્યું "કદાચ મોતીલાલેજ અધિરો ને ઉતાવળો બની લલિતાનું હરણ કરી જવાની મુર્ખાઇ તો નહીં કરી હોય?" પરંતુ આ તમામ કલ્પનાઓ કેવળ

જુદી હતી. વાસ્તવિક જોતાં તેમાં મોતીલાલનો કે બીજા કોઇનો દોષ નહોતો. થવા કાળ કદી પણ મિથ્યા થતો નથી! ત્રંબકમાં એક દહાડો વધારે રહી લલિતાગવરીનો શોધ કર્યો અને આખરે પ્રયાસ મિથ્યા જવાથી કાયર અને દુઃખી થઈ શામલાલ જેઠાલાલને લઇ પોતાના કુટુંબમંડળ સહિત મુંબઈ આવતો રહયો.

પ્રકરણ ૧૪ મું.

ઐહિક જગતનું મિથ્યાપણું.

આ જગતનાં સઘળાં સુખો અનિત્ય છે. જે કારણથી આનંદ પ્રાપ્ત થાય છે તેજ કારણથી કોઇવાર શોકસાગરમાં ડુબી મરવું પડે છે. સંસારનો મોહ જેમ સુખસમાધાનીનો ઉત્પાદક છે, તેમ પરમાવધિ દુઃખ પરિતાપનો તે કોઇવાર કારણભુત બને છે. અસ્તોદય એ જગતનો વિલક્ષણ ક્રમ મનાયલો છે, ચઢતી પડતી પ્રત્યેક માણસને માટે નિર્માણ થયેલી મનાતી આવી છે અને તેથી "કાળચક્રનો મહિમા મોટો ને અપૂર્વ છે" એવા ઉદ્‌ગારો આપણે આશા નિરાશાના, દુઃખસુખના, આનંદ ઉદ્‌વેગના અને જન્મમત્યુના સમયે કહાડી આશ્ચર્યચકિત બની એ છીએ !

પ્રિયવાંચનાર ! આ દુઃખદેણુ પ્રકરણ લખવાને કલમ કહ્યું કરતી નથી! અત્યારે સુજ્ઞશામલાલનું જીવન કેવળ શોકસદન બની રહ્યું છે. મુકુંદ, રે! આ બાલમુકુંદને તમે ઓળખોછો ? લલિતાગવરીની કેડમાં બેસીને જે ઘડીમાં હસતો ને ઘડીમાં રોતો; શામલાલના પિતાના ખોળામાં બેસી જે ઘડીમાં તેમની મુછો તાણતો ને ઘડીમાં મ્હોં અને હાથના વિચિત્ર ચાળા કરી કૌતક ઉપજાવતો; ભોંયપર જે ઘડીમાં ભાખોડિયાં ભર ચાલતો અને ઘડિમાં નાનકડાં રમકડાં સાથે ગેલ કરી તેને અફાળતો

પછડાતો, તે આપણા શામલાલનો પરમપ્રિય પુત્ર થાય! "દિકરા ક્યાં છે? દિકરા દેવને પણ દુર્લભ છે!" આ વાક્ય કેટલું પ્રમોદદર્શક છે? વાંચનારાઓએ તે બહુ વાર સાંભળ્યું હશે! નાશિક ત્ર્યંબકની યાત્રાએથી પાછા આવ્યા પછી તુરત મુકુંદ આજારી થઇ પડયો! આઠદસ દહાડા સુધી પુષ્કળ પ્રકારે તેની સારવાર ને ઔષધ-ઉપચાર કરવામાં આવ્યા પણ "પુષ્પને કરમાતાં વાર લાગતી નથી!" એ નિયમ જ્યાં લાગુ પડયો ત્યાં ઇલાજ શો? આજે સોમવારનો દહાડો છે-બરોબર પ્રભાતના સાત વાગ્યા છે. જોઇ લ્યો આ બાળમુકુંદને!! ધાવવું તેણે તજી દીધું છે, રમવાનું ભાન તેને રહ્યું નથી, કંચન સરખી તેની કુમળી કાયા કથિરરૂપ નિસ્તેજ બની ગઇ છે, આંખો ઉંડી ઉતરી ગઇ છે, પાંસળીઓ શ્વાચ્છોશ્વસથી ઉછળતી માલુમ પડે છે, દરદની વેદનાથી રડીરડી તેનો નાજુક અવાજ તુટેલો ને ઘોઘરો થઇ પડયો છે! અરેરે! ગમે તેટલા વલખાં મારવામાં આવે, ગમે તેટલા ઉપાય-ઇલાજો અજમાવવામાં આવે પરંતુ "જેની તુટી તેની બુટી નથી!" તો બિચારાં શામલાલ કે કમળાગવરી શું કરે?!

કલાક પછી તો બાળમુકુંદે રડવું બંધ કીધું અને ધીમું ધીમું "અં,અં,અં,!"એમ કણુસવા માંડયું! કમળાગવરીએ પુત્રને ખોળામાં લઇ તેનાં મુખચુંબનો લઈ અશ્રૂપાત કર્યો. શામલાલનાં ચક્ષુમાં પણ પાણી ભરાઇ આવ્યાં. શામલાલના પિતા તો ગળગળા બની મંડળીમાંથી ઉઠી ડુસકાં ભરતાં ભરતાં દુર જઇ બેઠા. મણિલાલથી "ભાણા, ભાઇ!"એમ બોલી રડી જવયું. મોહનલાલ બ્હેબાકળો બનીને મુકુંદને સજળ નેત્રે નિહાળવા લાગ્યો અને ઘરની બીજી સ્ત્રીઓ મુકુંદ તરફ નજર કરી કમળાગવરી સામુ મ્હોં ફેરવી "અરેરે" "પ્રભુ પ્રભુ!!" એવા દુખોદ્‌ગાર કહાડી ઉંડા નિશ્વાસો નાંખવા મંડી! હવે મુકુંદે આંખ્યો ઉઘાડી,

ચીસ પાડી શામલાલની માતાએ તેને પોતાના ખોળામાં લઇ આસ્તે આસ્તે ઔષધ પાયું, પણ તે પેટમાં મુદ્દલ ટકી શકયું નહીં. મુકુંદ અમળાયો; બેચાર ઉપરા ઉપર વામેટ કરી નાંખ્યા! છાતીના ધબકારાનો વેગ ધીમો પડયો, હાથપગ ઉછળતો તે બંધ થયો, દાંતની દોહોડ વાગી ગયો, તેની આંખો ઉંચી ચઢી ગઇ! એક ડચકું, તુરત બીજું ને ત્રીજા ડચકાએ તેનો પ્રાણ વિસર્જન થયો! શામલાલનું ઘર કાળા કલ્પાંતથી દણદણી રહ્યું. શામલાલની માતા ભીંતમાં માથું અફાળી ધડુસ ધડુસ છાતી કુટવા લાગી, શામલાલનો પિતા ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો, મણિલાલ ને મોહનલાલની આંખોમાંથી ઉષ્ણ આંસુડાં દડદડ ટપકવાં લાગ્યાં, કમળાગવરીનું રૂદન અમર્યાદ થઇ પડયું. મણિલાલ તથા મોહનલાલની સ્ત્રીઓ રડતાં રડતાં શામલાલની માતા તથા કમળાગવરીના મનનું સમાધાન કરવા લાગી. આડોશી પાડોશી સગાંસંબંધી અને મિત્ર મંડળ એકઠું થયું અને થોડીવારે બાળકનો મૃત્યુવિધિ રીતિપ્રમાણે કરવામાં આવ્યો.

જે જે લોકો શામલાલને ઘેર લૌકીકે આવતાં હતાં તેઓ પૈકી ખરખરો કરતાં કોઇ કહેતું,–"કેવો રામડા જેવો ને સુંદર છોકરો હતો!" કોઇ બોલતું,–તેના શરીરની કેવી સુંદર ને મનોહર કાંતિ હતી!" કોઇ કહેતું,–" છોકરો રડવાનું તો નામ જાણતો નહોતો; આખો દહાડે કેવો એક સરખો રમ્યા ને હસ્યા કરતો હતો!" કોઈ કહેતું, " ચાર દહાડાનું ચાંદરડું તે આનુંજ નામ કહેવાય!" આથી શામલાલના ઘરનાં માણસોને બહુ લાગી આવતું હતું પુત્રની વિરહવ્યથાથી કમળાગવરી ક્ષુધા તૃષાને વિસરી ગઇ, પુત્રની વિરહવ્યથાથી મુંઝારાનો ભયંકર રોગ તેને લાગુ પડયો, પુત્રની વિરહવ્યથાથી તેનું રમ્યદેહ સુકાતું ચાલ્યું, પુત્રની વિરહ વ્યથાથી તેનું હાસ્યયુક્ત મુખડું શોકગ્લાનિથી આચ્છાદિત બની રહ્યું. સતતિનું અલૌકિક અપૂર્વ સુખ અંતરવાથી કઇ માતાને

પોતાનું જીવન અકારૂં નહીં થઇ પડે? મુકુંદના રમકડાં નિરખી કમળાના ચક્ષુસમિપ મુકુંદ આબેહુબ ખડો થતો અને તેનું દીલ બહુ દુભાતું. તેણીએ રમકડાં બાંધી ઘરની અભરાઇપર ચઢાવી દીધાં. નિત્ય બપોરના જ્યારે મુકુંદને ઉંઘાવાનો સમય થતો ત્યારે શામલાલની માતા પારણાને હિંચોળી હાલરડાં ગાતી ગાતી–આનંદ પામતી હતી પણ હવે તેજ સમયે તે બાપડીને રૂદન કરવાનો વખત આવ્યો! મકુંદ વિના આખું ઘર ખાવા ધાય તેવું થઈ પડયું! મુકુંદ વિના ઘરનાં માણસોને ખાલી "પા. આ.પગી!" "બા-પા!" "મા-મા" એવા કાલા, બોબડા ઉદ્દગારોના ભણકારા ભાસવા લાગ્યા, મુકુંદ વિના શામલાલના માતાપિતાને એક દિવસ, વર્ષ પ્રમાણે લાંબો થઇ પડયો અને તેઓ નિરૂપોગી બની રહ્યા! પ્રભુની ગતિ અકળ છે–તેની ઇચ્છાને આધિન રહી નિર્માણ થયેલું સુખદુઃખ સહન કર્યા વિના છુટકો નથી!

જ્યારે માણસની કઠણાઇના દિવસો આવે છે ત્યારે તે ઉપરા ઉપર આવે છે. હજી શામલાલના પુત્રને મૃત્યુ પામ્યાને વધારે દહાડા થયા નથી, હજી તે કારી ઝખમરૂઝાયો નથી, એટલામાં વળી બીજીવાર દૈવકોપ ગુજર્યો. શામલાલની બેહેન દીવાળી વિ-ધવા થઇ! દીવાળી ઉમરમાં શામલાલ કરતાં ચાર વર્ષે મોટી હતી. તેના યોગ્ય ઉમરે લગ્ન થયા હતા–પુરૂષ પત્નિ વચ્ચે અપ્રતિમ પ્રેમ હતો. દાંપત્યધર્મનું મહાત્મ્ય બંને જણા યથાસ્થિત સમજતાં હતાં. દીવાળી સુશિક્ષિત, સુશિલ, અને સુજ્ઞ હોઇને અહોરાત્ર સ્વામિસેવામાંજ નિમગ્ન રહેતી હતી. પોતાના જીવનને સ્વામિના જીવનનું ઉપજીવન સમજતી હતી, પોતાની જીવિતની મર્યાદા સ્વામિની હયાતી સુધીજ પ્રમાણતી હતી. શામલાલની ધર્મપત્નિ કમળાના ગુણ, વલણ અને વિચારને દીવાળી આબેહુબ મળતી આવતી હતી. દીવાળીના ધણીનું મૃત્યુ સાંભ

જતાંવાર શામલાલ અને શામલાલના માતાપિતા સુરત દો'ડી ગયાં. ત્યાં દીવાળીની સ્થિતિ મહા ભયંકર થઇ પડી હતી. પતિના મૃત્યુ વખતથીજ તે બેભાન હાલત ભોગવતી હતી. દીવસમાં પુષ્કળવાર તેનાં મન તનના ધાટ બદલાતા હતા. થોડીવાર અવાચક થઈ રહેતી, થોડીવાર ઘેલચ્છા ધાકણ કરતી હતી, થોડીવાર છાતીફાટ રૂદન કરવા માંડતી, થોડીવાર "મને તજીને ચાલતા થયા! પ્રાણનાથ આવા નિર્દય હું તમને જાણતી નહોતી. ઉભારહો, હું તમારી સાથે આવું છું!" એમ બોલી પથારીપરથી ઉભી થતી. શામલાલે સુરતમાં ઘણા ઘણા પ્રકારે તેણીના મનનું સમાધાન કર્યું પરંતુ તેણીના દરદને લાગુ પડવા કોઇપણ પ્રકારનું ઔષધ સમર્થ નહોતું. ઐહિક જગતના મિથ્યાપણાપર શામલાલ તેના બિછાના પાસે બેસીને ઉપદેશકારક અનેક ઉદાહરણ આપતો. આથી દીવાળીની વધતી જતી મનની ખિન્નતા અને તનની ક્ષિણતા શેહેજ ઓછી થયા જેવું જણાયું. દિવાળી પિયરમાં આવી રહે, તો કદાચ તેના મનની હાલત સુધરશે, એવું કેટલાક સુજ્ઞ લોકોનું માનવું હોવાથી તેમની ભલામણ મુજબ દીવાળીને લઇ શામલાલ, તથા તેનાં માતાપિતા પાછાં મુંબઈ આવ્યાં.

શામલાલના સુબોધક સમાધાનકારક ઉપદેશથી દિવસે દિવસે દિવાળીની પ્રકૃત્તિ સુધરતી ચાલી પરંતુ શામલાલના પિતાનો પાછો પથારીપર પડવાનો વારો આવ્યો! તેઓને મુળથીજ ક્ષયરોગની વ્યાધિ હતી- તેઓના મનપર શામલાલના પુત્રના મૃત્યુથી માઠી અસર થઇ હતી અને તેમાં વળી દિકરીના વૈધવ્ય દુઃખથી તેમાં અમર્યાદ વધારો થઇ પડયો. પિતાની માંદગીને લીધે શામલાલે કોર્ટમાં જવું છોડી દીધું. તે અહોરાત્ર પિતાશ્રીની સેવાચાકરી કરવામાં ગુંથાઇ રહયો. કમળાગવરી પુત્ર વિયોગથી શરીરે નંખાઇ ગઇ હતી અને તેના મનની સ્થિતિમાં પણ જોઇએ તેવો

આરામ થયો નહોતો તથાપિ તે પોતાની નણંદને દિલાસો આપતી. સસરાજીની સારવાર લેવાને તે આખો દહાડો ઉભે પગે થઇ રહેલી જોવામાં આવતી. વહુ દીકરાનું ચિત્ત વૃદ્ધ પિતાની સેવામાં પરોવાઈ રહ્યું હતું, વહુ દિકરાનું હૃદય વૃદ્ધ પિતાના દુઃખથી દુભાતું રતું, વહુ દિકરો પિતાની આજ્ઞા ઝડપી લેવાને તત્પર થઇ રહેલાં જોવામાં આવતાં હતાં. "કોઇ ભાગ્યશાળીનેજ એવાં વહુ દિકરા પ્રાપ્ત થાય છે!" આ વાકય શામલાલનો પિતા જે તેને જોવા આવતું તેને કહી સંભળાવતો હતો. દિવાળી બાપાની દુઃખદાયક હાલત નિહાળી રડી પડતી. શામલાલ અને કમળાગવરી સઘળાંને ઉપદેશ આપી શાંત કરતાં હતાં. શામલાલની માતા લખા વખતના શોક પરિશ્રમે કરીને અશક્ત બની રહી હતી. મરણોન્મુખ થયેલા સ્વામી સાથે છેવટની વાતચિત કરી લેવાને તેનું હૃદય કહ્યું કરતું નહોતું; તેનાં નયનો મરણોન્મુખ થયેલા સ્વામિને નિહાળવા કરતાં અંધા બનવાને વધારે રાજી હતાં; તેના કર્ણો મરણોન્મુખ થયેલા સ્વામિના દુઃખોદ્દગાર સાંભળવા કરતાં બધિર બનવાને ઘણાજ આતુર હતા અર્થાત પુનિતપાતિવ્રત્ય ધર્મ સ્વરૂપથી કહો, કે પતિ પ્રતેની અપુર્વ પ્રેમ લાગણીથી કહો; પરંતુ તે સ્વામિનું દુઃખ સહન કરી શકતી નહોતી. તે દેહનું ભાન ભુલી ગઇ, તેના મનની શુદ્ધિ જતી રહી. સ્વામિ, સ્વામિ અને સ્વામિમાંજ તેનો પ્રાણ પરોવાઇ રહયો. દિકરા કન્યા ને વહુવારૂઓ અને ઘરબારમાંથી તેનું ચિત્ત ઉઠી ગયું–ધન્ય તે પતિવ્રત્તાને! ચાલો આપણે તે સાક્ષાત શ્રીદેવીના દર્શન લઇ ભાગ્યશાળી બનીએ!

શામલાલના પિતાને કારતક શુદી અગીયારશને દહાડે મંદવાડ વધી પડયો. ઘરના ન્હાનાંમ્હોટાંસઘળાં માણસો ગભરાઇગયાં. બપોરના સ્હેજ આરામ થયો. પિતાશ્રી બોલતા થયા, તથાપિ તેમના હૃદયની ખાત્રી થઇ હતી કે તેઓનું જીવન હવે વધારે વખત કહાડશે નહીં. પોતાની પત્નિ, શાંનલાલ, શામલાલનો નાનોભાઇ માણેકલાલ, વહુઓ,

મણિલાલ, મોહનલાલ વગેરે ઘરનાં તમામ માણસોને પોતાની પાસે બોલાવ્યાં. અને પછી ધીમે અવાજે બોલવા માંડયું,–"બેટાઓ, આ મૃત્યુ લોકની વસ્તી કેવળ ક્ષણભંગર છે. મારૂં અંજળપાણી ખુટયું છે–મારો મૃત્યુકાળ કેવળ સમિપ આવી રહ્યા છે. તથાપિ અત્યાર સુધી મને દેહભાન રહ્યું છે તેથી મહાન કૃપાળું પરમેશ્વરનો મોટો આભાર માનું છું. તમે મારી હયાતીમાં મને સંપુર્ણ સુખ આપી સંતોષ અને આનંદ ઉપજાવ્યો છે. તમે ત્રણે મિત્રો હળીમળીને રહેજ્યો. સુજ્ઞ છો તેથી વિશેષ કહેવામાં વિશેષતા જેવું કશું નથી. પ્રત્યેક માણસને માટે વહેલું મ્હોડું મરણું નિર્માણ થયેલું હોય છે. આપણે કેવળ અજ્ઞાન અને અજાણ છીએ. કાળનો કશો ભરોંસો નથી. આશા બહુ ખોટી છે. જન્મ પછી માણસ સમજુ થયા બાદ હું આમ કરીશ, હું તેમ કરીશ, પછી મને આવી રીતે સુખ પ્રાપ્ત થશે, એવી આશામાંજ તેના સઘળા સાંસારિક વ્યવહારો ચાલી રહેલા છે, તેને તેના શ્રમનું કેટલીક વાર ફળ મળેલું હોય છે, તેની કેટલીક ઇચ્છા તૃપ્ત થયેલી હોય છે, તેને કેટલીક વાતનું સમાધાનકારક ફળ પ્રાપ્ત થવાનો વખત નજદીક આવી રહેલો છે, તે કેટલીક બાતનો આગળ આગળ પ્રયત્ન કરવા માટે ફાંફાં મારતો હોય છે, અર્થાત માણસની આશાનો કદી પણ અંત આવતો નથી. નવી નવી ઇચ્છાના ફણગા તેના હૃદયમાં હમેશાં ફુટતા રહે છે આવી સ્થિતિમાં માણસ જન્મથી તે મૃત્યુ સુધી નિમગ્ન થયેલો હોય છે તેથી પરમેશ્વર પાસે લઇ જવા મૃત્યુકાળ સમિપ આવ્યા છતાં ત્યાં જવું તેને કડવું ઝેર જેવું ભાસે છે. પોતાનાં પુત્ર પરિવાર, સગાં સબંધી, ઇષ્ટમિત્ર વગેરેથી તથા ઐહિક સુખ વૈભવથી આપણો ચિરકાલ વિયોગ થનાર છે એ વાત તેના હૃદયમાં ઘોળાવા કરે છે અને ભવિષ્યમાં જે સ્થિતિ પ્રાપ્ત થનાર છે તેનાથી કેવળ અજ્ઞાન હોવાને લીધે અંતકાળે માણ-

સનો પ્રાણુ બહુ કલેશ પામે છે. એટલા માટે અહો, દીકરાઓ ! તમે કોઇપણ આશાગ્રસ્ત થશો નહીં. આપણુ મનુષ્યમાત્ર કેવળ પ્રવાસી છીએ; વળી આપણે એવી તો નઠોર સ્થિતિમાં છીએકે આપણે આવ્યા ક્યાંથી અને આપણને જવાનું ક્યાં છે, કરવાનું શું છે અને શું શું કીધું છે, તે આપણે બિલકુલ જાણી શકતા નથી. પ્રભુથી ડરીને પ્રત્યેક કામ સદાચાર અને નીતિને અનુસરતું કરવામાં તમે કદી પણ ભુલથાપ ખાશો નહી. આપણા આપ્ત મંડળ, સગાં સબંધી અને ઇષ્ટમિત્રનો ચિરકાળ વિયોગ અનિવાર્ય છે. આ વિ-યોગથી ઉત્પન્ન થનારૂં દુઃખ કમી કરવા, આ લોકનું આપણું સદ્વર્ત્તન મુખ્ય સાધન છે. પોતાનું હિત સાધતાં બીજાના હિતને કદી પણ ધક્કો પહોંચાડશો નહી. કોઇનો ઘાતપાત કરશો નહી. કોઇની સાથે દ્વેષભાવ રાખશો નહી. અજ્ઞાનીને જ્ઞાની બનાવવા કાળજી રાખવી અને જ્ઞાનીનો ઉપદેશ ગૃહણ કરવો. દીન અનાથને ય-થાશક્તિ આશ્રય આપવો. આવી રીતે વર્તવાથી માણસના અંત કાળના ક્લેશનો આપોઆપ વિનાશ થાયછે. અને તેનું મૃત્યુ સુખ સમાધાનીમાં પસાર થાયછે. સ્નેહમાં ધાડો સ્નેહ સ્ત્રીનો મનાય છે, સ્ત્રી પુરૂષનું સ્વરૂપ એક બીજાથી સંસારમાં વધારે શોભી નિકળે છે. સાચા સ્નેહનાં સ્ત્રીપુરૂષો પરલોકમાં પણ એકત્ર રહી સુખાનંદમાં કાળ નિર્ગમન કરેછે. પ્રાણવિના જેવું શરીરનું અસ્તિત્વ તેવું સ્વામિ વિના સ્ત્રીનું અસ્તિત્વ–જીવિત્વ સમજવું. અને–" શામલાલની માતુશ્રી વચ્ચે બોલી ઉઠી–"અને એમં જે સમજે અને વર્ત્તે તેજ સ્ત્રીને ધન્ય છે!" શામલાલના પિતાએ તેના બોલવા તરફ વધારે લક્ષ નહી આપતાં આગળ ચલાવ્યું; "હું મારા મહદ્ ભાગ્ય સમજુ છું કે મને મહા સાધ્વી સ્ત્રી અને સદ્ગુણી પુત્ર–જે પ્રાપ્ત થવાં દુર્મિળ, તે પ્રાપ્ત થયાં છે. બેટાઓ, મને મૃત્યુનો લવલેશ ભય લાગતો નથી. મારા મૃત્યુથી બિલકુલ વ્યાકુલ થશો નહી. સઘળાં હળીમળીને રહેજ્યો. મનુ-

બ્યત્વને વિસરશો નહી. પોતપોતાનું કર્ત્તવ્ય કર્મ બરોબર સમજજ્યો."
એટલું બોલ્યા બાદ શામલાલના પિતાથી વધારે એક અક્ષર
પણ બોલી શકાયો નહી. તેણે બે હસ્ત જોડી આંખો મીંચી
પ્રભુ પ્રાર્થના કરવા માંડી. શામલાલ વગેરે પુરૂષ મંડળી તથા
કમળાગવરી વગેરે સ્ત્રી મંડળ પણ પ્રભુ પ્રાર્થના કરવામાં નિમગ્ન
થઇ રહ્યાં.. શામલાલની માતા ઉઠીને જડપથી બીજા ઓરડામાં
ગઇ. ત્યાં તેણે શુભ્ર વસ્ત્ર પેહેરી લીધું. અને હાથમાં "ઇશ્વર
પ્રાર્થના માળા" નું પુસ્તક લઇને તુરત પોતાના સ્વામિની સૈયા
આગળ આવી બેઠી. તેણે પ્રભુ પ્રત્યે એવું તો લક્ષ લગાડ્યું
કે તેનું દીવ્ય ધ્યાન ચિત્તમાં વૈરાગ્ય ઉત્પન્ન કરનારૂ હતું. તેનું
મુખ અને નેત્ર હ્રદયનો ભાવ પ્રદર્શિત કરતાં હતાં. ઘરબાર,
બાળબચ્ચાં અને પુત્ર પરિવાર ચિરકાળ તજી જવાને તે સજ્જ થઇ
રહેલી હોવાથી તેણીની મુદ્રા કેવળ દૃઢ નિશ્ચયવાળી અને કઠોર
હ્રદયવાળી ભાસતી હતી તથાપિ તેમાં મનોધર્મનું પ્રેમ લક્ષણ
હાજરા હજુર બિરાજતું હતું તેણીની વિલક્ષણ મુદ્રા નિહાળતાં
વાર સઘળાંઓના અંતઃકરણ વિરક્ત થઈ ગયાં. જડદેહના બંધ
નમાંથી પ્રાણ મુક્ત થતાંવાર તે સ્વતંત્ર થઇ રહેછે, તેનું જ્ઞાન
અને શક્તિ અત્યંત વધે છે, પારલૌકિક સુખ સોજ્વલ અને
શાશ્વત છે. કાયા, વાચા અને મને કરીને યાવજ્જીવ જે પતિની
સેવા કરેછે અને પોતાના પેહેલાં પતિ ગત થવાથી જે તેની સાથે
ગમન કરેછે, એવી સાધ્વી સ્ત્રીને ભતારના વિયોગનો વાયરો સ્વપ્ન
માં પણ લાગી શકતો નથી, એવું જે ધર્મશાસ્ત્રોમાં કહેલુંછે
તેપર શામલાલની માતુશ્રીનો પુર્ણ ભરોંસો હતો. આથી ભવિષ્યમાં
પ્રાપ્ત થનારી ઇષ્ટ સ્થિતિનો વિચાર તેના મનમાં અત્યારે ઘો-
ળાયાં કરતો હતો, અને તેનું મન પારલૌકિક સુખના ચિંતનમાં
જેમ લીન થવા લાગ્યું હતું તેમ ઐહિક બાબતો તરફ દુર્લક્ષ
થઇ તેણીના મુખપર ઔદાસિન્ય છવાઇ રહ્યું હતું. પ્રભુ પ્રાર્થના

કરતાં કરતાં તે બોલી, "પ્રાણનાથનો અને મારો કદીજ વિયોગ ન થાય અને હાલ જેવી પ્રીતિ છે તેવીજ ચિરકાળ ચાલુ રહે એવી હે મહાપિતા પ્રભુ કૃપાકર!" શામલાલનો પિતા ડોળા ઉઘાડી વચ્ચે બોલી ઉઠયો, "અહો પ્રિય શુભાંગે! પવિત્ર પતિવ્રતે! શું તું ઉત્તમ દેહનો, બાળબચ્ચાંઓનો અને સુખ વૈભવનો ત્યાગ કરી મારી સાથે આવનાર?" શામલાલની માતુશ્રી દીનવાણીથી બોલી,— "આપ વિના જીવિત્વ મિથ્યા છે, આપની સંગતિનું સુખ એટલું તો શ્રેષ્ટ છે કે તેને માટે ઐહિક સર્વ બાબતોનો ત્યાગ કરવો મને બિલકુલ કઠિણ લાગતો નથી; વાસ્તવ તેમ કરી હું કૃતાર્થ બનીશ તેમાં નવાઇ શી? ભોક્તા વિના ભોગ્યવસ્તુ ગમે તેટલી ઉત્તમ હોય પરંતુ તે વ્યર્થજ! આપણે એક બીજાને સારી રીતે અનુભવ્યાં, એકબીજાં પરસ્પર પ્રેમ બંધનથી બંધાયા, એકમીજાને પરસ્પર સેવ્યાં પણ તે સઘળાં કાર્યો આજ સુધી આ જડરૂપેંદ્રિયોનેજ તૃપ્ત કરવાનાં હતાં, તેનો ત્યાગ થતાંજ આપણે હવે દિવ્યદેહી બની શકીશુ અને વિશેષ સાંનિધ્ય પામીશું; તો કહો જોઇએ વારૂ આજનો આ કેવો મહત્વનો સુદિન સમજવો જોઇએ? મને આ નાશવંત દેહનો અને ક્ષણભંગુર ઐહિક સુખોનો શો લોભ છે? જ્યારે ભવિષ્યમાં પ્રાપ્ત થનાર ઇષ્ટ સ્થિતિનું સુખ સોજ્વલ અને નિત્ય છે, ત્યારે ઐહિક અનિત્ય સુખ વાસ્તે શોકપરિતાપ પામવાનું કશું કારણ નથી." શામલાલનો પિતા કંઈ બોલવા જતો હતો પરંતુ તેના મ્હોંમાંથી ચકાર સુદ્ધાં નિકળી શક્યો નહીં! તે પથારીમાં પડખું ફરી ગ્લાનિ ખાઇ ગયો અને એવા પ્રકારનું બડબડયો કે.—"પ્રિયે ધમરાજ (પ્રભુ) ના દૂતો આપણને લેવા આવ્યા હોય એમ મને લાગે છે!" શામલાલની માતાએ શામલાલના પિતાને દ્રઢ આલિંગન આપ્યું. તે બોલી "પ્રાણનાથ! મને આવવા દ્યો! દૂતો, મને લીધા વિના જશો તો તમોને પ્રભુની આણ છે!"

શામલાલ અને મણિલાલે માતુશ્રીને પિતાજીની પથારી પાસેથી દુર ખસેડયાં, દીવાળીએ કાળું કલ્પાંત કરી મુકયું–તેનો હાથ પકડી તેને મોહનલાલ એક બાજુપર લઇ ગયો. કમળાગવરીને ડાહીગવરી છાની રાખવા લાગી. શામલાલના પિતા તરફ પુનઃ સઘળાંઓનું લક્ષ દોરાયું! તેઓએ ઉપરાઉપર ડચકાં ખાવા માંડયા; તેઓના જમણા પગનો અંગુઠો ફરકવા લાગ્યો. શામલાલની માતા દુઃખ વેદનાથી બેશુદ્ધ થઇ જેમ પ્રચંડ વંટોળિયાથી કેળ ફસાઇ પડે છે તેમ ધરણીપર ઢળી પડી! કમળાગવરીએ દોડતાં પાણી લાવી સાસુજીના ચક્ષુપર છાંટયું. શામલાલે માતુશ્રીને ધીમો પવન ઢાળ્યો અને પળવારમાં તેઓ શુદ્ધિ પર આવ્યાં. આ વખતે શામલાલના પિતાશ્રીને પ્રાણઅંતનું એક જબરદસ્ત ડચકું આવ્યું–તે ડાબે પડખે ઉથલી પડયા અને "પ્રભુ, પ્રભુ!" એમ બોલતાં પ્રાણ નિકળી ગયો! પ્રાણેશ્વરનું છેવટનું વાકય શ્રવણ કરતાંવાર શામલાલની માતા બ્હેબાકળી થઇ ગઇ તેની મુદ્રા નિમિષ માત્ર બ્હાવરી બની ગઇ; તેને દેહભાન રહ્યું નહીં અને મુર્છા ખાઇ કાષ્ટવત ધરણીપર ઢળી પડી! એ મુર્છામાં શામલાલનો પિતા જાણે તેનો હથ પકડીને "ચાલ જલદી ચાલ!" એમ બોલાવતો હોય એવો ભાસ થયો. શામલાલની માતાએ "આ હું આવી" એમ બોલી એક મોટો ઉચ્છ્વાસ નાંખ્યો કે તુરત ચક્ષુ ફાટીને તેનો પ્રાણ નિકળી ગયો! "ગયા હો ગયા!! બંને પુણ્યપ્રાણી આપણને તજી ગયા!!" એવા રૂદન સાથના અવાજથી શામલાલનું ઘર દણુદણી રહ્યું! ધન્ય એ દાંપત્યમહાત્મ્ય સમજનાર સ્ત્રીપુરૂષને! ધન્ય તેઓના પુનિત અખંડિત–અવિચળ પ્રેમબંધારણને! પતિવ્રતા! ધન્ય ધન્ય તારા સ્વામિપ્રત્યેના અપૂર્વ–પરમાવધિ પ્રેમને! 'ખરેખરી સતિ થઇ" તો આનેજ કહેવાય! પ્રિયવાંચનાર, આવા સ્ત્રી પુરૂષો અત્યારે એક પણ સાંપડશે કે? જવાદો, હશે, એ વાત તો

એક બાજુએ રહી પરંતુ અશાશ્વતે ઐહિક મોહમાયામાં લુબ્ધ થએલાં માણસોને નિહાળી તેની સાથે ચાલો આપણે પણ અશ્રુપાત કરીએ! શામલાલના કુટુંબમંડળનાં સઘળાં માણસો સુશિક્ષિત અને સુજ્ઞ છે તથાપિ જુઓ, કોઇ છાતિફાટ રૂદન કરે છે, કોઇ ધડુસ ધડુસ છાતી કુટે છે, કોઇ હીબકાં ભરી રૂએ છે, કોઇ કપાળમાં ટપલાં મારે છે, કોઇ અશ્રુપાત કરી "અરેરાટ"ના ઉદ્‌ગારો કહાડે છે! મનુષ્ય દેહ દુર્લભ છે! મનુષ્ય આવ્યું સમાય છે પરંતુ ગયુ પોસાતું નથી, તથાપિ ઇશ્વરની ગતિ અકળ અને અલૌકિક છે ત્યાં ઇલાજ શો? ખચિત ઐહિક જગતનું મિથ્યાપણું તે મિથ્યાપણુંજ!!

પ્રકરણ ૧૫ મું,

સાધવી-સતિ સ્ત્રીઓનું મહત્વ.

પ્રિય વાંચનારા તમે હવે લલિતાગવરીનું વૃત્તાંત જાણવાને ઉત્સૂક બની રહ્યા હશો, માટે ચાલો હવે આપણે મહારાજા હોલકરના રાજ્યમાં જઈ પહોંચીએ! આજે માગશર શુદ બીજનો દહાડો છે. મોતીલાલે ઇંદોરના રાજ્યના એક રામભાઉ નાગના બારવટિયાને પકડવા સારૂ ભયાઉ નામના ગામને ઘેરો ઘાલેલો છે. લડાઇમાં શત્રૂદળનો પરાજય થયો. મોતીલાલે રામભાઉને પકડી બંધીવાન બનાવ્યો. તેના ઘરબારની જડતી લઇ દ્રવ્ય અને સ્ત્રી બાળકોનાં તમામ દાગીના કબજે કરી લીધાં. અને પછી રામભાઉને તેનાં સ્ત્રી બાળકો સહિત કેદી બનાવી ઇંદોરમાં લઇ ગયો. ત્યાં બીજે દહાડે લુટારા રામભાઉને ઇન્સાફની અદાલતમાં ઉભો રાખ્યો અને ઇંદોર સરકાર તરફથી મોતીલાલે ફરિયાદી નોંધાવી. રામભાઉની તથા તેના સાથીઓની જુબાની લેવાયા બાદ તેનાં ઘરની સ્ત્રીઓની જુબાની ઉત્તરોત્તર લેવાવા

માંડી. છેવટે જે સુંદરીએ જુબાની આપી તે સાંભળી મોતીલાલ આશ્ચર્યચકિત બની ગયો! તેને ભાસ્યું કે "આ હું સ્વપ્નુ નિહાળું છું કે શું!" તે સુંદરી બોલી, "મારૂં નામ લલિતા ગવરી; હું એક કુળવંત વણિકની કન્યા છું. શામલાલ નામનો મુંબઈની હાયકોર્ટનો એક વકીલ મારા મુરબી તરીકેનો દાવો ધરાવે છે. અમે સઘળાં મુંબઇથી નાશિક ત્રયંબકની યાત્રાએ ગયાં હતાં. ત્યાં મારા પતિ તથા સાસુ સસરો આવેલાં હોવાથી તેઓએ અમારે ઉતારે મને માણુસ બોલાવવા મોકલ્યું. હું મારે ઉતારેથી એક વિશ્વાસુ ચાકર સાથે લઇ, પેલા બોલાવા આવનાર માણુસની સાથે ચાલતી થઇ. પ્રથમ એક આડગલીમાં પ્રવેશ કરી અમને તે માણુસ એક ઘરમાં લઇ ગયો. ઘરમાં પગ મુકતાંવાર તેણે તમામ બારણા બંધ કરી લીધાં. તેણે મ્હોંડેથી સીસોટી વજાડતાંવાર માળપરથી બીજા પંદર વીશ પુરૂષો નીચે દોડી આવ્યા. ભયભિત થવાથી મને તમરી આવવા જેવું જણાયું અને હું ક્ષણુવારમાં બેભાન થઇ પડી. મારા વિશ્વાસુ ચાકરનું શું થયું તે હું અદ્યાપિ બિલકુલ જાણુતી નથી. હું શુદ્ધિપર આવીને જોઉં છું તો મારી પાસે બે બુઢી ઓરતો બેઠેલી જોવામાં આવી, તેણે મને જણાવ્યું કે અહિંયા તમોને બિલકુલ ભય નથી! તથાપિ જો કુન્માત કરશો તો જીવના જશો માટે ગુપચુપ ખાવો પીવો અને આનંદ કરો. થવાકાળ કદિ મિથ્યા થતો નથી. આશરે પંદર- વીશ દહાડા પછી મને લઇને સઘળા માણસો મુસાફરીએ ચાલી નિકળ્યા. રસ્તામાં તેઓ દિવસે મુકામ નાંખતા અને રાત્રીએ રસ્તો કાપતા કાપતા આજુ બાજુના ગાંમડાં અને વટેમાર્ગુપર ધાડ પાડી લુંટ મેળવતા હતા. આ પરથી હું મનમાં સમજી કે આ કોઈ લુંટારા-ધાડપાડુઓ છે. આશરે દોઢેક મહિને એટલે ગયા અઠવાડિયામાં અમે એક ગામમાં જઈ પહોંચ્યા અને ગયા પરમ દહાડે ત્યાં અમોને અહીંના સરકારી અમલદારે

પકડી પાડયા. નાશિકત્રયંબકમાં મને બોલાવવા મારા સ્વામિએ અમારે ઉતારે જે માણુસને મોકલાવ્યો હતો તે તો આ રામભાઉ પાસેથી બસો રૂપિયા લઇ કોણુજાણે કયાં નહાસી ગયો ! રામભાઉએ મુસાફરીના અરસામાં દુર્બુદ્ધિ દાખવી મારો છળ કરવા ઘણા ઘણા પ્રકારે ફાંફાં માર્યા, પરંતુ પ્રભુએ મારા શિયળનું સર્વ પ્રકારે સંરક્ષણ કર્યું. તેના હ્દયમાં જે દહાડે પાપ વાંચ્છા ઉત્પન્ન થઇ તેજ દહાડે સંધ્યાકાળે એકાએક તે આજારી પડયો. અને હજી તે તેવીજ હાલત ભોગવે છે." લલિતાગવરીની જુબાની પુરી થતાં વાર ન્યાયાધિશે રામભાઉને વિશેષ પુછવાથી તેણે જણાવ્યું કે, "જ્યારે મહારાજા હોલકર નાશિકત્રયંબકની યાત્રા એ ગયા ત્યારે હું પણ ત્યાં ગયો. મારો ભાણેજ ત્રયંબકનો રહેવાશી છતાં તે ઇંદોર મારી સાથે આજ કેટલાંક વર્ષથી લુટ ફાટનો ધંધો ચલાવતો હતો. ગઇ સાલમાં તે આસિ. પોલિસ સુપ્રીન્ટેન્ડેન્ટની હજુરમાં પોતાની વાસ્તવિક હકીકત છુપાવી સિપાઇગીરીની નોકરીમાં દાખલ થઇ ગયો અને મને દરબારગઢની મહત્વની બાતમી આપવા લાગ્યો.મહારાજા હોલકરની સાથે આસિ. પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ ત્રયંબક આવેલા હોવાથી તેની સાથે તે પણ આવેલો હતો. અને તેનેજ આસી. પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટે પોતાની સ્ત્રીને બોલાવા મોકલવાથી પ્રથમ પોતાને ઘેર તે મારી પાસે સંકેત કરી ગયો અને પછીથી તે સ્ત્રીને લાવી મારી હજુરમાં સોંપી. અને ત્યાર પછી અમો અત્રે આવ્યા. મારો ભાણેજ ક્યાં ગયો તે હું જાણતો નથી." ન્યાયાધિસ સાહેબને ચાલતે કેશે એકાંતમાં બોલાવી મોતીલાલે લલિતા સાથનો પોતાનો સંબંધ જાહેર કર્યો. ન્યાયાધિશે આસનારૂઢ થઇ ધાડુપાડુ રામભાઉને તથા તેના સાથીઓને યોગ્ય આસન આપ્યું અને લલિતાને મોતીલાલના સ્વાધિનમાં સોંપવામાં આવી. મોતીલાલ પોતાની ગાડીમાં બેસાડી લલિતાને પોતાને ઘેર લઇ ગયો. લલિતા મોતી

લાલને બિલકુલ ઓળખી શકી નહીં. આ વેળાએ મોતીલાલના માતાપિતા પોતાની કન્યાના શ્રીમંત ઉપર પોતાને ગામ જઈ રહ્યાં હતાં.તે બાપડીતો જે શેહેરમાં અત્યારે રજુ થઈ છે તે શેહેરનું નામ પણ જાણુતી નથી. મોતીલાલને ઘેર જઇ તે ગભરાઇને રડી પડી. મોતીલાલે તેને દિલાસો આપી જણાવ્યું કે, "થોડા દહાડા પછી તમોને મુંબઇ તમારા પિયરમાં મોકલી આપવામાં આવશે."

મોતીલાલનું મન લલિતાને પોતાની વાસ્તવિક ઓળખાણ આપવા ટમટમી રહ્યું, પરંતુ વળી તેને એક પ્રકારનો વિચિત્ર વિચાર ઉત્પન્ય થયો. તેના મનમાં આવ્યું; "મારા પ્રત્યે લલિતાની પ્રથમના જેવી શ્રદ્ધા, આસ્થા અને પ્રેમભાવ અચળ રહ્યોછે કે નહીં, તેની ખાત્રી કર્યા વિના ઓળખાણ આપવી કશા ઉપયોગની નથી. અને માતાપિતા અત્રે નહીં હોવાથી તેની પરિક્ષા લેવાનું કામ ઘણીજ સેહેલાઇથી બની શકશે." મોતીલાલને ત્યાં એક રસોયાણી અને વાસણકુસણ માંજનારી એક બીજી બાઇ—એ રીતે બે બૈઇરાં માણુસો નોકર હતાં. તેઓને લલિતાની બરદાસ્ત રાખવા તેણે સારી રીતે ભલામણ કરી. પોતાના એક મિત્રની માતુશ્રી ફુલકોર કરીને વૃદ્ધ ડોસી હતી. તેણે તેને લાગલીજ બોલાવી લીધી અને તેને પોતાને ત્યાં નિત્ય કાયમ રહેવાને સુચવ્યું. ફુલકોરબાઇ સાથે તે માતૃભાવથી વર્તતો હતો અને તેની સાથે તેનો જીવ મળી રહયો હતો. તેણે પોતાની સઘળી હકીકત તેને નિવેદન કરી વિશેષમાં જણાવ્યું કે "કાકીમા, લલિતાની ઇચ્છા મારી સાથેજ લગ્ન કરવાની અદ્યાપિ કાયમ રહેલી છે કે કેમ, તેના મનની સ્થિતિ વિલક્ષણુ રીતે હાલ ફેરવાઇતો નથી ગઇ! તેના સ્વભાવમાં અને ચાલચલગતમાં કાંઇ વિકૃતાવસ્થા માલુમ પડે છે કે કેમ, વગરે, બાબતો કંઇ અહીંતહીંની વાતો કરીને અને વિનોદના મિષથી અવળાસવળા તડાકા લગાવીને તેનાથીજ તમે જાણી લ્યો! આગ

થવાથીજ તેની ઉત્તમપ્રકારે પરીક્ષા કરી શકાશે. તમે તેને મારી, આ શેહરની અને બીજી વાસ્તવિક બાબતોની કશી ઓળખાણ આપશોજ નહીં. જાણે હું મોતીલાલ નહીં, પણ કોઇ પરાયો પુરૂષ હોઉં, સુખવૈભવ અને સત્તાધિકારે બળવાન અને ભાગ્યશાળી હોઉં, તેણીની સાથે વરવાની ઇચ્છા ધરાવતો હોઉં એવા પ્રકારનીજ વાતો કહાડી તેનું મન તપાસી લેવાનું કામ ચતુરાઇથી બજાવશો તો ઠીક થશે." ફુલકોર કાકીએ મોતીલાલના કહેવા પ્રમાણે કરવાની શરૂઆત કરી. મોતીલાલનું ઘર ઘણું વિશાળ ને અતિ રમણિય હતું. તેમાંનું એક દિવાનખાનું લલિતાને માટે ઉપયોગમાં લેવામાં આવ્યું. લલિતાની તેનાતમાં બીજી બે દાસીઓ ફુલકોરકાકીને મદદનીશ થઇ પડે તેટલા માટે રાખવામાં આવી. ફુલકોરકાકીએ ઘણાઘણા પ્રકારે લલિતાનું મન તપાસી વાળ્યું પરંતુ તે કેવળ નિષ્પાપ અને નિષ્કલંક માલુમ પડી. બીજે દહાડે ફુલકોરકાકીએ મોતીલાલ પાસે એકાંતમાં આવી કહ્યું,–" લલિતાગવરી શહાણપરનો સાગર છે. સદાચારી, સુશીલ અને જ્ઞાતા છે. કેવળ નિષ્પાપ છે, તમારાપર તેની પૂર્ણ શ્રદ્ધા અને અપુર્વ પ્રેમભાવ જોવામાં આવે છે. તેની ઉત્તમપ્રકારે બરદાસ્ત રાખવામાં આવે છે. દાસીઓ તેનું માથું ગુંથે છે. હું તેને રાજ રજવાડાની વાતો કહી સંભળાવી આનંદ ઉપજાવવા માટે તેણીના મનનું સમાધાન કરૂં છું. તથાપિ કોઇ પણ વાતમાં તેનું ચિત્ત ચોટતું નથી. તેને રહેવાને આપેલું દીવાનખાનું કેવળ ઇંદ્રભુવન સરખું રળિયામણું છે તથાપિ તે તેને શુદ્ધ બંધિખાના પ્રમાણે ભાસે છે. તે સુખના સ્વાદિષ્ટ પદાર્થોનો ઉપયોગ કરતી નથી. પ્રાણરક્ષણ કરવા માટે જેની જરૂર છે તેટલીજ વસ્તુ તે ઉપયોગમાં લેછે. મિષ્ટાનને તે હાથ લગાડતી નથી. પલંગપર પોઢવાને દાસીઓ તેને પુષ્કળ આગ્રહ કરે છે પરંતુ તેમ કરવું તેને મુદલ રૂચતું નથી. પાન ખાવા

તથા ફુલ સુંઘવા તરફ તેણીનો અભાવ જોવામાં આવે છે." આ બંધીખાનામાંથી પરમેશ્વર કયારે અને કેવી રીતે મારો છુટકો કરશે." એવી વિવંચનામાંજ ચોવીશ કલાક અને છત્રીશે ઘડી તે ગુંથાયલી જોવામાં આવે છે. માટે તે બાળાને હવે વધારે વખત નહીં છગતાં જલદીથી તમે તેને તમારી વાસ્તવિક ઓળખાણ આપી સંતોષાનંદ ઉપજાવો. જો એવી રીતે કરવામાં તમે વિલંબ કરશો તો તેનું પરિણામ મહા ભયંકર આવશે." લલિતાની હકીકત સાંભળીને મોતીલાલનું અતઃકરણ પિગળીને તેના નેત્રમાંથી અશ્રુધારા ચાલવા લાગી. તેણે છેલે ઊંડો નિશ્વાસ નાખીને ફુલકોરકાકીને કહ્યું,–" થયું તે થયું પણ હવે તેને જલદીથી ઓળખાણ આપીશું." એટલી વાત થયા બાદ ફુલકોરકાકી લલિતા પાસે જવાને ચાલી નિકળ્યાં. ફુલકોરકાકી જેવાં ત્યાં જઇ પહોંચે છે તેવાંજ લલિતાએ તેઓને પુછયું,–" આ માગસર મહિનો ચાલે છે–લગ્નગાળો આજ મહિનામાં કે નહીં?" આ પ્રશ્નનો ભાવાર્થ ફુલકોરકાકી લાગલાંજ સમજી ગયાં કારણ મોતિલાલે તેમને તે સંબંધીપણ આગળથી ઘટતું જણાવી રાખ્યું હતું. તેણે જવાબ વાળ્યો,–" હા બાઇ, લગ્નગાળો આજ મહિનામાં; આવતી કાલે એટલે શુદ બારશનાં આ ગામમાં વરકન્યાના ઘણાં લગ્નમુહુર્ત છે!"

ત્રીજે દહાડે લલિતા મુખમાર્જન અને સ્નાન કરી દીવાનખાનામાં એક બાજુએ ઉત્તરદિશા ભણી મુખ કરી, જમણું પડખું થાંભલાને ટેકાવી એક કોચપર ચિંતાક્રાંત થઇ બેઠી હતી. દાસી ઘરમાં પોતપોતાનું કામ કરતી હતી. મુંબઇ જયારે મોતીલાલ આવ્યા ત્યારે શામલાલે માગશર મહિનામાં લગ્ન કરવાનો ઠરાવ કર્યો હતો તે વાત અત્યારે લલિતાને યાદ આવી. તેનું મન મુંબઇમાં શામલાલને ઘેર જઇ પહોંચ્યું. કમળાગવરી, ડાહીગવરી લીલાવંતી, શામલાલ, મણિલાલ, મોહનલાલ વગેરે અરેરે આજે

કેટલાં દુખી થતાં હશે? મારાં માતપિતા મારા લગ્નને માટે આજે મુંબઇમાં આવ્યા હતે; હું જો આજ મુંબઇમાં હોત તો અમારા બન્નેના રંગેરળિયાતે લગ્ન થયા હતે અને અમે કેટલાં સુખી થયા હતે વારૂ! એવા વિચારો તેના મનમાં ઘોળાતાં ઘોળાતાં તેની વૃત્તિ કેવળ મોતીલાલમાં તલ્લીત થઇ રહી. ગહન વિચારમાંથી મનુષ્યની નજર જેમ એકાએક ઉંચેના પદાર્થપર પડે છે તેમ તેણીની દૃષ્ટિ સામેની ભિંતપરના આરસ તરફ પડી કેવળ સ્થિર થઇ રહી, આ વખતે તેણીનો વાળ સુદ્ધાં હાલવા પામતો નહોતો તો પછી હસ્તપાદાદિ બીજાં અવયવોની વાતજ શી કરવી? એવી સ્થતિમાં હોઇને તેણીને એમ લાગ્યું કે ભુદેવો મંગળાષ્ટકો ભણેછે—આચાર્યો બન્નેને ઉપદેશ આપેછે, નાના પ્રકારના મંગળવાદ્યો વાજી રહ્યાંછે, રમણિયો મધુર ગીતો લલકારવા લાગીછે અને લગ્ન ઘટિકા બેસતાંવાર અંતરપટ ધરવામાં આવ્યો અને મેં મારા પ્રાણનાથને વરમાળા આરોપી! આ વખતે મોતીલાલ દીવાનખાનાના સામેના બારણામાં આવી ઊભો રહેલો હોવાથી તેનું પ્રતિબિંબ આરસામાં લલિતાને દૃષ્ટિગોચર થવા લાગ્યું. તે નિહાળતાંવાર હું મિથ્યામનોરાજ્ય કરૂંછું, એવી તેની શુદ્ધિનો એકાએક નાશ થયો. અને તેણીને એમ લાગ્યું કે મારા ખચિત લગ્નજ થાય છે!! તે એકદમ બે હાથ ઊંચા કરી વરમાળ આરોપવા ઊભી થઇ! મોતીલાલે પણ તેને તેમ કરતાં નિહાળી. મોતીલાલ ઉઘાડે શરીરે હોવાથી તેના ગળાની મોતનમાળા આરસામાં જણાતી હતી તેથી લલિતાને લાગ્યું કે મેં હમણા જે વરમાળ આરોપી તે એજ છે! વળી દરબારગઢનાં દેવ મંદિરમાં વાજી રહેલા વાજીંત્રોનો જે નાદ સંભળાતો હતો તે મારા લગ્ન મહોત્સવમાં વજડાવવામાં આવતાં વાજીંત્રનો નાદ છે એમ તેણીને લાગ્યું! તે બી મોતીલાલના પ્રતિબિંબ તરફ ધારી ધારીને નિહાળી બોલી,

"કેવી હું ભાગ્યશાળી કે આવા દીવ્ય કાંતિવાળા-સુસ્વરૂપ મને સ્વામિ મળયા! જ્યારે રાત્રીએ પ્રાર્થના સમાજમાંથી પાછા આવી મુંબઇમાં રામલાલને ઘેર જમવા બેઠા હતા, ત્યારે મેં બરોબર નિહાળ્યા હતા!" આ વાક્ય સાંભળતાંવાર મોતીલાલ બારણા માંથી ખસી ગયો કે તુરત લલિતા બુમ પાડી ઊઠી "અરેરે ગયા હો ગયા!" બુમ સાંભળતાંવાર જોડના ઓરડામાંથી ફુલકોર કાકી દોડી આવ્યાં. "કોણ ગયા? શું થયું?" એવા પ્રશ્નોનો કશો ઉતર નહિ વાળતાં લલિતા લાગલીજ રડવા લાગી, આથી ફુલકોરકાકી ખડખડ હસી પડયાં. થોડીવારે લલિતા શુદ્ધિપર આવી•અને પ્રેમઘેલી બનીને સઘળી હકીકત કાકીને તેણીએ નિવેદન કરી અશ્રુપાત કર્યો. કેવી પતિપ્રેમી સદ્ગુણી પવિત્રબાળાઆ!!

મોતિલાલ તો ઉપરનો પ્રકાર નિહાળી પરમાનંદિત બની રહગો. તે મનમાં બોલ્યો; "જેનું અંતઃકરણ કેવળ મારામાંજ વસી રહ્યું છે તેની હવે વધારે શી પરિક્ષા લેવાની છે?" થોડીવારે તેણે ફુલકોરકાકીને પોતાની પાસે બોલાવીને કહ્યું; "હવે તેને વધારે સતાવવાનું પ્રયોજન નથી. આવતી કાલે હું લશ્કરી કવાયતમાંથી પાછો આવીશ તેવોજ તેણીની સાથે કેટલુંક સંભાષણ કરી મારી વાસ્તવિક ઓળખાણ આપીશ." ફુલકોરકાકી તે પછી લલિતાગવરીની પાસે જઇ બેઠી. બીજે દહાડે પ્રભાતમાં ઉઠી મુખમાર્જન, સ્નાનઆદિ નિત્યકર્મ પરવારી તેણે પોતાનો લડાયક પોષાક ધારણ કીધો. પગમાં ઇજાર પેહેરી માથે આંટીબંધ ગુલાબી ફેંટો બાંધ્યો, કમરપર તલવાર લટકાવી, કેડે બાંધેલી રેશમી ભેઠમાં કટાર ખોસી, પીઠપર ઢાલ બાંધી, હાથમાં ભાલું ઉચકી લીધું અને એક પાણીદાર ઘોડાપર સ્વાર થઇ પોતે રણભુમિમાં જઇ પહોંચ્યો. મોતીલાલનો કંચનવર્ણી ઠાઠમાઠવાળો પોષાક, ગળામાં સુંદર સાચા મોતીની કંઠી, તેમાં પાચ અને હીરા જડિત ચગદાંઓ, હથિયારની રૂપેરી મુઠ અને રૂપેરી મ્યાન,

ઘોડાપરના જીનપરનું સુશોભિત સોનેરી નકસી કામ, ભાલાનું ચકચકીત ફળું અને ઘોડાની શ્વેતવર્ણી કેશવાળીપર સુર્યના કિરણો ચમકી રહ્યાં છે, એવા સમયમાં જ્યારે રણુજંગમાં કીંવા કસરતના અખાડામાં મોતીલાલ પોતાનો ઘોડો જોરથી ફેંકતો હતો, ત્યારે તે કેવળ દેદીપ્યમાન થઈ રહી જોનારની આંખો અંજાઇ જતી હતી. સુમારે દોહોડેક પ્રહર પોતાના લસ્કરને કસરત કરાવી મોતીલાલ પાછો પોતાને ઘેર આવ્યો. ઘરમાં આવતી વાર સંકેત પ્રમાણે તે લલિતા પાસે દીવાનખાનામાં ગયો. લશ્કરી કવાયદમાં તેને કેટલીક આરડાઆરડ કરવી પડી હતી, વળી લલિતાને તેના અવાજનો વધારે પરિચય નહોતો, તેનો પોષાક પણ અત્યારે કેવળ અમીરી હોવાથી તે બાપડીમાં તેને ઓળખીકાઢવાનું સામર્થ્ય કયાંથી હોય? પોતાની તરફ મોતીલાલને આવતો નિહાળી પલંગની મછરદાનીની આડે એક બાજુપર ખુણામાં તે નિચું નિહાળી ઉભી રહી. આ વખતે ફુલકોરકાકી પણ દીવાનખાનામા બેઠાં હતાં. મોતીલાલે ફુલકોરકાકીને કહ્યું, “લલિતાને કહો કે તું ડરીશ નહી. તું કયાંની કોણ, વગેરે તારી યથાસ્થિત હકીકત કહે. કોર્ટમાં તારી જુબાની મેં સાંભળી છે પરંતુ પુનઃ તે સાંભળવાને મારી ઇચ્છા છે.” ફુલકોરકાકીએ લલિતાને જણાવ્યું,–“તું બિલકુલ ડરીશ નહી. સરદાર સાહેબે પુછેલી હકીકત બેધડક તું કહી સંભળાવ.” મોતીલાલ બોલ્યો, “હવે આપણે તેને તેના પિયરમાં પહોંચતી કરીશું પરંતુ ફુરકોરકાકી, તેને છેવટનું એક વાર તો પુછી જુઓ, તેની મરજી છે કે નહી?”

લ૦—મારી પાસે શું છે? મારા મુરબ્બી શામલાલ જેને આપશે તેને આપશે!

મો૦—ફુલકોરકાકી, તમે સમજતા નથી, લલિતાનું બોલવું વાજબી ને રીતસરનું છે. શામલાલની ખુશી હોય તો તેના તરફથી કશી અડચણ નથી!

લ૦—ફુલકોરકાકી, મારા બોલવાનો કાંઇ એવો અર્થ થતો નથી. શામલાલ, જેને હું મનથી વરી ચુકીછું તેનીજ સાથે મને પરણાવી આપશે. તેઓ બીજાને કદી પણ આપવાના નથી એવી મારી પકી ખાત્રી છે અને તેથીજ મેં એમ કહ્યું છે.

મો૦—આ વખતના બોલવાનો ઘાટ વળી કંઇ ખુબીદાર દીસેછે! હશે, પણ મને લાગે છે કે જો આ વખતે કોઇ મારી સામું નિહાળે તો તેને બીજાં તમામ ઠેકાણા ખચીત તુચ્છ ભાસ્યા વિના રહેનાર નથી.

લ૦—ફુલકોરકાકી, નિહાળીને મને શું કરવાનું છે? સૌંદર્ય અને ઐશ્વર્યને હું ભુલનારી નથી!

મો૦—પ્રત્યેક બાળાઓને રૂપવંત ધણીની હોંસ હોય છે તેથી મેં એમ કહ્યું; બાકી પુરૂષોને જે ગુણ ભુષણદાયક હોયછે તે મારામાં ઓછા છે, એમ સમજવું નહિ. લલિતાગવરીએ કોર્ટમાં પોતાની જુબાની આપતાં જણાવેલાં, તથા અત્રે જેને તે મનથી વરી ચુકેલી જણાવે છે તે મોતીલાલમાં જે ગુણોછે તે તમામ મારામાં પણછે. તે જેવો રૂપયૌવનસંપન્ન, કુલીન અને ભાગ્ય શાળીછે તેવોજ હું છું, વિદ્યા, કળા સૌજન્ય, ચાતુર્ય અને શૌર્ય વગેરે સદ્‌ગુણયુક્ત જેવો તે છે તેવોજ હું છું, કિંબહુના તેજ હું પોતે છું. એમ કહેવામાં પણ કશી ચિંતા નથી! એટલું છતાં મારામાં જે વિશેષ છે તે એજ કે એક માનવંત દેશી રાજ્યનો અત્યારે હું એક સરદાર છું. મારૂં નામ સાંભળતાંવાર શત્રુઓ થરથર કંપાયમાન થાયછે, યાસ્તવ મારામાં તેણીને શું કમીપણું લાગેછે તે કહી સંભળાવ્યા વગર હું તેણીને તેના પિયરમાં કદી પણ પહોંચાડનાર નથી! કારણ જગતમાં હાંશી થવાથી મને પછી કોઇ પણ કન્યા આપશે નહી! લાગલાજ લોકો કહેશે કે સ્થળ સર્વોત્તમ છે, શોધવા જતાં સાંપડે તેમ નથી પરંતુ જે અર્થે લલિતા સરખી જા

ણીતી કન્યાએ જેનો અનાદર કર્યો છે"તે વરમાં કાંઇ કહેવાપણું હશે! અર્થાત લોકોને ભળભળતા તરેહવાર તર્ક કરવાનો એથી રસ્તો ગળશે!!

લ૦—ફુલકોરકાકી, તેમાં મારો ઇલાજ શો? મને જે મુખ્ય જોઇએ તે તો નથી"

મો૦—તે શું?તને શું જોઇએ?

લ૦—ફુલકોરકાકી, હું જેને મનથી વરીચુકેલી છું તે એ નથી, વળી બીજું શું?

મો૦—એ સબબ ભલે હમણા કહાડવાદ્યો. બાકી તેમાં કશો અર્થ નથી! મારામાં શું કમીપણું છે તે પ્રથમ કહી સંભળાવવું જોઇએ.

લ૦—મને કંઇ માલુમ નથી અને હું શું કહી સંભળાવું? પરંતુ આત્મસ્તુતિ અને પરસ્ત્રી અભિલાષા, તે બે વાતો તો અત્યારેજ મારા અનુભવમાં આવી! અને તેથી એ દોષ તો ખુલ્લા-હાજરા હજુર બિરાજેછે એમ કહેવામાં હું કશું અયોગ્ય કરતી નથી. વળી પરસ્ત્રી અભિલાષા જે પુરૂષમાં હોયછે તેને વરવાને શાસ્ત્રમાંપણ મનાઇ કરેલી છે તો તે કેટલો મહાભારથ ને વિપરીત દોષ ગણાય?

મો૦—વાહ! ખુબજ બાંધી લીધા! આત્મારતુતિ તો પ્રસંગને અનુસરીને કાધી-ચાલો તે દોષ કબુલવામાં આવે છે પરંતુ ફુલકોરકાકી, જે અર્થે તે કોઇ પરાયા પુરૂષ સાથે વિધિથી વરી નથી તે અર્થે 'આ આપણને વરે તો ઠીક' એવી ઇચ્છા પ્રદર્શિત કરવામાં પરસ્ત્રી અભીલાષાનો દોષ શાનો?

લ૦—મેં પ્રત્યક્ષ કહી સંભળાવ્યું કે હું અમુક ગૃહસ્થને મનથી વરીચુકી છું અને તે શીવાયના તમામ પુરૂષો મને ભાઇબાપ પ્રમાણે છે,'તો પછી મને અવિવાહિત સમજવામાં શું ભુલ નથી થતી? હું કાંઇ હવે કેવળ અજ્ઞાન નથી. મારા મનનો

સંકલ્પ થઇ ચુક્યો છે અને હવે કોઇ કાળે તે ટળનાર નથી !

મો૦—કેવળ મનને સંકલ્પ થયલો શા ઉપયોગનો ! દેવ બ્રાહ્મણ કે આચાર્યની શાક્ષીએ વિધિપુર્વક તારાં તેની સાથે હજી ક્યાં લગ્ન થયા છે ? આ કાળમાં વિધિનું પ્રાધાન્ય છે અને તે થયાં પેહેલાં મનનો સંકલ્પ ગમે તેટલીવાર ફેરવવામાં આવે તોપણ ચિંતા નહીં અને એ શાસ્ત્ર સંગતવાર્ત્તા છે.

લ૦—મનુષ્યનું મન કેવળ ચંચળ છે, એમ સમજી શાસ્ત્ર કર્ત્તાઓએ સર્વની સગવડ માટે એવો એક નિયમ કદાચ ધોરણ ઘાલ્યો હશે, પરંતુ વિધિને પ્રધાન ગણીને જે વર્તે છે તે જાતના નીતિમાન કે ધર્મનિષ્ઠ હોતા નથી, કારણ વિધિપુર્વક થયલા સંકલ્પ પ્રમાણે શાસ્ત્ર તેને બળાત્કારે વર્તવાની ફરજ પાડે છે સત્યવાદી હરિશ્ચંદ્ર રાજાએ પોતાનું સર્વ રાજ્ય વિશ્વામિત્ર રૂષીને સ્વપ્નમાં સમર્પણ કર્યું, અને આ તેનો સંકલ્પ જો કે જાણી બુજીને-શુદ્ધિમાં થયલો નહોતો તથાપિ તેણે તે ફેરવ્યો નહીં ! અને એટલાજ માટે આજ આપણા લોકો તેની સ્તુતિ કરે છે. મતલબ કે સંકલ્પને પ્રધાન પ્રમાણી વર્તવું એજ સર્વ માન્ય છે.

મો૦—તે ગમેતેમ હો, પરંતુ લોકવ્યવહાર પ્રમાણે તેમ કરવામાં કશી અડચણ નથી.

લ૦—લોકવ્યવહાર સુશિક્ષિત લોકો માટે નથી, અજ્ઞજનો માટેછે.

મો૦—પરંતુ વ્યવહારને અનુસરીને આખું જગત ચાલેછે. વાસ્તવ જેને જગતમાં રહેવું છે તેણે લોકવ્યવહાર કદી પણ તજવો નહીં એમ વિદ્વજનો કહી ગયાછે. અરણ્યમાં મૃગયા રમતાં રમતાં દૈવયોગે કસ્તુરીમૃગ હાથ લાગ્યો તો તેને કોણ તજી દે? કોઇ પણ તજનાર સાંપડશે નહીં, કારણ તેને નહીં પાળવો એવો શાસ્ત્ર કે લોકવ્યવહારે નિષેધ કરેલો નથી.

લ૦—ખરું, પણ તેનાથી આપણને કસ્તૂરી પ્રાપ્ત થાય તેમ

ન હોયતો ખાલી તેને બંધનમાં રાખી મુકવાનું પ્રયોજન શું? વ્યર્થ "ખાવાનો કાળ અને ભોંયને ભાર" તેમાં ફાયદો શો? પારસ મણિ હાથ લાગેલું છતાં તેના વડે આપણને સુવર્ણ પ્રાપ્ત નથાય તો તે વિષે લોભી થવામાં સારશો?

મો૦—મધુકરને જો નુતન કમલિની સાંપડે તો તેણીને તજીને તે શું બીજા પુષ્પકને જશે કે?

લ૦—મધપુડાને જે માંખી વળગેલી છે તે જો તેનેજ વળગી રહે તો સુખે મધુરસ ભક્ષણ કરી શકે છે, પરંતુ તે જો ત્યાંથી ઉડવાને ચાહે તો તેના ચોંટી રહેલા પગ મધપુડામાંથી નહીં ઉખડતાં તણાઇને કીંવા અપંગ થઇને તુરત તે મરણ પામેછે.

મો૦—હંસલી પાશબદ્ધ થયેલી છતાં જો તેને કોઇ મોતીનો ચારો લાવી આપે તો તેણે નહીં ખાતા દુરના સરોવર સુધી જ-વાનો હઠ ધરી શું ઉપવાસી મરવું ?

લ૦—દુધથી ભરેલા બે પ્યાલા છે. એક પ્યાલો સાકર મિશ્રત દુધનો છે અને બીજા પ્યાલાનું દુધ સાકર મિશ્રત બનાવું બાકી છે, તે શું એટલા માટે સાકર મિશ્રત દુધમાંથી સાકર નિરાળી કહાડી તેને સાકરિયા બનાવી શકાશે? તેને માટે તો બીજીજ સાકર લાવવી જોઇએ!

મો—તું ચતુર અને શુશિક્ષ છે,! અને ઉત્તમ સુશિક્ષણ તેં સંપાદન કરેલું છે. બુદ્ધિ કૌશલ્યથી તેં અત્યારે મારૂં મ્હોં બંધ કરી નાંખ્યું! પરંતુ સ્વભાવ આગળ મારૂં કશું ચાલતું નથી. અને તને તારા પિયરયામાં મોકલવાની વાત જ્યારે મને યાદ આવે છે ત્યારે મારી છાતી ભરાઇ જાય છે! તારૂં ચાતુર્ય તારા સદ્ગુણ, તારૂં સૌંદર્ય અને તારી શરીરકાંતિ નિહાળી હું કેવળ ઘેલા સરખો બની રહ્યો છું. વાસ્તવ હું તને પગે લાગુ છું–ગમે તેમ કરીને મારો અંગિકાર કર, મને તું તારો પોતાનો સમજ. મારા તરફ એકવાર કૃપાદ્દષ્ટિથી નિહાળ, મને

એકવાર પ્રેમાલિંગન આપવા દે,"

આલિંગન આપવાના ડોળમાં જેવો તે લલિતા તરફ જવા માંડયો કે તુરત લલિતા ફુલકોરકાકીની ગોદમાં ભરાઇ બેઠી અને એક સરખો અશ્રુપાત કરવા લાગી. ફુલકોરકાકીને તો આ ઢોંગસોંગ અત્યારે અસહ્ય, અને હાસ્યજનક થઇ પડયો. લલિતા કાંપતી કાંપતી ક્રોધયુક્ત મુદ્રાથી બોલી,–" ફુલકોરકાકી, જો મને કોઇ સ્પર્શ કરશે તો તેજ વખતે હું માથું પછાડી મારો જીવ આપીશ !

મો૦—ફુલકોરકાકી, હું શું કરૂં? મારો કશો ઇલાજ નથી બ્રહ્મદેવે તેની કાયા એટલી ચિતવેધક અને સુંદર શા માટે બનાવી અને તેનામાં આવા અદ્વિતીય સદ્‌ગુણ શા માટે મુકયા?

લ૦—સરદાર! જરા વિચાર કર! વિચાર કર!! આવા ઉપાયોથી હું તારી સાથે કદીપણ લગ્ન કરવાની નથી. અરજ અને સ્તુતિથી તું મારા અંતઃકરણમાં મોહ ઉત્પન્ન કરવાનો લાગ જુએછે પરંતુ તે કેવળ અશકય છે, કારણ જે વૃક્ષપર સદ્‌વિચાર રૂપ જાગૃત દૈવત વસેલું છે તે વૃક્ષપર મોહપિશાચનું બલ શી રીતે ફાવી શકનાર? જ્યાં સાક્ષાત સુર્યનારાયણનું તપ તપે છે ત્યાં દેહરૂપ કિચડમાં કુતર્કરૂપ તમારાનો ઉદભવ કયાંથી થનાર? જ્યાં સાક્ષાત્ અગ્નિનારાયણ વસે છે ત્યાં જરા જેટલા ઢેખાળવા–તણખાની ધાસ્તી શી? વાસ્તવ તારા આ આયાસ કેવળ વ્યર્થ છે. બળાત્કારે તું મને પકડીશ, નાના પ્રકારે ભયભિત કરીશ, કીંવા માર મારીશ તો મને તેની લેશ માત્ર દરકાર નથી! હું તને ખુલ્લી રીતે ને પવિત્રપણે અંતઃકરણની લાગણીથી જણાવું છું કે દીવાના સૌંદર્યથી ભુલથાપ ખાઇ આગિયો કીડો (પતંગિયું) તે પર જડપ નાંખે છે કે તુંરત જેમ દીવો ઓલવાઇ અંધકાર થઇ જાય છે અને આગિયો કીડો જ્યોતિના ડામથી તરફડી મરે છે, તે પ્રમાણે તારો સ્પર્ષ થતાંવાર મારી ચૈતન્ય જ્યોતિ આ

સ્થુળ દેહમાંથી નિકળી જઇ તેપર કેવળ નિસ્તેજ કાળપ આવી જશે, અને કદાચિત પરિતાપરૂપ હામથી તું પણ મરણ પામીશ એ તું ખાત્રીથી સમજ. ગ્નાતા કહેવરાવે છે અને જેવડે તારો અર્થ સત વા અસત કોઇપણ ઉપાયથી સધાતો નથી, જેવડે વ્યર્થ તને અને મને પીડા થાય છે, તે ઘાતકી આચરણ કરવાને પ્રવૃત્ત થયેલા, જા તને સહસ્ત્રવાર ધિક્કાર છે!!"

મો૦—ફુલકારકાકી, આ નિર્ભર્ત્સનામાં શું હાંસલ છે? લલિતા, અહાહા! નામ પણ કેટલું મધુર અને પ્રિય છે! તારૂં સૌંદર્ય, તારૂં ચાતુર્ય, તારા સદ્‌ગુણ અને તારી એકનિષ્ટા એ કેવળ અદ્વિતીય છે! સ્ત્રી કરવી તો તારા જેવીજ! તારી સાથે મારૂં મન જડાઇ રહ્યું-તારામાં મારૂં મન વસી રહ્યું, હવે ત્રિભુવનમાં કોઇ પણ કન્યા મારા ધ્યાનમાં આવશે નહીં અને તેમ છતાં તું તો મને વરવાને રાજી નથી ત્યારે હવે મારે કરવું શું? આ જન્મ અવિવાહિત અવસ્થામાંજ કહાડું? તેનું પાતક તારા શિરપર? હું તને સ્પર્ષ કરનાર નથી પરંતુ મને તારી પાસે તો ઉભો રહેવા દે! (એમ કહી તેની પાસે જાય છે.)

લ૦—ખબરદાર પાસે આવ્યો છે તો! તું સ્મર્થ છે, તને વરવાને મારા જેવી સેંકડો કન્યાઓ મળી શકશે. શા માટે મને ગરીબને દુઃખ આપે છે? શા માટે મારો છળ કરે છે?

મો૦—તારો છળ કરવાનો મારો બલકુલ હેતુ નથી. પણ તને નિહાળી મનને એમ લાગે છે કે પત્નિ કરવી તો જેનામાં કેવળ તારા સરખા સદ્‌ગુણો પરિપુર્ણ હોય તેનેજ કરવી! નહિતર જન્મભર અવિવાહિત રહેવું!! તું કહે છે કે મારા જેવી સેંકડો કન્યાઓ મળશે પણ મને લાગે છે કે ખચિત એકપણ મળનાર નથી. ત્રિભુવનમાં આજ તારા જેવી તું એકજ છે! અને ભવિષ્યમાં પણ તારા જેવીનું કદી નિપજવાની નથી! વાસ્તવ તનેજ ધર્મપત્નિ કરી સ્થા

પવી એમ મને લાગે છે તેમાં મારો ઇલાજ શો? તું તો મારા તરફ નિરખતિ પણ નથી! અને એજ મારો અનાદર થવાનું મહાન દુઃખદાયક કારણ સમજું છું!!

લ૦—(મનમાં બોલી. હવે કરૂં પણ શું? આ પિડા શી રીતે ટળશે?) (ચાહન) સરદાર, વારૂ, તું જે બોલ્યો છે તે માટે તારો દૃઢ નિશ્ચય છે કે? અને હોય તો પ્રતિજ્ઞા લે જોઉં!

મો૦—(આશંક બને છે, પણ પરમાનંદ પ્રાપ્ત થવાની ગત રમી) આહાહા! ધન્ય ભાગ્ય મારૂં! આટલો વખત, ગુસ્સે થઈ, સંતાપ દાખવી, નિર્ભત્સના કરી મારી પરિક્ષાજ લીધી! મને લાગે છે કે મારો નિર્ધાર કેવો છે તે તપાસી તારા મનમાં મને બાંધી લેવાનું હતું, પણ અહીં સાચને આંચ શાની? કેમ બોલતા નથી ફુલકોરકાકી?

ફુ૦—ખરૂં ભાઇ,

મો૦—સુંદરી લલિતા, હું ઇશ્વરનું સ્મરણ કરી સાચું કહું છું કે પત્નિ કરીશ તો તારા સરખી રૂપવતિ, તારા સરખી ચતુર, તારા સરખી સદ્‌ગુણી અને મુખ્યત્વે કરી તારા સરખીજ એકનિષ્ટ—એવીજ કરીશ, નહિતર આખો જન્મારો અવિવાહિત રહીશ અને એ મારા મનનો દૃઢ નિશ્ચયજ છે.

લ૦—અને આ તારો નિશ્ચય મિથ્યા—ફોક થશે તો?

મો૦—ફોક થશે? જો ફોક થાય તો મારા સર્વ પુર્વજો રૈરવ નર્કમાં પડે એજ સોગન! હવે છે કાંઇ બાકી? (લલિતાના મુખપર આનંદશ્રી ચમકતી નિહાળી) થયું હવે તારી મરજી પ્રમાણે? હવે આવ ત્યારે અહીં!!

લ૦—દુર ઉભો રહે, પ્રતિજ્ઞાની યાદદાસ્ત બસ આટલામાંજ જતી રહી?

મો૦—એટલે! શું હું ફરી ગયો? આ તે કેવી શંકા કહેવાય? એમ કાળાંતરે પણ બનવાનું નથી!

લ૦—અને તું મને વરીશ, એ વાત પણ કાળાંતરે બ-નવાની નથી!!

મો૦—કેમવારૂ! પ્રતિજ્ઞા ફોગટજ લેવરાવી કે? હવે વિલં-બ કરી ખાલી મને શામાટે દુઃખ દે છે? (ફુલકોરકાકીને ઇસારત કરવાથી તે બીજા ઓરડામાં જતી રહે છે) કાંતો તું મને આલિંગન આપ, નહીંતર મને પ્રેમાલિંગન આપવા દે!

લ૦—(ગુસ્સા અને આવેશથી) દુર ઉભો રહે દુર! જરા વિચાર કર! મારા બોલવાનો ભાવાર્થ સમજ્યો નહીં? કહું છું સાંભળ! તારી સાથે લગ્ન કરવાને કબુલ થતાંવાર શું મારામાં-થી તું જેને ચાહે છે તેવા સદ્‌ગુણ—એકનિષ્ઠા વગેરે ગુણો એકાએક નહીં નાશ પામશે? તારી પ્રતિજ્ઞાનો ભંગ નહીથશે? તારા પૂર્વજો રૈરવ નર્કમાં શું નહીં પડશે?

મોતીલાલ નિરૂત્તર બનીને માથું ખંજવાળતો પાછી પાની-ઓ ભરવા લાગ્યો. ફુલકોરકાકી જોડના ઓરડામાં મ્હોંપર સાડલાના છેડાનો ડુચો દઇ હસવા લાગી. પરંતુ બાપડી લલિતા ગવરીતો ભયભિત બનીને છીવપર આવી ગઇ! તેને તો પગથી તે માથાસુધી ક્રોધાગ્નિ પરવરી રહી. તે ક્રોધાવેશમાં બો-લી ઉઠી; "અચલ ધ્રુવનો તારો ડગમગશે પરંતુ મારા મનનો નિશ્ચય કદીપણ ફોક થવાનો નથી. મારા બોલવાની તને પ્રતિ-તિ આવતી ન હોય તો દુષ્ટ લાવ તારી તે કટાર મારી પાસે! -હૃદય તને ચીરી બતાવું!" આવા વચનો સાંભળીને મોતીલા-લનો કંઠ કેવળ સદ્‌ગદિત બની રહયો અને તેના અંતઃકરણ-માં પ્રેમનાં ઝરણો વેહેવા લાગવાથી ચક્ષુવાટે ધોધબંધ પાણી અશ્રુના આકારમાં ચાલવા લાગ્યાં! લલિતાનું ચાતુર્ય નિરધાર, ધૈર્ય તેની ક્રોધયુક્ત મુદ્રા અને આરક્ત થ-થયેલા તેના નેત્રો નિહાળી મોતીલાલ મનમાં બોલ્યો; "મેં અમસ્થું આ નિષ્પાપ સકુમાર બાલાને દુઃખ દીધું!

ધન્ય છે મને કે આવું ઉમદા સ્ત્રીરત્ન મને હવે પ્રાપ્ત થશે? પ્રાપ્ત થવાનું વળી કયાં બાકી રહ્યું છે? મારૂં છે અને મને મળશે!! તેનું કેટલું અને કેવા પ્રકારે વર્ણન કરવું? રૂપ નિહાળવા લાગીએ તો તે એટલું તો મનોહર છે કે તે એક સરખું નિરખ્યાજ કરવું એમ મનને લાગે છે; અને નિરખતાં નિરખતાં ઉત્સુક થયેલા હૃદયને ઘેલચ્છા પાપ્ત થાય છે! ચાતુર્ય તપાસવા લાગીએ તો તે અધિકાધિક તપાસવાનું મન થાય છે. સદ્ગુણની તો તે ખાણજ છે! જે જે નિહાળિએ તે તે અદ્વિતીય! વધારે વધારે કસોટી કહાડવી એમ લાગે છે! આ સમયે સંતાપથી ક્રોધયુક્ત બનેલું તેનું મુખકમલ તો ઘણુંજ ચિત્તવેધક ભાસે છે! પરંતુ આમ થવાનું મુળ કારણ વિચારવા બેસતાં હાયહાય મારૂં અંતઃકરણ ફાટી પડે છે! મેં મુર્ખાએ આવા પ્રકારની ચેષ્ટા કરવાનું કશું પ્રયોજન નહોતું! થયું તે કાંઈ નહીં થવાનું થનાર નથી તથાપિ થયું તે ઠીક થયું નહીં! હવે તેને આનંદિત બનાવવા માટે સત્વર વાસ્તવિક ઓળખાણ આપવી ઘટે છે." એવા વિચારમાં ગુંથાયલો મોતીલાલ દીવાનખાનામાંથી બીજા ઓરડામાં જતા જતા લલિતા તરફ વળીને બોલ્યો. "જો તું મારા તરફ એકવાર નિહાળે તો તુરત તારી ખાત્રી થાય કે મેં તારો બિલકુલ છળ કર્યો નથી પણ કેવળ વિનોદ કીધો છે!" લલિતાએ તે તરફ મુદલ લક્ષ આપ્યું નહીં અને તે મુંગેમ્હોંડે ચાલતો થયો. બીજા ઓરડામાં જઇને ત્યાં ફુલકોરકાકીને તેણે બોલાવી કહ્યું,—"કાકી કહું હમણા પેલા મુળજીને લલિતાની પાસે મોકલાવું છું; તે તેની સાથે વાતો કરવામાં ગુંથાશે. અને હું એટલા વખતમાં ગઇ કાલની પેઠે કપડા ઉતારી આરસાની સામે બારણામાં ઉભો રહું કે તરત તમે મારા પ્રતિબિંબ તરફ તેનું ધ્યાન ખેંચવા વિસરશો નહીં. આથી તે તુરત મને ઓલખી કહાડશે અને તેનું સઘળું દુઃખ દુર થશે!"

થોડીવારે મુળજી લલિતાગવરી પાસે હાજર થઈ કહેવા લાગ્યો "લલિતાબા, તમે મને આળખો છો ?" "હા, ભાઇ તું અહીંયા કયાંથી? મારે માથેતો દુઃખનાં ઝાડ ઉગ્યાં છે!" એટલું બોલી લલિતાએ ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા માંડયું મુળજીએ તેણીને દીલાસો આપી કહ્યું,–"તમે ખાલી રડો છો! તમારો અત્રે કોઇ વાગ વાંકો કરી શકનાર નથી. તમે અત્યારે જે ઘરમાં, બેઠાંછો તે ઘર તમારા વાહાલા પતિ મોતીલાલનું છે. "જાજા રડયા મુર્ખા! એમ તે કદી બનેજ કે? તેઓ એમ કદી કરેજ કે ? તું કેમ નિમકહરામ બની સ્વાર્થમાં લપટાયો?" લલિતાગવરીનાં એવાં વાકયોથી મુળજી હસી પડયો, ફુલકોરકાકી હાથનાં લટકાં કરતાં દોડતાં આવી લલિતાગવરીની સામે બેઠાં અને બોલ્યાં,–"બેહેન, તને હું એક આનંદની બાતમી કહેવા આવી છું!" લલિતા રડતાં રડતાં બોલી,–"આનંદની બાતમી! . આ નિષ્ઠુર વ્યાઘ્રની ગુફામાં? હુ દુર્બળ ગાય સરખીએ સાંભળવી? એવું મારૂં ભાગ્ય કયાં છે? જો ધરતી માતા અત્યારેજ દુભંગ થઇ મને પોતાના પેટમાં સમાવે તોજ હું સુખી થાઉં! ફુલકોરકાકી, તું જે આનંદની બાતમી કહેવા આવી છે તે શી છે! શું તું મારે માટે એકાદી વિષની દાબડી તો નથી લાવી!!". મુળજીએ પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું–"લલિતા બ્હેન, જો તમે મારાપર વિશ્વાસ રાખતા હો તો હું પ્રભુનું સ્મરણ કરી કહું છું કે આ ઘર મોતીલાલનું છે અને મોતીલાલેજ તમોને ભ્રમણામાં નાંખ્યા છે!" ફુલકોરકાકી વચ્ચે બોલી ઉઠયાં,–"અને એ વાતનો તને હજી સંશય રહેતો હોય તો જો આ આરસામાં!!"લલિતાગવરી જેવી આરસામાં નિહાળે છે તેવુંજ મોતીલાલનુ પ્રતિબંબ તેની દૃષ્ટિએ પડયું. મેં જેને ગઇ કાલે વરમાળ આરોપી હતી તેજ આ મારા સ્વામિ! એવી ખાત્રી થતાંવાર તેના મનોભાવમાં આનંદ અને આશ્ચર્ય વ્યાપિ રહયાં! તે મનમાં બોલી

"હમણાં ઘડી પેહેલાં ચાલેલા વિવાદમાં તેમણે એવું બોલી બતાવ્યું હતું કે "મોતીલાલમાં જે છે તે તમામ મારામાં છે, કિંબહુના હું પોતેજ મોતીલાલ છું એમ કહેવામાં પણ કશી અડચણ નથી" વળી તેમના તરફ નિહાળવાને તેમણે મને બહુ વાર સુચવ્યું હતું. મારી કનેથી જતી વખતે પણ તેઓ એમ બોલી ગયા કે "મારા તરફ એકવાર નિહાળે તો તુરત તારી ખાત્રી થાય કે મેં તારો બિલકુલ છળ કર્યો નથી પણ કેવળ વિનોદ કીધો છે." જ્યારે તેઓ મુંબઇ આવ્યા હતા ત્યારે તેમણે કહી સંભળાવ્યું હતું કે હું ઇંદોરના રાજ્યમાં પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટનો હોદ્દો ભોગવું છું અને ન્યાયાધિશપાસે પેલા બાર વટીઆએ પોતાની જુબાનીમાં પણ 'પોલીસ સુપ્રી-ટેન્ડેન્ટે અમને પકડી પાડયાં,' એમ લખાવેલું હતું. નિશાનિયોનો સઘળી મળે છે" લલિતાગવરીના એવા વિચારો પુર્ણ થતાંવાર તેનાથી કિંચિત હસી જવાયું અને તેનો ચેહેરો આનંદિત પણ લજ્જાયમન બની રહયો. તેણે પોતાની પીઠ ફેરવી પાછુંવાળી નિહાળ્યું કે તુરત મુળજી અને ફુલકોરકાકી ત્યાંથી નહાસી ગયાં. મોતીલાલ જેવો લલિતાની પાસે આવવા જાય છે તેવીજ લલિતા પ્રેમઘેલી બનીને તેની સામે દો'ડી દીવાનખાનાની અધવચ તે પોતાના પ્રિયતમને ભેટી પડી!! પ્રિયવાંચનારા ચાલો આપણે તેને અભિનંદન આપીએ! તમારી પાસે પુષ્પ છે? ચાલો આપણે તેનાપર પુષ્પવૃષ્ટિ કરીએ!! તમે પવિત્ર પ્રેમસ્વરૂપને યથાર્થ ઓળખતા હશો–ચાલો આપણે તેમને "કુશળ રહો દંપતિ!" એવો આશિર્વાદ આપી આનંદ પામીએ! પ્રેમ અમર છે–ધન્ય તે સાધવી પતિપ્રેમી લલિતાગવરીને! શિયલ અમુલ્ય છે–ધન્ય તેનું સંરક્ષણ કરનાર તે સતિ લલિતાગવરીને! પાતિવ્રત્ય સ્ત્રી જીવિતનું મહાત્મ્ય–ખરેખરૂં ભુષણ છે-ધન્ય તેને સાચવી રાખવા માટે પ્રાણની પણ આહુતિ આપવાને તત્પર થનાર તે

ખરી પતિવ્રતા લલિતાગવરીને !!

અત્યારે લલિતા અને મોતીલાલનો મેલાપ વિલક્ષણ પ્રકારનો થઇ પડયો. પરસ્પર ભુજાના બંધનથી તેઓ મજબુત બંધાયાં. પણ તેઓનાથી એક શબ્દ સુદ્ધાં બોલી શકાયો નહી. નેત્રમાંથી દડદડ આંસુઓ પાડવાં લાગ્યાં અને તેઓ આશરે દસ મિનિટ સુધી સ્તબ્ધ રહી છુટાં પડયાં. ફગળાએ પોતાના પાલવના છેડાથી પ્રાણેશ્વરનાં આંસુ લુચ્છાં! મોતીલાલે તેણીના ગાલની ગુલાબી લાલીપર ગળેલાં અશ્રુઓ મુખચુંબનથી ચુસી લીધા! કેવું પ્રેમનું મહાત્મ્ય છે! થોડીવારે તેઓ દીવાનખાનાના એક કોચ પર બેઠાં. જેવાં સુખદુઃખની વાતો કરવામાં નિમગ્ન થાય છે, તેવીજ રસોયાણીએ જમવાનું તૈયાર થયાનું કેહેણ મોકલ્યું. ફુલકોરકાકીએ હાસ્યુક્ત ચેહરે લલિતાના ઓવારણા લીધાં અને તેનેહસ્તથી પકડી રસોડામાં લઇ ચાલી. અને થોડીવારેભાણું પિરસાઇ રહ્યાં બાદ સઘળાંઓ સાથે બેસીને જમ્યાં. પ્રિયવાંચનાર! તમારૂં હૃદય પ્રશ્ન કરશે કે અહીં વળી મુળજીને કયાંથી લાવી રાખ્યો? પ્રશ્ન વ્યાજબી છે. તમે જાણો છો કે એ મુળજી શામલાલનો વિશ્વાસુ ચાકર થાય. એ મુળજીનેજ સાથે લઈ નાશિક ત્રયંબકમાં પોતાના સસરાના ઉતારા તરફ જવાસારૂ લલિતા ચાલી નીકળી હતી. પરંતુ મોતીલાલના પટાવાળાએ પોતાને ઘેર લઇ જઇ તેઓને દગો દીધો. મોતીલાલનો પટાવાળો રામભાઉ બારવટીયાનો ભાણેજ થાય. રામભાઊને તેણે મુળજી તથા લલિતાને સ્વાધિન કર્યાં; જયાં સુધી ભચાઉમાં આવ્યા ત્યાં સુધી લલિતા અને મુળજી સાથેજ હતાં પરંતુ તેઓ એકબીજાંના સહવાસમાં કદીપણ આવી શકે નહીં, તેવા પ્રકારનો બંદોબસ્ત રાખવામાં આવેલો હતો. જે દહાડે, મોતીલાલે ભચાઉને ઘેરો ઘાલ્યો તે દહાડે રામભાઉના સોબતિયોની એક મંડળી લુટફાટ કરવા માટે બહાર ગામ ગયેલી હતી અને તેની સાથે મુળજી પણ ગયેલો હતો.

જ્યારે એવું જાણુવામાં આવ્યું કે રામભાઊ પકડાઇ ગયો છે. ત્યારે તેના સાથીઓ વિખરાઈગયા અને મુળજી ઇંદોરમાં આવી લલિતાની ભાળ કહાડવામાં રોકાયો. તપાસ કરતાં માલુમ પડયું કે લલિતા મોતીલાલને ઘેર છે ત્યારે તે ત્યાં આવી રહ્યો, પરંતુ પોતાની વાસ્તવિક સ્થિતિથી લલિતાને માહેતગાર નહીં કરવાનો વિચાર મોતીલાલનો હોવાથી મુળજીને તેણે ગુપ્ત રાખેલો હતો; આજે મુળજીએ આ પ્રમાણે તમામ હકીકત લલિતાને કહી સંભળાવવાથી લલિતાને ઘણું કૌતક અને આનંદાશ્ચર્ય ઉપજ્યું. મોતીલાલ બપોરનો કોર્ટમાં ગયો અને સાંજનો જેવો તે શામલાલને સાથે લઈ ઘરમાં પ્રવેશ કરેછે તેવોજ લલિતાના સબંધમાં એક અવર્ણનીય બનાવ બની રહ્યો. તે શામલાલને નિહાળી ભ્રાંતિ અને અજાયબીમાં ગરકાવ થઇ પડી. તેણીને લાગ્યું કે હું આ જે નિહાળુંછું તે ખરેખરૂં છે કે કેવળ સ્પપ્નું છે! તે કેટલીકવાર તો શામલાલના મુખસામું એકી નજરે જોઇ રહી. મોતીલાલે "મેં તમારી ભાળ લાગતાંવાર તમારાથી ગુપ્ત રીતે શામલાલજીને પત્રમાં સવિસ્તર હકીકત લખી જણાવેલી હતી અને તેઓને અત્રે બોલાવેલા હોવાથી તેઓ આજે આવ્યાછે. હું તેમને સ્ટેશનપર લેવા ગયો હતો!" એવું કહી સંભળાવતાંવાર લલિતાએ ઉઠીનેશામલાલના ઓવારણા લીધા અને હર્ષાશ્રુ નીંગાળ્યાં. લલિતા પ્રત્યે મોતીલાલે ચલાવેલી વર્તણુંક શામલાલના જાણવામાં આવતાંવાર તેણે મોતીલાલને ઠપકો આપ્યો. અને મોતીલાલે શામલાલના કુટુંબમંડળની પ્રસંશા કરવા માંડી શામલાલના માતાપિતા અને પુત્ર મૃત્યુ પામ્યાના તથા દીવાળી રંડાયાના સમાચાર સાંભળી લલિતાના રૂદનનો પાર રહયો નહીં. મોતીલાલે પણ અશ્રુપાત કર્યો. શામલાલે ઐહિક જગતના મિથ્યાપણાપર કેટલુંક બોલી તેઓના મનનું સમાધાન કર્યું. શામલાલના માતાપિતા મૃત્યુ પામ્યાને વધારે દહાડા થયેલા નહોતા. હજી બહારગામના

લોકો લૌકીકે આવતાં હતાં પરંતુ કમળાના આગ્રહથી અને લલિતા પ્રત્યેના પ્રેમથી તે મુંબઇથી એકદમ ઇંદોર આવ્યો. ઇંદોરમાં ત્રણેક દહાડા રહ્યા પછી તેણે પોતાને ઘેર જવા માટે મોતીલાલની રજા માગી અને માતાપિતાનો શોક સમાપ્ત થયા બાદ લલિતાના લગ્ન કરવાનો ઠરાવ કરી શામલાલ લલિતાગવરીને તથા મુળજીને સાથે લેઇ મુંબઇ તરફ ચાલી નિકળ્યો.

ત્રીજે દહાડે શામલાલ મુંબઇમાં પોતાને ઘેર જઇ પહોંચ્યો. બુધવારનો દહાડો હતો—આશરે સાંજના પાંચ વાગ્યા હશે. ઘરમાં પગ મુકતાંવાર ખબર મળ્યા કે બેહેન દીવાળીનું આજે "આર્યમહિલા સમાજ"માં ભાષણ હોવાથી ઘરનાં તમામ માણસો ત્યાં ગયેલાં છે. વાંચનારના મનમાં કદાચ પ્રશ્ન ઉઠશે કે દીવાળીને ભાષણ આપવાનું પ્રયોજન શું? તો આ સ્થળે ખુલાસો કરવાની જરૂર છે કે દીવાળી વિધવા થયેલી છે તે કાંઇ આપણાથી અજાણ્યું નથી. શામલાલ સત્યસુધારાનો અગ્રેસર અને હિમાયતી છે તે પણ આપણે સારી રીતે સમજીએ છીએ. તે વખતે પણ આજની પેઠે ઉછંકળ—લેભાગુ—અર્ધદગ્ધ સુધારકોની સંખ્યા કાંઇ ઓછી નહોતી. એ સંખ્યા આજની પેઠે નજીવી વાતને મોટું રૂપ આપી તેને એબ તરીકે ઓળખાવવામાં કીંવા અન્યની ખોટી કુથલી કરવામાં પણ પછાત પડે તેમ નહોતી! શામલાલની બેહેન દીવાળીના પ્રથમ યોગ્ય ઉમરે લગ્ન થયા હતા. દીવાળી જેમ સુશિક્ષિત સુજ્ઞ અને પતિપ્રેમી હતી, તેમ તેનો મરનાર ખાવિંદ પણ સુશિક્ષિત, મહાજ્ઞાની અને પ્રિયાપ્રેમી હતો. તેઓનું જોડું—ગુણ, વિચાર અને વલણમાં કેવળ મળતાવડું હતું. જો કે તેઓનું સ્થુળ દેહ નિરાળું ભાસતું હતું, પણ મન પ્રાણ તો પ્રેમમાંજ લીન—એકજ હતાં. ઉદ્ધત સુધારકો શામલાલને દોષ આપવા લાગ્યા કે તે "જ્યારે પારકા છોકરાને જતી કરવા સદા તત્પર રહેછે. બીજાઓને પુનર્લગ્ન કરવાનો ઉપદેશ

આપેછે, ત્યારે શા માટે પોતાને ઘેરથી પેહેલ કહાડતો નથી ? શા માટે પોતાની બેહેન દીવાળીના પુનર્લગ્ન કરાવી આપતો નથી ?” સાધ્વી સતિ દિવાળીથી આવાં દુઃખદાયક વાક્યો સહન થઇ શક્યાં નહી. ઉદ્ધત્ત સુધારકોની ભુલ ભાગવાની તેના મનમાં ઉત્પન્ન થયેલી જબરદસ્ત ઇચ્છાએ તેને ઉસ્કેરી-અતિ આતુર બનાવી. “પુનર્લગ્ન કેવી સ્ત્રીને માટે છે” એ વિષયપર જાહેર ભાષણ આપવાનો તેણે નિશ્ચય કર્યો. આ નિશ્ચય આજે બુધવારને દહાડે પાર પડેછે! દીવાળી ચાર વાગ્યાની “આર્યમહિલા સમાજ” માં જઇ પહોંચીછે. પાંચ વાગતાનો અમલ થતાંવાર શ્રોતાજનોની પુષ્કળ સંખ્યા હાજર થઇ અને દીવાળીએ પોતાના ભાષણની શરૂઆત કરી. શામલાલ સામાનસુમાનની વ્યવસ્થા કર્યા બાદ લલિતાગવરીને સાથે લઈ સમાજમાં આવ્યો. ત્યાં ભાષણ કરતી દીવાળીનું સ્વરૂપ નિહાળતાંવાર તે મનમાં ઘણોજ દુઃખી થયો. દીવાળીની શોકગ્રસ્ત મુદ્રા, એની આરક્ત આંખો, તેના બોલવાનો સંતાપદર્શક આવેશ ઇત્યાદિથી સ્પષ્ટ જણાતું હતું કે તેણીને અત્યારે પોતાના પતિનું સ્મરણ થઇ આવ્યું છે, પતિ વિયોગ દુઃખથી તેનો જીવ આકુલવ્યાકુલ બની રહેલો છે, અને તેથી કદી કોણજાણે તેનું મહા વિપરિત પરિણામ પણ આવી પડે!! જુઓ હવે તેના બોલવાનો આવેશ વધી પડયો! સાંભળશો તે શું બોલે છે તે?

“પુનર્લગ્ન ને પુનર્લગ્ન કરવું એજ સુધારો છે, પુનર્લગ્ન કર્યાવિના નીતિનો ઉદય થનાર નથી, એમ સમજનારા લેભાગુઓને મારે અત્યારે અતિ દુઃખની સાથે જણાવવું પડે છે કે પ્રેમસ્વરૂપને સમજનારી, દાંપત્ય ધર્મના મહાત્મ્યને ઓળખનારી, દૈવે કરીને પતિ મરણ પામ્યો તો વૈધવ્યધર્મને, પતિ વિજોગની આહુતિ સમજનારી વિધવાને એ નિયમ લાગુ પાડવો, એ મહા પાપ કરવા સરખું છે. જે સ્ત્રીએ પોતાના સૌભાગ્ય સમયમાં પરિપક્વ પ્રેમ ક્રીડા કરી છે, પ્રેમ જીવન ધારણ કર્યું છે, પ્રેમથી-

જ મોક્ષ ને પ્રેમથીજ ઉન્નતિ પામવાનો, પ્રેમથીજ ઐશ્વર્ય ને પ્રેમથીજ પ્રભુત્વ મેળવવાનો જેનો દૃઢ નિશ્ચય ઠરી ચુકયો છે તેવી સ્ત્રીને દુર્દૈવે કરીને વૈધવ્યદશા પ્રાપ્ત થઇ તો તે શું પુનર્લગ્ન કરી પશુવૃત્તિ ધારણ કરશે? મનુષ્યત્વને યથાર્થ રીતે ઓળખ્યા છતાં, ઉત્તમોત્તમ પિછાણ્યા છતાં; શ્રેયસાધક સમજ્યા છતાં તે શું તેને ગુમાવી અર્થરહિત ને નિર્માલ્ય બનાવી મુકશે? અને શું તમે એમ નથી માનતા કે લગ્ન એકજ અને અખંડ હોવું જોઇએ ? પ્રેમથી યંત્રિત દંપતિ અવિચલ થઈ, એકજવાર પરણે તેમાંજ અખંડ્અચળ સુખનો સામાવેશ થાય છે. હું કબુલ કરું છું કે પરંપરાથી આપણા ચાલતા આવેલા સાંસારિક બંધારણનાં દેશકાળ અને દેશસ્થિતિ તપાસી યોગ્ય ફેરફાર કરવાની આવશ્યકતા છે પરંતુ એટલેથી તેની મહત્તાનો લોપ થતો નથી. પૂર્વે સ્ત્રી પુરૂષો પોતપોતાનો ધર્મયથાર્થ રીતે સમજતાં હતાં સ્ત્રીઓ સમજતી હતી કે પતિ વિનાનું જીવતર મિથ્યા છે. પતિ પરની તેઓની મમતા પરલોકમાં પણ તેની સાથે રહેવાને તેઓને અત્યાતુર બનાવતી હતી અને તેથી પતિના મૃત્યુ સમયે તેઓ સતિ થતી હતી. સત્ય ધર્મનું મહાત્મ એથી સચવાતું હતું પરંતુ કાળે કરીને જ્યારે ખરાં દાંપત્ય ધર્મથી સ્ત્રી પુરૂષો વિમુખ બનતાં ગયાં ત્યારે એ સતિ થવાનો રીવાજ “સાપ ગયા ને લીસોટા રહયા!”એ કેહેવત પ્રમાણે હેતુ રહિત બની ગયો. લોકલજ્જાના ભયને લીધેજ પતિ પ્રત્યે ખરેપ્રેમ નહી છતાં સ્ત્રીઓ પતિના પ્રેત સાથે બળી મરતી કે તેમને બળાત્કારે બાળી મુકંવામાં આવતી હતી. બળાત્કારે કરીને પ્રેમનું રૂપાન્તર થયું–પ્રેમ વિછિન્ન થયો પ્રેમનો મર્મ નાશ પામ્યો અને સતિના રીવાજને અનર્થનું રૂપ અપાયું! અનર્થથી શાણા લોકો કમકમ્યા અને સરકારને એ રીવાજ બંધ પાડવો પડયો. વિધવાવિવાહને હું નિંદતી નથી. હું વિધવા વિવાહની હિમાયતી છું–હિમાયતી એટલાજ માટે છું

કે પ્રેમ વિમુખ ને વિધર્મ વિમુખ બનેલી અથવા તો પ્રેમધર્મના શિક્ષણથી કેવળ અજ્ઞાન રહેલી વિધવાઓથી વધતી જતી અનીતિનો તે વડે અટકાવ થાય. હું વિધવા વિવાહની હિમાયતી એટલાજ માટે છું કે બાલ્યાવસ્થામાં-અજ્ઞાનતામાં-અણુસમજમાં રંડાયલી સ્ત્રી જ્યારે પતિપ્રેમનો મર્મ, દાંપત્ય સુખનો ચિતાર કે સધવા વિધવાનું સુખદુઃખ સમજતી નથી ત્યારે તે પતિના વિજોગમાં પોતાના પ્રાણની શી રીતે આહુતિ આપી શકે ? હું વિધવાવિવાહની એટલાજ માટે હિમાયતી છું કે જ્યાં પ્રેમના અંકુરો ફુટવા પામ્યાં નથી-જ્યાં પ્રેમ મહાત્મ્ય પૂર્ણપણે સમજાયું નથી ત્યાં વિજોગ દુઃખ ઉત્પન્ન થવાનો સંભવ શો ? જ્યારે વિજોગ દુઃખ ઊત્પન્ન થયું નથી ત્યારે સાંસારિક લ્હાવો લેવાની ઇચ્છા બાળવિધવાને કેમ નહીં ઉત્પન્ન થાય ? પરંતુ જે સ્થળે સ્ત્રીપુરૂપ પ્રેમપથે વિચર્યાં છે-પ્રેમપથે વિચરી સુખાનંદ પ્રાપ્ત કરી શકયાં છે તેઓને માટે તો પુનર્લગ્ન પાપરૂપ છે. તેઓમાં પુનર્લગ્નની કલ્પના પણ ઉત્પન્ન થવી કદી સંભવતી નથી. આપણે કુદરતી નિયમ સમજવો ઘટે છે. પુરૂષે એકજ સ્ત્રી સાથે અને સ્ત્રીએ એકજ પુરૂપ સાથે લગ્નરૂપી પવિત્ર પ્રીતિ બંધનથી જોડાવું જોઈએ. કાળે કરીને સ્ત્રી મરણ પામી તો પુરૂષે અને પુરૂપ મરણ પામ્યો તો સ્ત્રીએ પુનર્લગ્ન કરી પ્રેમવ્યવહારને અળખામણો અને અર્થરહિત બનાવવો નહી જોઈએ. આવો પ્રકાર ખરેખરા પ્રેમમહાત્મ્યને સમજનાર સ્ત્રી પુરૂષોના સંબંધમાં કદીપણ બનવા પામતો નથી. હાલ સંસાર વ્યવહારમાં જે અપવાદો ઉભા થયા છે તેથી આપણા સાંસારિક બંધારણને ઘણોજ ધોકો પહોંચ્યો છે. ધોકો પહોંચવાથીજ કુળમોટપ, બાળલગ્ન કન્યાવિક્રય, વરવિક્રય આદિ કુચાલો ઉત્પન્ન થયા છે અને તે જ્યાં સુધી બંધ ન થાય ત્યાં સુધી સ્ત્રી પુરૂષો કદી પણ સુશિક્ષિત બની ફરીવા પ્રેમવ્યવહાર સમજી

સુખી થવાનાં નથી. પ્રેમવ્યવહાર નહી સમજનારાં અજ્ઞાન જનો માટે પુનર્લગ્નનો પ્રતિબંધ રાખવો એ જેમ બળાત્કાર તથા અનીતિવર્ધક ભાસે છે, તેમ પ્રેમ વ્યવહારને સમજનાર સુશિક્ષિત જનો માટે પુનર્લગ્નનો રીવાજ ઘોંચી ઘાલવો એ પણ બળાત્કારતથા અનીતિ વર્ધક હું સમજું છું. આપરથી તમે એમ નંહી સમજતા કે વિધવા વિવાહ કરવો એ સમગ્ર પ્રજાને માટે પાપછે. સમજુ એટલે પતિપ્રેમી સ્ત્રી વિધવા વિવાહ કરી કરેજ નહીં અને જે કરે તેને અજ્ઞાન સમજવી. અજ્ઞાનતામાં થયેલું કર્મ શાસ્ત્રમાં પણ પાપરૂપ મનાયલું નથી; વળી એવી અજ્ઞાન બાળવિધવા જ્યારે પ્રેમજીવન મેળવવા ભાગ્યશાળી બની નથી-જ્યારે મનુષ્યત્વમાં આવી નથી ત્યારે એકવાર તે પ્રેમજીવન-તે મનુષ્યત્વ મેળવવાનો તેનો હક છે અને એ હકની રૂઇએ તે જો પુનર્લગ્ન કરે તો તેમાં હું પાપ માનતી નથી પણ જે સ્ત્રી તમામ કર્તવ્ય કરી ચુકી છે. તેને માટે પુનર્લગ્નનો બડબડાટ કરવો એ મહા પાતક નહીં તો બીજું શું સમજવું ? સ્ત્રી પુરૂષે પરલોકમાં પણ એકત્ર રહેવું જોઇએ. તેઓનું સાથેજ મૃત્યુ આવવું જોઇએ! સાધવી સતિ સ્ત્રીનો પ્રાણ તો પુરૂપ મૃત્યુ પામતી વેળાએ લાગલોજ નિકળી જવો જોઇએ. અને હાલ તેમ બનતું નથી તો તે સઘળા જગતના અપવાદોની નડતર સમજવી. એક ગુર્જર વિદ્વાને એક સ્થળે કહ્યું છે કે "અન્યોઅન્યને અનુકુલ જ્ઞાન પ્રેમાદિકથીજ બંધાવું એ વિચાર દઢ થયા પછી પરણેલાં સ્ત્રી પુરૂપને પ્રથમતો મરણજન્મ વિયોગનો પ્રસંગજ વિરલ છે, ને કદાપિ અદૃષ્ટબલે આવી પડે તોપણ પુનર્લગ્નની વાંછના થાય એ ઘટતુંજ નથી. પ્રેમની શક્તિ એટલી અગાધ છે કે તેનેજ બળે માણસ જીવી શકે છે ને વિયોગમાં પણ તેનેજ આધિન રહી માણસ બીજી વસ્તુ ઉપર લક્ષ સરખું આપતું નથી. એજ પ્રેમના બળથી શુદ્ધ આચારવાળી રજપુતાણીઓ ચીતા ઉપર

બળી મોઇ છે. એથીજ સ્ત્રી પુરૂષોના પ્રાણ સ્વત: ઉડી ગયા છે. એ પ્રેમનેજ પુષ્ઠ કરવામાં જ્યારે કૈવલ્ય સુખ આગળ બતા બતાવ્યા મુજબ રહ્યું છે ત્યારે તે પ્રેમના પ્રવાહમાં ઠામઠામથી એકઠો કરી કચરો નાંખાવવાનો ઉપદેશ કરવોએ કેટલું હાનિકારક ને તેથીજ અધર્મયુક્ત કે પાપયુક્ત છે ને વિચારી લેવું." એક મહાન–સતિ સાચી પતિવ્રતા કદીપણ પતિવિજોગ સહન કરી શકેજ નહીં. જેમ જળ વિનાનું માછલું, તેમ પતિવિનાની તે સ્ત્રી લાગલીજ પોતાના પ્રિય પતિને પ્રાણ સમર્પણ કરીદે! હું અભાગણીને માટે એમ બન્યું નથી તો તે હું મારા પ્રેમવ્યવહારની ખામી સમજું છું. અરેરે એ ખામી કયારે પુરી થશે? એ શાથી પુરી થશે? શું પુનર્લગ્નથી? ધિક્કાર છે એમ બોલનાર અને માનનારને! જ્યારે કેવળ પ્રેમમાં પ્રાણ પરોવાઇ જશે, જ્યારે સ્વામી પ્રત્યેની આસ્થા અને પ્રીતિ વૃદ્ધિંગત થઇ ઐહિકમોહ–લાલ્લછાનો નાશ પામશે ત્યારે મારા પ્રેમ વ્યવહારની ખામી પુરી થશે. ત્યારે હું મારા પ્રિય પતિ પાસે જઈ તેમની સંગતથી અપૂર્વ સુખ પ્રાપ્ત કરી શકીશ. ઐહિક જગતમાં પ્રેમનો પ્રકાર કેવો છે, પ્રેમીને કયા પ્રકારે ખમવું પડે છે તે સમજવું હોય તો લ્યો આ સાંભળો. (એટલું બોલીને નિચે પ્રમાણે કવિતા વાંચે છે.)

* ગરબી.

(તમે વહાલા રો' વેગળારેઃ—એ રાગ)

કોઇ પ્રેમીને પૂછજો રે, પછી પ્રેમ પથે પગ મૂકજો રે;
પ્રેમ પંથે પીડાઓ અપાર રે, પુરે પુરા પ્રેમીને પૂછજો રે.
સુખ ઇચ્છો તો સ્નેહે ન સંચરો રે, શિર પ્રથમ શરિરથી જુદું કરો રે;
તીખાં તીરની વરસે ધાર રે, પુરે પુરા પ્રેમીને પૂછજો રે.
ત્યાં તો ઢોંગની ઢાલ નભે નહીં રે, કાચા ઘાવ સહેવા કાયા મહીં રે;
ખુલ્લે ખાંડે ખેલી નિરાધાર રે પુરે પુરા પ્રેમીને પૂછજો રે.

---

* યશોમા ખેલન; ખુ૦ પૃ૦ ૧૫૨.

તાતાં તેલ તણી કઢા ભરી રે, તેમાં ઝીલવું હિમ્મત આદરી રે;
શાણા સમજે, ન સમજે ગુમાર રે, પુરે પુરા પ્રેમને પૂછજો રે;
વિષ પીવું હલાહલ હાથથી રે, સીસું ગાળીને પીવું સ્હેલું નથીરે
નથી કરવા અમૃત આહાર રે, પુરે પુરા પ્રેમીને પૂછજો રે,
કીકી ઉપર બરછી તોળવી રે, આંખ શાખ ડુબાવી ન ચોરવી રે;
જગે જાનગરો જયકાર રે, પુરે પુરા પ્રેમીને પછજો રે;
ત્યાં બલ બલવંતનાં ના ટકે રે, ત્યાં તે શ્રીમંતે શું કરી શકે રે;
કવિ પંડિત પામે હાર રે, પુરે પુરા પ્રેમીને પૂછજો રે,
ત્યાં દેવ દેવાતન ચુકતા રે, તહીં દાનવ મમતા મુકતા ને;
ત્યાં તે માનવના શા ભાર રે, પુરે પુરા પ્રેમીને પૂછજો રે,
કાળચક્ર વિષે કાયા પીલવી રે, શેષ નાગની ઝાળને ઝીલવી રે;
તેથી કઠણુજ પ્રેગ પ્રકાર રે, પુરે પુરા પ્રેમીને પછજો રે.
દાવાનલ અંદર દોડવું રે, તાતા લોહ પલંગે પોઢવું રે;
ત્યાં તો કોક ટકે નર નાર રે, પુરે પુરા પ્રેમીને પૂછજો રે,
ભર દરિયે વિના વ્હાણે ચાલવું રે, મોટા મગરની મધ્યે મ્હાલવું રે;
તેને વિરલાજ પામે પાર રે, પુરે પુરા પ્રેમીને પછજો રે,
આંખ માર્યે એમાં નવ ઉઘડે રે, મન મારે તે પ્રેમ પથે ચઢે રે
સાચા સ્નેહી સમજશે સાર રે, પુરે પુરા પ્રેમીને પૂછજો રે,

કવિતાની છેલી કડી બોલતાં બોલતાં દીવાળીનો કંઠ દબાઈ ગયો, ચક્ષુથી અશ્રુપ્રવાહ ચાલી નિકળ્યો, મુખશ્રી ઉડી ગઇ, મુખમાં અમિ રહ્યું નહીં, સર્વાંગો નિસ્તેજ બન્યાં, અને તે એકાએક બેં શુદ્ધ બનીને ભાષણ કરવાના આસનપરથી નીચે-ભોંયપર પછડા ઇ પડી! પડતાંવાર તેનો પ્રાણ નિકળી ગયો! તે હરીની હજુર માં તેના પ્રિયસ્વામિને જઈ મળી. પરલોકમાં પણ પોતાના સ્વામિની સાથે એકત્ર રહેવાનો મનોરથ તેણે પાર પાડયો. પોતાના સ્વામિ પ્રત્યેના પ્રેમવ્યવહારની ખામીથી તે પોતાના સ્વામિના મૃત્યુ વખતે તેની સાથે જઈ શકી નહોતી પરંતુ હવે એ

આમી પુરી કરી-પ્રેમવ્યવહારપરિપુર્ણ કરી તે ઐહિક જગત ત જી ગઇ! જોઇ લ્યો આ પ્રત્યક્ષ ઉદાહરણ દંપતિના અચળ-અ લૈકિક પ્રેમનું! જોઇ લ્યો, આ પ્રત્યક્ષ ઉદાહરણ સાધ્વી-સતિસ્ત્રી નું! જોઇ લ્યો, આ પ્રત્યક્ષ ઉદાહરણ પ્રકૃતિ અને પ્રવૃત્તિનું સમ્મિ લન થયેલું છે એવાં સ્ત્રી પુરૂષ લગ્નરૂપ પવિત્ર બંધનથી બં- ધાઇ કેટલા સુખી થાયછે તેનું! પ્રિયવાંચનાર! શામલાલ, મણિ લાલ અને મોહનલાલ વગેરે ઘરનાં માણસો અત્રે હાજર હતાં, તેઓ દીવાળીના પ્રેતને સમાજમાંથી પ્રથમ ઘેર લઇ ગયા અને ત્યાર પછી તેનું વિધિપૂર્વક અન્ત્યેષ્ટીકર્મ કરવામાં આવ્યું.

પ્રકરણ ૧૬ મું.

ઉપસંહાર-સુખમય સંસાર.

પ્રિય વાંચનાર! આપણા શામલાલપર ગુજરેલા દૈવીકોપો હવે વિસરાઇ ગયાછે. શામલાલના જીવન ચરિત્રમાં નોંધી રાખ- વા જોગ બનાવ હવે એકજ, અને તે બહુ મહત્વનો છે; તો તે નોંધ્યો એટલે સમજવું કે આ ગ્રંથની પૂર્ણાહુતિ થઇ. દૈવ કોપ શિવાય સંસારવ્યવહારમાં સુખી કે દુઃખી થવાનો વિશેષ ધાર માણુસના વર્ત્તનપર છે. વખત પ્રમાણે વર્ત્તન હોતું નથી પરંતુ વર્તન પ્રમાણે માણસને સારો નરતો વખત ભોગવવો પડે છે. શામલાલનો ગૃહસંસાર તેના સદ્વર્તનથી કેવળ સુખમય બ- ની રહ્યો અને તે તેનો "સુખમયસંસાર"જ અત્યારે અહિં આ પણે ચિતરવા માગીએ છીએ. દૈવીકોપ વિસરાઇ ગયા બાદ એ- ટલે બે વર્ષ પછીથી તે ઠેઠ આયુષ્યના આખરકાળ સુધી શામ- લાલ સુખશાંતિમાંજ વિચર્યો છે. તેણે લલિતાગવરીના રંગે ર- ળયાતે મોતીલાલ સાથે લગ્ન કરાવી આપ્યા. શામલાલને વખ- તપરત્વે દીકરા દિકરીઓ પ્રાપ્ત થયાં. તેઓને તેણે ઉછેરી પાછે- રી મોટાં કર્યાં, સુશિક્ષિત બનાવ્યાં અને યોગ્ય ઉમરે વરાવી પ- રણાવી આપ્યાં; શામલાલ સહનશીલ, વિવેકી, શાંત, વિચારવં

ત અને ગુણજ્ઞ હોવાથી સર્વદા યશનોજ અધિકારી રહ્યા કર્યો;તેના સર્વે મિત્રો તેના સુખ દુઃખના ભાગીદાર બન્યા, તેની ધર્મપત્નિ સંસારવ્યવહારમાં તેને અત્યુપયોગી થઇ રહી. નીતિ, નેક, વિવેક અને ટેક ધરિને લોકોમાં તેણે સારી પ્રથા પાડી આબરૂ સંપાદન કરી. પોતાના ધંધારોજગારમાં પ્રમાણિકપણે વર્તવાથી તેણે સારૂં દ્રવ્ય સંપાદન કર્યું. તે જીભથી કદી કઠોર શબ્દ ઉચ્ચર્યો નથી, ખોટાં કાર્યમાં તેણે કદી પણ હાથ નાંખ્યો નથી, પાપકલ્પના તેના મનોભાવમાં કદી પણ ઉદ્ભવા પામી નથી, તેના સઘળાં કાર્યો પવિત્ર, રૂડા હેતુવાળા અને પરગજુપણું દર્શાવનારાં હતાં. ધનનો મદ તેને સ્પર્શ કરવા પામ્યો નથી—પારકાનુ દુઃખ દેખી તે હમેશાં દુઃખી થતો અને તેને દિલાસો આપતો હતો. મિથ્યામાનાભિલાષ તેનામાં કદી પણ ઉત્પન્ન થવા પામ્યો નથી—ગરીબથી તે શ્રીમાન સુધીનાં તમામ માણસોને તેએકસર ગુમાન આપતો અને સમાન ગણાતો.જાતિભેદ અનેકૂળમોટપમાં લુબ્ધ રહીતેણે કોઇના સામુ તિરસ્કારબુદ્ધિથી નિહાળ્યું નથી. સર્વ મનુષ્યો સાથે તે બંધુત્વના નાતાથી વર્ત્યો છે. કલેશ વિખવાદ કદી પણ તેના ગૃહમાં પ્રવેશ કરી શકયા નથી—ઉલટો તે બીજાઓને સમજાવી તેઓના કલેશ વિખવાદને ટાળતો હતો. દુઃખને વખતે તે ઇશ્વરેચ્છા પ્રમાણી સંતોષ માનતો અને સુખને સમયે પ્રભુકૃપા સમજી તેનો પાડ માનતો. મિથ્યાભિમાનનું કલંક તેના જીવનમાં કદી પણ સંચરવા પામ્યું નથી. આપવડાઇ અને અદેખાઇ તેના મન પ્રાણમાં કદી પણ દેખો દઇ શકી નથી. પૈસો સંચય કરવામાં તેણે મહત્તા માની નથી પરંતુ ધર્મસંચયમાં સદા તેનું ચિત્ત ચોટી રહેલું જોવામાં આવતું હતું. સદાચારી માણસના વર્તનનું અનુકરણ કરી અન્ય માણસો પણ સુખી બને છે—એ નિયમ મુજબ આપણા સુજ્ઞ શામલાલથી ઘણાં માણસો સુખી થયાં. ઉદારતા અને પરોપકાર—એ બે ગુણો

શામલાલમાં અતિ પ્રસંશાકારક હતા. સ્વદેશાભિમાનનું રકત તેની નાડમાં વેહેતું હતું-સ્વદેશપ્રેમના અંકુરો તેના-હૃદયક્ષેત્રમાં ઊગતાં, છોડ રૂપમાંથી વૃક્ષરૂપમાં બનતાં અને તે વડે ફળ પ્રાપ્તિ થતી હતી. સ્વદેશને તે પ્રસંગોપાત તન, મન અને ધનની આહુતિ આપવે પણ પછાત પડતો નહોતો. આપણો સદ્ગુણ સંપન્ન સુજ્ઞશામલાલ જેમ ગૃહસંસારે પૂર્ણ સુખી હતો તેમ જગતના અન્યવ્યવહારથી પણ તેને શાંતિ અને સમાધાની અનુકુળ થઇ રહી હતી. તેની ભલાઇને લીધે જગતમાં કોઇ તેનું શત્રૂ નહોતું; તેના મિલનસારપણાને લીધે સઘળાં તેની સોબતને વધારે ચાહતા હતાં. તેના પ્રમાણિકપણાને લીધે સઘળાં હોંસથી તેના સહવાસમાં આવતાં હતાં. તેની સ્વદેશપ્રીતિને લીધે હરકોઈ મહત્વનું કાર્ય તેનાથીજ પાર પડશે એવી તેના પ્રત્યે લોકોની શ્રદ્ધા અને આસ્થા બેસી ગઇ હતી. કહો જોઇએ, આપણા સુજ્ઞ શામલાલ જેવું અત્યારે કોણ સુખી છે? તેના પ્રમાણે કોનો સંસાર સુખમય છે? જગતમાંથી શું લઇ જવું છે? ભલાઈ કે બુરાઇ! બુરાઇ ઉન્નત્તિનો છેદ કરેછે. ભલાઇ આત્મોન્નત્તિનું મુખ્ય સાધન છે. ક્ષણભંગુર સંસાર અને અનિયમિત આયુષનો જે માણસને ખ્યાલ આવનો હોય, તે મહાન કૃપાળુ પરમેશ્વરને કદી પણ વિસરી જતો નથી.

પ્રિયવાંચનાર! સુજ્ઞ શામલાલનો સંસાર સુખી શાથી બન્યો? તે હવે સારી રીતે સમજી શકયા હશો. તેની નીતિ સાબુત હતી અને તે સદ્ધર્માનુયાયી હતો તેથીજ તેનો સંસાર સુખમય બન્યો હતો. તે સમજતો હતો કે—"આ સર્વજગત પરમેશ્વરે ઉત્પન્ન કર્યું છે. સૂર્ય, ચંદ્ર અને તારા તેનીજ શકિતથી પ્રકાશે છે અને ભ્રમણ કરે છે. વૃક્ષ, વનસ્પતિ તેનીજ શકિતથી ઊત્પન્ન થાય છે. વાયુ તેનીજ સત્તાથી, વાય છે, વરસાદ તેનીજ દયાદષ્ટિથી વૃષ્ટિ કરે છે. હું જ્યારે માતાના ઉ

દરમાં હતો ત્યારે મારૂં તેણેજ રક્ષણ કર્યું છે જન્મ થતાંવાર પોષણાર્થે તેનીજ કૃપાવડે પીવાને દુધ મળ્યું અને હાલ હું જે જે સુખ વૈભવ ભોગવું છું તે તેનીજ કૃપાથી! તે મહાન કૃપાળુ પરમેશ્વર સર્વ શક્તિમાન, સર્વ વ્યાપી, સર્વસાક્ષી, કૃપાનિધિ અને પતિતપાવન છે." પ્રિયવાંચનાર પ્રભુ પ્રત્યે પુર્ણ શ્રદ્ધા. આસ્થા અને વિશ્વાસ રાખી તેના ભક્તિ પરાયણ બની તમે શામલાલની પેઠે સુખી થાઓ! આપણો સુજ્ઞ શામલાલ સમજતો હતો કે;—" આપણ મનુષ્યો પરસ્પર અવિશ્વાસ રાખવાથીજ વ્યવહારને બગાડીએ છીએ અને બીજાનો છળ કરવાના હેતુથી આપણેજ છેતરાઇએ છીએ!" પ્રિયવાંચનાર, તમે તેમ સમજી તેની પેઠે અખંડ સુખના ભોક્તા બનો. આપણો સુજ્ઞ શામલાલ સમજતો હતો કે, "પરોપકાર" સરખું બીજું એક પણ પુન્ય નથી અને "પરપીડા" સરખું એક પણ પાતક નથી પ્રિયવાંચનાર તમે તેની પેઠે સમજી ધર્મ સંચર કરી અવિચળ સુસુખાનંદ ભોગવો! આપણો સુજ્ઞ શામલાલ સમજતો હતો કે" બીજા પ્રાણીઓ કરતા મનુષ્યપ્રાણી કેવળ જ્ઞાનયોગેજ શ્રેષ્ઠત્વ સંપાદન કરી શકે છે. જ્ઞાનહિન મનુષ્યને કેવળ પશુ સમજવો. અને એટલા માટે સર્વ મનુષ્યોએ પછી તે પુરૂષ હોય કે સ્ત્રી હોય, પણ તેણે વિદ્યા પ્રાપ્ત કરી જ્ઞાની બની મનુષ્યત્વ મેળવાવું જોઇએ." પ્રિયવાંચનાર, તમે એ નિયમે વર્તી મનુષ્યત્વ મેળવો. આપણો સુજ્ઞ શામલાલ સમજતો હતો કે "જે ધંધાથી કોઇનું પણ અનહિત નહીં થતા એથી સામાન્ય રીતે જગતનું હિત થતું હોય તેવો ધંધો રોજગાર કરી જે માણસ પોતાનું ચરિતાર્થ ચલાવે છે તેનેજ ધન્ય છે." પ્રિયવાંચનાર; તમે તે પ્રમાણે ચાલી ધન્યતા મેળવો. આથી વિશષ કહેવાનું હવે શું રહ્યુ છે? શામલાલની પેઠે તમારે તમારા ગૃહસંસારને સુખમય બનાવવો હોય તો આ નિચેના શ્લોકનું અધ્યયન કરી તે પ્રમાણે વર્તો.

श्लोक.

सहृदयं संमनस्यं अविद्वेशं कृणोमि वः
अन्योन्यं अभिहर्यत वत्सं जातं इवाध्न्या ।
अनुव्रतः पितुःपित्रो माता भवतु सम्मनः
जायापत्ये मधुमतिं वाचं वदतु शांतिवान् ।
मा भ्राता भ्रातरं द्विपद् मा स्वसारं उत स्वसा
संम्यंचः सव्रतः भूत्वा वाचं वदत भद्रया ॥

"એક મન અને એક અંતઃકરણથી તમારે રહેવું, કોઇએ કોઇનો દ્વેષ કરવો નહીં. તરતનું જન્મેલું પોતાનું વાછરડું નિરખી જે પ્રમાણે ગાયને આનંદ ઉપજે છે, તે પ્રમાણે તમે પરસ્પર પ્રેમભાવથી વર્તો. પુત્રે પિતાની આજ્ઞાનું પાલન કરવું અને માતા સાથે એક મનથી વર્તવું. પત્નિએ પતિ સાથે ઐક્ય ભાવે રહી સર્વદા મધુર ભાષણ ભાખવું. બંધુભગિનીમાં કોઇ પણ પ્રકારનો દ્વેષભાવ રહેવો નહીં જોઇએ. આ પ્રમાણે સદાચારથી વરતી તથા મધુર બોલી ઐક્યનું સંરક્ષણ કરવું."

સમાપ્ત.